શ્રીમાતાજી સાથે વાર્તાલાપ

અનુવાદક

અંબાલાલ પુરાણી

પ્રકાશક

શ્રી અરવિંદ કાર્યાલય · આણંદ

પહેલી આવૃત્તિ · જુલાઇ ૧૯૪૦

કીમત બે રૂપિયા

મુદ્રક · ચિમનલાલ કિશિભાઇ પટેલ · દેશબન્ધુ પ્રિંટિંગ પ્રેસ · આણંદ

પ્રકાશક · મૂળજીભાઈ તલાટી · શ્રીઅરવિંદ કાર્યાલય · આણંદ

નિવેદન

શ્રીઅરવિંદાશ્રમની સઘળી આંતર અને બાહ્ય વ્યવસ્થા જેમના હાથમાં છે તે શ્રીમાતાજીના નામથી બહારના લોકો પરિચિત નથી. આ વાર્તાલાપો કુલ્લે ૧૫ છે અને તે કેટલાક વિદેશી અને હિંદી શિષ્યો જોડે થયેલી વાતચીત રજૂ કરે છે. મૂળ અંગ્રેજી અને ફ્રેંચ પુસ્તક ઇ. સ. ૧૯૩૩માં પ્રકટ કરવામાં આવ્યું હતું, પરંતુ તે ભાષાઓમાં પણ એ પુસ્તકની નકલો વેચવામાં આવતી ન હતી, જિજ્ઞાસુઓને તે ઉપહાર તરીકે એમ ને એમ આપવામાં આવતી. અર્થાત્ પુસ્તક સામાન્ય જનતા માટે નહિ પરંતુ જિજ્ઞાસાના વિશિષ્ટ અધિકારવાળી વ્યક્તિઓ માટે છપાવ્યું હતું. આટલો ઉપોદ્ઘાત એટલા માટે કરવો યોગ્ય લાગ્યો કે આ પુસ્તકમાં આપવામાં આવેલું જ્ઞાન એક દૃષ્ટિએ સામાન્ય જનતા માટે નથી એ વાત સ્પષ્ટ થાય.

અને છતાં સાત વર્ષને અંતે એ પુસ્તકનો અનુવાદ પ્રકટ કરવાની પરવાનગી શ્રીમાતાજી તરફથી આપવામાં આવી છે તે એ હેતુથી કે મૂળ ભાષામાં પ્રકટ થયેલ પુસ્તકથી સાચા જિજ્ઞાસુઓ વંચિત રહે એ બનવાજોગ છે, પરંતુ તે ભાષાઓ ન જાણનારાઓને તો એ પુસ્તકનો બિલકુલજ લાભ ન મળે એ પરિસ્થિતિ દૂર થાય. આશા છે કે શ્રીમાતાજીની અનુજ્ઞાથી કરવામાં આવેલ આ અનુવાદનો લાભ જિજ્ઞાસુઓ અને સામાન્ય વાચકો પણ લેશે. પરવાનગી આપીને શ્રીમાતાજીએ પોતે કરેલા અનંત ઉપકારોમાં એકનો વધારો કર્યો છે. કર્તાની મરજી અનુસાર આ અનુવાદ મૂળ ફ્રેંચ પુસ્તકને આધારે કરવામાં આવ્યો છે. અંગ્રેજી અને ફ્રેંચ વાચનમાં થોડા ફેરફારો છે એટલે આ હકીકત અહીં નોંધવી જરૂરની છે. ફૂટનોટ વગેરે અનુવાદક તરફથી ઉમેરવામાં આવેલ છે.

— **અનુવાદક**

પ્રશ્નોની અનુક્રમણિકા

છે. એ માન્યતા ખરી છે? પા. ૨૨; હવે સ્વપ્નો અને સ્વપ્નપ્રદેશ વિષે શું કરવું અને કેમ કરવું તે તમે જાણવા માગો છો ને? પા. ૨૫; સ્વપ્ન વિનાની નિદ્રા કેવા પ્રકારની હોય છે? પા. ૨૭; સ્વપ્નમાં કેટલાક લોકો આપણને મળે છે તથા તેમને આપણે ઓળખીએ છીએ, જેમને સામાન્ય જીવનમાં મળવાનું તથા ઓળખવાનું પછીથી બની આવે છે. એમ કેમ? પા. ૨૭; ખોટાં – અસત્ય દર્શનો નથી થતાં? પા. ૨૮; જોન ઑફ આર્કને જે દશ્યો દેખાતાં હતાં તે કેવા પ્રકારનાં હતાં? પા. ૩૦; સમર્પણના કાર્યમાં શિસ્તને – નિયંત્રણને કયું સ્થાન છે? કોઇ વ્યક્તિ સમર્પણ કરે તો પછી તે શિસ્ત વગર ન ચલાવી શકે? કેટલીક વાર શિસ્ત બાધારૂપ નથી હોતી? પા. ૩૧; પરંતુ ભગવાન સાથે એકતા સિદ્ધ થયા પહેલાં કોઇ પણ માણસ એ પ્રમાણે કેવી રીતે કરી શકે? પા. ૩૨; ધ્યાન કરવાનો પ્રયત્ન વધારવાની જરૂર લાગતી નથી? અને જેટલા વધારે કલાક ધ્યાન કરવામાં આવે તેટલી વધારે પ્રગતિ થાય એ સાચું નથી? પા. ૩૩; પણ બેસીને ધ્યાન કરવું એ એક પ્રકારનું અનિવાર્ય આધ્યાત્મિક નિયંત્રણ – શિસ્ત – નથી? અને તેને પરિણામે ભગવાન સાથે વધારે ઊંડી અને ઘન એકતાનો સાક્ષાત્કાર થતો નથી વારુ? પા. ૩૪; પરંતુ સમુદ્ર તો આપણે જોઈ શકીએ છીએ અને તેમાં સીધેસીધા ભૂસકો મારી શકીએ; પરંતુ આધ્યાત્મિક જીવનમાં આપણે કેવી રીતે ઝંપલાવી શકીએ? પા. ૩૬.

વાર્તાલાપ ચોથો **પા. ૩૮–૫૩**

યોગસાધનામાં પ્રગતિ કરવા માટે સાધકે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરી દેવું જોઇએ, પોતાની પાસે હોય તે નાનામાં

એવી સાધનાનો વિરોધ કરનારી સૂક્ષ્મ શક્તિઓનો સામનો સાધકે કેવી રીતે કરવો જોઇએ? પા. ૫૫; એ વિરોધી શક્તિઓ સાધારણ રીતે આપણી અંદરથી આવે છે કે બહારથી? પા. ૫૭; આપણી "અંદર" અને આપણી "બહાર" એ બે વચ્ચેના ભેદની રેખા ક્યાં આગળ આવેલી છે? પા. ૫૮; શ્રદ્ધા, એકલી શ્રદ્ધા, સઘળું ઉત્પન્ન કરી શકે?—સર્વના ઉપર વિજય પ્રાપ્ત કરી શકે? પા. ૫૯. પરંતુ મૃત્યુ કાંઇ કેવળ માનવના વિચારમાં જ હોય છે એમ નથી. પશુ પ્રાણીના વર્ગમાં એ માનવની પૂર્વે પણ જાણીતું હતું? પા. ૬૦; કેટલાક એમ માને છે કે પ્રકૃતિમાં જે ઝંઝાવાતો, ધરતીકંપો, અને પ્રલયો વગેરે થાય છે, તથા પૃથ્વીના વિશાળ ખંડો કેટલીક વાર જળતળિયે જઇ બેસે છે, એ ઘટનાઓ પાપી અને તાલભંગ જીવન ગાળતી માનવજાતિને આભારી છે. અને માનવજાતિ જેમ જેમ પ્રગતિ અને વિકાસ સાધતી જશે તેમ તેમ સ્થૂળ પ્રકૃતિમાં પણ તેને અનુકૂળ ફેરફારો બની આવશે. આ કથનમાં કેટલું સત્ય છે? પા. ૬૨; આપણામાંના કેટલા જણને તેમના પૂર્વ જન્મની સ્મૃતિ છે? પા. ૬૭.

વાર્તાલાપ છઠ્ઠો પા. ૬૯–૮૨

કેટલાક માણસો ભૂતના જેવા હોય છે. એટલે શું? અને તે એવા કેમ બનતા હશે? પા. ૬૯; પરંતુ એક વાર પ્રવેશ કરી ચૂક્યા પછી એવાં સત્ત્વને આપણા વાતાવરણમાંથી દૂર કેવી રીતે કરવાં? પા. ૭૨; ઉપર જણાવ્યાં એવાં સત્ત્વો કોઇ વિચિત્ર આકર્ષણવડે આધ્યાત્મિક જીવન પ્રત્યે ખેંચાય છે, એ સાચું છે? પા. ૭૨; એક વ્યક્તિને પોતાની તપઃશક્તિ બીજાના ઉપર શા માટે વાપરવા દેવામાં આવે છે? પા. ૭૬; આપણું સ્થૂળ શરીર આપણા રક્ષણ

 २२४५०

વાર્તાલાપ બારમો

વાર્તાલાપ તેરમો **પા. ૧૬૫–૧૭૦**

સાપ, વીંછી જેવાં કેટલાંક જંતુઓ તરફ માણસને જે સ્વાભાવિક ઘૃણા થાય છે તેનું શું કારણ હશે? પા. ૧૬૫; જો સૃષ્ટિનું આદિકારણ સર્વ પ્રેમસ્વરૂપ ભગવાન પોતે જ હોય તો પછી આ સૃષ્ટિ ઉપર જે અનિષ્ટો ઊભરાય છે તે બધાં ક્યાંથી આવ્યાં? પા. ૧૬૮; આ આખી વિશ્વમાળામાં જે સૃષ્ટિઓ છે તેમાં આપણી આ પાર્થિવ સૃષ્ટિ બહુ જ નીચી (હલકી) પાયરીએ નથી ઊભી? પા. ૧૬૯.

વાર્તાલાપ ચૌદમો **પા. ૧૭૧–૧૮૯**

યોગી કલાકાર થઇ શકે ખરો, યા તો કલા-સર્જક યોગી બની શકે? કલાનો યોગ સાથે શો સંબંધ છે? પા. ૧૭૧; પરંતુ કલા-સર્જક યોગસાધના શરૂ કરે ત્યાર પછી તેને કલા-સર્જન કરવાની પ્રેરણા રહે ખરી? પા. ૧૭૨; પરંતુ કલાકાર યોગસાધના કરે તો તેના સર્જનકાર્યમાં લાભ થાય ખરો? પા ૧૭૩; કલાકારો સામાન્ય રીતે વર્તનમાં અનિયંત્રિત અને ચારિત્રમાં શિથિલ શા માટે હોય છે? પા. ૧૭૫; યોગસાધના કરવાથી શેકસપિયર કે શેલીના જેટલી ઊંચાઇએ કલાકાર પહોંચી શકે ખરો? એવો કોઇ દાખલો જાણ્યામાં નથી? પા. ૧૭૭; શેકસપિયરનાં નાટકો કરતાં વધારે મહાન કૃતિઓ યોગીઓએ રચેલી છે? પા. ૧૭૮.

વાર્તાલાપ પંદરમો **પા. ૧૯૦–૨૦૨**

સમર્પણ અને આત્મ બલિદાન એ બન્ને એક નથી? પા. ૧૯૦.

*

વાર્તાલાપ પહેલો

યોગસાધના વિષે અમને કાંઈક કહેશો ?

તમે યોગસાધના શા માટે કરવા માગો છો ?

શક્તિ પ્રાપ્ત કરવા માટે? અક્ષુબ્ધતા અને શાન્તિ મેળવવા માટે? માનવજાતિનો ઉદ્ધાર કરવા માટે?

જો તમારો હેતુ એમાંનો કોઈ હશે તો તેટલા ઉપરથી તમે આ માર્ગ માટે લાયક છો—અધિકારી છો, એમ ફલિત થતું નથી. તમારે ઉત્તર આપવાનો છે તે ખરો પ્રશ્ન તો આ છે:

"તમે ભગવાનના પ્રેમને ખાતર યોગસાધના કરવા માગો છો? ભગવાનને તમારા જીવનના અંતિમ લક્ષ તરીકે તમે સ્વીકારો છો? અને તે પણ તેના વિના તમે રહી શકો તેમ નથી એટલે સુધી તમને તેની ધગશ લાગી છે? તમારા ખુદ જીવનનો હેતુ એક માત્ર ભગવાન છે? અને તેના વિના તમને જીવન નિરર્થક—અસાર—લાગે છે?" જો એ પ્રમાણે લાગતું હોય, અને એમ લાગતું હોય તો જ, યોગસાધના માટે તમે અધિકારી છો એમ કહી શકાય.

એટલે પ્રથમ જરૂરિયાત છે ભગવાનને પ્રાપ્ત કરવાની ધગશની,—અભીપ્સાની. ત્યાર પછી તમારે એ અભીપ્સાને સંભાળવાની છે, સદા જાગ્રત રાખવાની છે, જીવંત અને જ્વલંત બનાવવાની છે. એને માટે શું જોઈએ? એકાગ્રતા — એટલે કે ભગવાનના ઉપર અંતઃકરણની એકાગ્રતા. એવી એકાગ્રતાના ફળ તરીકે જીવનમાં ભગવાનની દિવ્ય તપઃશક્તિને તથા તેના હેતુઓને જીવનમાં સિદ્ધ કરવા માટે સંપૂર્ણ અને અનન્ય આત્મસમર્પણ થઈ શકે છે.

તમારી ચેતનાને તમારા હૃદયના કેન્દ્રમાં એકાગ્ર કરો. તમારા હૃદયની અંદર ઉતરો, એમાં જેટલા અંદર જવાય તેટલા ઊંડા ઉતરો, જ્યાં સુધી જઈ શકો ત્યાં સુધી તેમાં ડૂબકી મારો. તમારા ચૈતન્યની ક્રિયાના જે તાંતણાઓ અંતરમાંથી ચારે બાજુ પ્રસરી રહ્યા છે તે સર્વને એકત્ર કરો અને પછી તમારા અંતરાત્માની નીરવતામાં ભૂસકો મારો.— તેમાં ડૂબી જાઓ.

ત્યાં, અંતરના ઊંડાણની ગહન શાન્તિમાં અગ્નિ ચેતે છે: તમારા અંતરમાં રહેલો ભગવાનનો દિવ્ય અંશ તે છે, એ તમારી સાચી સત્-તા છે. તેનો સાદ સાંભળો. તેની પ્રેરણાને અનુસરો.

ચેતનાની એકાગ્રતા (ધ્યાન) કરવા માટે બીજાં કેન્દ્રો પણ છે. ઉદાહરણ તરીકે, મસ્તકની ટોચ ઉપર, તથા ભ્રુકુટીની વચ્ચે. દરેક કેન્દ્રની પોતાની જુદી જુદી શક્તિ હોય છે અને તેની એકાગ્રતાનું પરિણામ — ફળ — પણ જુદું જુદું હોય છે. પરંતુ અંતરાત્માનું એટલે ચૈત્ય-પુરુષનું કેન્દ્ર હૃદય છે તથા ત્યાંથી જ માનવ-ચૈતન્યની મુખ્ય ક્રિયાઓ, સર્વ ક્રિયાશીલતા, પ્રકૃતિનું રૂપાંતર કરવાની પ્રેરણા, તથા સાક્ષાત્કાર કરવાની શક્તિ જન્મે છે.

યોગસાધના કરવા માટે અધિકારી થવું હોય તેણે શું કરવું જોઈએ?

પ્રથમ તો તેણે સચેતન – ચૈતન્યમાં જાગ્રત – થવું જોઈએ. અત્યારે આપણા અંતઃકરણના અતિક્ષુદ્ર અને મર્યાદિત અંશ વિષે આપણે સચેતન છીએ; તેના બાકીના ઘણા મોટા અંશ વિષે આપણે અજ્ઞાન – અચેતન છીએ. એ અચેતનતા – જડતા – આપણને અજ્ઞાનભરી પ્રકૃતિ જોડે બાંધી રાખે છે, અને તેમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કે તેનું રૂપાંતર થવા દેતી નથી. અચેતનતાના છિદ્રમાં થઈને ભગવદ્-વિરોધી શક્તિઓ આપણામાં પ્રવેશ કરે છે. અને આપણને પોતાના ગુલામ બનાવે છે.

તમારી જાતને વિષે તમારે સચેતન થવું જોઈએ, તમારી પ્રકૃતિ વિષે તથા તમારી ગતિ અને ક્રિયાઓ પ્રત્યે તમારે જાગ્રત રહેવું જોઈએ. તમે શા માટે અને કેવી રીતે ક્રિયામાં પ્રવૃત્ત થાઓ છો, શા માટે અને કેવી રીતે તમને વસ્તુઓનું ભાન થાય છે, શા માટે અને કેવી રીતે તમે વિચાર કરો છો તે તમારે જાણવું જોઈએ. કયો ઉદ્દેશ, કઈ પ્રેરણા, કઈ ગુપ્ત વા પ્રકટ શક્તિ તમને ક્રિયામાં યોજે છે તે તમારે જાણવું જોઈએ. ખરું જોતાં તમારા ચિત્તન્ત્રના એકે એક અંગને યંત્રના એક એક ભાગની પેઠે તમારે છૂટું પાડવું જોઈએ.

એક વાર તમે સચેતન થયા એટલે તમે વિવેક કરી શકશો, સાચું-જૂઠું પારખી શકશો, કઈ શક્તિઓ તમને અધોમાર્ગે ખેંચી રહી છે અને કઈ તમને ઊર્ધ્વમાર્ગમાં સહાયક છે તે પણ તમે જાણી શકશો. સાચાજૂઠાનો, ઇષ્ટ અને વર્જ્યનો ભેદ એક વાર તમારા જાણવામાં આવે, દૈવી અને અદૈવી – આસુરી – શક્તિનો ભેદ તમે પારખો એટલે તો એકનિષ્ઠ થઈને તમારા જ્ઞાનનો ઉપ-

યોગ તમારે કરવો જ જોઇએ. એટલે કે દઢચિત્ત સત્યનો સ્વીકાર અને અસત્યનો ઇન્કાર કરવો જોઇએ.

દિવ્ય અને અદિવ્ય એટલે આસુરી, સત્ય અને મિથ્યા વગેરેનાં જોડકાં ડગલે ને પગલે તમારી સાધનામાં આગળ આવીને ઊભાં રહેશે અને દરેક પગલે તમારે પસંદગી કરવી પડશે. તમારે આ માર્ગમાં ધીર, ખંતીલા અને જાગ્રત,– સાધકો કહે છે તેમ "સદા અતંદ્ર" રહેવું જોઇએ. ભગવાનની દિવ્ય શક્તિ અને તેની વિરોધી અદિવ્ય શક્તિઓ એ બેના ઝગડામાં અદિવ્ય કે અવિદ્યા શક્તિ-ઓને તમારે લેશ પણ તક આપવી નહિ.

"યોગસાધના માનવજાતિને ખાતર કરવાની છે?"

ના. સાધના ભગવાનને ખાતર કરવાની છે. માનવજાતિનું કલ્યાણ નહિ પરંતુ ભગવાનનો આવિર્ભાવ કરવાને આપણે પ્રયત્ન કરીએ છીએ. આપણે અહીં – પાર્થિવ લોકમાં – ભગવાનની તપઃશક્તિનો સાક્ષાત્કાર કરવા માટે છીએ, અથવા વધારે સાચી રીતે કહેતાં, ભગવાનની દિવ્ય તપઃશક્તિ આપણી અંદર કાર્ય કરી પોતાનો સાક્ષાત્કાર કરે જેથી કરીને ક્રમે ક્રમે પરિસ્ફુટ થનાર, પ્રગતિશીલ આવિર્ભાવ થવામાં અને પૃથ્વી ઉપર તેનું સામ્રાજ્ય સ્થાપન કરવામાં આપણે તેનાં કારણરૂપ બનીએ. માનવજાતિનો જે ભાગ ભગવાનના સાદને સાંભળશે, તેનો સ્વીકાર કરશે તે જ ભગવદ્‌ - કૃપા - પ્રસાદ પ્રાપ્ત કરશે.

વળી સીધેસીધી સાક્ષાત્ રૂપે નહિ. તો પણ ગૌણ રીતે પણ માનવજાતિને આ યોગસાધનાથી લાભ થશે કે નહિ તેનો આધાર માનવજાતિની પોતાની સ્થિતિ ઉપર રહેલો છે. વર્તમાન સ્થિતિ જોતાં તો બહુ આશા હોય એમ દેખાતું નથી.

માનવજાતિના પ્રતિનિધિનું—એટલે કે સામાન્ય માનવનું, વલણ કેવું હોય છે? સાચેસાચી દિવ્યતાનો અંશ જેનામાં હોય તેવી કોઈ પણ વ્યક્તિનો કે વસ્તુનો સંપર્ક થતાં તે ગુસ્સે થઇ અને તેની વિરુદ્ધ બળવો કરી ઊઠતો નથી વારુ? ભગવાનનો વિજય એટલે માનવ અત્યાર સુધી પોતાની વહાલી ગણેલી સઘળી પૂંજીનો, પોતાના અતિપ્રિય અધિકારોનો સંપૂર્ણ વિનાશ, એ વાત શું તે સમજતો નથી વારુ? ભગવાનનો જે ઉદ્દેશ છે અને જેને માટે તેની દિવ્ય તપઃશક્તિ કાર્ય કરી રહી છે તેનો ઘસીને ઇન્કાર કરીને તેની સામે માનવ સતત પ્રતિવાદ કરતો નથી વારુ? ભગવાનના આવિર્ભાવને પરિણામે માનવજાતિ લેશ પણ લાભ ઉઠાવવા માગતી હોય તો તેનામાં ઘણું ઘણું રૂપાંતર થવાની જરૂર છે.

આપણે સઘળા અહીં એકઠા મળ્યા છીએ તેનો અર્થ શો છે?

આપણે સઘળા પૂર્વે અનેક જન્મોમાં એકઠા મળ્યા છીએ, નહિ તો આ જીવનમાં આપણે ભેગા થાત નહિ. આપણે સઘળા એક કુટુંબના છીએ અને પાર્થિવ ભૂમિકા ઉપર ભગવાનનો આવિર્ભાવ અને તેનો વિજય સ્થાપન કરવા માટે આપણે યુગોયુગ કાર્ય કરેલું છે.

*

વાર્તાલાપ બીજો

આ યોગસાધનામાં કયાં જોખમો આવી રહેલાં છે? યુરોપિયનો માટે આ યોગસાધના ખાસ કરીને વધારે (મુશ્કેલી ભરેલી અને) જોખમવાળી છે? એમ કહેવાય છે કે યોગસાધના કરવી એ પૂર્વદેશના લોકોને માટે સારૂં અને હિતાવહ છે. પરંતુ સાધના કરવાથી યુરોપિયન લોકોના મનમાં અવ્યવસ્થા થવાનો અને તેનું સમતોલપણું ગુમાવવાનો ભય હોય છે. આ સાચું છે?

યોગસાધના પૂર્વદેશના લોકોને માટે છે તેના કરતાં પશ્ચિમના લોકો માટે કાંઇ વધારે જોખમ ભરેલી નથી. એનો આધાર કયા દૃષ્ટિબિંદુથી અને કેવા ભાવ સાથે તમે યોગસાધનામાં પ્રવેશ કરો છો તેના ઉપર રહેલો છે જો તમે કોઇ અંગત ઉદ્દેશ પાર પાડવા માટે સાધના કરવા માગતા હો તો યોગ જોખમ ભરેલો નીવડે. પરંતુ, એથી ઉલટું, જો તમે તેને એક પવિત્ર કાર્ય તરીકે સ્વીકારો અને નિરંતર યાદ રાખો કે ભગવત્-પ્રાપ્તિ એ જ તેનો હેતુ છે, તો યોગસાધના જેવી આબાદ સલામતી અને બાંહેધરી બીજી છે જ નહિ.

જ્યારે ભગવાનને ખાતર સાધના કરવાને બદલે માણસો અમુક વિશિષ્ટ શક્તિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે તેનું અનુસરણ કરે છે અને સાધનાના બહાના હેઠળ પોતાની મહત્ત્વાકાંક્ષાને સંતોષવાનો પ્રયત્ન આરંભે છે ત્યારે ખાસ કરીને જોખમો અને મુશ્કેલીઓ ઊભી થાય છે. તમારી પ્રકૃતિમાંથી જો તમે મહત્ત્વા-

કાંક્ષાને દૂર ન કરી શકો તો સાધનાને અડકતાજ નહિ કારણ કે એ તો જ્વલંત અગ્નિ છે.

યોગસાધના કરવાના બે રસ્તા છે: ૧. તપસ્યાનો અને ૨. આત્મસમર્પણનો.

તપસ્યાનો માર્ગ અઘરો છે. એ માર્ગમાં તમારે તમારી જાત ઉપર જ આધાર રાખીને ચાલવાનું છે. જેટલી તમારી શક્તિ તેટલું તમે પ્રાપ્ત કરશો, તેટલા તમે ઊંચે ચઢશો. એ રસ્તે ડગલે ને પગલે પતન થવાનો સંભવ હમેશાં રહેલો જ હોય છે; અને એક વાર જો પતન થયું તો ઊંડી ખાઇને તળીયે જઈ પડવાના અને એની અંદરથી વીરલા જ પાછા બહાર આવી શકે છે.

પરંતુ સમર્પણનો માર્ગ ખાતરીભર્યો અને સલામત છે. પરંતુ આ માર્ગ જ યુરોપના લોકોને મુશ્કેલી નડે છે. પશ્ચિમના (યુરોપિયન) લોકોને પોતાની અંગત સ્વતંત્રતા લઇ લે એવી સઘળી વસ્તુ-ઓનો ભારે ભય હોય છે, અને એવી વસ્તુઓથી દૂર ભાગવાનું તેઓને શિક્ષણ મળેલું હોય છે. માના ધાવણ સાથે જ યુરોપના લોકો પોતાના વ્યક્તિત્વનું ભાન પીએ છે. અને આત્મસમર્પણ એટલે તો એ બધું છોડી દઇને પોતાની જાતને અર્પણ કરી દેવી!

અર્થાત્ રામકૃષ્ણ કહેતા તે પ્રમાણે તમે વાંદરાના બચ્ચા પેઠે યા તો બિલાડીનાં બચ્ચાં પેઠે સાધનાનો માર્ગ લઇ શકો છો. વાંદરાનું બચ્ચું મા પોતાને લઇ જાય તેટલા માટે તેને વળગે છે. તેણે પોતાની પકડ મજબૂત રાખવી જોઇએ કારણકે જો તેની પકડ નરમ પડે, યા તો છૂટી જાય, તો તે નીચે પટકાવાનું. પરંતુ બિલાડીના બચ્ચાની વાત જુદી છે. તે પોતાની માને વળગતું નથી, ઉલટું તેની મા તેને લઇને હેરવે ફેરવે છે; બચ્ચાને નથી હોતો

ભય, કે નથી હોતી તેને માથે જવાબદારી. તેને પોતાને કાંઈ જ કરવાનું હોતું નથી, સિવાય કે મા પોતાને લઈ જાય ત્યાં તેને લઈ જવા દેવી અને "મા", "મા", કર્યા કરવું.

જો આ સમર્પણનો માર્ગ તમે પૂરેપૂરી સહૃદયતાથી સ્વીકારો, —સાચા દિલથી સ્વીકારો— તો યોગસાધનામાં જોખમો યે નથી, તેમ ગંભીર મુસ્કેલીઓએ રહેતી નથી. મુખ્ય વાત દિલના સાચા થવું એ છે. જો તમારામાં એવી સહૃદયતા – સાચદિલી – ન હોય તો યોગસાધના શરૂ જ ન કરશો. માણસો સાથેના વ્યવહારમાં અસત્ય અને છેતરપીંડીને સફળતા મળવાની થોડી પણ શકયતા હોઇ શકે પણ ભગવાનના સંબંધમાં છેતરપીંડીને લેશ માત્ર સ્થાન નથી. ભગવાનને કોઇ છેતરી શકે તેમ નથી. દિલના નિષ્કપટ અને અંતઃકરણના ઊંડાણ સુધી ખુલ્લા હશો અને સાધના કરવાનો એક માત્ર હેતુ ભગવત્-પ્રાપ્તિ અન ભગવત્-સાક્ષાત્કાર કરવો એવો કેવળ હશે, તથા ભગવાનની પ્રેરણાથી જીવનમાં સંચાલિત થવાનો તમારો આદર્શ હશે, તો તમે આ માર્ગમાં આગળ વધી શકશો.

યોગસાધનામાં બીજું એક જોખમ રહેલું છે. એ જોખમ કામવાસના સંબંધી છે. શુદ્ધિની ક્રિયા કરતાં કરતાં આ યોગ-સાધના તમારી અંદર ઊંડાણમાં જે કામનાઓ અને વાસનાઓ છૂપાઈ રહી હશે તે સર્વેને ખુલ્લી કરશે તથા તેમને સપાટી ઉપર લાવી નાંખશે. એવી વસ્તુઓ છૂપાવવાની કે તેમને બાજુ પર મૂકી દેવાની વૃત્તિને દૂર કરી દેતાં શીખી જવું જોઈએ. તમારે તો તેમની સામે નજર માંડીને જોતાં, તેમના ઉપર વિજય મેળવતાં અને તેમનું રૂપાંતર કરતાં શીખવાનું છે. પરંતુ યોગસાધના શરૂ કરવાની પહેલી અસર એ થાય છે કે માનવમાં જે માનસિક

સંયમ હોય છે તે દૂર થઈ જાય છે, એટલે જે ક્ષુધિત વાસનાઓ માનવના માનસમાં સુપ્ત દશામાં પડેલી હોય છે તે એકદમ જાગ્રત અને મુક્ત થઈ જાય છે. તેઓ સાધકના માનસનાં ઉપરનાં કરણોમાં ધસારો કરે છે, અને સમગ્ર ચૈતન્ય ઉપર પોતાનો હુમલો લઇ જઈ સર્વત્ર ફરી વળે છે. માનવનાં માનસિક સંયમને ઠેકાણે ભગવાનનો દિવ્ય સંયમ જ્યાં સુધી સ્થાપન થાય નહિ ત્યાં સુધી એ વચગાળાનો કાળ સાધકે વટાવવાનો હોય છે, અને એ કાળમાં તમારી સહૃદયતા – દિલની સચ્ચાઇ અને સમર્પણ એ બંનેની કસોટી થશે.

કામવાસના અને એવી બીજી વાસનાઓનું બળ, ઘણું ખરું, લોકો તેમને જોઇએ તે કરતાં વધારે અગત્ય આપે છે તેમાં રહેલું છે. લોકો અતિશય ઉગ્રતાપૂર્વક તેમનો પ્રતિવાદ કરે છે, તથા નિગ્રહ કરીને – દબાણ કરીને – તેમનો સંયમ કરવા મથે છે. તેઓ તેમને પોતાની અંદરને અંદર પકડી રાખે છે, અને તેમને દબાવી દેવાને મથે છે. પરંતુ કોઇ પણ વસ્તુનો વિચાર આવતાં તમે કહો કે " મારે તે નહિ જોઇએ, નહિ જોઇએ," તેમ તેમ તમે તેનાથી વધારે બદ્ધ છો એમ સમજવું. એ વસ્તુને તમારે તમારાથી દૂર રાખવી જોઇએ, તમારે તેનાથી છૂટા પડી જવું જોઇએ, અને તેને બને તેટલી ઓછી અગત્ય આપવી જોઇએ. અને કદાચ તમને તેના વિષે વિચાર આવે તો પણ તમારે ઉદાસીન અનાસક્ત રહેવું જોઇએ.

સાધનાની પ્રક્રિયાના દબાણને પરિણામે જે વૃત્તિઓ, વાસનાઓ, કામનાઓ ચૈતન્યની સપાટી ઉપર તરી આવે તેમની સામે અનાસક્તપણે અને શ્રદ્ધાભર્યા ગાંભીર્યપૂર્વક થવું જોઇએ, એવું એવું જે જે આવે તે સઘળું તમારા સ્વરૂપથી જૂદું છે,– વિદેશી છે,– અને બાહ્ય જગતમાંથી તમારામાં આવેલું છે એ તમારે સમજવું

જોઇએ, એવું સઘળું તમારે ભગવાનને સમર્પણ કરી દેવું જેથી કરીને ભગવાન તેમને પોતાના હાથમાં લઈ લે અને તમારી અંદર તેમનું રૂપાંતર કરે.

એક વાર તમે પ્રભુ પ્રત્યે ઉન્મુખ અને ખુલ્લા થયા, એક વાર તમારામાં દિવ્ય ભાગવત શક્તિનું અવતરણ થવા માંડ્યું અને તે છતાં જૂની શક્તિઓ જોડેનો તમારો સંબંધ ચાલુ રાખ્યા કરશો તો તમે જાતેજ પારાવાર અડચણોને, મુશ્કેલીઓને અને સર્વ પ્રકારના જોખમોને આમંત્રણ આપી રહ્યાં છો એમ જાણવું. તમારે અંતર – સાવચેત – રહીને તમારી ઇચ્છાઓને સંતોષવા માટે બહાના તરીકે ભગવાનનો ઉપયોગ કદી ન કરવો જોઇએ. કેટલાક કહેવાતા જાતે થઇ પડેલા ગુરુઓ એજ કાર્યમાં રચ્યાપચ્યા હોય છે. એ પ્રમાણે જ્યારે તમે યોગસાધનાનો રાજમાર્ગ મૂકીને આડે માર્ગે ચઢી ગયા હો અને તમને જરા જેટલું જ્ઞાન અને શક્તિ પણ અલ્પ હોય, ત્યારે વિશેષ પ્રકારની શક્તિઓ કે સૂક્ષ્મ સત્તાઓ તમને પોતાના સકંજામાં લઇ લે છે, તમે તેમના હાથમાં અંધ હથિયાર જેવા થઇ રહો છો અને છેવટે તેઓ તમારો સંપૂર્ણ વિનાશ કરે છે. સાધનાને માર્ગે જતાં દંભ આચરવો – પોતે ન હોય તેવો દેખાવાનો પ્રયત્ન કરવો – એ જોખમ ભરેલું છે. ભગવાનને કોઇ છેતરી શકતું નથી. "મારે તારી સાથે યોગ કરવો છે, એકતા સાધવી છે" એમ મોંઢેથી કહેતાં ભગવાનની પાસે આવો, અને તમારા અંતરમાં, "મારે સિદ્ધિઓ અને ભોગવિલાસો જોઇએ છીએ," એવો વિચાર કરતા હો તો "સાવધાન"! તમે સીધેસીધા પર્વતની ટેકરીની કોર તરફ ચાલી રહ્યા છો.

અને છતાં આ સઘળી આફતોને ટાળવી એ કેટલું બધું

સહેલું છે? બાળકના જેવા થઇ જાઓ. તમારી જાતને માના હાથમાં સોંપી દો, તે જ્યાં લઇ જાય ત્યાં લઇ જવા દો, ત્યાર પછી તમારે માથે આફતો નહિ રહે.

એનો અર્થ એવો નથી થતો કે કોઇ પણ પ્રકારની મુશ્કેલીઓ સામે તમારે થવાનું જ નહિ રહે, યા તો અંતરાયો સામે તમારે ઝૂઝવાનું, કે તેમના ઉપર તમારે વિજયો મેળવવાના રહેશે નહિ. સમર્પણ કરવાથી કાંઇ સાધનામાં સતત, અવ્યાહત અને સરળ પ્રગતિની બાંહેધરી મળી જતી નથી. એનું કારણ એ છે કે તમારા સમગ્ર પિંડમાં હજી એકતા સ્થાપન થઇ નથી. અને તમારૂં સમર્પણ પણ નિરપેક્ષ અને સંપૂર્ણ નથી. પ્રથમ તો તમારા માનસનો – અંતઃકરણનો – એકાદ ભાગ સમર્પણ કરે છે, આજે એક, તો કાલે બીજો એ પ્રમાણે બને છે.

તે સઘળા છૂટા વહેંચાયલા – વિખરાઇ ગએલા – ભાગોને એકત્ર કરવા અને તેમને અવિભક્ત – એકરૂપતાના આકારમાં ઢાળવા એ યોગસાધનાનું કાર્ય છે. જ્યાં સુધી એ પ્રમાણે ન બને ત્યાં સુધી મુશ્કેલીઓથી — જેવી કે શંકાશીલતા, નિરુત્સાહ, દ્વિધાચિત્ત, સંદિગ્ધતા વગેરેથી — મુક્ત થવાની આશા તમારે રાખવી નહિ. આખું જગત એ સઘળા ઝેરોથી ભરેલું છે; તમારા એકેએક શ્વાસ સાથે તમે તે ઝેર તમારી અંદર લઇ રહ્યા છો. કોઇ અનિષ્ટ માનવ જોડે થોડી વાતચીત કરો, અથવા તો, એવો માણસ ફક્ત તમારી પાસે થઇને પસાર થાય તો પણ તમને તેનો ચેપ લાગે એ શક્ય છે. ચેપી રોગનાં ઝેરી જંતુઓના હુમલાના ભોગ બનવા માટે જ્યાં વ્યાધિનો ઉપદ્રવ હોય તે જગોએ જવું પૂરતું છે. ચેપી રોગનો વાવર છે કે નહિ તે જાણવાની જરૂર હોતી નથી. મહિનાઓના

મહિનાની મહેનતને અંતે પ્રાપ્ત કરેલી વસ્તુ તમે થોડી જ મિનિટમાં ગુમાવી દઇ શકો છો.

જ્યાં સુધી તમે સામાન્ય માનવ પેઠે રહેતા હો અને જ્યાં સુધી તમે સામાન્ય જીવન ગાળતા હો ત્યાં સુધી તમે સંસારના લોકોને મળોહળો તેની કશી ખાસ અગત્ય નથી હોતી. પરંતુ જો તમારે દિવ્ય જીવન પ્રાપ્ત કરવું હોય તો તમારી સોબત અને તમારી પરિસ્થિતિ વિષે તમારે ઘણા સાવચેત રહેવું પડશે.

પોતાના સમગ્ર પિંડમાં એકતા અને એકસૂરતા કેવી રીતે સ્થાપન કરી શકાય ?

તપઃશક્તિને નિશ્ચળ બનાવો. તમારી અંદરના ઉદ્ધત અને તોફાની ભાગોને મનસ્વી બાળક જેવા ગણો. તેમના ઉપર સતત ધીરજ-પૂર્વક કાર્ય કર્યે રાખો; તેઓ ભૂલ કરે છે તે વિષે તેમની ખાત્રી કરી આપો.

એક વાર ચૈત્યપુરુષનું – અંતરાત્માનું – ચૈતન્ય તથા તેની અભી-પ્સા તમારામાં જાગ્રત થશે એટલે આ બધા સંશયો અને મુશ્કેલી-ઓનો વિનાશ થઇ જશે. તેમ થતાં થોડો સમય લાગે છે પણ અંતે તમારો વિજય જરૂર થવાનો છે. એક વાર ભગવાન પ્રત્યે તમારું અંતર વળ્યું અને તેને તમે કહ્યું કે "હું તારો થવા માગું છું." અને ભગવાને તમારો સ્વીકાર કર્યો ત્યાર પછી આખી દુનિયા તમને તેની જોડે એક થતાં અટકાવી શકશે નહિ. અંતરાત્માએ પોતાનું સમર્પણ કર્યું એટલે મુખ્ય મુશ્કેલી દૂર થઇ સમજવી. માનવનું બહિર્મુખ વ્યક્તિત્વ તો બહારના છોડા જેવું છે. સામાન્ય માણસોમાં એ પડનું જડ આવરણ એવું તો કઠણ અને જાડું

હોય છે કે પોતાનામાં રહેલા પ્રભુત્વ વિષે તેઓ બિલકુલ સચેતન —જાગ્રત— હોતા નથી. જો એક વાર,—ને તે પણ ફક્ત એક જ ક્ષણ માટે, અંતરાત્મા કહે કે "હું આ રહ્યો. હું તારો છું" તો પછી માનવ અને પ્રભુ વચ્ચે એક પ્રકારનો સેતુ બંધાય છે, અને ધીમેધીમે અંતરાત્માની ચારે બાજુ જામી ગયેલા થર પાતળા પડીને લય પામતા જાય છે, છેવટે બન્ને ભાગ પૂરેપૂરા જોડાઈ જાય છે અને અંતર તથા બાહ્ય બન્ને ભાગ જુદા મટીને એક થઈ રહે છે.

મહત્ત્વાકાંક્ષા એ ઘણા ઘણા યોગીઓના પતનનું કારણ થયેલ છે. એ કીપણાનો કીટો ઘણા લાંબા સમય સુધી સંતાઈ રહી શકે છે. ઘણા સાધકો આધ્યાત્મિક જીવનની યાત્રાની શરૂઆતમાં તેના વિષે તદ્દન અજાણ જ હોય છે. પરંતુ કેટલીક શક્તિઓ—સિદ્ધિઓ—આવે છે કે તુરત જ તેમનામાં મહત્ત્વાકાંક્ષા જાગી ઊઠે છે, અને શરૂઆતમાં તેને નિર્મૂળ કરવામાં આવી હોતી નથી તે કારણે તે ઓર જુસ્સાભેર ધસારો કરે છે.

એમ કહેવાય છે કે એક યોગીએ આશ્ચર્ય પમાડે એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એક વાર તેના શિષ્યોમાંના એકે મોટી ઉજાણી કરીને તેને ભોજન કરવા આમંત્રણ આપ્યું. એક નીચા લાંબા ટેબલ ઉપર ખાવાનું પીરસવામાં આવ્યું હતું. કોઈ રીતે પોતાની શક્તિનો પરચો બતાવવા માટે શિષ્યોએ ગુરુ પાસે માગણી કરી. ગુરુને ખબર હતી કે "મારે એ પ્રમાણે કરવું ન જોઈએ." પરંતુ મહત્ત્વાકાંક્ષાનું બીજ તેની ચેતનામાંથી નિર્મૂળ થયું ન હતું. એટલે તેણે વિચાર કર્યો કે "આખરે એવો પ્રયોગ બતાવવો એ તદ્દન નિર્દોષ બાબત છે. આવી આવી બાબતો શક્ય છે એમ

શિષ્યોની ખાત્રી પણ થશે અને ભગવાનનો મહિમા તેમને સમજાશે." એટલે તેણે કહ્યું, "આ ટેબલને ખસેડી લો. તેની ઉપરનું કપડું તથા તેની ઉપરની વસ્તુઓ વગેરે જેમનું તેમ રહેવા દેજો." શિષ્યો બોલી ઊઠયા, "અરે, એ તો અશક્ય છે! બધું જ નીચે પડશે" પરંતુ ગુરુએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો, અને શિષ્યોએ કપડાં નીચેથી મેજને ખસેડી લીધું. કેવો ચમત્કાર! કપડું અને તેની ઉપર જે જે મૂકેલું હતું તે સઘળું જાણે ટેબલ ઉપર હોય તે પ્રમાણે જ રહ્યું! પરંતુ ગુરુ ઓચીંતો એ મંડળીની બહાર કૂદીને નાઠો અને બૂમ પાડી ઊઠયો કે "હવેથી કોઈ દિવસ હું શિષ્ય કરીશ નહિ, કદી નહિ. અરે, મારા દુઃખનો આરો નથી. મેં ભગવાનનો દ્રોહ કર્યો." તેના હૃદયમાં આગ લાગી હતી. તેણે અંગત હેતુ સાધવા ભગવાનની શક્તિનો ઉપયોગ કર્યો હતો.

દેખાવ માટે આધ્યાત્મિક શક્તિનો પ્રયોગ કરવો એ હમેશાં ખોટું છે. એનો અર્થ, એમ નથી થતો કે તે શક્તિઓનો કશો ઉપયોગ છે જ નહિ. પરંતુ જે માર્ગે તેઓ આવે છે તે જ માર્ગે તેમનો ઉપયોગ કરવો જોઇએ. ભગવાન સાથે એકતા કરવાથી તેઓ આવે છે. તેમનો ઉપયોગ ભગવાનની ઈચ્છા સફળ કરવામાં થવો જોઇએ, વધારે કે ઓછી ગુપ્ત મિથ્યાભિમાનની લાગણીને પોષવા માટે નહિ.

ઉદાહરણ તરીકે, અંધને દેખતો કરવાની શક્તિ તમારામાં છે એમ ધારો અને રસ્તે જતાં કોઈ અંધ તમારા જોવામાં આવે છે. હવે જો તેને દેખતો કરવાની ભગવાનની મરજી હશે તો ફક્ત "દેખતો થઈ જા" એમ તમે કહેશો કે તે દેખતો થઇ જશે. પરંતુ તમારે તેનો રોગ મટાડવો છે એટલા ખાતર તમારી જાતની ખાત્રી

કરવા માટે, કે તમે રોગ મટાડી જાણો છો એવો દેખાવ કરવા માટે તમે તેને દેખતો કરવાની ઇચ્છા કરો તો તમારી મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે તમે તે શક્તિનો ઉપયોગ કરો છો એમ કહેવાય. એવો પ્રયોગ કરતાં ઘણુંખરું એ શક્તિ તમે ગુમાવો એ સંભવિત છે. એટલું જ નહિ, પણ ઘણી વખત જે માણસનો વ્યાધિ તમે મટાડો છો તે માણસમાં તમે ભારે ક્ષોભ ઉત્પન્ન કરી મૂકો એવું પણ બને. અને છતાં બહારથી જોતાં એ બન્ને રીતો એકસરખી દેખાય છે. પરંતુ એકમાં તમે ભગવાનની તપઃશક્તિથી અને બીજામાં કોઇ અંગત હેતુને લીધે પ્રેરાઓ છો.

ભગવાનની ઇચ્છા આપણી પાસે કાર્ય કરાવે છે એ કેવી રીતે જાણવું એમ તમે મને પૂછશો. ભગવાનની તપઃશક્તિને ઓળખી કાઢવાનું કામ મુશ્કેલ નથી. તેના વિષે ભૂલ થઇ શકે તેમ નથી. વળી યોગસાધનાના માર્ગમાં બહુ આગળ વધ્યા સિવાય પણ તમે તેને જાણી શકો છો. પરંતુ તેને માટે તેના અવાજને – સાદને – અંતરની નીરવતામાં થતા ઝીણા પ્રશાંત સાદને – તમારે સાંભળવો જોઇએ.

એક વાર તમે તે સાદને સાંભળતાં શીખશો ત્યાર પછી ભગવાનની તપઃશક્તિ વિરુદ્ધ કાંઇ પણ કરશો તો તુરત જ તમને એક પ્રકારની બેચેની લાગશે. એ લાગણી થયાં છતાં ખોટે રસ્તે ચાલ્યા કરવાનો આગ્રહ રાખશો તો તમે ઘણા જ ક્ષુબ્ધ થઇ જશો. પરંતુ તમારી બેચેનીનાં કારણ તરીકે તમે કોઇ બહારના સ્થૂલ કરણોને ગણશો અને ખોટે માર્ગે ચાલ્યા જ કરશો તો હૃદયના સાદને પારખવાની એ શક્તિ ધીમેધીમે જતી રહેશે, અને છેવટ લેશ પણ બેચેની થયા વગર સર્વ પ્રકારનાં અનિષ્ટ કાર્યો તમે કરી શકશો..

પરંતુ અંતરમાં જરા પણ ક્ષોભ થાય કે તુરત તમે અટકો અને તમારા અંતરાત્માને પૂછો "આમ થવાનું કારણ શું છે?" તો તમને સાચો ઉત્તર જરૂર મળશે અને આખી બાબત દીવા જેવી સ્પષ્ટ થઈ જશે. જરા નિરુત્સાહ કે થોડી બેચેની થાય એટલે તેનાં સ્થૂલ કારણો આપવા માંડો નહિ. વળી જ્યારે તમે અટકીને કારણની શોધ કરતા હો ત્યારે તદ્દન ઋજુ અને દિલના સાચા બનો. શરૂઆતમાં તો તમારું મન સાચી લાગે તેવી અને સુંદર મનગમતી સમજૂતી તૈયાર કરશે. તેનો સ્વીકાર ન કરો,— તેની પેલી પાર દૃષ્ટિ કરો અને પૂછો "આ આખી ક્રિયાની પાછળ શું આવી રહેલું છે? અમુક કાર્ય હું શા માટે કરી રહ્યો છું?" છેવટે થોડી જેટલી વલણની વક્રતા, કોઈ સ્થળે વલણમાં ગૂંચ યાને આમળો — નાની સરખી લહેરના જેટલો — અંતરના કોઈ ખૂણામાં ભરાઈ રહેલો જણાશે કે જે આખી અશાંતિ યાને ક્ષોભનું કારણ છે.

માનવજાતિની સેવા કરવાનો વિચાર એ મહત્ત્વાકાંક્ષાનું એક સૌથી સામાન્ય સ્વરૂપ છે. એવી સેવાની કે એવી પ્રવૃત્તિ ઉપરની આસક્તિ એ અંગત મહત્ત્વાકાંક્ષાની નિશાની છે. માનવજાતિને કોઈ મહાન સત્યનો બોધ કરવાનો છે એવું જે ગુરુ માને છે તથા જેને ઘણા શિષ્યો જોઈએ છીએ અને શિષ્યો ચાલ્યા જાય ત્યારે જેને અસંતોષ થાય છે, યા તો જે કોઈ પણ નવા આવનારને (અંદરથી) પકડીને શિષ્ય બનાવવાનો પ્રયત્ન કરે છે તે ગુરુ ખુલ્લી રીતે પોતાની મહત્ત્વાકાંક્ષાનો ગુલામ છે.

ભગવાનના આદેશને અનુસરવાને તમે તૈયાર હો તો જે કાર્ય તમારા હાથમાં આપવામાં આવે — મહાન અને મુશ્કેલી ભરેલું કાર્ય પણ — તે ઉપાડી લેવાની તૈયારી તમારામાં હોવી જોઈએ;

અને જેટલી શાંતિપૂર્વક તેને હાથમાં લીધું હોય તેટલી જ શાંતિપૂર્વક બીજે દિવસે તેને છોડી દેવાની તત્પરતા પણ હોવી જોઇએ, અને છતાં જવાબદારી તમારી છે એવું ભાન ન થવું જોઇએ. કોઇ પદાર્થ ઉપર, યા તો જીવનની રીતિ ઉપર કોઇ પણ પ્રકારની આસક્તિ હોવી ન જોઇએ. તમારે સંપૂર્ણપણે મુક્ત થઇ જવું જોઇએ.

જો તમારે સાચું યૌગિક વલણ ધારણ કરવું હોય તો ભગવાન તરફથી જે કાંઇ આવે તેનો સ્વીકાર કરવાને, અને સહેલાઇથી, બિલકુલ વિરોધ કે દિલગીરી વગર તેને જતું કરવાને તૈયાર રહેવું જોઇએ. "મારે કાંઇ પણ જોઇતું નથી" એમ કહેનાર ત્યાગી, અને "મારે આ વસ્તુ જોઇએ છે" એમ કહેનાર સંસારી એ બન્નેનું વલણ એક સરખું છે. સંસારીની તેની માલકીની વસ્તુ પ્રત્યે જેટલી આસક્તિ હોય તેટલી જ ત્યાગીને તેની ત્યાગવૃત્તિ પ્રત્યે હોઇ શકે.

ભગવાન તરફથી આવે તે સર્વ – અને તેટલી જ – વસ્તુઓનો તમારે સ્વીકાર કરવાનો છે. કારણકે છૂપી કામનાઓને લીધે પણ વસ્તુઓ તમારામાં આવી શકે છે. કામનાઓ તમારી અવચેતનામાં કાર્ય કરતી હોય છે, અને તમારી આગળ પદાર્થો લાવે છે જેનું મૂળ તમે ઓળખી શકો નહિ એમ પણ બને, તો પણ તેઓ ભગવાન તરફથી નહિ પરંતુ ઇચ્છાઓ તરફથી જ વેશ બદલીને આવતી હોય છે.

ભગવાન તરફથી આવતી વસ્તુને તમે સહેલાઇથી પારખી શકો છો. તે વસ્તુ આવતાં તમે મુક્ત છો એવી લાગણી તમને થાય છે, તમે આરામ અનુભવો છો, શાંતિ અનુભવો છો. પરંતુ કોઇ પદાર્થ તમારી પાસે આવે અને તમે તેના તરફ કૂદી પડો અને બોલી

ઊઠો, "આહ! આખરે મને મળી ખરી," તો તમારે ખાતરીથી જાણવું કે તે ભગવાન તરફથી આવતી નથી. અંતરાત્માની સમતા એ ભગવાન સાથેની એકતાની અને આપણેની આવશ્યક શરત છે.

માનવ કામના કરે છે તે વસ્તુ કેટલીક વાર ભગવાન પૂરી પાડતો નથી?—

જરૂર પાડે છે. એક યુવાન યોગસાધના તરફ આકર્ષાયો, પરંતુ તેનો બાપ ઘણો નીચ અને ક્રૂર હતો. એ તેને ઘણું દુ:ખ દેતો હતો. અને તેની આધ્યાત્મિક અભીપ્સાનો સર્વ પ્રકારે વિરોધ કરતો હતો. તે યુવાને પોતાના બાપની આડખીલીથી બચવા માટે ખરા અંતરથી વાંછના કરી. થોડા જ વખતમાં તેનો બાપ ગંભીર માંદગીનો ભોગ થઇ પડ્યો; અને મરવાની અણી પર હતો. આ પરિસ્થિતિમાં તે યુવાનની પ્રકૃતિની બીજી બાજુ જાગ્રત થઇ; અને તે પોતાની કમનસીબી માટે શોક કરવા લાગ્યો, "અહો! મારા બાપા બિચારા કેટલા બધા માંદા છે! ઘણું માઠું થયું. અરે રે હવે હું શું કરું?" તેનો બાપ સાજો થઇ ગયો, તે યુવાન ખુશી થઇ ગયો અને ફરીથી યોગસાધના તરફ વળ્યો. તેના બાપે પણ ફરીથી તેનો વિરોધ કરીને બમણા જોરથી તેને દુ:ખ દેવા માંડ્યું. તે યુવાને દુ:ખની લાગણીમાં પોતાના વાળ પીંખી નાંખ્યા અને બોલ્યો "હવે પૂર્વ કરતાં પણ વધારે બળપૂર્વક મારા બાપ મારા માર્ગમાં આડે આવે છે."

પોતાને શું જોઇએ છીએ તે સ્પષ્ટપણે જાણવું એ ખાસ જરૂરનું છે.

ભગવાન પોતાની સાથે સંપૂર્ણ અક્ષુબ્ધતા અને શાન્તિ લાવે છે. પરંતુ વિશિષ્ટ પ્રકારના "ભક્તો" તદ્દન જુદા જ રૂપમાં દેખાય

છે. તેઓ કહેવાતી ભક્તિના આવેશમાં ચારે તરફ કૂદે છે, રડે છે, હસે છે તથા ગાન કરે છે. ખરું જોતાં આવા લોકો ભગવાનમાં જીવતા હોતા નથી. મોટે ભાગે તો તેઓ પ્રાણમય જગતમાં જ રહેતા હોય છે.

રામકૃષ્ણ (પરમહંસ) પણ ભાવના આવેશમાં કદી કદી આવી જતા હતા, અને હાથ ઊંચા કરીને ગાતા અને નાચતા હતા એમ તમે કહો છો ? એ બાબતમાં સત્ય આ પ્રમાણે છે. અંતરમાં થતી ભક્તિની લાગણી બરાબર—ભૂલ વગરની—હોય, પરંતુ સાધકનું બહિર્મુખ ચૈતન્ય જો નિર્બળ, કે અસંસકૃત હોય તો તેને તીવ્ર ભાવમય ઉસ્કેરણીથી ભરી મૂકે એવી શક્તિઓ પ્રત્યે તેને તે ખુલ્લો કરી દે છે. જ્યારે જ્યારે બહિર્મુખ સત્-તા અંતરાત્માનો વિરોધ કરે છે, યા તો આનંદની અશેષતાને—સંપૂર્ણતાને—ધારણ કરી શકતી નથી ત્યારે ત્યારે તેની અભિવ્યક્તિમાં અવ્યવસ્થા અને અરાજકતા દેખાય છે.

તમારું શરીર અને નાડીઓ મજબૂત હોવાં જોઇએ, તમારી બહિર્મુખ સત્-તામાં સમતાનો મજબૂત પાયો હોવો જોઇએ. જો એ પાયો તમારી પ્રકૃતિમાં હોય તો ભાવની આખી સૃષ્ટિ તમારી અંદર ડોલતી હોય, છતાં તેને બૂમાટા પાડીને દર્શાવવાની ફરજ નહિ પડે. આનો અર્થ એવો નથી થતો કે એ ભાવને તમે પ્રકટ જ ન કરી શકો, પરંતુ તે સુંદર રીતે અને સંવાદપૂર્વક પ્રકટ થઇ શકે છે. આંસુ પાડવાં, કે બૂમો પાડવી, યા તો નાચી ઊઠવું એ કાં તો પ્રાણની, કે મનની, કે સ્થૂળ પ્રકૃતિની નિર્બળતાની નિશાની છે કારણકે એ ભૂમિકાઓ ઉપર જે ક્રિયા થાય છે તે આત્મસંતોષને માટે હોય છે. જે માણસ નાચે કૂદે છે અને બૂમો પાડે છે તે

"હું પોતે તથા મારો ભાવોન્માદ કાંઇક અસાધારણ છે." એમ માનતો હોય છે. અને તેની પ્રાણમય પ્રકૃતિ એ માન્યતામાં ઘણો આનંદ લે છે.

ભાગવત ચેતનાના અવતરણનું દબાણ સહન કરવા માટે તમારે બહુ મજબૂત અને શક્તિવાળા થવું જોઇએ, નહિ તો તમારા ટૂકડા થઇ જાય. કેટલાક લોકો પૂછે છે, "ભગવાન હજૂ સુધી કેમ આવતા નથી?" કારણકે તમે તૈયાર નથી. એક નાનું સરખું બિંદુ આવી પડતાં તમે ગાવા, નાચવા, કે કૂદવા મંડી પડો છો. સમગ્ર આવી પડે તો શુંનું શું થઇ જાય?

એટલા માટે જેમનો શારીરિક, પ્રાણમય મનોમય પાયો મજબૂત, દૃઢ અને વિશાળ નથી હોતો તેમને અમે એમ કહીએ છીએ "ખેંચો નહિ" એટલે કે "ભગવાનની દિવ્ય શક્તિઓને ચેષ્ટાપૂર્વક ખેંચો નહિ, પરંતુ શાન્તિપૂર્વક અક્ષુબ્ધતામાં વાટ જુઓ." કારણકે તેઓ ભાગવત ચેતનાના અવતરણને સહન કરવાને સમર્થ હોતા નથી. પરંતુ જે સાધકોમાં એ જરૂરી પાયો તૈયાર હોય છે તેમને અમે ઉલટું કહીએ છીએ કે "અભીપ્સા કરો, ખેંચો" કારણકે તેઓ ભગવાનની શક્તિઓનાં સંપાતને સહન કરી શકશે, અને તેનાથી અસ્તવ્યસ્ત નહિ થઇ જાય.

કેટલાક માણસોની બાબતમાં એવું બને છે કે જેવા તેઓ ભગવાન પ્રત્યે વળે છે કે તુરત તેમના ટેકા રૂપ દરેક સ્થૂળ આધાર, યાતો તેમને પ્રિય હોય તે દરેક વસ્તુ તેઓ ગુમાવી બેસે છે. તેવો માણસ કોઇ વ્યક્તિને ચહાય તો તેને પણ લઇ લેવામાં આવે છે.

એવું બધાની બાબતમાં નથી બનતું જેમને ભગવાને તેડું મોકલ્યું હોય છે તેમની બાબતમાં એવું બને છે.

આધ્યાત્મિક જીવનના સંબંધમાં પૂર્વ અને પશ્ચિમ વચ્ચે ગમે તે ભેદ હોય પરંતુ તે અંતરની સત્તાના કે પ્રકૃતિના બંધારણ પરત્વે નથી, કારણકે તે સર્વમાં અવિકારી અને ધ્રુવ હોય છે. પરંતુ એ ભેદ કેળવણી, પરિસ્થિતિ તથા બીજી બહારની વસ્તુઓના પરિણામ રૂપ માનસિક ટેવોદ્વારા પોતાની અભિવ્યક્તિ કરવાની રીતિમાં રહેલો છે. પૂર્વના હોય કે પશ્ચિમના હોય પરંતુ સૌ માનવો ભાવને એક સરખી રીતે અનુભવે છે; વિચાર કરવાની તેમની ધાટીમાં તેને પ્રકટ કરવાની રીતમાં તેઓ જુદા પડે છે. ઉદાહરણ તરીકે દિલની સચ્ચાઇનો, યાને સહૃદયતાનો ગુણ સર્વત્ર એક જ પ્રકારનો છે. જેઓ દિલના સાચા છે,– પછી ગમે તે પ્રજાના કે જાતિના હોય–તેઓ એક જ પ્રકારે સહૃદયતા અનુભવે છે. દિલની એ સચ્ચાઇને આપવામાં આવતા રૂપોમાં જ ફક્ત ભેદ હોય છે. જુદી જુદી પ્રજાઓનાં મન જુદી જુદી રીતે કાર્ય કરે છે, પરંતુ હૃદયનાં ઊંડાણો તો સર્વત્ર એક જ હોય છે. અને આપણા સર્વ ભેદોના મૂળ રૂપ અંતરાત્માની છાછરી સપાટીના ભાગો કરતાં હૃદય એ વધારે સાચી વસ્તુ છે. તમે અંતરના ઊંડાણમાં પૂરતા ઉતરશો કે તરત સર્વમાં એક જ રૂપે રહેલા કોઇ તત્ત્વને તમે પામશો. ભગવાનમાં સર્વ એક થાય છે–મળે છે. સ્થૂળ પ્રકૃતિમાં સૂર્યનારાયણ એ ભગવાનનો પ્રતિક છે, વાદળાંને લીધે તેના દેખાવમાં ફેરફાર થાય, પરંતુ જ્યારે તેઓ દૂર થઇ જાય છે ત્યારે સદા અને સર્વત્ર એક જ સૂર્ય પ્રકાશે છે.

કોઇ માનવની સાથે તમે એકતા ન અનુભવી શકો, એનો અર્થ એ છે કે તમે તમારી ભાવનાની શક્તિમાં હજુ પૂરતા ઊંડા ઊતર્યા નથી.

*

વાર્તાલાપ ત્રીજો

એવો સામાન્ય વિચાર પ્રચલિત છે કે સાધકને સૂક્ષ્મ ભૂમિકા ઉપરનાં દૃશ્યો દેખાય એ ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિકતાની નિશાની છે. એ માન્યતા ખરી છે?

તે એવી નિશાની છેજ એમ ન કહી શકાય. વળી સૂક્ષ્મ ભૂમિકા ઉપરનાં દૃશ્યો જોવાં એ એક વાત છે, પરંતુ જે જોવામાં આવે તેને સમજવું અને તેનો બરાબર અર્થ બેસાડવો એ તદ્દન જુદી અને ઘણી વધારે મુશ્કેલ વાત છે.

ઘણું ખરું જેઓ એ દૃશ્યો જોતા હોય છે તેઓ ભૂલ કરી બેસે છે, કારણકે પોતાની કામનાઓ, આશાઓ અને પૂર્વગ્રહો અનુસાર તેઓ પોતાનાં દૃશ્યોનો મનપસંદ અર્થ કરે છે. તેમાં વળી દૃશ્યો પણ જુદી જુદી ભૂમિકા ઉપર દેખાય છે. મનોમય દૃશ્ય એ એક પ્રકાર છે, પ્રાણમય દૃશ્ય એ બીજો છે, સૌથી વધારે જડતા-વાળી અન્નમય ભૂમિકાની છેક નજીક જે ભૂમિકા રહેલી છે તેના ઉપર પણ સાધકને દૃશ્યો દેખાય છે અને એ ભૂમિકા ઉપરનાં દૃશ્યોનાં આકાર અને પ્રતિકો એવાં તો સ્પષ્ટ, અને વાસ્તવિક હોય છે કે તે સંગીન અને ઘનતાવાળા પદાર્થ હોય એમ આપણને લાગે છે. અને તમે તેની બરોબર સમજૂતી કરી શકો તો સંજોગો વિષે તથા લોકોની આંતર અવસ્થા વિષે તમને ઘણી ચોક્કસ સૂચના મળી શકે.

એક ઉદાહરણ લઈએ:— એક સાધકને પોતાને સાચેસાચ એક દૃશ્ય દેખાયેલું તે આ પ્રમાણે છે. ઊભી અને સીધી ચઢાવવાળી

એક ટેકરી ઉપર સૂર્યના ઝળહળતા તેજથી પ્રકાશિત એક રસ્તો ઉપર જાય છે. તે રસ્તા ઉપર એક ઘણી ભારે ગાડી મહા મુશ્કેલીથી આગળ વધે છે; એને જોડેલા ૭ ઘોડા એને ખેંચી રહ્યા છે. ગાડી ધીમેથી પરંતુ નિયમિતરીતે આગળ વધી રહેલી છે. એટલામાં એક માણસ આવે છે. તે પરિસ્થિતિ ધ્યાનમાં લે છે, અને ગાડીની પાછળ જઇને તેને ધકેલે છે, અથવા તો તેને ધકેલવાનો પ્રયત્ન કરે છે. એટલામાં કોઇ સમજુ માણસ આવી પહોંચે છે, અને તેને કહે છે, "તું નકામી મહેનત શા માટે કરે છે? તારા પ્રયત્નની અસર થઇ શકે એમ તું માને છે ખરો? એ કાર્ય તારે માટે અશક્ય છે. ઘોડાઓને પણ એ કામ ભારે પડે છે."

હવે આ દૃશ્યના ઉકેલની ચાવી "૭ ઘોડાઓના" પ્રતિકના અર્થમાં રહેલી છે. "ઘોડો" એ "શક્તિનો" પ્રતિક છે. "૭"ની સંખ્યા એ "દિવ્ય સર્જન"નું સૂચક છે. આ પ્રમાણે ૭ ઘોડા દિવ્ય સર્જનની શક્તિઓ સૂચવે છે. "ગાડી" એટલે "સાક્ષાત્કાર", - છેવટે પ્રાપ્ત કરવાની વસ્તુ - જેને પર્વતની ટોચે લઇ જવાની છે, જેને જ્યોતિર્મય શિખરો પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરાવવાની છે. સર્જન કરનારી શક્તિઓ દિવ્ય છે તે છતાં તેમને પણ એ કાર્ય - સાક્ષાત્કારને સિદ્ધ કરવાનું કાર્ય - ઘણું જ મુશ્કેલ પડે છે, કારણકે તેમને મહાન વિરોધો સામે કાર્ય કરવાનું છે, પ્રકૃતિના સમગ્ર અધોગામી આકર્ષણની સામે જઇને તેમને એ કાર્ય કરવું પડે છે. એટલામાં અજ્ઞાન અને ગર્વભર્યો માનવી પોતાની જરા જેટલી માનસિક શક્તિઓનું ભંડોળ લઇને આવે છે, અને તે પોતે "હું પણ કાંઇક છું, હું પોતે પણ કાંઇક કરી શકું એમ છું" એમ ધારે છે. એને માટે સૌથી સારામાં સારો રસ્તો એ છે કે ગાડીમાં ચઢી જવું, આરામથી બેસવું અને ઘોડાઓને ગાડી ખેંચવા દેવી.

સ્વપ્નો એ તદ્દન જૂદી જ વસ્તુ છે. પ્રત્યેક વ્યક્તિનું પોતપોતાનું કલ્પનાસર્જીત મૂર્તિઓનું અને રૂપોનું બનેલું સ્વપ્નજગત હોય છે. તેથી સ્વપ્નોની સમજૂતી મેળવવી યા તો તેમનો અર્થ બેસાડવો એ વધારે મુશ્કેલ હોય છે. અલબત્ત, એવાં ઘણાં સ્વપ્નાં હોય છે જેમનો કશો ખાસ અર્થ નથી હોતો,—ઘણાં ખરાં ચેતનાની છાછરી અને છેક સ્થૂલ સપાટી ઉપરનાં હોય છે, યા તો રખડતા વિચારોને, રઝળતા સંસ્કારોને અને યાંત્રિક પ્રતિકાર્ય, અથવા તો પ્રતિબિંબ રૂપે થતી ક્રિયાને આભારી હોય છે. એ સઘળાં સ્વપ્નોનું વ્યવસ્થિત રૂપ, આકાર કે અર્થ હોતાં નથી. તેઓ યાદ પણ ભાગ્યે જ રહે છે અને ચેતનામાં તેમની કશી પણ અસર મૂકી જતાં નથી. પરંતુ જે સ્વપ્નોનું મૂળ ચેતનાના ઊંડાણમાં હોય છે તે પણ અસ્પષ્ટ અને આવરણથી આચ્છાદિત હોય છે કારણકે તેઓ કેવળ અંગત હોય છે,— એટલે કે વ્યક્તિના અનુભવો અને તેની વિચિત્રતાભરી ખાસિયતોના ઉપર જ ઘણું ખરું એ સ્વપ્નોના ઘડતરનો આધાર હોય છે. વળી સૂક્ષ્મ ભૂમિકાઓ પર થતાં દર્શનો પણ દુનિયામાં સર્વત્ર સર્વસામાન્ય ગણાય એવાં પ્રતિકોનાં જ બનેલાં હોય છે એવું નથી હોતું. એ પ્રતિકો (symbols) જાતિ, ઓઘે ઊતરતા સંસ્કાર તથા ધર્મ પ્રમાણે બદલાતા રહે છે. એક પ્રતિક ખ્રિસ્તી ધર્મનો ખાસ હોય, બીજો હિંદુ ધર્મનો, ત્રીજો પૂર્વના સર્વ દેશોમાં સામાન્ય તથા ચોથો પશ્ચિમના દેશોમાં સામાન્ય હોય એમ બને. પરંતુ સ્વપ્નો તો ખાસ અંગત હોય છે; નિત્યના બનાવો અને બાહ્ય જગતના માત્રાસ્પર્શો ઉપર તેમનો આધાર હોય છે, બીજા કોઇનું સ્વપ્ન સમજવાનું, યા તો તેનો અર્થ કરવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. પરંતુ દરેક માણસ પોતાનાં સ્વપ્નોનો અભ્યાસ કરી શકે તથા તેમનો કોયડો છોડીને અર્થ ઉકેલી શકે.

હવે સ્વપ્નો અને સ્વપ્નપ્રદેશ વિષે શું કરવું અને કેમ કરવું તે તમે જાણવા માગો છો ને ?

પ્રથમ તો સચેતન – જાગ્રત – થાઓ,– એટલે કે તમારાં સ્વપ્નાં વિષે સચેતન થાઓ. તમારી જાગ્રત અવસ્થામાં બનતી ઘટનાઓ અને તમારાં સ્વપ્ન વચ્ચે સંબંધની સાંકળ તપાસો. જો તમને તમારી રાત્રિની સ્થિતિ બરાબર યાદ હશે તો તમારી દિવસની અવસ્થા અને રાત્રિની અવસ્થા વચ્ચે તમને સંબંધ જણાશે. નિદ્રામાં તમારી ચેતનાની મનોમય, કે પ્રાણમય કે બીજી કોઈ ભૂમિકા પર કાંઈને કાંઈ કાર્ય તો ચાલી રહેલું હોય છે જ; ત્યાં આગળ બનતી ઘટનાઓ તમારા જાગ્રત દશાના જીવન ઉપર તેની શાસક અસર ઉપજાવે છે. દાખલા તરીકે:— કેટલાક લોકો પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ઘણા આતુર હોય છે અને દિવસના સમયમાં તેઓ ઘણો જ પ્રયત્ન કરે છે. પછી તેઓ ઊંઘી જાય છે, અને પાછા ઊઠે છે ત્યારે આગલા દિવસના તેમના પ્રયત્નનું નામનિશાન પણ તેમને જણાતું નથી; ફરીને તેમને એની એ મહેનત કરવી પડે છે. એનો અર્થ એ છે કે જે પ્રયત્ન થયેલો અને તેનું જે કંઈ પરિણામ આવ્યું હતું તે વ્યક્તિની ચેતનાની છેક છાછરી સપાટી ઉપર, અથવા તો કેવળ જાગ્રત ભાગ પૂરતું જ આવ્યું હતું. પરંતુ ઊંડા અને સુષુપ્ત એવા ભાગોને તેનો જરા પણ સ્પર્શ થયો હતો નહિ. નિદ્રામાં તમે એ અચેતનતાવાળા પ્રદેશોના કબજામાં જઈ પડો છો અને તે જાગ્રત સ્થિતિમાં તમે મહા મહેનતે જે કાંઈ પ્રાપ્તિ કરી હોય છે તેને ચૂસી લે છે અને તેને ગળી જાય છે.

સચેતન થાઓ. દિવસના જાગ્રત જીવન પેઠે રાત્રિના જીવન વિષે પણ સચેતન થઈ જાઓ. પ્રથમ સચેતનતા પ્રાપ્ત કરવાની છે;

ત્યાર પછી સંયમ મેળવી શકશો. તમને તમારાં સ્વપ્નો યાદ રહેતાં હશે, તો સાથે સાથે એ પણ યાદ રહેતું હશે કે સ્વપ્નમાં પણ "આ સ્વપ્ન છે" એવું તમે કેટલીક વાર અનુભવી શકો છો. તમને ત્યાં પણ ખબર હોય છે કે એ અનુભવ આ સ્થૂળ, પાર્થિવ જગતનો નથી. એક વાર તમને એ જ્ઞાન થાય એટલે પછી આ પાર્થિવ ભૂમિકા પેઠે ત્યાં પણ તમે કાર્ય કરી શકો છો. તે ઘટના બને છે તેથી કરીને દૃષ્ટા બંધાતો નથી. સ્વપ્નાવસ્થામાં પણ તમે સચેતન તપઃશક્તિનો પ્રયોગ કરી શકો છો, અને આખા ય સ્વપ્નમાં બનતી ઘટનાની દિશા બદલી નાંખી શકો છો.

જેમ જેમ તમે વધારે ને વધારે સચેતન થતા જશો, તેમ તેમ દિવસના સમયમાં હોય છે તેવો જ – કદાચ તેથી પણ વધારે – સંયમ તમે રાત્રે પણ પ્રાપ્ત કરશો. કારણકે રાત્રે નિદ્રામાં શરીરની યાંત્રિકતાથી તમે કાંઇ નહિ તો થોડે અંશે મુક્ત થઇ ગયેલા હો છો. શારીરિક ચેતનાની ક્રિયાઓ ઉપર કાબૂ મેળવવો એ માનસિક અને પ્રાણમય ક્રિયાઓના ઉપર કાબૂ મેળવવા કરતાં વધારે મુશ્કેલ હોય છે, કારણકે તે ક્રિયાઓ વધારે અક્કડ, સ્થિતિસ્થાપકતા વિનાની હોઇ પોતાનામાં ફેરફાર થવા દેવા માટે સહેલાઇથી તત્પર હોતી નથી.

રાત્રે મન અને પ્રાણ – ખાસ કરીને પ્રાણ – ઘણાં સક્રિય હોય છે. દિવસના જાગ્રત સમયમાં પ્રાણની ગતિ ઉપર કાબૂ હોય છે; એટલે કે માનવની સ્થૂળ શારીરિક ચેતના તેના પ્રાણની સ્વતંત્ર લીલાને આપોઆપ જ અટકાવે છે. પરંતુ નિદ્રામાં એ અટકાયત દૂર થઇ જાય છે. એટલે તેમની પ્રકૃતિની ગતિ તેની જન્મસિદ્ધ સાહજિકતા પ્રમાણે પ્રકટે છે.

સ્વપ્ન વિનાની નિદ્રા કેવા પ્રકારની હોય છે ?

સામાન્ય રીતે, તમે જેને સ્વપ્ન વિનાની નિદ્રા કહો છો તે એમાંથી એક હોય છે. કાં તો (૧) તે દશામાં સ્વપ્ન આવે છે તે તમને યાદ રહેતાં નથી, (૨) અથવા તો તમે મૃત્યુના જેવી કેવળ અચેતનતામાં જઇ પડો છો,— એમાં મૃત્યુનો પૂરોગામી સ્વાદ હોય છે. પરંતુ એવી નિદ્રા પણ શક્ય છે કે જેમાં તમારાં સર્વ કરણોમાં નિરપેક્ષ મૌન, ગતિનો કેવળ અભાવ તથા શાન્તિ તમે અનુભવી શકો અને તમારી ચેતના સચ્ચિદાનંદમાં મગ્ન થઇ જાય. એ અવસ્થાને નિદ્રાનું નામ આપવું એ બરાબર નથી કારણકે તે ઘણી જ સચેતન હોય છે. એ સ્થિતિમાં તમે થોડી મિનિટો સુધી જ રહો પરંતુ એ થોડી મિનિટો કલાકો સુધીની સામાન્ય નિદ્રા કરતાં તમને ઘણો વધારે આરામ અને તાજગી બક્ષે છે. પરંતુ એ સ્થિતિ અકસ્માત તેને પરિણામે નથી મળી શકતી; તેને માટે ઘણી દીર્ઘ સાધનાની જરૂર પડે છે.

સ્વપ્નમાં કેટલાક લોકો આપણને મળે છે તથા તેમને આપણે ઓળખીએ છીએ, જેમને સામાન્ય જીવનમાં મળવાનું તથા ઓળખવાનું પછીથી બની આવે છે. એમ કેમ ?

મનોમય તથા પ્રાણમય સૃષ્ટિમાં બે વ્યક્તિઓ વચ્ચે રહેલા સામ્યને લીધે – અર્થાત્ સ્વભાવમાં રહેલા કેટલાક સરખાપણાને લીધે, – લોકો પરસ્પર મળે છે. આપણી પાર્થિવ ભૂમિકા ઉપર મળવાનું થાય તે પહેલાં એવા લોકો ઘણી વાર એ સૂક્ષ્મ ભૂમિકાઓ ઉપર મળે છે. તેઓ એ ભૂમિકાઓ ઉપર એક બીજા સાથે જોડાય, એક બીજા સાથે બોલે, અને શારીરિક જીવનમાં જેવા સંબંધો બંધાય

છે તેવા બાંધી શકે છે. કેટલાક લોકો એવા સંબંધોને જાણે છે, કેટલાક જાણતા નથી. કેટલાક લોકો – ખરું જોતાં માનવોનો મોટો ભાગ પોતાની આંતર સત્-તા વિષે તથા અંતરના સંબંધો વિષે અચેતન હોય છે, અને જ્યાં બાહ્ય જગતમાં કોઇ અજાણ્યા માણસને જોઇને તેનું મુખ પોતાને ઘણું જ સુપરિચિત, સાચી રીતે જાણીતું હોય, એવું તે માણસોને લાગી જાય છે.

ખોટાં – અસત્ય દર્શનો નથી થતાં?

ખોટાં કહી શકાય એવાં દર્શનો થાય છે ખરાં. દાખલા તરીકે:— "ક્રાઇસ્ટને અમે જોયા છે." એવો દાવો કરનાર સેંકડો બલ્કે હજારો માણસો મળી આવે છે. આ મોટી સંખ્યામાંથી ક્રાઇસ્ટને સાચેસાચ જોનારા એક ડઝન કરતાં પણ ઓછા હશે, અને તે ડઝનની બાબતમાં પણ તેમણે જેનું દર્શન કરેલું છે તે વિષે ઘણું કહેવાનું રહે છે. બાકીના બીજા લોકોને જે ક્રાઇસ્ટનાં દર્શન થયેલાં તે ક્રાઇસ્ટનાં મૂળ સ્વરૂપમાંથી ઉત્પન્ન થયેલ તેના પ્રાદુર્ભાવો – સ્ફુલિંગ હોઇ શકે, યા તો વિચારથી ઉત્પન્ન કરેલ, કે પછી, મનની સ્મરણશક્તિવડે પ્રકટ થયેલ સ્વરૂપ હોઇ શકે. વળી ક્રાઇસ્ટમાં પુષ્કળ શ્રદ્ધાવાળા કેટલાક લોકો હોય છે તેમને અતિ તેજસ્વી એવી કોઇ સત્તાનું, કોઇ શક્તિનું, યા તો સ્મરણમાં રહેલા કોઇ સ્વરૂપનું દર્શન થાય છે. અને તેમના માનસ ઉપર તેની છાપ ઘણી મજબુત પડે છે. આ પાર્થિવ જગત સિવાયના અન્ય જગતની કોઇ વસ્તુને પોતે જોઇ છે, કોઇ અલૌકિક સત્તાનું પોતાને દર્શન છે, એવું તેમને લાગે છે,— અને તેને પરિણામે તીવ્ર ભાવ તેમનામાં જાગે છે, યા તો ભયની, આશ્ચર્યની, કે આનંદની લાગણી તેમને થાય છે. હવે તેમને ક્રાઇસ્ટમાં અત્યંત શ્રદ્ધા હોય છે એટલે તેઓ બીજા કશાનો વિચાર કરી શકતા નથી અને કહે છે કે તે એ જ છે.

પરંતુ એનું એ જ દર્શન જો કોઇ હિંદુ કે મુસલમાન કે બીજા કોઇ ધર્મના માનનારને થાય તો તે દર્શન જુદાં જ નામ અને રૂપ ધારણ કરશે. આમાં જે વસ્તુનું દર્શન થાય છે, યા તો જેની અનુભૂતિ મળે છે, તે વસ્તુ મૂળમાં તો એક જ હોય છે, પરંતુ ગ્રહણ કરનાર વ્યક્તિના મનના જુદા જુદા બંધારણ પ્રમાણે તે જુદું જુદું રૂપ ધારણ કરે છે. જે લોકો માન્યતાઓ, સંપ્રદાયો, પૌરાણિક કથાઓ અને પરંપરાપ્રાપ્ત રિવાજોથી પર થઇ શકે તેઓ જ "તે વસ્તુ ખરેખર શું છે" તે કહી શકે છે. પરંતુ એવા લોકો થોડા – ઘણા જ થોડા હોય છે. સર્વ પ્રકારના માનસિક ઘડતરોથી, બંધારણોથી, મુક્ત થઇ જવું જોઇએ, વિશિષ્ટ દેશ કે કાળને લગતું હોય તે સઘળું દૂર ફેંકી દેવું જોઇએ તો જ જેનું દર્શન થાય તેનું સાચું જ્ઞાન તમે મેળવી શકો.

આધ્યાત્મિક સાક્ષાત્કાર એટલે પોતાની અંદર (અથવા બહાર, પરંતુ એ પ્રદેશમાં એનો અર્થ એક જ થાય છે) ભગવાનના ચૈતન્યનો સ્પર્શ, અને સર્વ દેશોમાં, સર્વ જાતોમાં (પ્રજાઓમાં) અને સર્વ કાળમાં પણ ભગવાનનો સાક્ષાત્કાર તો એક સરખો જ હોય છે. ભગવાન સાથે તમારી ચેતનાનો સ્પર્શ થશે તો તે હમેશાં એક જ પ્રકારે થશે,– પછી તે ગમે તે સ્થળે કે ગમે તે કાળે હોય. ભગવાનને તમારી ચેતના સ્પર્શ કરતી હશે તો તેની રીત સદા, સર્વદા, અને સર્વત્ર – એક સરખી જ હોય છે. અને છતાં ભેદ ઉપસ્થિત થાય છે તેનું કારણ એ છે કે આધ્યાત્મિક સાક્ષાત્કાર અને તેને વાણીમાં રજૂ કરનાર રૂપ યાને ઘડતર એ બેની વચ્ચે અગાધ ઊંડી ખીણ આવી રહેલી હોય છે. જેવો તમને એક આધ્યાત્મિક સાક્ષાત્કાર થયો – (એ અનુભવ તમારી આંતર ચેતનામાં થાય છે) કે તુરતજ તમારી શિક્ષા, કેળવણી, તમારી માન્યતાઓ,

તથા માનસિક વલણોને અનુસાર તે સાક્ષાત્કારનું તમારા બહિર્મુખ ચૈતન્યમાં અનુસ્વરૂપ (અનુરૂપ) ખડું થઈ જાય છે, અને એક કે બીજે રૂપે તે આકાર ધારણ કરે છે. સત્ય એક જ છે, તત્ત્વ એક જ છે; પરંતુ જે સ્વરૂપોમાં તે પ્રકટ થાય છે તે અસંખ્ય હોઈ શકે છે.

જોન ઑફ આર્કને જે દૃશ્યો દેખાતાં હતાં તે કેવા પ્રકારનાં હતાં ?

આપણે જેને દેવલોક કહીએ છીએ તે ભૂમિકાની કેટલીક સત્તાઓ સાથે જોન ઑફ આર્ક દેખીતી રીતે સંબંધમાં હતી. (અથવા તો રોમન કેથલિક લોકો જેને સંતોની સૃષ્ટિ કહે છે તેની જોડે તે સંબંધમાં હતી,– જોકે એ બંને એક નથી). જે સત્તાઓને તે જોતી હતી તેમને તે આર્કેન્જલ – મુખ્ય દેવદૂત – કહેતી હતી. એ સત્તાઓ વિજ્ઞાન અને ઊર્ધ્વ મનસ (higher mind) એ બેની વચ્ચે આવેલી અંતરાળ સૃષ્ટિમાં રહે છે. એ સ્રષ્ટાઓનું, રૂપનાં ઘડનારાઓનું જગત છે.

જે એ સત્તાઓ જોન ઑફ આર્કને સતત દર્શન આપતી હતી તથા જે તેની સાથે વાતચીત કરતી હતી તે કોઈ હિંદુને દેખાત તો તેનું સ્વરૂપ તદ્દન જુદું જ હોત. કારણકે જ્યારે માણસ કોઈ પણ સ્વરૂપનું દર્શન કરે છે, ત્યારે પોતાના મનમાં રહેલા કોઈ રૂપને તે બહાર નાખે છે. તમે જુઓ છો તેને તમે જે જોવાની આશા રાખતા હો છો તેનું રૂપ આપો છો. ખ્રિસ્ત, બુદ્ધ, હિંદુ અને શિન્ટો જેવા જુદા જુદા ધાર્મિક મતના લોકોના બનેલ ટોળામાં એક જ સત્તા એકી વખતે દેખા દે તો તેને તદ્દન જુદે જુદાં નામ આપવામાં આવે એ નક્કી છે. તે સત્-તાના સ્વરૂપ વિષે દરેક

માણુસ "તે આવું છે" "તેવું છે" એ પ્રમાણે કહેશે, અને દરેક માણુસ બીજાથી જુદો પડશે છતાં તે આવિર્ભાવ તો એક જ સત્-તાનો હોય છે. હિંદુસ્તાનમાં તમે જેને "પરાશક્તિ મહાશક્તિ – દિવ્ય માતા" કહો છો; રોમન કેથલિકો તેને જ કુમારિકા "મેરી" કહે છે, જાપાનીઝ લોકો તેને "કવાનોન"– દયાની દેવી કહે છે. અને બીજા લોકો કદાચ બીજાં નામ પણ આપે. તે શક્તિ એક જ છે. પરંતુ જુદા જુદા ધર્મમાં તેનું જે વર્ણન કરવામાં આવે છે તે જુદું જુદું હોય છે.

સમર્પણના કાર્યમાં શિસ્તને – નિયંત્રણને કયું સ્થાન છે? કોઇ વ્યક્તિ સમર્પણ કરે તો પછી તે શિસ્ત વગર ચલાવી શકે નહિ? કેટલીક વાર શિસ્ત બાધારૂપ નથી હોતી?

એ બની શકે. પરંતુ વિકાસની પદ્ધતિ યાને નિયંત્રણ અને તપઃશક્તિથી પ્રેરિત – સંકલ્પજન્ય કર્મ એ બે વચ્ચે ભેદ જાણવો જોઇએ. તમે સમર્પણનો માર્ગ સ્વીકારો તો તમારે ચેષ્ટાનો ત્યાગ કરવો જોઇએ; પરંતુ એનો અર્થ એવો નથી થતો કે સર્વ પ્રકારનાં કર્મોમાં તમારે તપઃશક્તિનો પ્રયોગ જ કરવો ન જોઇએ. એથી ઊલટું, તમારી તપઃશક્તિ ભગવાનની તપઃશક્તિના હાથમાં સોંપવાથી તમે સાક્ષાત્કાર પ્રત્યેની ગતિનો વેગ વધારો છો. એ પ્રમાણે કરવું એ પણ, જુદા રૂપમાં, સમર્પણ જ છે. તમે પથ્થર જેવા જડ નિશ્ચેષ્ટ બની જાઓ એવું નિષ્ક્રિય સમર્પણ કરવાની માગણી તમારી પાસે કરવામાં આવતી નથી, પરંતુ તમારી તપઃશક્તિને ભગવાનની દિવ્ય તપઃશક્તિની સેવામાં હાજર કરવાની માગણી કરવામાં આવે છે.

પરંતુ ભગવાન સાથે એકતા સિદ્ધ થયા પહેલાં કોઇ પણ માણસ એ પ્રમાણે કેવી રીતે કરી શકે?

તમારી પાસે તપઃશક્તિ છે. તમે તે તપઃશક્તિને સમર્પણ કરી દઇ શકો છો. તમારી રાત્રિઓ વિષે સચેતન થવાના સવાલનું જ ઉદાહરણ લઇએ. જો તમે નિષ્ક્રિય સમર્પણનું વલણ ધારણ કરશો તો તમે કહેશો કે "જ્યારે મારે સચેતન થવું એવી ભગવાનની ઇચ્છા – તપઃશક્તિ – હશે ત્યારે હું સચેતન થઇશ." પરંતુ એથી ઊલટું, જો તમે તમારી તપઃશક્તિ ભગવાનને સમર્પણ કરશો તો તમે પોતે તપઃશક્તિનો પ્રયોગ આદરશો. અને કહેશો કે "હું મારી રાત્રિઓ વિષે સચેતન થઇશ." આ બીજી રીતમાં એ પ્રમાણે થાય એવી તમારી પોતાની તપઃશક્તિ જાગ્રત હોય છે. તમે આળસુ થઇને વાટ જોયા કરતા નથી. જ્યારે તમે એવું વલણ અખત્યાર કરો કે "હું મારી તપઃશક્તિ ભગવાનને અર્પણ કરૂં છું. હું મારી રાત્રિઓ વિષે સચેતન થવા માગું છું, પરંતુ મને જ્ઞાન નથી. ભગવાનની તપઃશક્તિ મારામાં તે કાર્ય કરો," આ વલણ થતાં સમર્પણ સક્રિય થયું ગણાય. તમારી તપઃશક્તિ અમુક કાર્યની પસંદગી કરીને, યા તો કોઇ ચોક્કસ વસ્તુની માગણી કરીને તેના ઉપર નહિ, પરંતુ છેવટે પ્રાપ્ત કરવાના અંતિમ લક્ષ ઉપર એકાગ્ર થયેલ તીવ્ર અભીપ્સા તરીકે નિયમિત રીતે કાર્ય કરે એ જરૂરનું છે. એ પહેલું પગલું છે. જો તમે સાવધાન હશો, જો તમારૂં મન જાગ્રત હશે, તો "શું કરવું જોઇએ" તેનું કંઇક જ્ઞાન પ્રેરણા રૂપે તમને જરૂર મળશે, અને તેને તમે એકદમ અમલમાં મૂકશો. ફક્ત, યાદ રાખવું જોઇએ કે સમર્પણ એટલે તમારા કર્મનું ગમે તે ફળ આવે, જે પરિણામ આવે, તેનો સ્વીકાર,– પછી તે પરિણામ ભલેને

તમે આશા રાખી હોય તેથી તદ્દન જુદું જ હોય! પરંતુ તમારૂં સમર્પણ નિષ્ક્રિય હશે તો તમે કશો સંકલ્પ કરશો નહિ અને પ્રયત્ન પણ નહિ કરો; તમે ઊંઘ્યા કરશો અને ચમત્કાર થવાની વાટ જોયા કરશો.

હવે તમારી તપઃશક્તિ યા તો તમારી કામના ભગવાનની તપઃશક્તિ કે દિવ્ય કામના સાથે બંધ બેસતી—એકસૂરતામાં—છે કે નહિ તે જાણવા માટે તમારે નિરીક્ષણ કરવું જોઇએ અને તમારા અંતરના ગહન ઊંડાણમાં, તમારા હૃદયમાં, નિત્ય રહેલ અંતરાત્માનો—મન પ્રાણ કે અન્નનો નહિ,—તમને પ્રત્યુત્તર મળે છે કે નહિ, તે તેમને ટેકો આપે છે કે તે તમારો વિરોધ કરે છે, એ તપાસવું જોઇએ.

ધ્યાન કરવાનો પ્રયત્ન વધારવાની જરૂર લાગતી નથી? અને જેટલા વધારે કલાક ધ્યાન કરવામાં આવે તેટલી વધારે પ્રગતિ થાય એ સાચું નથી?

ધ્યાનમાં ગાળેલા કલાકોની સંખ્યા આધ્યાત્મિક પ્રગતિની નિશાની નથી. જ્યારે તમારે ધ્યાન કરવાનો પ્રયત્ન ન કરવો પડે ત્યારે તે તમારી પ્રગતિની સાબિતી ગણાય.

એવી અવસ્થા આવે છે જ્યારે ધ્યાન થતું અટકાવવા માટે તમારે પ્રયત્ન કરવાની જરૂર પડે છે; એટલે કે ધ્યાન ન કરવું મુશ્કેલ થઈ પડે છે, ભગવાન વિષે ચિંતન બંધ કરવું અઘરૂં લાગે છે, ચેતનાની સામાન્ય અવસ્થામાં આવી પડવું કપરૂં લાગે છે. જ્યારે ભગવાન ઉપર એકાગ્રતા કરવી તેનું ધ્યાન કરવું, એ તમારા જીવનની જરૂરિયાત થઈ પડે, જ્યારે તેના વિના તમે ચલાવી લઇ શકો નહિ અને તમે ગમે તે કાર્યમાં—ધ્યાન કરવાના કે બીજા

કોઇ પણ પ્રકારના કાર્યમાં—રોકાયા હો તો પણ સવારથી રાત્રિ સુધી ધ્યાન સહજ રીતે ચાલ્યા જ કરે ત્યાર પછી તમારી પ્રગતિ થયા વિષે તમે ખાત્રી રાખી શકો, ત્યારે જ તમે ખરી પ્રગતિ કરી ગણાય. તમારે માટે ખરી જરૂરિયાત છે તે દિવ્ય ચેતનાની હાજરીની. ભગવાનની ચેતના તમારામાં સતત જાગ્રત રાખવી એ તમારી એક માત્ર જરૂરિયાત છે.

પણ બેસીને ધ્યાન કરવું એ એક પ્રકારનું અનિવાર્ય આધ્યાત્મિક નિયંત્રણ – શિસ્ત – નથી? અને તેને પરિણામે ભગવાન સાથે વધારે ઊંડી અને ઘન એકતાનો સાક્ષાત્કાર થતો નથી વારુ?

તે હોઈ શકે. પરંતુ આપણે કાંઇ શિસ્તને ખાતર શિસ્ત શોધતા નથી. આપણે તો આપણા સર્વ કાર્યોમાં ભગવાન ઉપર આપણી ચેતનાને એકાગ્ર કરવાનું માગી રહ્યા છીએ. અર્થાત્ સર્વ કાળમાં, આપણાં સર્વે કર્મોમાં, આપણી એકેએક ગતિમાં, આપણી ચેતના તેના ઉપર એકાગ્ર હોવી જોઇએ એ આપણે ઇચ્છીએ છીએ. અહીં કેટલાક સાધકો એવા છે કે જેમને ધ્યાન કરવાનું કહેવામાં આવ્યું છે; પરંતુ કેટલાક એવા પણ છે જેમને ધ્યાન કરવા માટે કદી પણ કહેવામાં આવ્યું નથી. પરંતુ એટલા ઉપરથી એમ નથી ધારી લેવાનું કે તેઓ પ્રગતિ કરતા નથી. તેઓ પણ નિયંત્રણ તો પાળતા હોય છે, પરંતુ તે જુદા પ્રકારનું હોય છે. કામ કરવું, ભક્તિપૂર્વક અને અંતરની સમર્પણવૃત્તિ જાગ્રત રાખીને કર્મો કરવાં એ પણ આધ્યાત્મિક પ્રગતિનો માર્ગ છે. કેવળ ધ્યાનમાં જ નહિ, પરંતુ સર્વ સંજોગોમાં અને સઘળા સક્રિય જીવનમાં ભગવાન સાથે સતત અદ્વૈત અનુભવવું એ અંતિમ લક્ષ છે.

કેટલાક લોકો જ્યારે ધ્યાન કરવા બેસે છે ત્યારે તેઓ માની લીધેલી સુંદર અને આનંદદાયી એવી કોઈક અવસ્થામાં જતા રહે છે. આત્મસંતોષી બનીને તેઓ એ સ્થિતિમાં બેસી રહે છે, અને જગતને ભૂલી જાય છે; તેમના ધ્યાનમાં ખલેલ થતાં તેઓ ગુસ્સે થઈને, અશાન્ત સ્થિતિમાં બહાર આવે છે. કારણકે તેમને ધ્યાનમાં ભંગ થયેલો હોય છે. આ કાંઈ આધ્યાત્મિક પ્રગતિની કે શિસ્તની નિશાની ન ગણાય. પ્રવૃત્તિમય જીવન ગુજારનારા કેટલાક લોકો એવા પણ હોય છે જેઓ ચોક્કસ સમયે ધ્યાન કરવું એ જાણે ભગવાનને આપવાનું દેવું ન હોય એમ માનતા જણાય છે. દર અઠવાડિયે એક વાર દેવળમાં જઈને પોતે ભગવાનનું દેવું ચૂકવી આપ્યું એમ માનનારા જેવા જ પેલા લોકો પણ છે.

જો તમારે ધ્યાન કરવા માટે પ્રયત્ન કરવો પડતો હોય તો આધ્યાત્મિક જીવનથી હજી તમે ઘણા દૂર છો એમ સમજવું. ઊલટું જ્યારે તમારે ધ્યાનમાંથી બહાર આવવા માટે પ્રયત્ન કરવો પડે તો જાણવું કે તમે આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરી ચૂક્યા છો.

હઠયોગ અને રાજયોગ જેવા યોગસાધનાના માર્ગો છે જેમનો અભ્યાસ કરવા છતાં આધ્યાત્મિક જીવન સાથે સાધકનો કશો જ સંબંધ હોય નહિ. હઠયોગ એ શરીર ઉપર સંયમ પ્રાપ્ત કરાવે છે. રાજયોગ મનનો સંયમ કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરવો એટલે તો દરિયામાં તમે જેમ ઝંપલાવો છો તેમ ભગવાનમાં ઝંપલાવવું,—ભગવાનમાં જીવન ધારણ કરતાં શીખવું. "તે કેવી રીતે કરવું?" "હું ક્યાં પડીશ?" "મારું શું થશે?" વગેરે વિચારો કરવા થોભ્યા વગર સીધેસીધા અંતરમાં ઝંપલાવી દો. તમારા મનની તથા પ્રાણની ભીરુતા અને સમવિષમતા તમને

રોકી રાખે છે. તમારી જાતને કેવળ છૂટથી ઝંપલાવા દો. સમુદ્રમાં તમારે ભૂસકો મારવો હોય અને બધો વખત તમે વિચાર કર્યા કરો કે "અહીં ખડક હશે તો!" "ત્યાં પથરો હશે તો?" તો તમે ઝંપાપાત કરી શકશો જ નહિ.

પરંતુ સમુદ્ર તો આપણે જોઇ શકીએ છીએ અને તેમાં સીધેસીધા ભૂસકો મારી શકીએ; પરંતુ આધ્યાત્મિક જીવનમાં આપણે કેવી રીતે ઝંપલાવી શકીએ?

અલબત, જેમ દરિયામાં ઝંપલાવતા પહેલાં તમે દરિયો જોયો હોવો જોઇએ, તથા તેને વિષે કાંઇક જાણવું પણ જોઇએ તેમ આધ્યાત્મિક સત્યની કાંઇક ઝાંખી તમને થયેલી હોવી જોઇએ. એ ઝાંખી ઘણુંખરું ચૈત્ય-પુરુષની જાગ્રતિને રૂપે થાય છે. કોઇ પણ પ્રકારનો સાક્ષાત્કાર થવો જરૂરી છે ભલે, પછી તે ઊંડો અંતરાત્માના સ્પર્શનો કે સમગ્ર ચેતનાને લગતો ન હોય, પરંતુ સમર્થ માનસિક યા તો પ્રાણને લગતા સ્પર્શનો અનુભવ થયેલો હોવો જોઇએ. તમારી અંદર કે તમારી આજુબાજુ ભગવાનની હાજરી તમે અનુભવેલી હોવી જોઇએ. ભગવાનની દિવ્ય ભૂમિકાની હવાનો તમને સ્પર્શ થયેલો હોવો જોઇએ. અને તેની વિરુદ્ધ, સામાન્ય જીવનની ગૂંગળાવી નાખતી હવાનું દબાણ પણ તમે અનુભવ્યું હોવું જોઇએ, અને એ ભારે વાતાવરણમાંથી બહાર નીકળવા માટે પ્રયત્ન કરવા માટે તમને પ્રેરણા થયેલી હોવી જોઇએ. જો તમે તે અનુભવ્યું હોય તો ભગવાનના દિવ્ય, સત્ય સ્વરૂપમાં તમારે અનન્ય ભાવે શરણ લેવું જોઇએ, અને તેની સહાય તથા રક્ષણમાં તમારે જીવન ગાળવું જોઇએ. તમારા સામાન્ય જીવનમાં તમે જે સમર્પણ કાંઇક અંશે અને અપૂર્ણપણે કરેલું હોય, યા તો તમારી પ્રકૃતિના

કોઇ એક કે વધારે અંગોમાં કરેલું હોય, યા તો કોઇક વખતે અને વિશિષ્ટ સંજોગોમાં કરેલું હોય, તે તમારે સંપૂર્ણપણે અને સદાને માટે કરવાનું છે. એ ઝંપાપાત તમારે કરવાનો છે, અને તે કર્યા વિના તમે વર્ષો સુધી સાધના કર્યા કરો છતાં સાચા આધ્યાત્મિક જીવન વિષે તમને કાંઇ પણ જ્ઞાન ન મળે એ બનવાજોગ છે. સંપૂર્ણપણે અને સંકોચ વગર ભૂસકો મારો, અને આ બાહ્ય જગતની અવ્યવસ્થિતતાથી તમે મુક્ત થઇ જશો, અને સાચા આધ્યાત્મિક જીવનનો અનુભવ મેળવશો.

*

વાર્તાલાપ ચોથો

યોગસાધનામાં પ્રગતિ કરવા માટે સાધકે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરી દેવું જોઇએ, પોતાની પાસે હોય તે નાનામાં નાની વસ્તુ સુદ્ધાં તથા છેક નજીવાં ગણાય તેવાં કર્મો પણ. આનો ચોક્કસ અર્થ શો છે?

યોગ એટલે પ્રભુ સાથે એકતા. એ એકતા આત્મસમર્પણદ્વારા સિદ્ધ થાય છે; આત્મોત્સર્ગ યાને આત્મસમર્પણ એવી એકતાનો પાયો છે. શરૂઆતમાં એ સમર્પણની ક્રિયા તમે સામાન્ય રીતે કરો છો,–એટલે કે હમેશને માટે અને એકી વખતે. તમો કહો છો કે "હું પ્રભુનો દાસ છું; મારૂં જીવન અનન્યભાવે કેવળ ભગવાનને જ માટે છે. મારા સર્વે પ્રયત્નો ભગવાનની પ્રાપ્તિ કરવા માટે છે. વગેરે વગેરે." પરંતુ એ તો ફક્ત પહેલું પગથિયું થયું ગણાય, એ કાંઇ પૂરતું નથી. તમારૂં સમગ્ર જીવન ભગવાનને અર્પણ કરવાનો તમે સંકલ્પ કર્યો કે પછી પ્રત્યેક ક્ષણે તેને તમારે સ્મરણમાં રાખવાનો તો રહે છે, તથા જીવનની ઝીણી ઝીણી ઘટનાઓમાં તેનો અમલ કરવાનો બાકી રહે છે. ડગલે ને પગલે, પ્રતિક્ષણ, તમને લાગવું જોઇએ કે તમે ભગવાનના જ છો; તમે જે કાંઈ વિચારો યા તો કરો તેદ્વારા ભગવત-ચેતના જ તમારામાં કાર્ય કરી રહી છે એવો સતત અનુભવ તમને થયા કરવો જોઇએ. "મારૂં" કહી શકો એવું કશું પણ તમારે માટે હોવું ન જોઇએ; સઘળું ભગવાન પાસેથી આવે છે એવો અનુભવ તમને થવો જોઇએ. અને એ રીતે તમને જે મળેલું હોય તે તેના મૂળ માલિકને જ અર્પણ કરવું જોઇએ. જ્યારે આ સત્યને તમે સમજી શકશો તથા તેનો સાક્ષાત્કાર

કરી શકશો, ત્યાર પછી જે વસ્તુ તમે સામાન્ય રીતે નજીવી યાને અગત્ય વિનાની ગણી કાઢતા હતા એ નજીવી બાબતો પણ નજીવી અને અર્થ વગરની નહિ લાગે. એ સઘળામાં તમને અર્થ રહેલો જણાશે, અને તમારી દૃષ્ટિ આગળ અવલોકન અને અભ્યાસ માટે વિશાળ દૃષ્ટિમર્યાદા ખુલ્લી થઈ જશે.

ઉપર જણાવેલા સમર્પણના સામાન્ય ભાવને જીવનની વિગતોમાં ઉતારવા માટે તમારે નીચે પ્રમાણે કરવું જોઈએ. આખો વખત ભગવાનની પ્રત્યક્ષ હાજરીમાં રહેતાં શીખો; પ્રભુની એ પ્રત્યક્ષ હાજરી જ તમને હલાવી ચલાવી રહી છે તથા તમે કરો છો તે સઘળું તમારી અંદર તે જ કરી રહી છે એવું સતત અનુભવી તેમાં જીવન ધારણ કરો. તમારી સર્વે ક્રિયાઓ તેને સમર્પણ કરો, કેવળ માનસિક ક્રિયા જ માત્ર નહિ—પ્રત્યેક વિચાર, પ્રત્યેક ભાવ માત્ર જ નહિ પરંતુ તદ્દન સામાન્ય અને બહિર્મુખ ગણાતી ક્રિયા, જેવી કે ખાવાની, પણ તેને જ સમર્પણ કરો. જ્યારે ખાઓ ત્યારે પણ ભગવાન તમારાદ્વારા ભોગ લે છે એવો ભાવ અનુભવો. જ્યારે તમારી સઘળી ક્રિયાઓ એટલે કે પ્રવૃત્તિઓ આ એક અખંડ જીવન-પ્રવાહમાં એકત્ર કરી શકશો ત્યારે તમારામાં અત્યારે જે ભેદ છે, બેવડું જીવન છે, તેને ઠેકાણે અભેદ યાને એકતા સ્થાપન થશે. ત્યાર પછીથી તમારા જીવનનો એક ભાગ ભગવાનને અર્પણ થયેલો અને બીજા બધા સામાન્ય જીવનના હેતુઓને અર્પણ થયેલા તથા સામાન્ય વસ્તુઓમાં ગૂંચાયેલા એ દ્વિધા વિભક્ત સ્થિતિ ટકી નહિ શકે. તમારૂં સમગ્ર જીવન યોગસાધનામાં ભાગ લેવા માંડે છે, અને તમારી અંદર પ્રકૃતિનું સમગ્ર રૂપાંતર થવાનો આરંભ ધીમે ધીમે થાય છે.

પૂર્ણયોગની સાધનામાં આપણે સમગ્ર જીવનનું–છેક નાનામાં નાની વિગત સુધી–રૂપાંતર સાધવાનું છે, તેને દિવ્યતામાં પરિણત કરવાનું છે. એ કાર્યમાં કશું પણ "નજીવું," કશું પણ "નકામું" કે એમને એમ રહેવા દેવાનું છે જ નહિ. "જ્યારે હું ધ્યાન કરીશ, કે તત્ત્વજ્ઞાનનું પુસ્તક વાંચીશ, યા તો આ વાતચીત સાંભળું છું તે દરમિયાન હું ભગવાનની જ્યોતિ પ્રત્યે મારી જાતને ખુલ્લી રાખીશ, અને તેને માટે હૃદયમાં અભીપ્સા જાગ્રત કરીશ, પરંતુ જ્યારે હું ફરવા માટે, યા તો મારા મિત્રોને મળવા માટે જઈશ ત્યારે એ બાબત હું તદ્દન ભૂલી જાઉં તો પણ ચાલે." એ પ્રમાણે તમે આ યોગસાધનામાં કહી શકતા નથી. આ જાતની વૃત્તિ કે વલણને કાયમ રાખવું એનો અર્થ તો એ થાય કે તમે રૂપાંતર વિનાના રહેશો, અને ભગવાન જોડે કદી પણ સાચી એકતા નહિ સાધી શકો; તમારી પ્રકૃતિમાં હમેશને માટે એ ભાગ પડેલા જ રહેવાના. એ પ્રમાણે કરવાથી બહુ બહુ તો તમને ઊંચા આધ્યાત્મિક જીવનની ફક્ત ઝાંખી જ થવાની. કેટલીક અનુભૂતિઓ અને સાક્ષાત્કારો તમે ધ્યાન કરતા હો ત્યારે, યા તો તમારી આંતર ચેતનામાં તમે અનુભવો એ બનવાજોગ છે. પરંતુ તમારી સ્થૂળ શારીરિક ચેતના અને તમારું બહિર્મુખ જીવન રૂપાંતર વિનાનું રહી જવાનું. જે આંતર-સાક્ષાત્કાર, યા તો આંતર-જ્ઞાનજ્યોતિનો અનુભવ સ્થૂળ દેહનો તથા બહિર્મુખ જીવનનો સ્વીકાર કરતો નથી તે બહુ ઉપયોગનો પણ નથી, કારણકે તેથી જગત જેવું છે તેવું ને તેવું–રૂપાંતર થયા વગરનું–રહે છે. અત્યાર સુધી એ જ પ્રમાણે સતત બનતું આવેલું છે. જેઓને ઘણા જ મહાન અને સમર્થ સાક્ષાત્કારો થતા હતા તેવા સાધકો પણ પોતાની આંતર-શાન્તિમાં અક્ષુબ્ધપણે રહેવા માટે જગતથી દૂર થઈ જતા. તેઓ જગતને

જૂને માર્ગે વહેતું મૂકતા. પરિણામે આ સ્થૂળ, પાર્થિવ ભૂમિકા ઉપર દુઃખનું, જડતાનું, મૃત્યુનું અને અજ્ઞાનનું સામ્રાજ્ય નિષ્કંટક-પણે ચાલ્યું આવ્યું છે. જેઓ એ પ્રમાણે સંસારથી દૂર થઈ જાય છે તેમને માટે એ આપદાઓમાંથી ઉગરી જવું,—મુશ્કેલીથી પરાઙ્મુખ થવું, અને કોઈ બીજી અપાર્થિવ ભૂમિકામાં સુખી સ્થિતિ પ્રાપ્ત કરી તેમાં મગ્ન રહેવું એ કદાચ વધારે પ્રીતિકર હોય એ બનવાજોગ છે. પરંતુ સંસાર અને જીવનને તેઓ રૂપાંતર વિના-નાંજ મૂકે છે; વળી એવા સાધકોની પોતાની બહિર્મુખ ચેતના તથા એમની સ્થૂળ શારીરિક ચેતના પણ જેવી હોય છે તેવી જ અસંસ્કૃત,—અરૂપાંતરિત,—રહે છે. પોતાની ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકામાંથી જ્યારે તેઓ આ સ્થૂળ ભૂમિકા ઉપર પાછા ફરે છે ત્યારે ઘણુંખરું તેમનું વર્તન સામાન્ય માનવો કરતાં પણ ઉતરતા પ્રકારનું હોવાનો સંભવ છે; કારણકે પાર્થિવ વસ્તુઓ ઉપરનો કાબૂ તેમણે ગુમાવી દીધેલો હોય છે, અને જીવનમાં કાર્ય કરવાની તેમની રીતિ અસંબદ્ધ અને નિષ્ફળ હોવાનો પણ સંભવ હોય છે કારણકે ઘડી ઘડી બદલાતી પ્રત્યેક સ્થૂળ સત્તાની સૂચનાને તેઓ વશ વર્તે છે.

જે સાધકોને એ પ્રકારનો આદર્શ માન્ય હોય તેમને માટે તે સારો હશે; પરંતુ આપણી યોગસાધનાનો એ માર્ગ નથી. આપણે તો આ જગત ઉપર, જીવનની સઘળી ક્રિયાઓના ઉપર પ્રભુનો વિજય થાય એવું માગીએ છીએ,—આપણે ભગવાનને અહીં, આ પાર્થિવ જગતમાં, પ્રાપ્ત કરવા માગીએ છીએ. અને સમગ્ર જીવનમાં જો આપણે ભગવાનનુંજ સામ્રાજ્ય વાંછતા હોઈએ તો આપણી પાસે જે કાંઈ હોય, આપણી પોતાની સમગ્ર જાત, અને આપણે જે જે કરતા હોઇએ તે સઘળું આપણે ભગવાનને સમર્પણ કરવું

જોઈએ. કોઇ પણ બાબત "નજીવી છે, નાની છે." એમ માનવાનો યા તો "બહિર્મુખ જીવન અને તેની પાર્થિવ જરૂરિયાતો કાંઈ દિવ ભાગવત જીવનનો ભાગ નથી" એમ કહેવાનો કશો અર્થ નથી એ પ્રમાણે જો માનીશું તો અત્યારે આપણે જ્યાં ઊભા છીએ ત્યાંને ત્યાં જ રહીશું; અને પાર્થિવ જગતના ઉપર પ્રભુનો વિજ પ્રાપ્ત નહિ કરી શકાય; પાર્થિવ ભૂમિકા ઉપર કશું ચિરસ્થાય પરિણામ સ્થાપન નહિ કરી શકાય.

જે સાધકો સાધનામાં આગળ વધેલાં હોય છે તેઓ આ પાર્થિવ ભૂમિકા ઉપર પાછા આવે છે ખરા ?

હા, આ ભૂમિકાનું રૂપાંતર કરવાની તપઃશક્તિ તેમનામાં હો તો. અને એવી તપઃશક્તિવાળો સાધક જેમ વધારે આગળ ગયેલે તેમ તે પાછો ફરવાની વકી પણ વધારે સમજવી. અને જેએ સંસારમાંથી દૂર જતા રહેવાની તપઃશક્તિ સેવે છે તેઓને પ જ્યારે તેઓ પેલી પાર જાય છે ત્યારે માલમ પડે છે કે સંસારમાંથ દૂર નાસી જવાથી આખરે કાંઈ તેમને બહુ લાભ થયો નથી.

તેઓને – એવા સાધકોને – "ઘણી ઉચ્ચ ભૂમિકામાં જઈને હું પાછો ફર્યો છું" એવું સ્મરણ હોય છે, ખરું

જ્યારે તમે ચેતનાની અમુક અવસ્થાને પ્રાપ્ત કરો ત્યારે યાદ આવે છે. થોડા સમય માટે, થોડે અંશે ચેતનાની એ સ્થિતિને સ્પર્શ કરવો એ કાંઈ એટલું બધું અઘરું નથી. સુષુપ્તિ અવસ્થામાં સ્વપ્નમાં યા તો ધ્યાનમાં કેટલીક વાર સાધકોને લાગે છે કે પો આ પૃથ્વી ઉપર પૂર્વે હતો, તથા પોતાને અમુક સાક્ષાત્કાર થયે હતો, અને અમુક સત્યો પોતે જાણે છે પરંતુ એ સાક્ષાત્કા કાંઇ સંપૂર્ણ ન કહેવાય, એનો સંપૂર્ણ સાક્ષાત્કાર થવા માં

આપણી અંદર જે ચિરસ્થાયી ચેતના છે અને જે આપણા ભૂત, વર્તમાન અને ભાવિ જીવનને એક સૂત્રમાં બાંધી રાખે છે તેને આપણે પ્રાપ્ત કરવી જોઇએ.

જ્યારે બુદ્ધિની પ્રવૃત્તિમાં, યા તો માનસિક અભ્યાસમાં આપણે એકાગ્ર થઇ જઇએ છીએ ત્યારે કેટલીક વાર શા માટે ભગવાનની વિસ્મૃતિ થઇ જતી હશે? યા તો તેનો સંબંધ દૂર થઇ જતો હશે?

એ પ્રમાણે ભગવાનનું સ્મરણ યા તો તેનો સંબંધ ગુમાવવાનું કારણ એ છે કે હજુ તમારી ચેતના એ ભાગમાં વહેંચાયેલી છે; તમારી મનોમય ભૂમિકામાં હજી ભગવાનની પ્રતિષ્ઠા થઈ નથી, તમે હજી સુધી દિવ્ય જીવનને પૂર્ણપણે સમર્પણ થયા નથી. નહિ તો, મનની ક્રિયાઓ ઉપર તમે ગમે તેટલી એકાગ્રતા કરો તો પણ ભગવાન તમને સહાય કરી રહ્યો છે, તે તમને ધારણ કરી રહ્યો છે એવી લાગણી થયા વિના નહિ રહે.

પ્રત્યેક ક્રિયામાં, પછી ભલેને તે બુદ્ધિની હોય કે ક્રિયાત્મક હોય, તો પણ, તમારૂં તો "સ્મરણ કર અને સમર્પણ કર" એ જ સૂત્ર હોવું જોઇએ. તમે જે કાંઈ કરતા હો તે ભગવાનને આહૂતિ તરીકે અર્પણ કરો. એ ક્રિયા તમારે માટે ઘણી સરસ નિયમન રૂપ પણ નીવડશે, કારણકે ઘણાં મૂર્ખાઈભરેલાં અને નકામાં કાર્યો કરતાં તે તમને અટકાવશે.

ઘણી વાર કર્મની શરૂઆતમાં તમે કહ્યું તે પ્રમાણે થઇ શકે છે; પરંતુ જેમ જેમ સાધક કાર્યમાં એકાગ્ર થતો જાય છે તેમ તેમ તે ભૂલતો જાય છે. સતત સ્મરણ રાખવા માટે શું કરવું જોઇએ?

ખરું જોતાં જે અંતિમ સ્થિતિ આપણે મેળવવાની છે, જે સ્થિતિ યોગસાધનાની વાસ્તવિક સિદ્ધિ અને અંતિમ પ્રાપ્તિ જે કહો તે છે, અને જેને માટે બાકીની બધી અવસ્થાઓ કેવળ તૈયારી રૂપ ગણી શકાય, તે સ્થિતિ એટલે એક એવી ચેતનાવસ્થાની પ્રાપ્તિ જેમાં ભગવાન વિના કશું પણ કરવું તમારે માટે અશક્ય થઈ પડે; કારણકે, ભગવાન વિના તમારા કર્મનું મૂળ જ લુપ્ત થઈ જાય; જ્ઞાન, શક્તિ સઘળું ચાલ્યું જ જાય. પરંતુ જ્યાં સુધી તમે વાપરો છો તે શક્તિ તમને તમારી પોતાની લાગતી હોય ત્યાં સુધી ભગવાનની સહાયની ખોટ તમને સાલશે નહિ.

સાધનાની શરૂઆતમાં સાધક ભગવાનને વારે વારે ભૂલી જાય એ બનવાજોગ છે. સતત જાગ્રત અભીપ્સાવડે પ્રભુનું સ્મરણ વધારી અને વિસ્મૃતિને ઘટાડી શકાય છે. પણ એ અભીપ્સા જાગ્રત રાખવાનું કામ કઠિન નિયમન, કે કડક ફરજ તરીકે કરવાનું નથી; પ્રેમથી અને આનંદથી એ ક્રિયા થવી જોઈએ. એમ થયા પછી થોડા સમયમાં એવી સ્થિતિ આવશે જ્યારે પ્રતિક્ષણ, ગમે તે કાર્ય કરતાં પણ તમને ભગવાનની હાજરી ન લાગતાં તમે નિર્જનમાં હો એવું લાગવા માંડશે, તમે શોકાતુર થઈ જશો, તમે દુઃખમાં ડૂબી જશો.

જો તમે ભગવાનની હાજરી વિના કાંઈ પણ કાર્ય કરી શકો, અને છતાં પૂરેપૂરો આરામ અનુભવી શકો તો જાણવું કે તમારી પ્રકૃતિનો તે ભાગ તમે ભગવાનને સમર્પણ કર્યો નથી. સામાન્ય માનવ એ જ રીતે જીવે છે,–તેને ભગવાનની કશી જરૂર જણાતી નથી. પરંતુ દિવ્ય–ભાગવત–જીવન ગાળવાની અભીપ્સાવાળા સાધકની બાબત તદ્દન જુદી જ હોય છે. ભગવાન જોડે સંપૂર્ણપણે

એકતા અનુભવો ત્યાર પછી ભગવાન તમારાથી એક ક્ષણ પણ દૂર થાય તો તમે મરણ જ પામો; કારણકે એ અનુભવ પછી ભગવાન તમારા પ્રાણનો પણ પ્રાણ, તમારું સમગ્ર જીવન, તમારું એક અને અનન્ય શરણ, તમારો એક અને સંપૂર્ણ આશ્રય થઈ રહે છે. ભગવાન ન હોય તો તમારે માટે કશું જ રહેતું નથી.

સાધનાના આરંભમાં સામાન્ય પુસ્તક વાંચવાથી સાધકને લાભ થાય ખરો?

તમે પવિત્ર અને ધાર્મિક પુસ્તક વાંચતા હો અને તે છતાં ભગવાનથી ઘણા ઘણા દૂર હો એમ બની શકે; અને કેવળ મૂર્ખાઈભર્યું પુસ્તક વાંચતા છતાં પણ તમે ભગવાન જોડે સંબંધ જાળવી શકો છો. જેનામાં રૂપાંતર સિદ્ધ થયેલું છે એવી ચેતના અને તેની ક્રિયા કેવા પ્રકારની હોઈ શકે તેનો ખ્યાલ જાતઅનુભવ વિના આવવો અશક્ય છે. ભગવાન સાથે ચેતનાની એકતાવાળી એવી એક અવસ્થા છે જેમાં તમે જે કાંઈ,– તદ્દન નકામી ચોપડી પણ– વાંચો તેમાં આનંદ લઈ શકો છો, તમે જે કાંઈ અવલોકો, –(તદ્દન નજીવું દૃશ્ય પણ)– તેમાં આનંદ લઈ શકો છો. તમે તદ્દન માલ વગરનું,– ક્ષુદ્ર સંગીત સાંભળો – એવું કે જેનાથી માણસો દૂર ભાગવાનું કરે – અને છતાં તેમાં આનંદ લઈ શકો છો,– અલબત, તે સંગીતના બાહ્ય સ્વરૂપમાં નહિ, પરંતુ તેની પાછળ તેને પ્રેરી રહેલ વસ્તુમાં. એનો અર્થ એવો નથી કે સારા અને નઠારા સંગીત વચ્ચેનો વિવેક તમે ગુમાવી દેશો, પરંતુ એ બંનેથી પર થઈને તેમનાદ્વારા જે વસ્તુ પ્રકટ થાય છે તેને તમે સાંભળી શકશો. કારણકે ભગવાનમાં જેનો અંતિમ આશ્રય અને છેવટનું સત્ય ન હોય એવી એક પણ ચીજ આ જગતમાં છે જ નહિ.

એટલે જો તમે વસ્તુના સ્થૂળ, નૈતિક કે રસપ્રધાન સ્વરૂપ આગળ અટકી ન જાઓ, પરંતુ તેનાથી પર થઇને બાહ્ય સ્વરૂપની પાછળ તેનો જે રસાત્મા છે,–વસ્તુ માત્રમાં રહેલ જે ભગવદ્-અંશ છે તેનો સ્પર્શ કરો તો સામાન્ય ઇંદ્રિયોને જે દૃશ્ય દુ:ખકર અને તાલ વિનાનું બેસૂરું લાગે છે તેનાદ્વારા પણ તમે સૌન્દર્ય–રસ તથા આનંદને પ્રાપ્ત કરી શકો.

કોઇ માણસની ભૂતકાળની સમજૂતી આપતાં એમ કહી શકાય ખરું કે તેના ભૂતકાળમાં જે કાંઇ બન્યું તે બનવાનું હતું યા તો બનવું જોઇતું હતું?

એ તો દેખીતું જ છે કે જે કાંઈ બન્યું તે બનવાનું હતું; જો તે નિર્માણ ન હોત તો બની આવત નહિ. આપણે જે ભૂલો કરી છે, આપણા ઉપર જે વિતકો વીત્યાં છે તે પણ, બનવાનાં હતાં, કારણકે તેમ થવાની જરૂર હતી, આપણા જીવન માટે તેમની કોઇ ઉપયોગિતા હતી. પરંતુ, ખરી રીતે આવી બાબતો બુદ્ધિથી સમજાવી શકાય તેવી હોતી નથી, અને તેમ કરવું પણ ન જોઇએ. કારણકે જે કાંઇ બન્યું તે "જરૂરનું" હતું એ ખરું, પરંતુ તે કાંઇ માનવની બુદ્ધિને ગમ્ય એવા કોઈ માનસિક કારણને લઇને "જરૂરનું" ન હતું. માનવનું મન કલ્પના કરી શકે તેનાથી પણ પર આપણને દોરી જવા માટે તે બનેલું છે. અને આખરે જોવા જાઓ તો એવા પ્રકારની સમજૂતીની જરૂરિયાત છે ખરી? આખું વિશ્વ પ્રતિક્ષણ સઘળી બાબતોની સમજૂતી આપી જ રહેલું છે, અને વિશ્વ સમસ્ત અમુક પ્રકારનું છે તે કારણને લઇને અમુક એક વિશિષ્ટ ઘટના બનવા પામે છે. પણ પાછો એનો અર્થ એવો નથી થતો કે અપવાદ વગર કાર્ય કર્યે જતા પ્રકૃતિના નિયમોને અંધ આજ્ઞાધારક

અનુમતિ આપવાને આપણે બંધાયલા છીએ. ભૂતકાળને નિશ્ચિત ઘટના – બની ગયેલી ઘટના,– તરીકે સ્વીકારીને તેમાં રહેલી ઉપયોગિતાને તમે જોઇ શકો છો, અને તે છતાં, એ રીતે મળેલા અનુભવવડે તમારા વર્તમાનને અને ભાવિને સચેતન થઇને – જાગ્રતપણે તમે દોરી શકો અને ઘડી શકો એ પણ શકય છે.

કોઈ પણ ઘટનાનો કાળ પણ ભગવાનની મહાન યોજનામાં આગળથી નિશ્ચિત એટલે મુકરર થયેલો હોય છે ખરો?

એ પ્રશ્નના ઉત્તરનો આધાર માણસ કઇ ભૂમિકા ઉપરથી જુએ છે અને બોલે છે તેના ઉપર રહેલો છે. ચેતનાની એક એવી ભૂમિકા છે કે જયાં સર્વ જ્ઞાન સંપૂર્ણ અને નિરપેક્ષ છે, અને જયાં આખા વિશ્વની યોજના આગળથી જાણવામાં તથા મુકરર કરવામાં આવે છે. એ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે તો વિજ્ઞાનની છેક ઉચ્ચતમ ભૂમિકાઓમાં; એ દૃષ્ટિ એટલે સ્વયં ભગવાનની જ ઇશ્વરી દૃષ્ટિ. પરંતુ જયારે આપણે એ ચેતનામાં જીવન ધારણ કરતા હોઇએ નહિ ત્યારે તે ભૂમિકામાં – યા તો તે સ્થિતિ પૂરતું – જે સાચું અને વાસ્તવિક હોય તેને લગતા કેવળ શબ્દો વાપરવા નકામા છે, કારણકે ચેતનાની એ દૃષ્ટિ અને સમજૂતી આપણે માટે અત્યારે, આપણી અત્યારની સ્થિતિમાં – વાસ્તવિક નથી. ચેતનાની નિમ્ન ભૂમિકામાં કશું પણ આગળથી તૈયાર કે નક્કી કરવામાં આવતું જ નથી, ત્યાં તો સઘળું બનવામાં હોય છે. એ ભૂમિકામાં આગળથી નક્કી કરી મૂકેલી એવી ઘટના છે જ નહિ, ત્યાં તો શકયતાઓની લીલા ચાલતી હોય છે; અનેક શકયતાઓની અથડાઅથડીમાં થઇને જે ભવિતવ્યતા હોય છે તેનો સાક્ષાત્કાર થાય છે. એ ભૂમિકા પર આપણી મરજીને – પસંદગીને – સ્થાન છે; એક શકયતાનો ઇન્કાર

કરીને બીજાનો આપણે સ્વીકાર કરી શકીએ છીએ; આપણે એક માર્ગ સ્વીકારીને બીજાને છોડી દઈ શકીએ છીએ. અને છેવટે બનનારી ઘટના ઉચ્ચતર ભૂમિકામાં આગળથી જોવામાં આવી હોય તથા નક્કી પણ કરવામાં આવી હોય તે છતાં આપણે એવી પસંદગી કરી શકીએ છીએ.

પરમ ભાગવત ચેતના, અર્થાત્ પુરુષોત્તમની ચેતના, આગળથી બધું જ જાણે છે, કારણકે તેની સનાતનતામાં સઘળું હાજર હોય છે. પરંતુ પોતાની લીલાને ખાતર અને તેના પોતાના પરમ દિવ્ય સ્વરૂપમાં જે નિર્માણ થઈ ચૂકેલું છે તેનો આ સ્થૂળ પાર્થિવ ભૂમિકા ઉપર અમલ કરવા ખાતર તે આ પાર્થિવ ભૂમિકા ઉપર—જાણે કે પોતાને આખી વાતની ખબર જ ન હોય તેમ, અજાણ્યાની પેઠે, વર્તે છે; અને તદ્દન નવો અને નહિ અજમાવેલો એવો તાણો લઈને પોતે પટ વણતી હોય એ પ્રમાણે તે કાર્ય કરે છે. ચેતનાની ઊર્ધ્વ ભૂમિકામાં પોતે જ આગળથી નિર્માણ કરી મૂકેલું છે તેનું દેખીતું વિસ્મરણ થવાથી જ સંસારના ક્રિયાત્મક જીવનમાં, એટલે કે વ્યવહારમાં, વ્યક્તિને પોતાની મુક્તિનું, કેવળ સ્વતંત્રતાનું અને નવીન આરંભ કરવાની શક્તિનું ભાન થાય છે. વ્યક્તિમાં રહેલાં એ તત્ત્વો ભાગવત ચેતનાના વ્યવહારુ કાર્ય કરવા પ્રત્યે દોરાયેલાં સાધનો, અને પ્રક્રિયાઓ છે, અને એ પદ્ધતિદ્વારા જ ચેતનાની બીજી ભૂમિકા ઉપર નક્કી કરેલી ગતિઓ અને પરિણામોનો અહીંઆં—પાર્થિવ ભૂમિકા ઉપર—સાક્ષાત્કાર કરવામાં આવે છે.

જો તમે નાટકના પાત્રનું ઉદાહરણ લેશો તો આ વિષય સમજવામાં તમને મદદ થશે. પોતાને ભજવવાનો બધો પાઠ—વેશ—પાત્રને માલૂમ હોય છે: રંગભૂમિ ઉપર શું બનવાનું છે તેનો યથાર્થ

ક્રમ પણ તેના મનમાં હોય છે. પરંતુ જ્યારે તે રંગભૂમિ ઉપર આવે છે, ત્યારે જાણે પોતે કશું જ જાણતો નથી એ પ્રમાણે તેને દેખાવ ધારણ કરવો જોઇએ. પોતે સૌથી પહેલી વાર બધી બાબતો જાણતો હોય એવી રીતે તેણે ભાવ અનુભવવાનો હોય છે, તથા તેવી જ રીતે અભિનય કરવાનો હોય છે. જાણે કે અણધારી શકયતાઓમાં આશ્ચર્યથી, તથા શું થશે, શું નહિ થાય, એવા પ્રશ્નોના અનિશ્ચિતતાથી ભર્યો તદ્દન નવી દુનિયાનો પટ પોતાની દૃષ્ટિ આગળ ખૂલતો હોય તે પ્રમાણે તેણે વર્તવાનું હોય છે.

તો પછી વાસ્તવિક-સાચી-સ્વતંત્રતા છે જ નહિ શું? સઘળું આગળથી જ નિર્માણ થઇ ચૂકેલું હોય છે,–આપણી સ્વતંત્રતા સુદ્ધાં? તો પછી પ્રારબ્ધવાદ જ શું ઉચ્ચામાં ઉચ્ચુ રહસ્ય છે?

સ્વતંત્રતા અને પ્રારબ્ધ, સંપૂર્ણ સ્વતંત્રતા અને નિર્મિત પ્રારબ્ધ એ બંને ચેતનાની જુદી જુદી ભૂમિકા ઉપર આવી રહેલાં સત્યો છે. અને માનવમનનું અજ્ઞાન જ એ બંનેને એક જ ભૂમિકા ઉપર મૂકે છે, તથા એકની સામે બીજાનો વિરોધ જુએ છે. ચેતના કાંઇ એક માત્ર અને સાદી વાસ્તવિકતા નથી; ચેતના સંકુલ છે; તે આપણી સીધી સપાટ દિશા જેવી એક જ દિશામાનવાળી નથી, એ તો અનેક દિશામાં પ્રસરેલી છે. ચેતનાની નીસરણીના સૌથી ઉચ્ચ પગથિયા ઉપર પુરુષોત્તમ, સ્વયંભગવાન છે, અને છેક નિમ્નતામાં,–ઊંડાણમાં–જડ પદાર્થત્વ રહેલું છે અને એ બેની વચ્ચે ચેતનાની અનંત ભૂમિકાઓની ચઢતાઉતરતી શ્રેણીઓ આવી રહેલી છે.

પાર્થિવ ભૂમિકામાં અને ચેતનાની સામાન્ય દશામાં તમે હાથે પગે બંધાયલા છો, મુક્ત નથી. પ્રકૃતિની યાંત્રિક રચનાના ગુલામ

હોઇ એ ભૂમિકામાં તમે કર્મની સાંકળથી જકડાયલા છો; અને એ કર્મની સાંકળમાં તો જે કાંઇ બને છે તે આગળ કરેલાં કર્મોનો અચૂક અને અપરિહાર્ય પરિપાક હોય છે. એમાં તમે સ્વતંત્ર ગતિ કરો છો એવી ભ્રમણા હોય છે ખરી; પરંતુ ખરું જોતાં બીજા બધા કરતાં હોય છે તેજ પ્રવૃત્તિ તમે પણ ફરી ફરીને કરતા હો છો; તમે વિરાટમાં થતી પ્રકૃતિની ગતિનો પડઘો પાડતા હો છો. સર્વને ફચરતા પ્રકૃતિના વિરાટ ચક્રના ઉપર તમે અવશપણે, નિરાધારપણે, આરૂઢ થઇને ગોળ ગોળ ફરતા હો છો.

પણ એમ થવું જ જોઇએ એમ નથી. તમે ધારો તો તમારૂં સ્થાન બદલી શકો છો; નિમ્ન ભૂમિકામાં રહીને પ્રકૃતિના યંત્રમાં ચગદાવાને બદલે, યા તો કેવળ પૂતળાની પેઠે તેની જોડે ગોળ ગોળ ફરવાને બદલે, તમે તેનાથી ઊંચે થઇ જઇ શકો છો, પર થઇ શકો છો; અને ઊર્ધ્વમાં જઇ ઉપર રહ્યા રહ્યા તેના પર દૃષ્ટિ કરી શકો છો. અને તમારી ચેતનામાં પરિવર્તન કરો તો તેને પરિણામે દેખીતી રીતે અનિવાર્ય ગણાતા એવા સંજોગોને પલટાવી શકે, તથા સ્થાપન થઇ ચૂકેલી પરિસ્થિતિને બદલી શકે એવી કોઇ કળને પણ તમે હાથ કરી શકો છો. પ્રકૃતિના વંટોળિયામાંથી એક વાર તમારી જાતને ખેંચી લઇને તેનાથી પર સ્થિર થતાં તમને માલૂમ પડશે કે તમે મુક્ત છો,—સર્વ પ્રકારનાં બંધનની ગુલામીમાંથી મુક્ત છો. ત્યાર પછી તમે કેવળ નિષ્ક્રિય કરણ રૂપ નહિ થઇ રહો, પરંતુ સક્રિય અમલ કરનાર થઇ શકો છો; ત્યાર પછી તમારાં કર્મનાં ફળ તમને બંધનકર્તા થતાં નથી એટલું જ નહિ પણ તમે તે ફળને પણ બદલી શકો છો. જીવનમાં આવી રહેલી વિધવિધ શક્તિઓની અથડાઅથડી-ને-તેમની લીલાને તમે જુઓ અને તમારી ચેતનાને એ શક્તિઓનુ

મૂળ જ્યાં છે તે ભૂમિકા ઉપર એક વાર ઊંચે લઇ જાઓ, તથા તેમના એ સક્રિય મૂળ જોડે ચેતનાની એકતા સાધો એટલે પછી તમે જે ગતિ કરી રહેલ છે તેમાં નહિ, પરંતુ જે ગતિ કરાવે છે તેમાં ભળી જશો.

કર્મની સાંકળમાંથી નીકળી જઇને ભગવાનની દિવ્ય ગતિમાં પ્રવેશ કરવો એ યોગસાધનાનો હેતુ છે. તમે જેમાં અજ્ઞાન ગુલામ અને નિરાધાર તથા ક્લેશભર્યાં કરણ રૂપ છો એવી પ્રકૃતિની સામાન્ય યાંત્રિક ચક્રગતિમાંથી યોગસાધનાવડે તમે છૂટા થઈ શકો છો, તથા ચેતનાની એવી ઊર્ધ્વ ભૂમિકામાં આરોહણ કરી શકો છો જેમાં સચેતન ભાગીદાર તરીકે તથા સક્રિય કાર્યકર્તા તરીકે તમે પ્રભુએ નિર્માણ કરેલા ઉચ્ચતમ ભાવિનો અમલ કરવામાં જોડાઇ શકો છો. ચેતનાની એ ગતિ બે ધારાઓમાં વહે છે. પ્રથમ તો આરોહણ-ગતિ થાય છે; સ્થૂળ પાર્થિવ ભૂમિકામાં બદ્ધ થયેલ અવસ્થામાંથી તમે તમારી ચેતનાને મુક્ત કરીને ઊર્ધ્વ ભૂમિકાઓમાં લઈ જાઓ છો. (૨) નિમ્ન ચેતનાના એ આરોહણના પ્રત્યુત્તર રૂપે ઊર્ધ્વ ભૂમિકામાં રહેલી દિવ્ય ચેતના નિમ્નમાં અવરોહણ કરે છે. જ્યારે તમે પાર્થિવ ભૂમિકાથી પર જાઓ છો ત્યારે ઉપરની ભૂમિકામાંથી પણ તમે કાંઈક સાથે લઇને—થોડી જ્ઞાનજ્યોતિ, યા તો રૂપાંતર કરી શકે એવી શક્તિ, યા તો પાર્થિવ પ્રકૃતિના જૂના સ્વરૂપમાં રૂપાંતર કરવાનું દબાણ કરે એવી કાંઇક શક્તિ લઇને પાછા ફરો છો. ત્યાર પછી તમારામાં એક બીજાથી છૂટી, સંબંધ વિનાની, અને જુદી જુદી પ્રકૃતિવાળી ઊર્ધ્વ અને નિમ્ન વસ્તુઓ—એટલે કે તમારી ચેતનાના આંતર અને બહિર્મુખ સ્તર—બંને એકબીજાને મળે છે, ધીમે ધીમે જોડાઇ જાય છે, એક સૂર થઇ રહે છે અને આખરે ઓગળીને એક રૂપ અને એક રસ થઇ જાય છે.

માણસો જેને ચમત્કાર કહે છે તે પણ આ રીતે બને છે. ચેતનાની અનંત ભૂમિકાઓનું આ જગત બનેલું છે, અને પ્રત્યેક ભૂમિકામાં વિશિષ્ટ નિયમો કાર્ય કરી રહેલા હોય છે; એક ભૂમિકાના નિયમો બીજીમાં લાગુ પડી શકતા નથી. ચમત્કાર એટલે આપણી પાર્થિવ ભૂમિકા ઉપર કોઈ બીજી ભૂમિકા ઉપરની ચેતનાનું તથા તેની શક્તિનું ઓચિંતું અવતરણ. ઘણુંખરું એ શક્તિઓ પ્રાણ-મય ભૂમિકાની હોય છે. આપણી પાર્થિવ ભૂમિકાની યંત્રરચનામાં ઉપરની ભૂમિકાની કોઈ કાર્યપ્રણાલી ઉતરી આવે છે. આપણી સામાન્ય ચેતનાનાં વાદળાં ચીરીને વીજળીનો કડાકો થાય અને તેમાં બીજી શક્તિઓ, બીજી ગતિઓ અને જુદાં પરિણામો સરરર કરતાં ઉતરી આવે તેના જેવું એ કાર્ય હોય છે. એવા કાર્યના પરિણામને આપણે ચમત્કાર કહીએ છીએ, કારણકે આપણી સામાન્ય ભૂમિકામાં કાર્ય કરી રહેલા નિયમોમાં ઓચિંતો ફેર પડેલો આપણને જણાય છે, કોઈએ અણધારી દખલ કરી હોય એમ લાગે છે અને એ પરિણામનો અનુક્રમ કે તેનું કારણ આપણે જાણતા નથી કે જોઈ પણ શકતા નથી, કેમકે ચમત્કારનું મૂળ બીજી જ ભૂમિકામાં રહેલું હોય છે. આપણી પાર્થિવ ભૂમિકા ઉપર એ પ્રમાણે ઊર્ધ્વ ભૂમિકાઓના હુમલા છેક વિરલ યા તો અજાણ્યા નથી. ઘણુંખરું તો એવી ઘટનાઓ સતત બન્યા જ કરતી હોય છે અને આપણને દૃષ્ટિ હોય, તથા કેવી રીતે જોવું તે આપણે જાણતા હોઈએ, તો આપણને પુષ્કળ ચમત્કારો જણાય. અને નિમ્ન ભૂમિકામાં ઊર્ધ્વ ચેતનાનું અવતરણ કરવાનો પ્રયત્ન કરતા હોય તેવા સાધકોના જીવનમાં તો એવી ચમત્કારિક ઘટનાઓ ખાસ કરીને સતત બનતી રહે છે.

આપણી સૃષ્ટિનું કોઈ નિશ્ચિત લક્ષ છે ખરું? સઘળું વિશ્વ

જેના પ્રત્યે ગતિ કરી રહેલું હોય એવું કોઇ અંતિમ ધ્યેય છે ખરું?

ના. વિશ્વ પોતાની જાતને ફેંકેલી રહેલી શાશ્વત ગતિ છે. છેવટનું ગણાય એવું એક માત્ર લક્ષ નક્કી કરી શકાય તેમ નથી. પરંતુ કર્મ કરવાની જરૂરિયાત પૂરતા આપણે વિશ્વની ગતિના વિભાગ કરવા પડે છે. જો કે ગતિ પોતે તો અનંત છે—અને આપણું લક્ષ "આ" છે કે "તે" છે એવું આપણે કહેવું પડે છે કારણકે કર્મ કરવા પર આપણું ધ્યાન સ્થિર કરવા માટે, કોઇ નિશ્ચિત બિંદુની, ધ્યેયની, આપણને જરૂર પડે છે. કોઇ પણ ચિત્ર કરવા માટે રંગની અને ભાગોની વહેંચણીની નિશ્ચિત યોજનાની જરૂર પડે છે; ચિત્રમાં મર્યાદાઓ મૂકવી પડે છે. આખું ચિત્ર ચોક્કસ ફ્રેમમાં—ચોકઠામાં મૂકવું પડે છે; પરંતુ એ મર્યાદાઓ અવાસ્તવિક છે. અને ફ્રેમ પણ કેવળ સગવડ ખાતર અને રૂઢિને લઇને હોય છે. વિશ્વરૂપી ચિત્ર ઘણું વિસ્તૃત છે એટલું જ નહિ, પરંતુ સનાતન કાળ સુધી સતત ચાલુ હોઇ કોઇ પણ ચોકઠાં કરતાં તે વિશાળ જ હોવાનું. એટલે અનંત તખ્તાઓની શ્રેણીમાં તે ચિત્રપટના દરેક ભાગને મૂકીને આપણો હેતુ "આ" છે કે "તે" છે એમ આપણે કહીએ છીએ ખરા, છતાં આપણે જાણીએ છીએ કે એ તો માત્ર તેનાથી પર રહેલા બીજા ચિત્રનો આરંભ માત્ર જ છે. એ પ્રમાણે વિશ્વની ચિત્રશ્રેણી આગળ ચાલી જ જાય છે, કદી અટકતી જ નથી.

*

વાર્તાલાપ પાંચમો

બુદ્ધિનું પોતાનું ચોક્કસ કાર્ય શું છે? સાધનામાં બુદ્ધિ સહાયક છે કે બાધક?

બુદ્ધિ સહાયક કે બાધક બને છે તેનો આધાર વ્યક્તિના ઉપર તથા બુદ્ધિનો ઉપયોગ જે રીતે કરવામાં આવે છે તેના ઉપર રહેલો છે. બુદ્ધિની એક પ્રકારની ક્રિયા સાચી છે, અને એક પ્રકારની ગતિ ખોટી પણ છે; એક મદદ કરે છે. બીજી બાધા કરે છે. જે બુદ્ધિ પોતાની અગત્યમાં જોઇએ તે કરતાં વધારે વિશ્વાસ રાખે છે, તથા જે બુદ્ધિ પોતાની ખાતર આત્મસંતોષ શોધે છે તે બુદ્ધિ ઉચ્ચમાં ઉચ્ચ સાક્ષાત્કાર થવામાં બાધક નીવડે છે. પરંતુ આ સત્ય કેવળ બુદ્ધિને જ લાગુ પડે છે એમ સમજવાનું નથી, માનવની બધી જ શક્તિઓ માટે તે સામાન્ય રીતે સાચું છે. દાખલા તરીકે, સામાન્ય જીવનમાં પ્રાણની કામનાઓની યા તો પાશવ વાસનાઓની સર્વતોમુખી અંધ તૃપ્તિમાં રચ્યાપચ્યા રહેવાની વૃત્તિને માણસો સદ્‌ગુણ તરીકે ગણતા નથી; તેમાં નીતિની ભાવનાને શાસક તરીકે સ્વીકારવામાં આવે છે. એટલે કે કામનાઓની કે વાસનાઓની તૃપ્તિમાં માનવે કઈ સીમાઓ ન ઉલાંઘવી જોઇએ તે નીતિ નક્કી કરે છે. પરંતુ બુદ્ધિની બાબતમાં (પ્રાણમાં જેમ નીતિ હોય છે તેમ) એવા કોઇ શાસકની કે પોતાને રોકનારની કશી પણ જરૂર નથી એમ માનવ માની લે છે.

માનવના અંતરનું કોઈ પણ કરણ પોતાને ઉચિત સ્થાને રહે અને પોતાનો નિર્મિત ધર્મ બજાવે તો તે સહાયક થાય છે; પરંતુ

પોતાના વ્યાજબી કાર્યક્ષેત્રની મર્યાદાની બહાર તે એક પગલું પણ મૂકે છે કે તરત જ તે વિકૃત, વિધર્મી અને પરિણામે અસત્ય બની જાય છે. ચેતનાની કોઇ પણ શક્તિ દિવ્ય, ભાગવત હેતુ સાધવા માટે સંચાલિત થાય છે, ત્યારે, અને તેટલા પૂરતી, તે સાચી હોય છે; પરંતુ જ્યારે પોતાના આત્મસંતોષને ખાતર તે પ્રવૃત્તિ આદરે છે ત્યારે તેની ગતિ અસત્ય બને છે.

એનું મૂળ સ્વરૂપ જોવા જાઓ તો બુદ્ધિ એ જીવનમાં આવિર્ભાવ કરવાનું અને કર્મ કરવાનું કરણ છે. મનસાતીત, ઉચ્ચ ભૂમિકામાં આવી રહેલ સત્યજ્ઞાન અને પાર્થિવ ભૂમિકામાં થનાર સાક્ષાત્કાર એ બેની વચ્ચે સંબંધ જોડનાર સાંકળ તે માનવની બુદ્ધિ છે. બુદ્ધિ અથવા તો સાધારણ રીતે કહીએ તો મન (મનોમય ભૂમિકા) કોઈ પણ સત્યનું સ્વરૂપ નિર્માણ કરે છે; પ્રાણ સક્રિયતા અને જીવનશક્તિ મૂકે છે, સ્થૂળ પાર્થિવ તત્ત્વ છેક છેલ્લે આવીને તેનો દેહ સરજે છે.

અદૃશ્ય, છતાં જીવંત અને વાસ્તવિક એવી સાધનાનો વિરોધ કરનારી સૂક્ષ્મ શક્તિઓનો સામનો સાધકે કેવી રીતે કરવો જોઇએ?

તમારી ચેતનાની વિકાસની ભૂમિકા ઉપર આ બાબતનો ઘણો આધાર રહેલો છે. શરૂઆતમાં, જો તમારામાં સૂક્ષ્મ જ્ઞાન અને ગૂઢ વિશિષ્ટ શક્તિની ખાસ તૈયારી ન હોય, તો સૌથી ઉત્તમ રસ્તો એ છે કે બની શકે તેટલા શાન્ત અને અક્ષુબ્ધ રહેવું. તમારા ઉપરનો વિરોધી શક્તિઓનો હુમલો વિરોધી સૂચના રૂપે આવતો હોય તો શાંતિથી તેને પાછો ધકેલી મૂકવા યત્ન કરવો, જેમ કોઇ જડ વસ્તુને તમે ધકેલતા હો તે જ પ્રમાણે. જેટલા પ્રમાણમાં તમે

વધારે સ્થિર તેટલા તમે વધારે બળવાન. સર્વ પ્રકારની આધ્યાત્મિક શક્તિનો દૃઢ પાયો આત્માની સમતા છે. કશાથી પણ તમારે સમતાની ધારણાનો ભંગ થવા દેવો ન જોઇએ; કારણકે એ પ્રમાણે સમતા જાળવી શકો તો હરેક પ્રકારના હુમલાનો તમે પ્રતિકાર કરી શકશો. વધારામાં વળી, જો તમારામાં વિવેકશક્તિ પૂરતી ખીલી હશે, અને વિરોધી સૂચના તમારામાં પ્રવેશ કરે તેની સાથે જ તમે તેને જોઇને પકડી શકતા થશો તો તેમને દૂર ધકેલી દેવાનું કાર્ય ઘણું સરળ થઈ પડશે. પરંતુ કેટલીક વાર એ સૂચનાઓ અજાણતાં જ – આપણી અચેતન અવસ્થામાં જ – પ્રવેશ કરી જાય છે, અને એવે વખતે તેમનો સામનો કરવો ભારે થઇ પડે છે. જ્યારે એ પ્રમાણે થાય, ત્યારે તમારે શાંત થઇને બેસવું અને ઊર્ધ્વ ભૂમિકામાંથી શાંતિનું અને ગંભીર, સ્થિર, આંતર અક્ષુબ્ધતાનું અવરોહણ કરાવવું. તમારી જાતને દૃઢ રાખો, અને સહાયતા માટે વિશ્વાસ તથા શ્રદ્ધાપૂર્વક પ્રભુને સાદ કરો. જો તમારી અભીપ્સા શુદ્ધ, સ્થિર અને અવ્યાહત હશે, તો તમને જે સહાયની જરૂર હશે તે મળ્યા વિના નહિ રહે.

વિરોધી શક્તિઓના હુમલા સાધક ઉપર થાય એ અનિવાર્ય સ્થિતિ છે; તમારે તેમને માર્ગમાં આવતી કસોટી તરીકે લેખીને હિંમતભેર તેમાંથી પસાર થવાનું છે. મામલો ભારે પણ હોય,– પરીક્ષા ઘણી કપરી પણ નીવડે, પરંતુ જ્યારે તમે તેને વટાવીને બહાર આવશો ત્યારે તમે કાંઇક મેળવ્યું છે એમ તમને જણાશે, તમે એક પગલું આગળ વધ્યા હશો. વિરોધી શક્તિઓની પણ સાધનામાં જરૂરિયાત છે. તેમને લીધે તમારો સંકલ્પ વધારે દૃઢ અને તમારી અભીપ્સા વધારે વિશુદ્ધ બને છે. વળી એ પણ

ખરું છે, કે તમે તેમને રહેવાને સ્થાન આપો છો માટે તેઓ જીવન ધારણ કરે છે. જ્યાં સુધી વિરોધી શક્તિઓને પ્રત્યુત્તર આપનાર એવો એક પણ ભાગ તમારી પોતાની પ્રકૃતિમાં રહેલો છે ત્યાં સુધી એ શક્તિઓની દખલગીરી રહે એ તદ્દન વ્યાજબી છે. તમારી પ્રકૃતિમાંથી તેમને કશો પણ પ્રત્યુત્તર ન મળે, તમારી પ્રકૃતિના કોઈ પણ ભાગ ઉપર તેમનો કોઇ પણ પ્રકારનો કાબૂ ન હોય, તો તેઓ જરૂર પાછા ફરી જશે, અને તમારો કેડો મૂકી દેશે. ગમે તેમ પણ, તમારી આધ્યાત્મિક પ્રગતિને તેઓ અટકાવી યા તો બાધા કરી શકે એવું તમારે થવા ન દેવું.

વિરોધી શક્તિઓ જોડેના યુદ્ધમાં પરાજય પામવાનો એક માત્ર ભય હોય તો તે ભગવાનની સહાયમાં સાચા વિશ્વાસની ખામીને લીધે ઊભો થાય છે. અભીપ્સાની સહૃદયતા હમેશાં જરૂરી સહાયને ખેંચી લાવે છે. સ્થિરતા સહિત અને લાગણીપૂર્વક ભગવાનને યાદ કરવાથી અને સાક્ષાત્કાર પ્રત્યે આરોહણના કાર્યમાં તમે તદ્દન અસહાય અને અટુલા નથી એવી ખાત્રી રાખવાથી, તથા જ્યારે જરૂર હશે ત્યારે ભગવાનની સહાય અચૂક હાજર છે એવી શ્રદ્ધાવડે તમે સહેલાઇથી અને ખાત્રીપૂર્વક વિજયને સર કરી શકશો.

એ વિરોધી શક્તિઓ સાધારણ રીતે આપણી અંદરથી આવે છે કે બહારથી?

જો તમને એમ લાગે કે એ શક્તિઓ તમારી પોતાની અંદરથી આવે છે, તો તમે તમારી જાતને તેમના પ્રત્યે ખુલ્લી કરેલી છે તેની એ સાબિતી છે, અને તમારી અજાણમાં જ તેઓએ તમારામાં ઘર કર્યું છે. જગતનો સાચો સ્વભાવ સૂરતા અને મેળ છે; પરંતુ કેટલાંક જગતો એવાં છે કે જ્યાં એક પ્રકારની વિકૃતિ

દાખલ થવાને પરિણામે સ્વભાવનો વ્યુત્ક્રમ અને ભગવાનનો વિરોધ જન્મે છે. જો તમારી પ્રકૃતિમાં આ વિકારથી ભરેલા જગત સાથે એક પ્રકારનું સામ્ય હશે તો એ વિકારી વિરોધી જગતમાં વસતાં સત્ત્વો (beings) જોડે તમે મૈત્રી કરી શકશો, અને તેમની અસરનો બરાબર પ્રત્યુત્તર આપશો. એ પ્રમાણે કેટલીક વાર બને છે પણ ખરું, પરંતુ એ સ્થિતિ ઘણી સુખદાયક તો નથી જ હોતી. સાધકની ચેતના એકદમ અજ્ઞાનના અંધકારમાં ડૂબી જાય છે, અને સાચાખોટાનો – સત્યાસત્યનો, વિવેક તે ભૂલે છે; એવી અવસ્થામાં જૂઠાણું શું અને શું નહિ તે સુદ્ધાં કહી શકાતું નથી.

ગમે તેમ હોય, પરંતુ જ્યારે જ્યારે વિરોધી શક્તિઓના હુમલા આવે ત્યારે ત્યારે તે તમારી બહારથી આવે છે એવું વલણ ધારણ કરવું એ જ સૌથી વધારે ડહાપણભર્યું છે. એવે સમયે સાધકે પોતાની જાતને કહેવું: "આ વિરોધી શક્તિ હું નથી, મારે ને તેને કશો પણ સંબંધ નથી." તમારી અંદર રહેલા નિમ્ન સ્તરોના આવેશો અને કામનાઓ વગેરે પ્રત્યે તથા બુદ્ધિમાં ઉત્પન્ન થતી શંકાઓ તથા પ્રશ્નો પ્રત્યે પણ એ જ પ્રકારનું વલણ ધારણ કરવું જોઇએ. જો તેમની સાથે તમે એકતા કરશો, તો તેમની સામે લડવાની મુશ્કેલી ઘણી જ વધી જશે; કારણકે તમે તમારી પોતાની જ પ્રકૃતિના એક ભાગ ઉપર વિજય મેળવવાનું અતિ કપરૂં કાર્ય કરી રહ્યાં છો એવી સતત લાગણી તમને થયા કરશે. પરંતુ એક વાર તમે એમ કહી શકો કે "ના, આ વૃત્તિ તે હું નથી, મારે ને તેને કાંઇ પણ સંબંધ નથી" તો પછી તેને વિખેરી નાખવાનું કાર્ય ઘણું સહેલું થઈ પડે છે.

આપણી "અંદર" અને આપણી "બહાર" એ બે

વચ્ચેના ભેદની રેખા ક્યાં આગળ આવેલી છે?

એ બે વચ્ચેની સીમા-રેખા ઘણી ચંચળ હોય છે; તે તમારી છેક પાસેયે હોય, અને તમે ધારો તેટલી તમારાથી દૂર દૂર, અતિદૂર પણ હોઇ શકે. તમે એ બધી વસ્તુઓ તમારા પોતાના પર ઓઢી લઇને તમારા વાસ્તવિક અંતરાત્માનો જ તે એક ભાગ છે એમ પણ માની લઇ શકો છો; યા તો તમારા વાળ કે નખની પેઠે તેને બહારની ગણીને જરા પણ ક્ષોભ વિના, બિલકુલ અનાસક્ત રહીને, તમે તેને દૂર નાંખી દઇ શકો છો.

એવા ધર્મો પણ જગતમાં પ્રવર્ત્યા છે જેના અનુયાયીઓ પોતાના વાળનો કટકો કે નખનો ભાગ પણ પોતાનાથી દૂર કરતા નહિ, કારણકે એમ કરવાથી એમના પોતાના વ્યક્તિત્વનો અંશ નષ્ટ થવાની તેમને બીક લાગતી. જેઓ પોતાની ચેતનાને વિશ્વ જેટલી વિશાળ કરી શકે છે, તેઓ વિરાટ રૂપ થાય છે; પરંતુ જેઓ પોતાના ક્ષુદ્ર દેહમાં અને મર્યાદિત માત્રાસ્પર્શોની સીમામાં પૂરાયેલા રહે છે, તેઓ ત્યાં જ અટકી જાય છે. એમનો દેહ અને અંગત માત્રાસ્પર્શો એટલામાં જ એમની આખી જાત – આખો અંતરાત્મા – સમાઇ જાય છે.

શ્રદ્ધા, એકલી શ્રદ્ધા, સઘળું ઉત્પન્ન કરી શકે?–સર્વના ઉપર વિજય પ્રાપ્ત કરી શકે?

હા; પરંતુ એ શ્રદ્ધા સમગ્ર અને નિરપેક્ષ તથા સાચા પ્રકારની હોવી જોઇએ, કેવળ મનોમય વિચારની શક્તિ, યા તો મનોમય તપઃશક્તિ માત્ર નહિ, પરંતુ એનાથી કંઇક વધારે વિશાળ અને વધારે ઊંડી વસ્તુ હોવી જોઇએ. મનોમય તપઃશક્તિનો પ્રયોગ કરવાથી વિરોધી પ્રતિકાર્યો ઊભાં થાય છે, અને તેથી તેના કાર્યમાં

વિરોધ પ્રકટે છે. **એમીલ કૂએ** નામના દાક્તરની વ્યાધિ મટાડવાની પદ્ધતિ વિષે તમે સાંભળ્યું હશે. આ શ્રદ્ધાની શક્તિનું રહસ્ય કાંઈક અંશે એના જાણવામાં હતું, અને તેનો પ્રયોગ કરીને તેણે ઘણાં ધ્યાન ખેંચે તેવાં પરિણામો મેળવ્યાં હતાં. પરંતુ એ શક્તિને તે "કલ્પના" કહેતો; અને શ્રદ્ધાની જે શક્તિનો તે ઉપયોગ કરતો હતો તેને એની પદ્ધતિએ અતિશય માનસિક સ્વરૂપ આપ્યું જણાય છે. કેવળ માનસિક શ્રદ્ધા પૂરતી નથી. એની પૂર્ણતા માટે, અને એનું સમર્થન કરવા માટે પ્રાણમાં પણ શ્રદ્ધા પ્રકટવી જોઈએ, અને સ્થૂળ ભૂમિકામાં પણ એક પ્રકારની દૈહિક શ્રદ્ધા લાવવી જોઈએ. આ પ્રમાણે તમારા આખા આધારમાં તમે સમગ્રતાવાળી શ્રદ્ધાની શક્તિ ઉત્પન્ન કરી શકો, તો તેનો વિરોધ કરી શકે એવી કોઈ વસ્તુ નથી; પરંતુ તમારે એ શ્રદ્ધાને છેક અવચેતનાના સ્તર લગી ઉતારવી જોઈએ,– તમારા દેહના સચેતન પુટે પુટમાં તમારે એ શ્રદ્ધાને સ્થાપન કરવી જોઈએ. ઉદાહરણ તરીકેઃ– આજકાલ ભૌતિકશાસ્ત્રવેત્તાઓમાં માનવના શરીરને માટે "મૃત્યુ" જરૂરી નથી એવી માન્યતા રૂપે નવા પ્રકારના જ્ઞાનનો આરંભ થઈ ચૂકયો છે. પરંતુ સમગ્ર માનવજાતિને મૃત્યુમાં ઘણી જ શ્રદ્ધા પેસી ગઈ છે; મૃત્યુને આપણે "માનવતામાં રહેલી, લાંબા, સતત, અનુભવના ઉપર બંધાયેલી સામાન્ય થઈ પડેલી સૂચના" એવું નામ આપી શકીએ. આ માન્યતાને પ્રથમ સચેતન મનોમય ભૂમિકામાંથી, ત્યાર પછી પ્રાણની ભૂમિકામાંથી અને છેવટે સ્થૂળ દેહના અવચેતન સ્તરોમાંથી દૂર કરવામાં આવે તો મૃત્યુ અનિવાર્ય નહિ રહે.

પરંતુ મૃત્યુ કાંઈ કેવળ માનવના વિચારમાં જ હોય છે

એમ નથી. પશુ-પ્રાણીના વર્ગમાં એ માનવની પૂર્વે પણ જાણીતું હતું ?

એક ઘટના તરીકે જીવનની જોડે જ મૃત્યુ પણ આ પૃથ્વી પર મૂકવામાં આવ્યું છે. પરંતુ પ્રકૃતિએ એનામાં જે અર્થ મૂક્યો છે તેનાથી તદ્દન જુદી જ રીતે માનવ તેને સમજે છે. માનવમાં અને એની ચેતનાની સમીપ છે એવાં પ્રાણી-પશુઓમાં મૃત્યુની અગત્ય વિશિષ્ટ અર્થ ધારણ કરે છે; પરંતુ ચેતનાના નિમ્ન અવ-ચેતન સ્તરોમાં એને ટેકો આપનાર જે જ્ઞાન છે તે પુનર્જન્મની, પુનરુદ્ધારની, અને રૂપાંતરની અગત્યની લાગણી રૂપે કાર્ય કરે છે.

પૃથ્વી ઉપર જે પાર્થિવ તત્ત્વ છે તેની પરિસ્થિતિને લઈને મૃત્યુ અનિવાર્ય બન્યું છે. પાર્થિવ તત્ત્વમાંથી થયેલી ઉત્ક્રાન્તિની દિશા જ અચેતનાથી ક્રમે ક્રમે વધતી ચેતના પ્રત્યે છે. આ વિકાસના ક્રમમાં, ઉત્પન્ન થયેલાં રૂપનો વિલય એક અનિવાર્ય જરૂરત બને છે. પ્રકૃતિમાં પિંડીભૂત, વ્યવસ્થિત વ્યક્તિ ચૈતન્યને સ્થિર ટેકો મળે એટલા માટે સ્થાયી રૂપની અગત્ય હતી. અને છતાં, રૂપની એ અચળતાને પરિણામે મૃત્યુ અનિવાર્ય બન્યું છે. પદાર્થ તત્ત્વને રૂપ ધારણ કરવાનું તો હતું જ; દ્રવ્યના એ મૌલિક આધાર વિના ચૈતન્યનું વ્યક્તિ-કરણ – વ્યક્તિભાવને ધારણ કરવું – અને પ્રાણશક્તિનું અને ચૈતન્ય શક્તિનું સ્થૂલ, ઘન રૂપમાં – પિંડમાં – બદ્ધ થવું અસંભવિત હતું; અને એ પ્રમાણે જો ન થાત તો પાર્થિવ ભૂમિકા ઉપર પિંડીભૂત અસ્તિત્વની પ્રાથમિક પરિસ્થિતિ જ ગેરહાજર હોત. પરંતુ નિશ્ચિત અને ઘન રૂપની ખામી એ છે કે તેમાં સખ્તાઈ, સ્થિતિસ્થાપકતાનો અભાવ તથા પથ્થરની પેઠે જડ બની જવાની વૃત્તિ આવે છે. ત્યાર પછી વ્યક્તિના આવિર્ભાવનું

બીજું ચારે બાજુથી તેને બાંધી રાખનાર કઠણ કારાવાસ રૂપ બની જાય છે; અને ચેતનામાં થતી શક્તિની લીલા જોડે તે પગલાં માંડી શકતું નથી. વિરાટની ક્રિયાશીલ શક્તિમાં થતા રહેતા પ્રગતિમય ફેરફારોની જોડે મેળ સાધીને તે પોતાનામાં જરૂરના ફેરફાર કરવાને અશક્ત નીવડે છે; પ્રકૃતિ તેની પાસે જે સતત માગણી કરતી હોય છે તેને તે પૂરી પાડી શકતું નથી,–તે પ્રકૃતિના વિરાટ પ્રવાહની બહાર જતું રહે છે. આ પ્રમાણે થતાં એક એવી પરિસ્થિતિ આવે છે કે જ્યારે રૂપ અને તેના ઉપર દબાણ કરી રહેલ શક્તિ એ બંને વચ્ચેની અસમાનતા અને તાલભંગપણું એટલું તો વધી જાય છે કે રૂપનો વિલય અનિવાર્ય બને છે. નવીન રૂપ ફરીને ઉત્પન્ન કરવું જોઇએ, નવીન સંવાદ અને સમતુલા પાછી શક્ય બનાવવી જોઇએ. મૃત્યુનો વાસ્તવિક અર્થ અને પ્રકૃતિમાં તેનો ઉપયોગ તે આ છે. પરંતુ દેહ વધારે તત્પર, વધારે સ્થિતિ-સ્થાપક અને સંસ્કારગ્રાહી બને, તથા ચેતનામાં થતા પરિવર્તનની સાથે સંવાદી પરિવર્તન સાધવાની શક્તિ સ્થૂળ દેહના પુટોમાં જાગ્રત કરી શકાય, તો એવા સમૂળા લયની જરૂરિયાત ન રહે અને મૃત્યુ અનિવાર્ય નહિ લાગે.

કેટલાક એમ માને છે કે પ્રકૃતિમાં જે ઝંઝાવાતો, ધરતી-કંપો અને પ્રલયો વગેરે થાય છે, તથા પૃથ્વીના વિશાળ ખંડો કેટલીક વાર જળતળિયે જઇ બેસે છે, એ ઘટનાઓ પાપી અને તાલભંગ જીવન ગાળતી માનવજાતિને આભારી છે. અને માનવજાતિ જેમ જેમ પ્રગતિ અને વિકાસ સાધતી જશે તેમ તેમ સ્થૂળ પ્રકૃતિમાં પણ તેને અનુકૂળ ફેરફારો બની

આવશે. આ કથનમાં કેટલું સત્ય છે ?

પ્રકૃતિનાં પ્રચંડ તોફાનો અને વિનાશકારક ઉલ્કાપાતોમાં અને જીવનમાં સુરતા વિનાની માનવજાતિમાં ચેતનાની જે ક્રિયા વ્યક્ત થાય છે તે એક જ છે એમ કહેવું કદાચ વધારે સાચું ગણાય. એટલે કે એ બે વસ્તુઓ વચ્ચે કાર્ય કારણનો સંબંધ નથી, પરંતુ તે બન્ને એક જ સપાટી ઉપરની ગણી શકાય. પોતાનો આવિર્ભાવ કરવાને અને પૃથ્વી ઉપર સ્થૂળ સ્વરૂપ ધારણ કરવાને પ્રયત્ન કરી રહેલી પર-ચેતના પાર્થિવ તત્ત્વ ઉપર અવતરણ કરે છે. ત્યારે માનવમાં અને સ્થૂળ પ્રકૃતિમાં તેને એક જ પ્રકારનો વિરોધ નડે છે. પૃથ્વી ઉપર આપણે જે અવ્યવસ્થા અને બેસુરતા નિહાળીએ છીએ તે સઘળી આ વિરોધનું પરિણામ છે. સંકટો, હોનારતો, ઝગડાઓ અને ક્રૂરતા, અજ્ઞાન વગેરે સઘળાં દુરિતોનું મૂળ એક જ છે. બાહ્ય પ્રકૃતિનું કારણ માનવ નથી, તેમ માનવનું કારણ બાહ્ય પ્રકૃતિ નથી; એ બન્નેનો આધાર તેમની પાછળ આવી રહેલી અને તેમનાથી મહત્તર એવી બન્નેને સામાન્ય કોઇ ઊર્ધ્વ ચેતનાના ઉપર રહેલો છે. અને બાહ્ય પ્રકૃતિ અને માનવ બન્ને એ પરમ તત્ત્વને પ્રકટ કરવા માટે ચાલી રહેલી સતત, સનાતન પ્રગતિશીલ ગતિનાં અંગો છે.

હવે તેનાં વિશુદ્ધ સ્વરૂપમાં ભાગવત ચેતનાનો અંશ પણ પૃથ્વી ઉપર કોઈ સ્થળે અવતરણ કરી શકે એટલી ગ્રાહકતા અને એટલું ખુલ્લાપણું કોઇનામાં પ્રકટ થાય તો એ દિવ્ય ચેતનાનાં અંશનો આવિર્ભાવ માનવના આંતર જીવનમાં રૂપાંતર કરી દઈ શકે એટલું જ નહિ પરંતુ બાહ્ય પાર્થિવ તત્ત્વની પરિસ્થિતિમાં તથા માનવમાં અને પ્રકૃતિમાં થતા સ્થૂળ આવિર્ભાવમાં પણ તે ફેરફાર કરી

શકે એવા અવતરણનો આધાર સમગ્ર માનવજાતિની એક સમૂહ તરીકેની સ્થિતિ ઉપર રહેલો નથી. જીવનમાં જ્ઞાનજ્યોતિને ઊર્ધ્વ-માંથી ઉતારી લાવી શકે તથા સ્થૂળ પ્રકૃતિની પરિસ્થિતિને અને પ્રકૃતિની ગતિને બદલી નાંખી તેમનું રૂપાંતર કરી શકે એવી બળવાન અભીપ્સા, એકતા અને સંવાદવાળી સ્થિતિને માનવજાતિનો મોટો સમૂહ પ્રાપ્ત કરે ત્યાં સુધી આપણે વાટ જોવાની હોય, તો આપણે માટે ઘણી જ ઓછી આશા છે એમ કહી શકાય. પરંતુ એક વ્યક્તિ, યા તો મર્યાદિત સંખ્યાવાળો નાનો સમુદાય, એ પ્રકારનું અવતરણ કરાવી શકે એ સંભવિત છે. આ બાબતમાં જથો કે વિસ્તાર મુખ્ય નથી. ભગવાનની દિવ્યચેતનાનું એક બિન્દુ માત્ર પણ, તેની અસલી પવિત્રતામાં, પાર્થિવ ચેતનામાં પ્રવેશ કરે તો અત્યારે જે કાંઈ છે તે સઘળાને તે પલટાવી નાંખી શકે.

ચેતનાના ઉચ્ચ અને નિમ્ન સ્તરોના સંસર્ગમાં, અને પરસ્પર ઓગળી એક થઈ જવાની, એકબીજામાં લય પામી જવાની, અગમ્ય ઘટનામાં એ રૂપાંતરનું રહસ્ય,–તેની ગૂઢ ચાવી, રહેલી છે. એ મિલનમાં અને એ યોગમાં રૂપાંતર કરવાની શક્તિ હમેશાં રહેલી હોય છે; ફક્ત આ વિશિષ્ટ ઉદાહરણમાં મોટા પાયા ઉપર શરૂ થઈને તે વધારે ઉચ્ચ કોટી સુધી પહોંચશે. પૃથ્વી ઉપર કોઈ એવી વ્યક્તિ હોય કે જે હજી સુધી અહીં અપ્રકટ એવી ચેતનાની ભૂમિકાનો જ્ઞાનપૂર્વક સ્પર્શ કરી શકે, અને તેમની વચ્ચે પરસ્પર મેળ જમાવી શકે, તો પ્રકૃતિમાં અત્યાર સુધી કદી પણ પ્રાપ્ત કરવામાં આવેલ નથી એવી રૂપાંતરની મહાન અને નિશ્ચિત ક્રિયાનો આરંભ થાય. એક નવી શક્તિ પૃથ્વી ઉપર અવતરશે અને પૃથ્વી ઉપર જીવનની પરિસ્થિતિમાં રૂપાંતર કરી નાંખશે.

અત્યારની સ્થિતિનું અવલોકન કરતાં પણ આપણને જણાય છે કે જ્યારે જ્યારે કોઈ મહાન આત્મા આવ્યો છે અને તેણે જીવનમાં જ્યોતિનું,–સત્યનું, દર્શન કરાવ્યું છે, યા તો પૃથ્વી ઉપર તેણે નવી શક્તિ પ્રકટાવી છે, ત્યારે ત્યારે પાર્થિવ ભૂમિકાની પરિસ્થિતિમાં ફેરફાર થયેલો છે, ભલે તે ધાર્યા પ્રમાણે, કે આશા રાખેલી તે પ્રમાણે હૂબહૂ ન હોય. ઉદાહરણ તરીકે:– ચેતના અને જ્ઞાનની ચોક્કસ ભૂમિકાને તથા આધ્યાત્મિક અનુભૂતિઓને જેણે પ્રાપ્ત કરેલ છે, તેવો માણસ આવીને કહે છે કે "હું તમારે માટે મુક્તિ લાવું છું" યા તો બીજો કોઈ કહે "હું તમને શાંતિ લાવી આપું છું." હવે એવી વ્યક્તિઓની આજુબાજુના લોકોએ કદાચ એમ માન્યું પણ હશે કે એમના વચનની સાર્થકતા કોઈ સ્થૂળ સ્વરૂપે થવાની છે. પરંતુ એમણે ધારેલી સ્થૂળ પદ્ધતિએ જ્યારે તે તે તત્ત્વો પ્રકટ થયાં નહિ ત્યારે તે વ્યક્તિઓએ જીવનમાં શું કાર્ય સાધ્યું તે તેઓ સમજી શકયા નહિ. એમણે ચેતનામાં એક પ્રકારનો ફેરફાર કરવામાં સફળતા સાધી છે. અત્યાર સુધી અજ્ઞાત એવી શાંતિ પ્રાપ્ત કરવાની શકયતા, યા તો તેમની પૂર્વે કદી પણ ન હતી એવી મુક્તિ મેળવવાની શક્તિ તેમણે જીવનમાં સ્થાપન કરી છે. પરંતુ એ બધી ક્રિયાઓ માનવના આંતર જીવનને લગતી હતી અને તેને પરિણામે પ્રત્યક્ષ બાહ્ય એવો કશો ફેરફાર જણાયો ન હતો. કદાચ જગતના બાહ્ય સ્વરૂપમાં રૂપાંતર કરવાનો તેમનો ઇરાદો નહિ હોય; કે કદાચ તેમ કરવા માટે પૂરતું જ્ઞાન તેમનામાં નહિ હોય; છતાં પણ, આવા આદ્ય માર્ગદર્શકોના કાર્યને પરિણામે કાંઈક તો જરૂર પ્રાપ્ત થયું છે.

સર્વ પ્રકારના દેખીતા વિરોધો છતાં પણ એમ બની શકે કે

પગલે પગલે અને ક્રમે ક્રમે પૃથ્વી કોઇ વિશિષ્ટ પ્રકારના સાક્ષાત્કાર માટે તૈયાર થઈ રહી છે. માનવની સંસ્કૃતિમાં અને વિરાટ પ્રકૃતિમાં ફેરફારો થયેલા છે. અત્યારે એ ફેરફારો આપણને સ્પષ્ટપણે જણાતા નથી. એનું કારણ એ કે આપણે તેમને બાહ્ય દૃષ્ટિવડે જોઇએ છીએ; વળી બીજું કારણ એ પણ છે કે, દિવ્યજીવન પ્રકટાવવાના દૃષ્ટિબિંદુથી પાર્થિવ તત્ત્વ અને તેની મુશ્કેલીઓનો ગંભીરપણે સ્વીકાર કરીને તેનો પૂરેપૂરો ઉકેલ અત્યાર પહેલાં કદી પણ લાવવામાં આવ્યો નથી. હમેશાં અંદરની ચેતનામાં પ્રગતિ થયેલી જણાય છે; આંતર ચેતનામાં દિવ્યજ્યોતિનું અવતરણ થયેલ છે. પરંતુ બાહ્ય સ્થૂળ પદાર્થતત્ત્વમાં કોઇ પણ પ્રકારનો સાક્ષાત્કાર સ્થાપન કરવામાં આવ્યો કે નહિ એ વિષે ખાત્રીપૂર્વક કાંઈ પણ કહેવું મુશ્કેલ છે કારણકે એ ભૂમિકામાં પૂર્વે વાસ્તવિક રીતે કેટલી પ્રાપ્તિ થયેલી તેનો ચોક્કસ ખ્યાલ આપણને નથી.

અતિદૂરના ભૂતકાળના વિસ્તારમાં મહાન અને સુંદર સંસ્કૃતિઓ જાહોજલાલી ભોગવી ગઇ હોય એમ લાગે છે. અને તેઓએ આપણા જ જેટલી આધિભૌતિક પ્રગતિ પણ કદાચ સાધી હોય એ શક્ય છે. એક દૃષ્ટિબિંદુથી જોતાં સૌથી વધારે છેલ્લી ઢબની સંસ્કૃતિ જૂનામાં જૂની સંસ્કૃતિનું જ પુનરાવર્તન ગણી શકાય. અને છતાં પણ બિલકુલ પ્રગતિ થઇ નથી એમ નહિ કહી શકાય. કાંઇ નહિ તો, આંતર ચેતનાની પ્રગતિ સાધવામાં આવેલી જણાય છે, અને સ્થૂળ પાર્થિવ ભૂમિકામાં ઊર્ધ્વ ચેતના પ્રત્યે પ્રતિકાર્ય કરવાની તત્પરતા પણ ઘણી વધેલી છે. ફરીફરીને એને એ કાર્ય ઘૂંટવું પડયું છે, કારણકે જે કાર્ય કરવાનો પ્રયત્ન હતો તે કાર્ય કદી પૂરતા પ્રમાણમાં સારી રીતે થયું જ નથી; પરંતુ પ્રત્યેક નવા

પ્રયત્નને અંતે અંતિમ લક્ષની આપણે સમીપ જઈએ છીએ. જ્યારે આપણે ભણવાના પાઠની – લેસનની – ફરીફરીને આવૃત્તિ કરીએ છીએ ત્યારે આપણે એની એ વસ્તુની હમેશાં પુનરોક્તિ કરીએ છીએ એમ આપણને લાગે છે. પણ એવા અભ્યાસનું એકંદર પરિણામ એક પ્રકારના અસરકારક ફેરફાર રૂપે જણાય છે.

આ બધી વસ્તુઓને માનવચેતનાના પરિમાણો અને દિશા-માનોવડે માપવી એ જ ભૂલ છે; કારણકે, એ પ્રમાણે જોતાં એ ગહન, ઊંડી વિશાળ ગતિની આપણે સમજૂતી આપી શકીએ તેમ નથી. મર્યાદિત મનોમય બુદ્ધિવડે તેમને સમજવાનો કે સમજાવવાનો પ્રયત્ન જોખમભરેલો છે. આ કારણને લઈને, જગતનું અંતિમ રહસ્ય ઉકેલવામાં તત્ત્વજ્ઞાન-મીમાંસા હમેશાં નિષ્ફળ જાય છે; કારણકે વિશ્વને માનવબુદ્ધિના માપમાં ગોઠવવાનો તે પ્રયત્ન કરે છે.

આપણામાંના કેટલા જણને તેમના પૂર્વ જન્મની સ્મૃતિ છે?

દરેક માણસમાં તેની ચેતનાના કોઈ ભાગમાં તો એવું પૂર્વ-જન્મનું સ્મરણ રહેલું જ હોય છે. પરંતુ આ વિષય જોખમભર્યો છે કારણકે માનવમનને કલ્પનાના વિલાસનો અને અદ્‌ભૂતત્ત્વનો અતિશય શોખ હોય છે. પૂર્વ જન્મના સત્ય વિષે જરાતરા પણ તેમને ખબર પડે છે કે તુરત જ તેની આસપાસ તે સુંદર વાર્તાઓ રચી કાઢવા ઇચ્છે છે. આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઈ? ભાવિમાં તે કઈ દિશામાં ગતિ કરશે? ભૂતકાળમાં તમે ક્યાં અને કેવી રીતે જન્મ લીધો હતો? હવે પછી તમે શું થશો? તમારા ભૂતકાળના જન્મો અને ભાવિમાં થનારા જન્મો વગેરે વગેરે વિષે તમને માહિતી આપનારા ઘણા લોકો આવી મળશે. આ બધાને આધ્યાત્મિક જીવન સાથે કાંઈ પણ લેવા દેવા નથી. સમગ્ર જ્ઞાનપ્રાપ્તિમાં

ભૂતકાળમાં થયેલા જન્માંતરોના સ્મરણને સ્થાન હોઇ શકે છે; પરંતુ કાલ્પનિક તરંગોમાં ફુક્કા ઉડાવવાથી તે મળતું નથી. એ જ્ઞાન એક બાજુએ પદાર્થલક્ષી–બહિર્લક્ષી છે, અને બીજી બાજુ એ વ્યક્તિના ઉપર આધાર રાખતું હોઇ આત્મલક્ષી અનુભૂતિ ઉપર પ્રતિષ્ઠિત છે. અને એ બીજા વિભાગમાં કેવળ બનાવટને, સત્યની વિકૃતિને તથા અસત્યની તદ્દન ખોટી ઇમારત ચણવાને પણ ઘણું વિશાળ સ્થાન રહે છે. આવી બાબતનું સત્ય જાણવા માટે એ અનુભવ લેનારી તમારી ચેતના સ્ફટિક જેવી શુદ્ધ અને નીતરી તથા બુદ્ધિની યા તો પ્રાણની દખલગીરીથી મુક્ત હોવી જોઇએ એટલું જ માત્ર નહિ પરંતુ તમારા અંગત વિચારો અને લાગણીઓથી પણ તે મુક્ત હોય, તથા પોતાની માનીતી રીતે સમજૂતી આપવાની યા તો સમજી લેવાની વૃત્તિથી પણ તે વિમુક્ત હોય એ જરૂરનું છે. ભૂતકાળમાં થયેલા જન્માતરોનો અનુભવ સાચો હોય પરંતુ તમને થયેલ અનુભૂતિ અને તમારી બુદ્ધિ તેની જે સમજૂતી આપે, યા તો તેના ઉપરથી જે માનસિક બંધારણ રચે, તે બે વચ્ચે ઘણું ઘણું અંતર હોય એ તદ્દન બનવાજોગ છે. જ્યારે તમે સર્વ માનવ લાગણીઓથી પર થઇ જાઓ, અને તમારા મનથી પણ પર થાઓ ત્યારે તમે એ સત્યને પ્રાપ્ત કરી શકો.

*

વાર્તાલાપ છઠ્ઠો

કેટલાક માણસો ભૂતના જેવા હોય છે. એટલે શું? અને તે એવા કેમ બનતા હશે?

એવા માણસો માનવતાવાળા નથી હોતા; તેઓ ફક્ત દેખાવમાં માનવ હોય છે. આપણી સ્થૂળ ભૂમિકાની પાસે આવેલી સૂક્ષ્મ ભૂમિકામાંથી તેઓ દેહ ધારણ કરે છે, આપણે જેને "પ્રાણમય ભૂમિકા" કહીએ છીએ તેની ઉપર તેઓ વસતા હોય છે. એ ભૂમિકા એટલે સર્વ પ્રકારની ઇચ્છાઓ, કામનાઓ, આવેગો અને આવેશોની ભૂમિકા. એમાં ક્રૂરતા, લોભ, લુચ્ચાઇ, દંભ તથા સર્વ પ્રકારનાં અજ્ઞાન હોય છે; પરંતુ સર્વ પ્રકારની ક્રિયાશીલતા, સર્વ પ્રકારની જીવનશક્તિઓ, તથા સર્વ સામર્થ્યની પણ એ જ ભૂમિકા છે. એ ભૂમિકામાં વસતાં સત્ત્વોનો સ્વાભાવિકરીતે જ આપણી પાર્થિવ ભૂમિકા ઉપર એક પ્રકારનો કાબૂ હોય છે અને તેથી સ્થૂળ ભૂમિકા ઉપર તેઓ પોતાની અનિષ્ટ અસરનો છાયો નાખી શકે છે. એવાં સત્ત્વોમાંનાં કેટલાંક માનવના મરણ પછી તેના પ્રાણમય વાતાવરણમાં જે અવશેષ, આપણી પાર્થિવ ભૂમિકાની ઘણો જ નજીક, રહે છે તેમાંથી ઉત્પન્ન થાય છે. મૃત માનવીની કામનાઓ અને અતૃપ્ત ક્ષુધિત વાસનાઓ એ પ્રાણમય ભૂમિકામાં હજી તરતી હોય છે, અને દેહના વિલય પછી પણ તેમનું રૂપ કાયમ રહે છે. ઘણી વાર એવાં સત્ત્વોમાં આવિર્ભાવ પામવાની અને પોતાની વૃત્તિને સંતોષવાની કામના પેદા થાય છે. પરિણામે પ્રાણમય ભૂમિકાનાં એ સત્ત્વો જગતમાં અવતરે છે, પરંતુ એ બધાં એટલાં બધાં અગત્યનાં સત્ત્વો નથી; અને તેઓ કદાચ વધારે અણગમો

પેદા કરનારાં હોય, તોપણ તેમને ઠેકાણે કરવાનું કાર્ય અશક્ય નથી. પરંતુ બીજાં કેટલાંક વધારે ભયંકર સત્ત્વો હોય છે જેઓએ સ્થૂળ દેહમાં અવતરણ કરેલું જ નથી હોતું. સ્થૂળ ભૂમિકામાં જન્મ લેવાનો ઘણેભાગે તેઓ ઈન્કાર કરે છે કારણકે તેનાથી પદાર્થતત્ત્વની ગુલામીનો સ્વીકાર કરવો પડે છે. એમ કરવા કરતાં તો પોતાની સૂક્ષ્મ પ્રાણમય ભૂમિકામાં જ રહેવાનું પસંદ કરીને ત્યાં આગળ રહ્યા રહ્યા એ સમર્થ અને તોફાની સત્ત્વો માનવતા ઉપર પોતાનો કાબૂ જમાવે છે. કારણકે તેમને સ્થૂળ દેહ ધારણ કરવો હોતો નથી એ ખરું પરંતુ સ્થૂળ પ્રકૃતિની ભૂમિકા જોડે, પોતે બંધાયા વિના, તેઓ પોતાનો સંબંધ બાંધવા ઈંતેજાર હોય છે.

એમની કાર્યપદ્ધતિ એવી છે કે પ્રથમ તો તેઓ કોઈ માનવના ઉપર પોતાની અસર નાખે છે. ત્યાર પછી ધીમે ધીમે તેઓ તેના વાતાવરણમાં દાખલ થાય છે અને અંતે તેનામાં જે વાસ્તવિક માનવ આત્મા તથા વ્યક્તિ રહેલી હોય છે તેને હાંકી કાઢીને તેઓ માનવના ઉપર સંપૂર્ણ કાબૂ જમાવી દે છે. એવાં સત્ત્વો જ્યારે કોઈના સ્થૂળ દેહનો કબજો કરી બેઠેલાં હોય છે, ત્યારે તેઓ દેખાવે માનવ હોય છે, પરંતુ તેમની પ્રકૃતિ માનવ હોતી નથી. માનવની પ્રાણશક્તિને ચૂસી લેવી એ તેમનો સ્વભાવ હોય છે; જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં તેઓ પ્રાણશક્તિના ઉપર હુમલો કરે છે, અને તેને વશ કરી તેના ઉપર ગુજારો કરે છે. તેઓ તમારા વાતાવરણમાં આવે કે તુરત તમને એકદમ નિરાશા, થાક વગેરે લાગે છે, એવા માણસ પાસે તમે થોડો વખત રહો તો તમને માંદગી આવે; એવા કોઈની સાથે તમે જીવન ગાળો તો તે કદાચ તમને મારી પણ નાખે.

પરંતુ એક વાર પ્રવેશ કરી ચૂકયા પછી એવા સત્ત્વને આપણા વાતાવરણમાંથી દૂર કેવી રીતે કરવાં?

એ જાતનાં પ્રાણમય સત્ત્વોમાં જે પ્રાણશક્તિ હોય છે તે ઘણીજ પાર્થિવ સ્વરૂપમાં હોય છે, અને તેની સચોટ અસર ઘણા જ થોડા અંતર સુધી થાય છે. સાધારણ રીતે, તમે એક જ ઘરમાં ન રહેતા હો, યા તો તેમની સોબત ન કરો તો તમને તેમની અસર નહિ લાગે. પરંતુ તમે કોઈ પણ પ્રકારે તેમની જોડે સંબંધની યા તો વ્યવહારની બારી ખોલો, તેમના પ્રત્યે ખુલ્લા થાઓ, દાખલા તરીકે પત્રવ્યવહારદ્વારા, તો પરસ્પર શક્તિનો વિનિમય એટલે આપલે શકય બને છે, અને તો, લાંબે અંતરે પણ તેમની અસર તમારા ઉપર કાર્ય કરી શકે છે. એ જાતનાં સત્ત્વો જોડેના સંબંધમાં ઉત્તમોત્તમ રસ્તો એ છે કે તેમની સાથેનો સર્વ સંબંધ તોડી નાખવો, તેમની સાથે કશી પણ આપલે કરવી નહિ. પછી, તમારામાં સૂક્ષ્મ ભૂમિકાઓનું જ્ઞાન અને શક્તિ હોય અને તમારી જાતનું રક્ષણ કરતાં તમને આવડતું હોય તો જુદી વાત છે. અને એમ હોય તોપણ, એવા માણસો જોડે સંબંધ રાખવો એ ઘણું જોખમભરેલું તો હોય છે જ. કેટલાક લોકો એવાં સત્ત્વોનું રૂપાંતર કરવાની આશા રાખે છે તે નિરર્થક છે, કારણકે તેઓને રૂપાંતરને માટે જરા પણ ઇચ્છા હોતી નથી. કોઇ પણ પ્રકારનું રૂપાંતર થવા દેવાનો તેમનો લેશ પણ ઇરાદો હોતો નથી એટલે એ દિશામાં કરેલા સર્વ પ્રયત્નો વૃથા છે.

આ સત્ત્વો જ્યારે માનવદેહમાં રહેતાં હોય છે ત્યારે તેમને તેમના સત્ય સ્વરૂપનું ભાન ભાગ્યેજ હોય છે. કેટલીક વાર એમને એક પ્રકારની અસ્પષ્ટ લાગણી હોય છે કે પોતે સામાન્ય માનવ

જેવા માનવ નથી. પરંતુ પોતાનો મૂળ સ્વભાવ જાણતા હોય, અને તે પણ ઘણી સારી રીતે જાણતા હોય, એવાં સત્ત્વો પણ મળી આવે છે. પોતે માનવ નથી એમ તેઓ જાણતા હોય છે એટલું જ નહિ, પરંતુ પોતે ક્યાંથી આવે છે તેનું પણ તેમને ભાન હોય છે અને એ જ્ઞાનપૂર્વક તેઓ કાર્ય કરે છે, અને વિચારપૂર્વક યોજના ઘડીને પોતાના હેતુઓને સાધવા પ્રયત્ન કરે છે. પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વો સ્વભાવે જ બળવાન હોય છે; અને જ્યારે એમની શક્તિ જોડે જ્ઞાન મળે છે ત્યારે તો તેઓ બમણાં ભયંકર બને છે. આવાં સત્ત્વો જોડે કોઇ પણ પ્રકારનો સંબંધ રાખવો ન જોઇએ; અને તમારે તેમની સાથે કશી પણ આપલે કરવી જ નહિ,–સિવાય કે તેમને હરાવીને તેમનો વિનાશ કરવાની શક્તિ તમારામાં હોય. જો તમારે તેમની જોડે સંસર્ગમાં આવવાની ફરજ પડે જ તો તેમની મોહિનીથી ચેતતા રહેવું જરૂરનું છે. પ્રાણમય ભૂમિકાનાં એ સત્ત્વો જ્યારે સ્થૂળ ભૂમિકા ઉપર આવિર્ભાવ પામે છે ત્યારે હમેશાં તેમનામાં વશીકરણ કરવાની સમર્થ શક્તિ હોય છે. કારણકે એમની ચેતનાનું કેન્દ્ર સ્થૂળ પાર્થિવ ભૂમિકામાં નહિ, પરંતુ પ્રાણમય ભૂમિકામાં હોય છે. માનવો પોતાની પાર્થિવ ચેતનાથી આચ્છાદિત હોઈ વહેંતિયા બની ગયેલા હોય છે તે પ્રમાણે તેમની ચેતનામાં હોતું નથી.

ઉપર જણાવ્યાં એવાં સત્ત્વો કોઈ વિચિત્ર આકર્ષણવડે આધ્યાત્મિક જીવન પ્રત્યે ખેંચાય છે, એ સાચું છે?

હા, કારણકે તેઓ જાણતા હોય છે કે પોતે આ પૃથ્વી ઉપરના નહિ પરંતુ બીજા કોઇ લોકના વાસી છે. વળી તેઓ એ પણ જાણતા હોય છે કે તેમની પાસે જે શક્તિઓ – સિદ્ધિઓ છે ખરી,

પરંતુ તે અડધી ગુમાવી દીધેલી હોય છે. એ સત્તા પાછી મેળવવાને પણ તેઓ આતુર હોય છે. એટલે અદૃશ્ય, સૂક્ષ્મ ભૂમિકાઓનું તેમને જ્ઞાન આપી શકે એવી કોઈ પણ વ્યક્તિ મળતાં તેઓ એકદમ તેના તરફ દોડે છે. પરંતુ તેઓ પ્રાણમય ભૂમિકાને ભૂલથી આધ્યાત્મિક ભૂમિકા ગણે છે, અને એમનો હેતુ પણ પ્રાણમય શક્તિઓ પ્રાપ્ત કરવાનો, નહિ કે કોઈ આધ્યાત્મિક આદર્શ સિદ્ધ કરવાનો હોય છે. કેટલીક વાર તો તેઓ જાણી જોઈને આધ્યાત્મિકતાને વિકૃત કરી પોતાની ભૂમિકા ઉપર તેનું અનુકરણ કરીને તેના જેવી કોઈ સૃષ્ટિ ઊભી કરવા પ્રયત્ન કરે છે. એમ કરવામાં પણ તેઓ આધ્યાત્મિકતાની સર્વોપરીતાનો સ્વીકાર કરે છે, અને તેમની પોતાની રીતે, આધ્યાત્મિકતાનું ઋણ ફેડવવાનો પણ તેઓ પ્રયત્ન કરે છે. વળી આધ્યાત્મિક જીવનનું એક પ્રકારનું આકર્ષણ પણ તેમને ખેંચે છે. તેમણે ભગવાનના દિવ્ય નિયમની વિરુદ્ધ બળવો કરેલો હોય છે, તે છતાં, અથવા એમ પણ કહી શકાય કે બળવો કર્યો છે તેટલા જ માટે, ભગવાનની ચેતના જોડે પોતે સંબંધમાં છે એમ તેમને લાગે છે અને તેના પ્રત્યે તેમને સમર્થ આકર્ષણ થાય છે.

કેટલીક વાર પૃથ્વી ઉપર એક સાથે આધ્યાત્મિક જીવન ગાળવાને નિર્માણ થયલી વ્યક્તિઓને ભેગી લાવવા માટે હથિયાર તરીકે એવાં સત્ત્વો ઉપયોગી થતાં જણાય છે તે હવે તમને સમજાશે. એ સત્ત્વો બુદ્ધિપૂર્વક એ હેતુ સાધતાં નથી, પરંતુ તેમ કરવાની તેમને ફરજ પડે છે. એક જાતનો બદલો આપવાની જ એ ક્રિયા ગણી શકાય. કારણકે ઉપરની ભૂમિકામાંથી અવતરતી જ્યોતિનું દબાણ તેમના ઉપર થાય છે, અને તેમને લાગે છે કે રૂપાંતર

યા તો વિલય એ બેમાંથી એક વસ્તુ પસંદ કરવાનો સમય આવી લાગ્યો છે, યા તો જલદી જ આવશે: એટલે કે ભગવાનની મહાશક્તિને શરણે જવું, અને ભગવાનની મહાન યોજનામાં પોતાનો ભાગ ભજવવો, યા તો અવચેતનામાં ડૂબીને જીવનનો ત્યાગ કરવો એ બેમાંથી એક વસ્તુ તેમને પસંદ કરવાની છે એમ તેઓ જોઈ લે છે. સત્યના સાધક જોડે સંસર્ગ થવાથી એવા સત્ત્વને રૂપાંતર કરવાની તક મળે છે. એ તકનો લાભ તે કેવી રીતે ઊઠાવે છે તેના ઉપર સઘળો આધાર છે. જો તે બરાબર લાભ લે તો જે તત્ત્વોમાંથી એ સત્ત્વો ઉત્પન્ન થયેલાં છે તે તત્ત્વો–એટલે કે અસત્ય, તમોગ્રસ્તતા અને ક્લેશમાંથી તેમની મુક્તિનો માર્ગ ખુલ્લો થાય છે, અને તેઓ પુર્નજીવન અને નવજીવન પામે છે. ધનના ઉપર એ જાતનાં સત્ત્વોની ઘણી સત્તા જામેલી નથી?

હમણાં લક્ષ્મીની શક્તિ પ્રાણની ભૂમિકાની શક્તિઓના અને સત્ત્વોના હાથમાં છે, યા તો તેમની અસર તળે છે. એમની અસરને લીધે સત્યના કાર્યમાં બહુ મોટી રકમો અપાતી આપણે જોતાં નથી. હમેશાં લક્ષ્મી આડે રસ્તે ખર્ચાઈ જાય છે, કારણકે તે વિરોધી શક્તિઓના કબજામાં છે, અને એ નાગચૂડદ્વારા એ સત્ત્વો આપણી પાર્થિવ ભૂમિકા ઉપર પોતાનો કાબૂ કાયમ રાખે છે. ધનના ઉપર વિરોધી શક્તિઓનો કાબૂ સમર્થ, સંપૂર્ણ, જરા પણ શિથિલતા વિનાનો અને વ્યવસ્થિત છે. અને એ સમર્થ મજબૂત સકંજામાંથી કાંઈ પણ ખેંચી લેવું ઘણું જ મુશ્કેલ છે. ધનનાં હાલ જે રક્ષક સત્ત્વો છે તેમની ચૂડમાંથી થોડું ધન કઢાવવા માટે પણ દરેક વખતે દારુણ યુદ્ધ કરવું પડે છે.

અને છતાં વિરોધી શક્તિઓ ઉપર એક સ્થળે પણ મેળવેલો

વિજય બીજાં સર્વે બિંદુઓએ વિજય મેળવવાની શકયતા એકી વખતે અને આપોઆપ વધારી દે છે. જો એક સ્થળે તેઓ શરણ થાય તો અત્યારે જેમને સત્યના કાર્યમાં ધન આપવાની આનાકાની થાય છે અને અશકયતા લાગે છે તેઓને ઓચિંતી દાન કરવાની વૃત્તિ થઇ આવશે. ઘણેખરે ભાગે, પ્રાણમય શક્તિઓના હાથમાં રમકડાં જેવા, યા તો તેમના હથિયાર રૂપ થઇ રહેલા, એ ધનિકો ધન ખર્ચવાના વિરોધી હોય છે એ માન્યતા સાચી નથી. જ્યારે એમની પોતાની કામનાઓ અને વાસનાઓ જાગ્રત નથી હોતી ત્યારે જ એમની લોભવૃત્તિ પ્રકટ થાય છે. કારણકે પોતાની ગણતા હોય છે એવી ઇચ્છાઓને સંતોષવાને માટે તેઓ ઘણી જ સહેલાઇથી ધનનો વ્યય કરે છે; પરંતુ જ્યારે તેમના પોતાના એશઆરામ અને ધનના લાભો સત્યની સેવામાં આપવાની માગણી કરવામાં આવે છે ત્યારે મૂડી છોડવી તેમને અઘરી પડે છે. ધનના ઉપર કાબૂ રાખનાર પ્રાણમય સત્તાઓ મજબૂત મોટી તિજોરીમાં કાળજીપૂર્વક રાખેલી દોલતના રખેવાળ જેવી છે. એમની અસર નીચે જે માણસો હોય છે તેમની પાસે ધનની માગણી કરવામાં આવે છે ત્યારે તેઓ જાતજાતના ઝીણામાં ઝીણા સવાલો પૂછે છે, અને ત્યાર પછી પણ થોડા પૈસા આપવા માટે તિજોરી ઊઘાડે છે. પરંતુ તેમના પ્રાણમાં કોઇ આવેશ જાગે તો તેને સંતોષવા માટે રખેવાળ ખુશીથી પોતાની તિજોરીનાં બારણાં ખુલ્લાં મૂકવા તૈયાર હોય છે, અને તેમાંથી જોઇએ તેટલા પૈસા છૂટથી વહે છે. સામાન્યરીતે, પ્રાણની જે વાસનાઓને તે વશ થાય છે તેમનો સંબંધ કામવાસના જોડે હોય છે, તેમ જ કીર્તિની, યા તો માનની કે જિહ્વાની લોલુપતા, યા તો એવી જ બીજી કોઇ પ્રાણની વાસના જોડે પણ હોય છે. પરંતુ આવી પ્રાણની વાસનાઓથી જુદી

કોઈ પણ બાબત આવે કે તુરત જ ખૂબ બારીક તપાસ કરવામાં આવે છે, ઉલટપાલટ તપાસ થાય છે અને બહુ જ આનાકાની-પૂર્વક તેનો સ્વીકાર કરવામાં આવે છે, અને અંતે ઘણુંખરું તો તેને સહાય આપવાનો નકાર જ ભણવામાં આવે છે. જે લોકો એ પ્રાણમય સત્ત્વોના ગુલામો છે તેમના અંતરમાં આધ્યાત્મિક સત્ય, જ્યોતિ અને સાક્ષાત્કાર માટેની અભીપ્સા જ્યારે તેમનો બિલકુલે સ્પર્શ કરી શકે છે ત્યારે પણ ધન માટેની તેમની લોભવૃત્તિના જેટલી બળવાન હોતી નથી. એવાના હાથમાંથી ભગવાન માટે ધન લેવું એટલે તેમનામાં રહેલી વિરોધી સત્તાને હાંકી કાઢવી. પ્રથમ તો તેઓ જે પ્રાણમય સત્ત્વના દાસ હોય છે, તેના ઉપર વિજય મેળવવો, યા તો તેનું રૂપાંતર કરવું જરૂરનું છે, અને એ કાર્ય સહેલું નથી. પ્રાણમય સત્ત્વોની ચૂડમાં જે માણસો હોય છે તેઓ આરામભર્યા જીવનનો ત્યાગ કરીને, ભોગ વગેરેને છોડીને, તીવ્ર સંન્યાસવૃત્તિ સેવવી વધારે પસંદ કરે છે. છતાં તેઓ પોતાની વિકૃતિને પૂર્વવત અખંડિત રાખે છે, અને કોઈ વાર તો એવા ફેરફાર પછી તેઓ પૂર્વ કરતાં પણ વધારે ખરાબ બને છે.

એક વ્યક્તિને પોતાની તપઃશક્તિ બીજાના ઉપર શા માટે વાપરવા દેવામાં આવે છે?

ખરું જોતાં અમુક એક વ્યક્તિને બીજાના ઉપર પોતાની તપઃ-શક્તિ વાપરવા દેવામાં આવે છે એમ નથી; પરંતુ વિશ્વમાં વિરાટ તપઃશક્તિ કામ કરી રહેલ છે, અને જે લોકો એ શક્તિનો વધારે કે ઓછો આવિર્ભાવ પોતાનામાં કરી શકે છે તેઓની તપઃશક્તિ વધારે બળવાન હોય એમ લાગે છે. એ ઘટના પ્રાણશક્તિના જેવી, યા તો જ્યોતિ કે વિદ્યુત-શક્તિના જેવી, યા તો પ્રકૃતિની કોઈ

પણ બીજી શક્તિના જેવી જ છે. કેટલાક માણસો એ શક્તિના ઉત્તમ વાહન બને છે, જ્યારે બીજાઓ કનિષ્ટવાહન હોય છે, એમાં નીતિ અનીતિનો પ્રશ્ન જ નથી. પ્રકૃતિમાં બનતી એ એક હકીકત માત્ર છે. વિશ્વની મહાન લીલાનો નિયમ છે.

પ્રાણમય સત્ત્વોને તેમની પોતાની પ્રાણમય ભૂમિકામાં મળી શકાય ખરું ?

પ્રાણમય સત્ત્વો સ્થૂળ ભૂમિકાથી પર એવા જગતમાં વસતાં હોય છે; અને એ ભૂમિકામાં માનવ જો અજાણ્યે દાખલ થાય તો તે તદ્દન ભૂલા પડ્યા જેવો, નિરાધાર અને રક્ષણ વિનાનો થઇ પડે છે. સ્થૂળ પાર્થિવ દેહ માનવનું ઘર છે તેમાં માનવ સલામત છે; તેનો પાર્થિવ દેહ તેનું રક્ષણ છે. કેટલાક લોકોને તેમના દેહનો ભારે કંટાળો હોય છે, તેઓ શરીરને ધિક્કારે છે, અને એમ માને છે કે મૃત્યુ પછી સ્થૂળ દેહની ગેરહાજરીમાં બધું સરસ થઇ જશે અને સાધના પણ સહેલી બનશે. પરંતુ ખરું જોતાં સ્થૂળ દેહ તેમનો કિલ્લો છે, અને મુશ્કેલીમાં તેમનું આશ્રયસ્થાન છે; જ્યાં સુધી તેઓ સ્થૂળ દેહમાં પ્રતિષ્ઠિત છે ત્યાંસુધી પ્રાણમય લોકનાં વિરોધી સત્ત્વોને તેમના ઉપર સીધેસીધી પકડ મેળવવામાં મુશ્કેલી નડે છે. રાત્રે બિહામણાં સ્વપ્ન આવે છે તે શું તે તમે જાણો છો ? પ્રાણની ભૂમિકામાં માનવ રખડવા નીકળે છે તેના પરિણામ રૂપ એ હોય છે. કાળજુ ઊંડું ઉતારી દે એવા બિહામણા સ્વપ્નમાં પ્રથમ તમે શું કરો છો ? તમે સૌથી પહેલા તમારા શરીરમાં ધસી આવો છો, અને સ્થૂળ ચેતનાની સામાન્ય જાગ્રત અવસ્થામાં બળપૂર્વક પ્રવેશ કરો છો. પ્રાણમય ભૂમિકામાં તમે પરદેશી જેવા છો; અને ત્યાં હોકાયંત્ર અને સુકાન વિનાના તમે પ્રાણના અફાટ

સાગરમાં જઈ પડો છો. કેવી રીતે મુસાફરી કરવી, ક્યાં જવું તે પણ તમે જાણતા નથી; અને ડગલે ને પગલે તમે ન કરવાનું કરી બેસો છો.

એ પ્રાણમય જગતના કોઈ પણ વિભાગમાં તમે પ્રવેશ કરો છો કે તુરત જ એ જગતનાં સત્ત્વો તમારી આજુબાજુ ભેગાં થઈ જાય છે, અને તમને ઘેરીને તમારી પાસે જે કાંઈ હોય તે પડાવી લેવા માગે છે. તમારો શિકાર કરવાને, તમારામાં ચૂસી શકાય તેવું ચૂસવાને તથા તેના ઉપર ગુજારો કરવાને તેઓ યત્ન કરે છે. તમારી અંદરથી બળવાન જ્યોતિ અને શક્તિનો અખંડ પ્રવાહ વહ્યા કરતો ન હોય તો સ્થૂળ દેહ વિનાના તમને તે ભૂમિકામાં તદ્દન ઠારી નાખે અને ચામડી સુકવી નાખે એવી ઠંડીવાળા પ્રદેશમાં જાણે તમે કોટ પહેર્યા વગર ફરતા હો એવું લાગે છે, (તમારું રક્ષણ કરવાને ઘર પણ નથી જણાતું,), યા તો, તમારા શરીર ઉપર જાણે ચામડી જ નથી અને તમારી નાડીઓ બધી ખુલ્લી અરક્ષિત છે એવી લાગણી તમને થાય છે. કેટલાક માણસો કહે છે કે "આ શરીરમાં હું કેવો દુઃખી છું?" અને તેવા લોકો મૃત્યુને છુટકારો ગણે છે. પરંતુ મૃત્યુ પછી તમે પાછા એના એ પ્રાણમય વાતાવરણમાં જઈ પહોંચો છો, અને પાર્થિવ જીવનમાં તમારાં સમસ્ત દુઃખ અને ક્લેશના આદિકારણ રૂપ એ સૂક્ષ્મ પ્રાણમય સત્ત્વોથી પાછો તમને જોખમ થવાનો ભય તો ઊભો જ હોય છે. સ્થૂળ દેહના વિલયને પરિણામે તમે અસીમ પ્રાણમય ભૂમિકાના ખુલ્લા પ્રદેશમાં જઈ પડો છો; અને તમારા બચાવ માટે કાંઈ પણ સાધન હોતું નથી, સલામતીને ખાતર જેમાં ભરાઈ બેસતા હતા તે સ્થૂળ દેહ પણ હવે રહ્યો નથી.

આ પૃથ્વીની ભૂમિકા ઉપર, અને ખુદ સ્થૂળ દેહમાં વસતા હો તે દરમ્યાન, તમારે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ અને સંપૂર્ણ શક્તિનો પ્રયોગ કરતાં શીખવું જોઇએ. જ્યારે એ પ્રમાણે કરી શકશો ત્યારે જ સર્વ ભૂમિકાઓમાં સંપૂર્ણ સલામતી સાથે તમે ગતિ કરી શકશો. જ્યારે તમારામાં ભયનો છાંટો પણ રહી શકે નહિ,—જ્યારે તમે સખતમાં સખત બિહામણા સ્વપ્નમાં પણ અક્ષુબ્ધ રહી શકો ત્યારે તમે કહી શકો કે "હવે હું પ્રાણમય જગતમાં જવાને તૈયાર છું." પરંતુ એનો અર્થ તો એ થાય છે કે પ્રાણમય પ્રકૃતિની કામનાઓ અને આવેશોના ઉપર સંપૂર્ણ પ્રભુત્વ સ્થાપન કરવાને પરિણામે જ જે જ્ઞાન અને શક્તિ મળી શકે તેનાં છે તે પ્રભુત્વની પ્રાપ્તિ કરવી. અજ્ઞાની અને તમોગુણી સત્ત્વોને તમારામાં આકર્ષે એવી દરેક વસ્તુથી, તથા જેનાવડે તમારા ઉપર તેમનો કાબૂ જામે એવી દરેક વાસનાથી તમારે તદ્દન મુક્ત થઈ જવું જોઈએ. જો મુક્ત ન થયા હો તો "સાવધાન."

કોઇ પણ પ્રકારની આસક્તિ, કોઈ પણ ઇચ્છા, કોઈ પણ આવેશ કે પસંદગીને લેશ પણ સ્થાન આપો નહિ; સંપૂર્ણ સમતા, અચળ શાન્તિ, ભગવાનના રક્ષણમાં નિરપેક્ષ શ્રદ્ધા એટલાં વાનાં હશે તો તમે સલામત છો, તેના વિના તમે જોખમમાં છો. અને જ્યાં સુધી તમે સલામત નથી, ત્યાં સુધી મરઘીનાં બચ્ચાંની પેઠે "મા"ની પાંખોમાં રક્ષણ લેવું વધારે સારૂં છે.

આપણું સ્થૂળ શરીર આપણા રક્ષણ તરીકે કેવી રીતે નીવડે છે?

આપણો સ્થૂળ દેહ જે ગ્રામ્યતાથી, જડતાથી ભરેલો છે તે જ તેને આપણો રક્ષક બનાવે છે; એટલે કે આપણે જે બાબતમાં

તેનો દોષ કાઢીએ છીએ તે જ તેને રક્ષક બનાવે છે. સ્થૂળ દેહ મંદ અને સંસ્કારગ્રાહીતા વિનાનો છે. જડ, સખ્ત તથા શીંગડાં જેવો કઠણ છે; એ પ્રકારનો આપણો સ્થૂળ દેહ મજબૂત જાડી દીવાલવાળા કિલ્લા જેવો છે. જ્યારે પ્રાણમય જગત પ્રવાહી છે; એમાં વસ્તુઓ ગતિમાન હોઈ પરસ્પર ભળતી અને એક બીજામાં છૂટથી પ્રસરતી હોય છે; ટૂંકામાં કહીએ તો, એક બીજા પ્રત્યે વહીને એક બીજાને મળતાં, વિકાર પામતાં અને એક બીજામાં ભળી જતાં મોજાંની સતત ગતિને પ્રાણમય જગત સાથે સરખાવી શકાય. તમારા પોતાનામાં ઘણી જ સમર્થ જ્ઞાનજ્યોતિ કે શક્તિ ન હોય તો પ્રાણમય જગતની એ પ્રવાહિતા સામે તમે નિરુપાય જ થઇ પડો. એવું સામર્થ્ય ન હોય તો એ પ્રવાહ તમારી અંદર ઊતરે છે, આરપાર વહેવા માંડે છે, અને એની વધતી જતી ભરતીને રોકવાને કશો જ અંતરાય રહેતો નથી. પરંતુ સ્થૂળ દેહ એ પ્રવાહની વચ્ચમાં આવે છે, અને પ્રાણમય જગતથી તમને એકદમ છૂટા પાડી દે છે, તથા તેની ભરતી સામે તે બંધની ગરજ સારે છે.

પ્રાણમય જગતનાં સત્ત્વો જ્યારે આટલાં બધાં પ્રવાહી હોય છે ત્યારે તેમનામાં વ્યક્તિત્વ શી રીતે હોઈ શકે ?

વ્યક્તિત્વ તો તેમનામાં હોય છે; ફક્ત તેનાં સ્વરૂપ આપણી સ્થૂળ ભૂમિકામાં જેમ નિશ્ચળ અને કઠણ હોય છે તેવાં તે હોતાં નથી. વ્યક્તિત્વનો અર્થ અસ્થિતિસ્થાપક કઠિનતા થતો નથી. પથ્થરનું રૂપ અને આકાર ઘણાં જ કઠિન, કદાચ સૌથી વધારે કઠિન છે, પરંતુ તેમનામાં વ્યક્તિત્વ ઘણું જ ઓછું છે. દસ કે વીસ પથ્થર ભેગા કરો અને પછી તેમની વચ્ચે તમારે ભેદ પારખવો હશે તો તમારે ઘણી જ સાવચેતી રાખવી પડશે. પરંતુ પ્રાણમય

ભૂમિકાનાં સત્ત્વો એક વાર નજર નાંખવાથી જુદે જુદા તરીકે ઓળખી શકાય તેવાં હોય છે; એમના રૂપની આકૃતિના બંધારણ ઉપરથી તમે તેને ઓળખી શકો છો, તેની આજુબાજુ જે વાતાવરણ હોય છે તેવડે પણ તે ઓળખાઇ આવે છે, તથા જે રીતે તે બોલે છે, ચાલે છે તથા વર્તે છે તે ઉપરથી પણ તેને જુદું પાડી શકાય છે. માણસો ના-ખુશ હોય કે ખુશી થાય તે પ્રમાણે તેમની મુદ્રામાં ફેરફાર થાય છે તે જ પ્રમાણે પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વોની મુદ્રામાં પણ મનની સ્થિતિ પ્રમાણે ફેરફારો થાય છે; ફક્ત, પ્રાણમય જગતમાં એ વિકારો ઘણા જ તીવ્ર મોટા પ્રમાણમાં હોય છે એટલું જ. એમાં કેવળ મુદ્રા જ નહિ, પરંતુ આખું સ્વરૂપ જ કેટલીક વાર બદલાઇ જાય છે.

*

વાર્તાલાપ સાતમો

વિચારમાં કઇ જાતની શક્તિ રહેલી છે? મારા પોતાના જગતનો હું કેવી રીતે અને કેટલે અંશે કર્તા છું?

બુદ્ધના ઉપદેશ પ્રમાણે દરેક માણસ તેના પોતાના વિશિષ્ટ જગતમાં વિચરે છે. અને એ જગત અન્ય માનવોના જગતથી તદ્દન જુદું હોય છે. જ્યારે એવી બે સૃષ્ટિઓ વચ્ચે મેળ મળે છે ત્યારે તે એકબીજા જોડે ભળે છે; અને ત્યાર પછી માણસો એકબીજા જોડે સાચી રીતે મળી શકે છે અને એકબીજાને સમજી શકે છે. આ વિચાર મનોમય ભૂમિકા પૂરતો સાચો છે, કારણકે દરેક માણસ તેના પોતાના બનાવેલ મનોમય જગતમાં વિચરતો હોય છે, તથા એ જગત તેના પોતાના વિચારોવડે તે રચે છે. આ વાત એટલે સુધી સાચી છે કે જ્યારે કાંઇ કહેવામાં આવે છે ત્યારે પોતપોતાના મનોમય બંધારણ પ્રમાણે દરેક માણસ તેનો જુદો જુદો અર્થ સમજે છે; કારણકે જે બોલવામાં આવે છે તે નહિ પરંતુ પોતાના મગજમાં જે ભરેલું હોય છે તે જ માણસો સમજે છે. બુદ્ધે ઉચ્ચારેલ એ સત્ય મનોમય ભૂમિકા પૂરતું જ સાચું છે.

કારણકે મન એ કર્મ કરવા માટેનું અને રૂપ ઘડવાનું કરણ છે, જ્ઞાનપ્રાપ્તિનું નહિ. પ્રતિક્ષણ તે રૂપસર્જન કર્યા જ કરતું હોય છે. વિચારો રૂપમય હોય છે, અને એના સૃષ્ટાથી તદ્દન સ્વતંત્ર એવું વ્યક્તિગત જીવન પણ વિચારોને હોય છે. તેમનો ઉત્પન્ન કરનાર સૃષ્ટા કનેથી છૂટીને તેઓ જગતમાં વિચરે છે, અને પોતાના

જીવનના હેતુઓ સિદ્ધ કરવા પ્રત્યે તેઓ ગતિ કરે છે. જ્યારે તમે કોઇના વિષે વિચાર કરો છો ત્યારે તમારો વિચાર રૂપ ધારણ કરીને તેને શોધી કાઢવા નીકળી પડે છે; અને તમારા વિચારની પાછળ તપઃશક્તિ હોય તો તમારામાંથી પ્રસરતા વિચારનું મોજું વ્યવહારમાં પોતાનો સાક્ષાત્કાર કરવાનો પણ પ્રયત્ન કરે છે. એક ઉદાહરણ લઇએ: ધારો કે અમુક માણસ તમને મળવા આવે એવી તીવ્ર ઇચ્છા તમારા મનમાં હોય અને પ્રાણની એ ઇચ્છાની સાથે દઢ કલ્પનાશક્તિ તમે ઉત્પન્ન કરેલા વિચારના રૂપ સાથે જોડાય છે; તમે કલ્પના કરો છો કે "જો તે આવે તો આ પ્રમાણે થશે યા તો તે પ્રમાણે થશે." થોડા વખત પછી તમે તે વિચારને છેક પડતો મૂકો છો. તમે મૂકી દીધા પછી પણ એ વિચાર હયાત છે, એ હકીકત તમે ભૂલી જાઓ છો. પરંતુ એ વિચાર કાયમ હોય છે, અને તે કાર્ય કરતો હોય છે કારણકે એનું અસ્તિત્વ તમારાથી સ્વતંત્ર હોઇ એના કાર્યમાંથી એને પાછો ખેંચવા માટે ઘણી સમર્થ શક્તિની જરૂર પડે છે. જે વ્યક્તિના સંબંધમાં એ વિચાર થયો હોય તેના વાતાવરણમાં તે કાર્ય કરે છે, અને તમને મળવા આવવાની ઇચ્છા તેનામાં ઉત્પન્ન કરે છે. તમે ઉત્પન્ન કરેલ એ વિચાર–રૂપ બરોબર ઘડેલું હશે અને તેનામાં પૂરતી તપઃશક્તિ હશે તો તે વ્યવહારમાં સિદ્ધ થશે. પરંતુ વિચાર–રૂપનું ઘડતર અને તેની સિદ્ધિની વચ્ચે કાળનો ગાળો હોય છે, અને એ વચલા ગાળામાં તમારૂં મન કોઇ બીજા જ કામમાં રોકાઇ ગયું હોય, તો તમારા પોતાના ભૂલાઇ ગયેલ વિચાર–રૂપનો સાક્ષાત્કાર થાય, ત્યારે તમે તેને એક વખત જન્મ આપ્યો હતો એ હકીકત પણ તમે ભૂલી ગયા હો એમ પણ બને. તમે પોતે જ તે કાર્યના ઉત્પાદક અને પ્રેરક હતા એ બાબત તમે ભૂલી જાઓ છો. અને ઘણી ખરી વાર

એમ પણ બને છે કે જ્યારે વિચારનું ફળ તેની સિદ્ધિ રૂપે આવે છે, ત્યારે તમને તેને માટે ઇચ્છા, યા તો પરવા રહેલી હોતી નથી.

આ વિચાર – રૂપો ઘડવાની ઘણી સમર્થ શક્તિવાળા કેટલાક માણસો હોય છે, અને તેમનાં વિચાર – રૂપો હમેશાં વ્યવહારમાં સિદ્ધ થતાં હોય છે. પરંતુ તેમનું મનોમય-સત્ અને પ્રાણમય-સત્ બરાબર નિયંત્રણમાં ન હોવાને પરિણામે તેઓ ઘડીમાં એક વસ્તુ અને ઘડીમાં બીજી વસ્તુ માટે ઇચ્છા કરે છે. અને એ વિધવિધ, અને કેટલીક વાર તો વિરોધી, સ્વરૂપો પોતપોતાનાં પરિણામો ઉપજાવે છે; અને એ પરિણામો પરસ્પર અથડાય છે અને નિષ્ફળ જાય છે. અને એ લોકોને આશ્ચર્ય થાય છે કે આટલી બધી અ-વ્યવસ્થામાં અને બેસૂરતામાં તેઓ કેમ જીવન ગાળતા હશે ! તેઓ સમજી નથી શકતા કે તેમની આજુબાજુ જે અવ્યવસ્થિત અને આત્મવિરોધી વાતાવરણને લઇને તેમનું જીવન અસહ્ય થઇ પડ્યું છે તે તેમના પોતાના વિચારોએ અને કામનાઓએ બનાવેલું છે.

આ જ્ઞાન ઘણું જ ઉપયોગી છે, જો તેનો સદુપયોગ કરવાના રહસ્ય સાથે તે આપવામાં આવે તો. આત્મસંયમ અને આત્મશાસન એ રહસ્ય છે; સત્યનું મૂળ પોતાના આત્માની અંદર શોધી કાઢવું, અને દરેક વિચારના રૂપને તેની સંપૂર્ણ શક્તિ, સમગ્રતા અને સૂરતાવાળો સાક્ષાત્કાર કરાવી શકે એવી ભગવાનની દિવ્ય તપઃ-શક્તિનું સતત શાસન પોતાનામાં સ્થાપન કરવું એ તેનું રહસ્ય છે.

માનવો સામાન્ય રીતે વિચારનાં રૂપો કેવી રીતે ગતિ અને ક્રિયા કરે છે તે જાણ્યા વિના જ વિચાર – રૂપો ઘડે છે. અજ્ઞાન-ભરી અને અવ્યવસ્થિત દશામાં ઘડવામાં આવતા હોવાથી તેઓ પરસ્પર અથડાય છે, અને પરિશ્રમ તથા પ્રયત્ન કરતા હોય એવી

લાગણી તેઓ માનવમાં ઉત્પન્ન કરે છે, ક્લાન્તિ લાવે છે અને અ-સંખ્ય વિરોધી અંતરાયો વચ્ચે થઇને તેઓ માર્ગ કાપી રહ્યા હોય એવી જાતની લાગણી પણ તે ઉત્પન્ન કરે છે. અવ્યવસ્થિતતા અને અજ્ઞાનની એ અવસ્થામાં જે વિચાર – રૂપો ઘડાઇને પરસ્પર અથડાતાં હોય છે તેમાં સૌથી વધારે બળવાન અને ચિરંજીવી હોય છે તે બીજાંઓના ઉપર વિજય મેળવે છે.

મન અને તેની કાર્યપદ્ધતિ વિષે એક વાત નક્કી છે તે એ કે તમારા અંતરાત્મામાં જે કાંઇ તમે જાણતા હો તે તમે સમજી શકો છો. કોઇ પુસ્તકમાં તમને કાંઇ પણ વિશિષ્ટતા દેખાય છે તે તમે અંતરાત્માના ઊંડાણમાં અનુભવી ચૂકેલા છો. કોઇ પુસ્તક યા તો ઉપદેશ માનવને ઘણો જ વિસ્મય પમાડે એવો લાગે છે, અને ઘણી વાર તેઓ કહે છે કે "આમાં લખ્યું છે તેવું જ. આબેહૂબ, મને પોતાને પણ અંતરમાં લાગે છે, અને હું તે જાણું છું. પરંતુ અહીં તે જેટલું સરસ રીતે દર્શાવેલું છે તે રીતે હું પ્રકટ ન કરી શકત." જ્યારે સત્યનું જ્ઞાન આપનારૂં કોઇ પુસ્તક માનવોના હાથમાં આવે છે ત્યારે દરેક માણસને તેમાં પોતાની જાત દેખાય છે, અને દર પુનરાવૃત્તિએ તેને આગળ નહિ જણાયેલી એવી વસ્તુઓ તે પુસ્તકમાં મળી આવે છે; દરેક વખતે તે ગ્રંથ વાંચનાર આગળ તેણે પ્રથમ નહિ જોયેલ એવાં જ્ઞાનનાં ક્ષેત્રો ખુલ્લાં કરે છે. એમ થવાનું કારણ એ છે કે વાંચનારની અવચેતનામાં બહાર પ્રકટ થવાની વાટ જોઇ રહેલા જ્ઞાનનાં સ્તરોને તે વાચન સ્પર્શ કરે છે; એ જ જ્ઞાન પુસ્તકમાં બીજો કોઇ પ્રકટ કરે છે, અને તે પણ એ પોતે કરી શકત તેના કરતાં ઘણી જ સારી રીતે. પરંતુ એક વાર પ્રકટ થયા પછી માનવ તેને ઝટ દઇને ઓળખી લે છે, અને તે

સત્ય છે એમ સમજી લે છે. જે જ્ઞાન બહારથી તમારી અંદર આવતું દેખાય છે તે તમારા અંતરમાં રહેલા જ્ઞાનને જ બહાર લાવવાનો એક પ્રકાર છે.

આપણે કાંઈ પણ કહ્યું હોય તેને વિષે ગેરસમજૂતી થાય, યા તો તેનું ખોટું સ્વરૂપ બીજાની આગળ રજૂ થાય એ અનુભવ સામાન્ય છે. અને તેનું મૂળ પણ ઉપર કહ્યું તેને મળતું જ છે. ઉદાહરણ તરીકે, આપણે સાવ – દીવા જેવી – ચોકખી વાત કહીએ; પરંતુ જે રીતે તે સમજવામાં આવે છે તે આપણને આશ્ચર્યચકિત કરી નાખે એવી હોય છે. બોલનારનો ઇરાદો હોય તેના કરતાં કાંઇ જુદું જ દરેકને તેમાં દેખાય છે, અથવા તો કેટલીક વાર તેના અર્થથી તદ્દન જ વિરોધી અર્થ પણ તેમાં અધ્યારોપિત થાય છે. જો તમારે કોઇને બરાબર સમજવો હોય અને આ જાતની ભૂલના ભોગ ન બનવું હોય તો અવાજ અને શબ્દની ગતિની પાછળ જઇને કેવળ મૌનમાં સાંભળવાનો અભ્યાસ પાડવો જોઇએ. એમ કરવાથી તમે બરાબર સાંભળશો અને સાચું જ સમજશો. પરંતુ જ્યાં સુધી તમારા પોતાના મગજમાં કોઇ બીજી બાબત ભમતી હશે અને અવાજ કર્યા કરતી હશે ત્યાં સુધી તમે તમારા મગજના અવાજને જ સમજશો, કહેવામાં આવ્યું હશે તે નહિ સમજાય.

યોગસાધનાનો પ્રથમ પરિચય થતાં ઘણી વાર ટોળાબંધ વિરોધી સંજોગો સાધકના ઉપર હુમલો કરે છે. તેનું શું કારણ? એમ કહેવાય છે કે "યોગસાધનાનું દ્વાર તમે ખોલો કે તુરત જ તમને અંતરાયોનું ટોળું સામું ઊભેલું જણાય છે." આ કથન ખરું છે?

એ કંઇ અબાધિત નિયમ નથી; અને વ્યક્તિના ઉપર ઘણો

આધાર હોય છે. ઘણા માણસોને વિરોધી સંજોગો પ્રાપ્ત થાય છે તે એમની પ્રકૃતિમાં જે નિર્બળતાઓ હોય છે તેની કસોટી તરીકે. યોગસાધનાનો અનિવાર્ય પાયો સમતા છે; તમે સાધનાના માર્ગમાં છૂટથી પ્રગતિ કરી શકો તે પહેલાં તમારે સમતાની પ્રતિષ્ઠા દૃઢ કરવી જોઈએ. આ દૃષ્ટિબિંદુથી જોતાં હરેક પ્રકારની અગવડને કે ક્ષોભને તમારે કસોટી તરીકે પસાર કરવાનો છે. વળી તમારી આજુબાજુ તમારાં મનોમય ઘડતરોએ જ્યોતિ અને સત્ય પ્રત્યે તમને ખુલ્લા થતાં અટકાવનારી જે મર્યાદાઓ ઊભી કરી છે તેમને તોડવા માટે પણ તેઓ જરૂરી છે. તમે જે મનોમય જગતમાં જીવો છો તે મર્યાદિત છે, ભલે તમને તેની મર્યાદાઓનું જ્ઞાન કે ભાન ન હોય; તમારું મન જે મર્યાદાની ભીંતોમાં પૂરાઈ રહેલું છે તેમને બહારથી કોઈ વસ્તુ આવીને ભાંગે, અને તમારા મનને મુક્ત કરે એ જરૂરનું છે. ઉદાહરણ તરીકે તમે કેટલાક નિશ્ચલ નિયમો, વિચારો કે સિદ્ધાંતો બાંધી બેઠેલા હો છો, અને તેમને તમે અતિશય અગત્યનાં ગણો છો; ઘણુંખરું તો એમાં કેટલાક નીતિ પ્રતિપાદક સિદ્ધાંતોનું કે બોધનું જ અનુસરણ હોય છે. જેમકે "તારાં માતાપિતાને માન આપ" ("માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ,") "તું કોઈની હિંસા મા કર," ("અહિંસા પરમો ધર્મ:") વગેરે. દરેક માણસના મનમાં એક વિચારનો ફાંકો યા તો માનીતા વિચારનું તૂત હોય છે; દરેક માનવ પોતાની જાતને પૂર્વગ્રહથી મુક્ત ધારતો હોય છે, જ્યારે બીજા બધા તેને એકતરફી મતાગ્રહોમાં સપડાયેલા દેખાય છે. પોતે એવા મતાગ્રહોને તદ્દન ખોટા ગણતો હોય છે. પરંતુ દરેક માણસને એમ લાગે છે કે મારા મતાગ્રહો બીજાના જેવા નથી; એ તો સત્ય જ છે — નિર્મળ અને નર્યું સત્ય છે.

મનના ઘડેલા કોઇ પણ નિયમને માટે આસક્તિ હોવી એ માનવમાં હજી કોઇ પણ સ્થળે છૂપાઈ રહેલ અંધાપાની નિશાની છે. દાખલા તરીકે:— "સંન્યાસ અને આધ્યાત્મિકતા બન્ને એક જ વસ્તુ છે." એ આખી દુનિયામાં પ્રચલિત વહેમ વિષે વિચાર કરો. તમે કોઇ પુરુષને કે સ્ત્રીને આધ્યાત્મિક વ્યક્તિ તરીકે વર્ણવો, એટલે ખાધાપીધા વિના રહેનાર, આખો દિવસ બોલ્યાચાલ્યા વિના સ્થિર બેસી રહેનાર, તદ્દન કંગાલ હાલતમાં ઝૂંપડામાં વસનાર, જેણે પોતાનું સર્વસ્વ ત્યાગી દીધું છે, અને પોતાને માટે કાંઇ પણ રાખ્યું નથી એવું કાંઇક ચિત્ર સોમાંથી નવ્વાણું માણસોના મનમાં ખડું થાય છે. એ બિચારાઓને મન આધ્યાત્મિકતાની એક માત્ર સાબિતી ગરીબાઈ, અને પ્રિય લાગે કે સંતોષ આપે, એવી સઘળી વસ્તુથી દૂર રહેવું એટલી જ હોય છે. હવે આધ્યાત્મિક સત્યનું દર્શન અને તેનું અનુસરણ કરવા માટે મુક્ત થવું હોય તો ઉપર જણાવેલો વિચાર - ઘાટ ભાંગીને દૂર ફેંકી દેવો જોઇએ. નહિ તો, આ પ્રમાણે બની શકે: તમે આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવાની સાચી અભીપ્સાથી પ્રેરાઇને આવો તથા તમારી ચેતનામાં અને તમારા જીવનમાં તમારે ભગવાનને પ્રાપ્ત કરવો હોય. હવે બને એમ કે ભગવાનની શોધ કરતા કરતા તમે ઝૂંપડીમાં નહિ પરંતુ કોઈ બીજી જ જગાએ જઇ પહોંચો અને ત્યાં સુખી જીવન ગાળનાર, નીરાંતે ખાનારપીનાર, અને જેની આજુબાજુ સુંદર અથવા તો એશઆરામનું પોષણ કરનારી વસ્તુઓ છે એવા માનવ - પ્રભુનો તમને ભેટો થાય છે. એ પોતાની મિલકત ગરીબોને વહેંચી આપતા નથી, એટલું જ નહિ, પરંતુ લોકો તેમને જે કાંઇ આપે છે તે સર્વનો પોતે સ્વીકાર અને ઉપયોગ કરે છે. તમારા મને ઘડેલા પૂર્વગ્રહવાળા વિચારને પરિણામે તમે ભ્રમમાં પડી જાઓ

છો, અને બૂમ પાડી ઊઠો છો કે "આ શું છે? આમ કેમ?" "હું તો આધ્યાત્મિક માણસને મળવાની આશા રાખતો હતો." આ ખોટા મનોમય-ઘાટને ભાંગી નાખવાની અને તેનો વિલય કરવાની જરૂર છે. એક વાર એ બંધન તૂટશે એટલે તમારા સંન્યાસના સંકુચિત વિચાર કરતાં વધારે ઉચ્ચ એવું ધોરણ તમને મળી આવશે,— તમારા આખા અંતરને તદ્દન છૂટું કરી મૂકે એવી સંપૂર્ણ ઉન્મીલતા, એક પ્રકારની અંતરની મોકળાશ તમને લાગશે. જેથી તમારો આખો આધાર મુક્તિ અનુભવશે. તમને જે કાંઇ મળી આવે છે તેનો તમે સ્વીકાર કરો છો, અને એ જ વસ્તુ તમારો ત્યાગ કરે છે તો તે પણ સમાનભાવે રાજીખુશીથી સ્વીકારવામાં આવે છે; વસ્તુઓ આવે તો તેનો સ્વીકાર કરો છો, વસ્તુઓ જાય તો તમે તેમને જવા દો છો, અને સ્વીકાર કરતાં કે છોડી દેતાં સમતાભર્યું સ્મિત એકસરખું જ રહે છે.

અથવા તો "કોઇની હિંસા મા કર — અહિંસા પરમો ધર્મઃ" એ સુવર્ણ સૂત્ર તમે સ્વીકાર્યું છે, અને ક્રૂરતા તથા ખૂનામરકી પ્રત્યે તમને ઘૃણા થાય છે. એવી સ્થિતિમાં હિંસાથી ભરેલા વાતાવરણમાં તમે તુરત જ મૂકાઓ તો તમારે આશ્ચર્ય પામવાનું નથી; અને તે પણ એક વાર નહિ, પણ ફરીફરીને. ક્યાં સુધી? જ્યાં સુધી તમને એવું જ્ઞાન ન થાય કે તમે સ્વીકારેલો આદર્શ કેવળ માનસિક સિદ્ધાંત છે, સનાતન સત્ય નથી, અને આધ્યાત્મિક સત્યના જિજ્ઞાસુએ કોઇ પણ પ્રકારના મનના બાંધેલા નિયમ પ્રત્યે આસક્તિ રાખવી જોઇએ નહિ એ તમે સમજો ત્યાં સુધી એ ચાલુ રહેશે. એક વાર તમે એ બંધનથી મુક્ત થઇ ગયા, એટલે તમને દુઃખ આપનાર સઘળાં દૃશ્યો આશ્ચર્યકારક રીતે તમારી હાજરીમાં

બનતાં અટકી જશે ખરું જોતાં તમને દુ:ખ આપવા ખાતર અને મનોમય બંધનમાંથી તમને છૂટા કરવા માટે જ તે બનતાં હતાં.

જ્યારે ભગવાન પ્રત્યે વળો ત્યારે તમારા મનના ઘડેલા સઘળા વિચારોનો તમારે સંપૂર્ણ ત્યાગ કરવો જોઇએ; પરંતુ તેમ કરવાને બદલે ઉલટા તમે તમારા માનસિક વિચારોનો ભગવાન ઉપર અધ્યારોપ કરો છો, અને ભગવાન એ વિચારો પ્રમાણે વર્તે એવી માગણી કરો છો. માટીના નરમ લોચા જેવા આકારગ્રાહી થવું અને ભગવાનની ગમે તેવી આજ્ઞાને આધીન વર્તવા તયાર રહેવું એ યોગીને માટે સાચું વલણ છે. કશા વિના ન ચાલે એવું યોગીને હોય જ નહિ, કશું તેને પોતાને ભારે લાગે એમ પણ ન હોવું જોઇએ. જે લોકો આધ્યાત્મિક જીવન ગાળવાનો નિશ્ચય કરે છે તેમનો પ્રથમ આવેગ તેમની પાસે જે કાંઇ હોય તેનો ત્યાગ કરી દેવાનો હોય છે; પરંતુ તેઓ એમ કરે છે કારણકે તેઓ પોતાના ઉપર રહેલો બોજો ફેંકી દેવાનો ઉપાય શોધતા હોય છે, ભગવાનને સઘળું સમર્પણ કરવા માગે છે એમ નથી હોતું. જે લોકો પાસે ધન હોય છે અને એશઆરામ અને દબદબો અને ભોગવૃત્તિને સંતોષે એવા પદાર્થો જેમની આજુબાજુ હોય છે તેઓ જ્યારે પ્રભુ પ્રત્યે વળે છે કે તુરત જ તેમને એ બધી વસ્તુઓથી દૂર નાશી જવાની વૃત્તિ થાય છે; એ લોકો કહે છે તે પ્રમાણે, એમની ભાષામાં, “એ બધી વસ્તુઓની ગુલામીમાંથી મુક્ત થવાની” વૃત્તિ તેમને પ્રથમ થાય છે. પરંતુ એ અજ્ઞાન અને ભૂલભરેલી વૃત્તિ છે. તમારી પાસે જે મિલકત છે તે તમારી પોતાની છે એમ તમારે ધારવું જ ન જોઇએ; સઘળી વસ્તુઓ ભગવાનની છે. તમારે અમુક વસ્તુનો ભોગ કરવો જોઇએ એવી ભગવાનની ઇચ્છા હોય તો તેને

ભોગવો; પણ બીજી જ ક્ષણે, તેની એવી ઇચ્છા હોય તો, સ્મિત સહિત તેનો ત્યાગ કરવાને પણ તૈયાર રહેજો.

શારીરિક વ્યાધિઓ શું છે? તેઓ આપણી બહારથી આવતા વિરોધી શક્તિઓના હુમલા છે?

આ બાબતમાં બે વસ્તુઓ ધ્યાનમાં લેવાની છે. બહારથી આવનાર વસ્તુ પણ છે, તેમ જ તમારી આંતરસ્થિતિમાંથી આવનાર તત્ત્વ પણ છે. જ્યારે તમારા અંતરમાં વિરોધી, યા તો બળવો કરવાની વૃત્તિ હોય, યા તો તમારો કોઇ ભાગ ભગવાનનું આપેલું રક્ષણ લઈ શકતો ન હોય, ત્યારે તમારી અંતરસ્થિતિ વ્યાધિનું કારણ બને છે. કેટલીક વાર સાધકમાં એવું કાંઇક હોય છે કે જે પોતાની મરજીથી વિરોધી શક્તિઓને બોલાવે છે ત્યારે પણ આંતરસ્થિતિ માંદગી આવવાનું કારણ બને છે. તમારી અંદર આ ક્રિયા તદ્દન ઝીણી લહેર જેટલી હોય તો પણ માંદગી લાવવાને તે પૂરતી છે. કારણકે તેથી વિરોધી શક્તિઓ તમારા ઉપર ચઢી આવે છે, અને તેમનો હુમલો ઘણી વાર માંદગીનું રૂપ ધારણ કરે છે.

પરંતુ કેટલીક વાર સૂક્ષ્મ વ્યાધિ-જંતુઓને લીધે, નહિ કે યોગસાધનાની ક્રિયાના એક ભાગ તરીકે, માંદગી નથી આવતી?

યોગ ક્યાં શરૂ થાય છે અને તેનો છેડો ક્યાં આવે છે? તમારૂં આખું જીવન જ યોગ નથી શું? વ્યાધિની શક્યતા તો તમારા શરીરની અંદર અને તમારી આજુબાજુ હમેશાં આવી જ રહેલી છે; તમારી અંદર તથા તમારી આજુબાજુ દરેક જાતની માંદગીના જંતુઓ ટોળાબંધ આવી રહેલા છે. વર્ષો સુધી તમને નહિ થયેલા એવા એકાદ વ્યાધિના તમે શા માટે એકાએક ભોગ થઇ પડો

છો ? તમે કહેશો કે "પ્રાણશક્તિમાં ઓટ આવવાને લીધે એ પ્રમાણે થાય છે." પરંતુ એ ઓટ ક્યાંથી આવે છે ? અંતરમાં પ્રવર્તતી એક પ્રકારની બેસુરતામાંથી, અને ભગવાનની દિવ્યશક્તિનો પોતાનામાં સ્વીકાર કરવાની અશક્તિને પરિણામે તે આવે છે. તમને ટકાવી રાખનાર જ્યોતિ અને શક્તિના સંસર્ગમાંથી તમે દૂર થઇ જાઓ છો ત્યારે એ પ્રાણની ઓટ આવે છે, અને વૈદકશાસ્ત્ર જેને "વ્યાધિને અનુકૂળ સ્થિતિ" કહે છે તે ઉત્પન્ન થાય છે અને અદૃશ્ય દુશ્મનો એ પરિસ્થિતિનો લાભ લે છે. શંકા, નિરાશા, વિશ્વાસની ખામી, સ્વાર્થી સ્વ-કેન્દ્રિતવૃત્તિ વગેરે દિવ્ય જ્યોતિ અને શક્તિ જોડેની તમારી સંસર્ગ-દોરી કાપી નાંખે છે, અને તમારા ઉપર થનારા હુમલાને તક આપે છે. આવા પ્રકારની આંતરગતિ તમારી માંદગીનું કારણ હોય છે, જંતુઓ નહિ.

પરંતુ સામાન્ય જનતાનું આરોગ્ય સુધરેલી પદ્ધતિવડે સફાઈ રાખવાથી સારૂં થાય છે, એ ખરું કે નહિ ?

સામાન્ય જીવનમાં વૈદક અને આરોગ્યવિદ્યા બન્ને અનિવાર્ય જરૂરિયાતો છે, પરંતુ હું સામાન્ય જનના વિષે વાત નથી કરતી, હું સાધના કરનાર સાધક વિષે કહું છું. છતાં બધાને માટે પણ સ્વચ્છતા રાખવાની આરોગ્યની પદ્ધતિનો ગેરફાયદો તો હોય છે; તે એ કે તેને લીધે રોગ થવાની તક જેમ ઓછી થાય છે તેમ બીજી બાજુએ વ્યાધિનો વિરોધ કરવાની લોકોની સ્વાભાવિક શક્તિ પણ ઓછી થાય છે. હોસ્પિટલમાં આખો વખત જંતુઘ્ન દવાથી હાથ ધોનારા માણસોને ચેપ જલદી લાગે છે, તથા બીજાઓના કરતાં તેઓ જંતુઓ પ્રત્યે વધારે અસરગ્રાહી બની જાય છે. ઉલટ પક્ષે એવા લોકો પણ હોય છે કે જેઓ આરોગ્યવિદ્યા વિષે

કશું જ જાણતા નથી, અને જીવનમાં આરોગ્યવિદ્યાના નિયમોથી તદ્દન વિરુદ્ધ વર્તે છે, અને છતાં માંદગી વિનાના સાજાતાજા રહે છે. એમનું અજ્ઞાન જ તેમને મદદ કરે છે, કારણકે વૈદકશાસ્ત્રના જ્ઞાન સાથે વ્યાધિ થવાના, કે માંદગી આવવાના, ભયની સૂચનાઓ તેને થતી જ નથી. તો આ પણ ખરું છે કે આરોગ્યવિદ્યાની સ્વચ્છતા જાળવવાની ચેતવણીમાં તમારી શ્રદ્ધા તેમને સફળ બનાવે છે. તમે માનો છો કે "મેં જંતુનાશક દવાનો ઉપયોગ કર્યો છે એટલે હવે હું સલામત છું;" જેટલે અંશે એ વિચારમાં તમારી શ્રદ્ધા હોય છે તેટલે અંશે તે તમને સલામતી આપે છે.

તો પછી ગાળેલું પાણી જ પીવું જોઇએ એવી સ્વચ્છતાની સાવચેતી આપણે બધાએ શા માટે લેવી જોઇએ ?

તમારામાં સૂચનાને વશ ન થાય એવા શુદ્ધ અને બળવાન કોણ છે તે મને કહેશો ? તમે ગાળ્યા વિનાનું પાણી પીઓ અને ધારો કે "હું અશુદ્ધ પાણી પીઉં છું" તો ઘણેભાગે તમે માંદા પડવાના જ. અને તમારી જાગ્રત બુદ્ધિમાં એ સૂચના તમે ન આવવા દો તો પણ તમારી સમગ્ર અવચેતના એવાં સૂચનો પ્રત્યે નિષ્ક્રિયપણે ખુલ્લી પડી છે. સામાન્ય જીવનમાં અવચેતનાનું કાર્ય ઘણું જ અગત્યનું હોય છે, ચેતનાના જાગ્રત ભાગો કરતાં એ અવચેતના સેંકડોગણું વધારે સમર્થ કાર્ય કરે છે.

સાધારણ માણસની સ્થિતિ અંદરથી ભય અને બીકથી ભરેલી હોય છે. તમે દસ મિનિટ સુધી ઊંડા ઉતરીને તમારૂં સ્થૂલ મન તપાસી જોશો તો તમને જણાશે કે દશમાંથી નવ ભાગે તે ભયથી વ્યાપ્ત છે. નાનીમોટી, નજીકની, દૂરની, દશ્ય, અદશ્ય એમ જુદી-જુદી વસ્તુઓની બીક તેને હોય છે; અને તમારી જાગ્રત અવ-

સ્થામાં તમને તે જણાતી નથી, છતાં પણ આખો વખત તે હાજર હોય છે. સતત પ્રયત્ન અને આત્મનિયમનને પરિણામે જ ભયથી સંપૂર્ણ મુક્તિ મળી શકે છે.

હવે નિયંત્રણ અને પ્રયત્નવડે તમે તમારા મન અને પ્રાણને સર્વ પ્રકારના ભયથી મુક્ત કર્યાં હોય તો પણ સ્થૂલદેહને એ મુક્તિ આપવી ઘણી મુશ્કેલ છે. પરંતુ તે પણ કરવાનું છે. એક વાર યોગ-સાધનાનો માર્ગ તમે લીધો એટલે તમારે ભયનો તો ત્યાગ કરી દેવો જોઇએ; મનના, પ્રાણના અને શરીરના પૂટેપૂટમાં રૂંવેરૂંવે, રહેલ સ્થૂલ શારીરિક ભયનો પણ તમારે સમૂળો ત્યાગ કરવાનો છે. યોગ-સાધનામાં જે કાંઇ ફટકા તમને પડે છે તેનો એક હેતુ તમારા-માંથી સર્વ પ્રકારના ભયને દૂર કરવાનો પણ છે. ભયનાં કારણો ફરીફરીને તમારા પર ધસારો કરે છે તે ક્યાં સુધી ? જ્યાં સુધી તેમની સામે તમે મુક્ત, ઉદાસીન, અનાસક્ત અને શુદ્ધ થઇને ઊભા ન રહી શકો ત્યાં સુધી જ. કોઇને દરિયાની બીક હોય છે, કેટલાકને અગ્નિનો ભય હોય છે. જેમને આગની બીક હશે તેમને ઘણી વખત જણાશે કે જ્યાં સુધી તેમના સ્થૂળ દેહનો પૂટ સરખો પણ આગના ભયથી કંપે નહિ એવી સ્થિતિ તેઓ મેળવતા નથી ત્યાં સુધી તેમને આગના અનુભવો થયા જ કરે છે. તમને જેની પુષ્કળ ઘૃણા હોય છે તે તમારી ઘૃણા દૂર થાય ત્યાં સુધી આવ્યા જ કરે છે. જેને પોતાની પ્રકૃતિનું રૂપાંતર કરવું છે, અને સાધનાનો માર્ગ અનુસરવો છે, તેણે તો કેવળ ભયમુક્ત થયે છૂટકો છે. ગમે તે થઇ જાય તો પણ પોતાની પ્રકૃતિનાં સર્વ કરણોમાં અલિપ્ત રહીને તેણે અક્ષુબ્ધતા પ્રાપ્ત કરવી જોઇએ.

*

વાર્તાલાપ આઠમો

જો આપણી તપઃશક્તિ એ વિરાટ તપઃશક્તિનો જ આવિર્ભાવ હોય, યા તો તેનો જ પડઘો હોય, તો પછી આરંભ કરવાની વ્યક્તિની શક્તિને સ્થાન જ ક્યાં રહે છે? વ્યક્તિ શું વિરાટની ક્રિયાની નોંધ લેનાર કેવળ યંત્ર માત્ર છે? એનામાં સર્જન કરવાની શક્તિ મુદ્દલ જ નથી?

એ બધાનો આધાર તમે કયા દૃષ્ટિબિંદુથી, કઈ ભૂમિકા ઉપરથી જગત પ્રત્યે જુઓ છો, ક્યાંથી તમે બોલો છો, યા તો તમારા અંતઃકરણના કયા ભાગમાંથી તમે કાર્ય કરો છો તેના ઉપર છે.

ચેતનાની એક ભૂમિકા ઉપરથી જોતાં વ્યક્તિ કેવળ એક હથિયાર યા તો નોંધ લેનાર યંત્ર જ કેવળ નહિ, પરંતુ ઉત્પાદક યાને સૃષ્ટા પણ દેખાશે. પરંતુ ચેતનાના જુદા અને ઉચ્ચતર સ્તર ઉપરથી જુઓ તો તમને જણાશે કે વ્યક્તિત્વ એક દેખાવ માત્ર છે, આભાસ રૂપ છે. વિરાટની ગતિમાં જે કાંઈ બને છે તે આગળ બનેલી સઘળી ઘટનાઓના પરિણામ રૂપ હોય છે. વિરાટના આવિર્ભાવની સમગ્ર લીલામાંથી તમે એક વ્યક્તિને, યા તો ગતિઓના સમગ્ર સરવાળામાંથી એક ગતિને કેવી રીતે જુદી પાડશો? કોઈ પણ વસ્તુનું મૂળ યા તો તેનો આરંભ તમે ક્યાં આગળ સ્થાપન કરો છો? સમગ્ર લીલા વિરાટની દૃઢ સાંકળ જેવી છે; તેનો એકેક આંકડો ન દેખાય તેવી રીતે બીજામાં જડાયેલો છે. કોઈ પણ એક ભાગને સાંકળથી છૂટો પાડી શકાય તેમ નથી, યા તો તે પોતે

જ પોતાનું મૂળ કે આદિ હોય તે પ્રમાણે આપણે તેની સમજૂતી આપી શકતા નથી.

અને ગતિનો કે ક્રિયાનો આરંભ વ્યક્તિ કરે છે, યા તો તેને તે ઉત્પન્ન કરે છે કે સરજે છે, એમ તમે કહો છો ત્યારે તમે શું કહેવા માગો છો ? વ્યક્તિ જે કાંઈ ઉત્પન્ન કરે છે તે સઘળું પોતાનામાંથી, યા તો અભાવાત્મક શૂન્યમાંથી જાણે ઉપજાવી કાઢતી હોય તે પ્રમાણે કરે છે ? કોઈ પણ પ્રાણી એ પ્રમાણે એક વિચાર, એક ભાવ, એક કર્મ કે કાંઈ પણ બીજું ઉત્પન્ન કરી શકે તો તે આખી દુનિયા પણ સરજી શકે.

પોતાની મૌલિક ચેતનામાં ડૂબકી મારીને સર્વ પદાર્થના મૂળ રૂપ જે મહાન સર્જક-ચેતના તેમની પાછળ આવી રહેલી છે તેમાં પ્રવેશ કરે તો જ વ્યક્તિ સૃષ્ટા અને વિધાયક થઇ શકે. સર્વ ગતિના આદિકારણ રૂપ જે એક માત્ર ચેતના-શક્તિ જગતમાં કાર્ય કરે છે તેની સાથે અદ્વૈત કરે તો જ વ્યક્તિ ગતિનો આરંભ કરી શકે છે.

ચૈતન્યની ભૂમિકાઓ ઘણી છે, અને એક ભૂમિકા ઉપરની ભવિતવ્યતા બીજીથી જુદી હોય છે. એટલે જ્યારે તમે સર્જક – વ્યક્તિ કે વિધાયક – વ્યક્તિ વિષે બોલો છો, ત્યારે તેની ચેતનાનો કયો ભાગ તમારી નજરમાં હોય છે ? કારણકે વ્યક્તિ અનેક વિભાગોની બનેલી સંકુલ સત્તા છે. તેના ચૈત્ય-પુરુષ વિષે, યા તો તેની મનોમય, પ્રાણમય કે સ્થૂલ શારીરિક ભૂમિકા વિષે બોલો છો ? કોઇ પણ ગતિના અદૃશ્ય, ઇંદ્રિયાતીત, આદિમૂળ અને જગતમાં તેના આવિર્ભાવની,– એટલે કે વ્યક્તિમાં થઈને તે પ્રકટ થાય એની – વચ્ચે મધ્યાવસ્થાઓ અને બીજી પણ ઘણી અવસ્થાઓ રહેલી છે. અને તે દરેકમાં

પસાર થતાં મૂળ ગતિમાં ઘણા વિકારો, ફેરફારો થવાનો સંભવ પણ હોય છે. આ વચલી ભૂમિકામાં થતા ફેરફારોને લીધે માનવને નવીન સર્જન કરવાની ભ્રમણા પેદા થાય છે, ક્રિયાના નવીન આરંભનું ભાન થાય છે. પાણીમાં તમે એક લાકડીનો થોડો ભાગ બોળો તેના જેવી એ ઘટના છે; તમે લાકડીને જુઓ તો છો, પણ વાસ્તવિક સીધી નહિ, પણ ખૂણો કરતી. અને છતાં એ ખૂણો કરતી લાકડી કેવળ ભ્રમ છે, તમારી દૃષ્ટિએ ઉત્પન્ન કરેલો વિકાર છે; જે ખૂણો તમે જુઓ છો તે સુદ્ધાં ખરો – વાસ્તવિક – નથી.

પ્રત્યેક વ્યક્તિ-ચેતના વિષે તમે કહી શકો કે વિરાટની અનંત ગતિમાં દરેક વ્યક્તિ, એક દૃષ્ટિએ, આપણે "વ્યક્તિની વિકૃતિ" અને બીજી દૃષ્ટિએ તેની "ગતિનો વિશિષ્ટ ગુણ" કહી શકીએ એવો ફાળો આપે છે. આ વ્યક્તિગત ક્રિયાઓ દિવ્ય ભાગવત ગતિની લીલાના જ ભાગ હોય છે; એ પોતે કાંઈ ગતિના મૂળ રૂપ નથી હોતી, એ અંગત ક્રિયાઓ એટલે આખા વિશ્વ સમગ્રમાં જેમનું મૂળ આવી રહેલું છે તેવી ક્રિયાઓનું રૂપાંતર પામેલું સ્વરૂપ.

દ્વૈતની ભાવના સર્વત્ર વ્યાપેલી જણાશે, પરંતુ તે એક ભ્રમ છે. જો સત્ય-ચેતનામાં આપણે પ્રવેશ કરવો હોય તો, એ અસત્ય ભાવને આપણે મિટાવી દેવો જોઇએ. માનવનું મન જગતને નાના નાના ટુકડામાં વહેંચી નાંખે છે. મન કહે છે કે, "અહીં આ પદાર્થ શરૂ થાય છે, પણે પેલો પૂરો થાય છે," અને એ ટુકડા કરવાની ક્રિયાને પરિણામે વિરાટની સમગ્ર ગતિમાં તે વિકાર લાવે છે. ખરું જોતાં સદા સનાતન કાળથી ઉકલી રહેલા આ વિશ્વપટ રૂપે એક સર્વગ્રાહી, વિશ્વવ્યાપી, સર્વધારક ચેતનાનો જ મહાન પ્રવાહ વહી રહેલો છે. આપણા જગતમાં જે કાંઇ છે તે સર્વની

પાછળ એ સત્ય કાર્ય કરી રહેલું છે; પરંતુ તમારાથી એ સત્યને ઢાંકી દેનાર દ્વૈતનો ભ્રમ પણ હોય છે, એટલે કે સર્વ ગતિઓ પોતપોતાને એકબીજાથી છૂટી માનવાની ભ્રમણા સેવે છે, દરેક ગતિ પોતે સ્વયંભૂ છે, પોતાનામાં સ્થિત છે, અને પોતાને માટે જીવન ધારણ કરે છે એમ માને છે; પોતે આખા વિશ્વથી જુદી છે, છૂટી છે એમ ગણે છે. એમને એવો ભાસ થાય છે કે તેમનું પરસ્પર કાર્ય અને પ્રતિકાર્ય કેવળ બાહ્ય છે, જાણે કે દરેક ગતિ એકબીજાથી જુદી, એકબીજાની સામે – સન્મુખ – આવી રહેલ, પરંતુ કોઇ પણ જાતના સંસર્ગ,– સિવાય કે દૂર અંતરે આવી રહેલ બાહ્ય સંબંધ,— વિનાની જુદી દુનિયા જ ન હોય ! પ્રત્યેક ગતિ પોતાની જાતને જુદી વિશિષ્ટ વ્યક્તિ ગણે છે, અને પોતાને સ્વતંત્ર અસ્તિત્વનો હક છે એમ માને છે. આ દ્વૈત ભાવનો ભ્રમ વિરાટની લીલાના એક ભાગ તરીકે રહેવા દેવામાં આવેલ છે, કારણકે એકમાત્ર દિવ્યચેતના સંપૂર્ણપણે બહિર્મુખ થાય અને પદાર્થ સ્વરૂપ બને તથા પોતાનાં રૂપોને તે નિશ્ચિત બનાવે એ જરૂરનું હતું. પરંતુ ભૂતકાળમાં એ ભ્રમને ચાલવા દીધો તેનો અર્થ એવો નથી થતો કે એ દ્વૈત ભાવનો ભ્રમ હમેશાં ચાલુ રહેવો જોઇએ.

મોટા ભાગના માણસો વિરાટની અનંત લીલામાં અજ્ઞાન હથિયાર રૂપ હોય છે, એવા પાત્રો કાંઇ પણ જાણતા નથી, એમને તો યાંત્રિક ઢીંગલીની પેઠે કર્મમાં પ્રવૃત્ત કરવામાં આવે છે. બીજા કેટલાક હોય છે તેઓ સચેતન હોય છે. તેઓ પોતે નાટક ભજવે છે એમ સમજીને પોતાનો પાઠ ભજવે છે. કેટલાક માણસોને વિરાટની ગતિનું સંપૂર્ણ જ્ઞાન હોય છે, અને તેઓ તેની સાથે તથા ભાગવત ચેતના સાથે પોતાનું અદ્વૈત અનુભવે છે, અને છતાં જાણે કે

પોતે જુદા હોય, સમગ્રનો ભાગ હોય એ પ્રમાણે વર્તવાને અનુમતિ આપે છે. એ અજ્ઞાન અને સંપૂર્ણ જ્ઞાનભરી બે દશાઓ વચ્ચે ઘણી અંતરાવસ્થાઓ, ઘણાં પગથિયાં, આવી રહ્યાં છે,–વિરાટની લીલામાં ભાગ લેવાના ઘણા પ્રકાર છે.

અજ્ઞાનભરી એક દશામાં તમે કર્મ કરો છો અને તે કરવાનો નિર્ણય તમે જાતે કર્યો છે એમ માનો છો. એના કરતાં ઓછા અજ્ઞાનવાળી અવસ્થામાં તમે કર્મ કરો છો, પરંતુ તમે તે કરવાને પ્રેરાઓ છો, તમને તે કરવાની ફરજ પડે છે એમ જાણીને તમે કરો છો, પરંતુ શા માટે, કેવી રીતે, એ તમે જાણતા નથી. ચેતનાની એવી અવસ્થા પણ છે કે જેમાં તમે પૂરેપૂરા જાગ્રત હો છો, કારણકે તમારાદ્વારા કઈ વસ્તુ કાર્ય કરી રહી છે તેનું તમને ભાન થાય છે, તમે તેના કેવળ કરણ માત્ર છો એ તમે જાણો છો, તથા તમારા કર્મનો હેતુ તથા પદ્ધતિ પણ તમે જાણતા થાઓ છો. "હું જ મારા કર્મનો કર્તા છું" એવી અજ્ઞાનભરી દશા તમારા વિકાસ માટે જ્યાં સુધી ઉપયોગી હોય છે ત્યાં સુધી જ ચાલે છે. પરંતુ જેવા ઊર્ધ્વ ચેતનાની ભૂમિકામાં જવાને તમે અધિકારી બનો છો કે તુરત તમે એક દિવ્યચેતનાના કરણ માત્ર છો એમ તમે અનુભવો છો. ત્યાર પછી તમે એક ડગલું આગળ વધો છો અને તમારી ચેતના વધારે ઉચ્ચ ભૂમિકાને પ્રાપ્ત થાય છે.

જેમ પ્રાણની ભૂમિકામાં વિરોધી શક્તિઓ હુમલા કરે છે તેમ મનોમય ભૂમિકામાં બને છે ખરું ?

એ પ્રશ્નનો ચોક્કસ ઉત્તર આપવા માટે કેટલીક સમજૂતીમાં ઊતર્યા વગર ચાલે તેમ નથી અને હાલ તુરત એ બધામાં ઊતરવું બની શકે તેમ નથી.

મન એ ચેતનાની ગતિનો એક પ્રકાર છે; પરંતુ મનની પોતાની ગતિના પાછા અનેક પ્રકારો છે, તેના ઘણા સ્તરો પણ છે. તેઓ એકબીજાનો સ્પર્શ કરે છે, અને એકબીજામાં પ્રસરે છે. વળી આપણે જેને "મન" કહીએ છીએ તેની ગતિ ચેતનાના બીજા – મન સિવાયના – સ્તરોમાં પણ પેસે છે. મનોમય ભૂમિકામાં પણ જુદી જુદી અધિત્યકાઓ,– ચઢતાઊતરતી ભૂમિકાઓ રહેલી છે. એ બધી મનોમય ભૂમિકાઓ અને મનોમય શક્તિઓ અન્યોન્યાશ્રયી છે; અને છતાં તેમની ગતિના ગુણમાં ભેદ રહેલા છે, અને સ્પષ્ટતા-ની ખાતર આપણે તેમને એકબીજાથી જુદી પાડવી જોઇએ. ઉદા-હરણ તરીકે:– ૧. ઊર્ધ્વ મનોમયકોષ, ૨. મધ્યવર્તી યાને અંત-રાલમાં આવેલ મનોમય સ્તર, ૩. સ્થૂલ – મન, અને ૪. છેક "પાર્થિવ મન" એવા વિભાગ પાડી શકીએ; એ સિવાય પણ બીજા ઘણા ભેદો મનોમય ભૂમિકાના પડી શકે તેમ છે.

હવે પ્રાણમય ભૂમિકાથી ખૂબ ઊંચે અને તેની અસરથી તદ્દન અલિપ્ત એવી મનોમય ભૂમિકાઓ છે; ત્યાં આગળ વિરોધી સત્ત્વો કે શક્તિઓ છેજ નહિ. પરંતુ બીજી એવી ભૂમિકાઓ છે, અને ઘણી છે, જેમાં પ્રાણમય સત્ત્વોની અસર પ્રવેશ કરી શકે છે અને તેમનો સ્પર્શ કરી શકે છે. વિશુદ્ધ મનના કરતાં આપણે જેને સ્થૂળ-મન,– સ્થૂળ જગતમાં આવી રહેલી મનોમય ભૂમિકા,– કહીએ છીએ તેનું બંધારણ અને ગતિ એ બન્નેમાં, વિશુદ્ધ મનમાં હોય છે તેના કરતાં, પાર્થિવ તત્ત્વ વધારે હોય છે અને તે પ્રાણમય જગતની અને વિરોધી શક્તિઓની પ્રબળ અસર તળે હોય છે. આ સ્થૂળ – મન ઘણુંખરું પ્રાણમય ચેતનાના નિમ્નસ્તર જોડે અને તેની ગતિ સાથે મેળમાં હોય છે; જ્યારે નિમ્ન – પ્રાણ અમુક અમુક

કામનાઓ કે વાસનાઓ પ્રકટ કરે છે ત્યારે મનનો એ પાર્થિવ, સ્થૂળ, ભાગ તેની મદદે આવીને તેમને સકારણ ઠેરવે છે, અને લાંબી લાંબી સમજૂતી અને કારણોની નોંધ યા તો બહાનાં આપીને તેમને સકારણ ઠેરવે છે અને ટેકો આપે છે. મનોમય ભૂમિકાનો આ ભાગ પ્રાણમય લોકમાંથી આવતી સૂચનાઓ પ્રત્યે સૌથી વધારે ખુલ્લો હોય છે; અને એના ઉપર જ વિરોધી શક્તિઓ સૌથી વધારે વખત હુમલા લાવે છે. પરંતુ આપણામાં ઊર્ધ્વ – મનોમય ચેતના પણ હોય છે જે નિઃસ્વાર્થ વિચારોના અને પ્રકાશિત પરિકલ્પનાના પ્રદેશમાં કાર્ય કરે છે, તે રૂપ-નિર્માણ પણ કરે છે; મનની આ ભૂમિકા પ્રાણના આવેગોને સાથ આપતી નથી. નિશ્ચિત રૂપમાં મૂકાતાં પહેલાં વિશુદ્ધ વિચારો જેમાં રહે છે એવો મનોમય પ્રદેશ પણ છે; એ પ્રદેશ પ્રાણની ગતિથી તથા વિરોધી શક્તિઓની અસરથી તદ્દન મુક્ત હોય છે કારણકે તે તેમનાથી ઘણી ઊંચે છે. એ ઊર્ધ્વ માનસિક પ્રદેશમાં પરસ્પરવિરોધિ ગતિઓ કે ગતિઓનો હોય, સત્યની સાથે મેળમાં ન હોય એવાં, તથા પરસ્પર અથડાતાં મનોમય રૂપો પણ હોય એ શક્ય છે. પરંતુ ત્યાં પ્રાણની મુશ્કેલી હોતી નથી, ત્યાં ખરી રીતે વિરોધી કહી શકાય એવું કાંઈ પણ હોતું નથી. સાચી તત્ત્વદર્શિતામાં, ચિંતનમાં, નવી શોધકતામાં તથા મનોમય રૂપનું નિર્માણ કરવામાં રસ લેનાર માનસિક ચેતના તથા હજી સુધી પ્રકાશમાં નહિ મૂકાયલા એવા વિશુદ્ધ વિચારોનો માનસિક પ્રદેશ એ નિમ્ન અસરથી અને તેના હુમલાઓથી મુક્ત હોય છે. પરંતુ આ ઉપરથી એમ માની લેવાનું નથી કે મનોમય પ્રદેશની ક્રિયાઓનું અને પ્રવૃત્તિઓનું અનુકરણ થઈ શકતું નથી, યા તો ઘણા જ વિશાળ વિસ્તારમાં કાર્ય કરવાને સમર્થ, ઊર્ધ્વ ભૂમિકામાં જેમનું મૂળ છે એવી – અત્યાર સુધી

કરેલી વિરોધી શક્તિઓથી જુદી જ – વિરોધી શક્તિઓ એનાં સર્જનોનો દુરુપયોગ કરી શકે નહિ.

ચૈત્ય લોકની સ્થિતિ કેવી હોય છે? અને વિરોધી શક્તિઓ અને ચૈત્ય – ભૂમિકા વચ્ચે કેવા પ્રકારનો સંબંધ હોય છે?

ચૈત્ય લોક અર્થાત્ અંતરાત્માની ભૂમિકા, એટલે ભગવાનની દિવ્યચેતનાની સીધેસીધી અસર તળેની ભૂમિકા. વિરોધી શક્તિઓની રજ માત્ર અસર ત્યાં પહોંચી શકે તેમ નથી. એ ભૂમિકા એટલે સંવાદમય જગત. એમાં સઘળું જ્યોતિથી જ્યોતિ પ્રત્યે, પ્રગતિથી પ્રગતિ પ્રત્યે પ્રયાણ કરે છે. ચૈત્ય-ભૂમિકા એ ભગવાનની ચેતનાનું રહેઠાણ છે,– વ્યક્તિમાં રહેલ દિવ્ય પુરુષને રહેવાનું સ્થાન છે. આપણા પ્રત્યેકની અંદર રહેલ ભગવદ્-અંશ, ક્રમે ક્રમે, પોતાની પ્રત્યક્ષ હાજરીને પરિણામે, જ્યોતિનું, સત્યનું,– જ્ઞાન, સૌન્દર્ય તથા સંવાદનું જે કેન્દ્ર આપણામાં સ્થાપન કરે છે તે આપણો ચૈત્ય-પુરુષ છે. ચૈત્ય-પુરુષ ભગવત ચેતનાનો જ અંશ છે. તેના ઉપર ભગવત ચેતનાની જ અસર થાય છે, તે ભગવાનને લીધે જ અસ્તિત્વમાં આવે છે અને ગતિ કરે છે. તમારી દરેકની અંદર આવી રહેલ અંતરાત્મા સાથે, તમારામાં જે ભગવદ્-અંશ રહેલો છે તેની સાથે સંબંધ સ્થાપન કરવા માટે તમારે એ અંતરાત્માને શોધી કાઢવો જોઇએ. ભગવાનની દિવ્યચેતના અને તમારી સાધારણ ચેતના એ બેને જોડનારી કડી ચૈત્ય-પુરુષ છે; યોગિક જીવનને,– આંતર આધ્યાત્મિક જીવનને, તૈયાર કરનાર પણ ચૈત્ય-પુરુષ છે. બાહ્ય પ્રકૃતિમાં ભગવત તપઃશક્તિનાં નિયમ અને શાસન તથા તેનો અનુક્રમ તે જ પ્રકટાવે છે. તમારી બહિર્મુખ ચેતનામાં આ

અંદર રહેલા ચૈત્ય-પુરુષનું ભાન જાગ્રત કરીને તેની સાથે તમે એકતા સાધી શકો, તો તમે શુદ્ધ સનાતન ચેતનાને પ્રાપ્ત કરી શકો, અને તેમાં જીવન ધારણ કરી શકો. સામાન્ય માનવ જેમ સતત અજ્ઞાનનો પ્રેર્યો કર્મમાં પ્રવૃત્ત થાય છે તેમ થવાને બદલે તમારી પોતાની અંદર સનાતન જ્યોતિની તથા જ્ઞાનની હાજરી આવી રહેલી જણાશે. તમે તેને આત્મસમર્પણ કરશો, સમગ્ર ભાવે તેને જ તમે નિવેદિત થશો, અને સઘળી ક્રિયામાં તેની પ્રેરણા-વડે જ પ્રેરાશો.

કારણકે ચૈત્ય-પુરુષ એટલે ભગવાનને સમર્પિત થઇ ગયેલો તમારો પોતાનો અંતરાત્મા. અંદરથી ક્રમે ક્રમે બહાર પ્રસરતી, અને છેવટે તમારી સૌથી સ્થૂળ પાર્થિવ ભૂમિકાની સીમા સુધી પહોંચી વળતી તે અંતરાત્માની અસર જ તમારી સમગ્ર પ્રકૃતિનું રૂપાંતર સાધી શકશે. ચૈત્ય-ભૂમિકામાં તમોગ્રસ્તતાને – જડતાને – સ્થાન જ નથી. એ તો તમારો જ્યોતિર્મય ભાગ છે. માનવજાતિના મોટાભાગને આ ચૈત્ય-પુરુષના અસ્તિત્વની ખબર હોતી નથી; ચૈત્ય-પુરુષની ચેતના પ્રત્યે તમને જાગ્રત કરવા એ યોગસાધનાનો પ્રયત્ન હોય છે. એમ કરવાથી તમારી પ્રકૃતિનું રૂપાંતર કરવાની ક્રિયા સેંકડો વર્ષોના ગાળામાં ધીમી ગતિએ સિદ્ધ થવાને બદલે એક જીવનમાં, યા તો થોડાં વર્ષોમાં, સિદ્ધ કરી શકાય.

મૃત્યુ પછી પણ ટકી રહેનાર જે ભાગ તે ચૈત્ય-પુરુષ છે, કારણકે એ આપણા "હું"નું સનાતન સ્વરૂપ છે; જન્મજન્માંતરો-માં એ ચૈત્ય-પુરુષ જ ચેતનાને આગળ લઇ જાય છે.

તમારી અંદર જે વાસ્તવિક દિવ્ય વ્યક્તિત્વ છે તેનું સ્વરૂપ ચૈત્ય-પુરુષ છે; કારણકે તમારૂં વ્યક્તિત્વ એટલે અસંખ્ય

રૂપોદ્વારા થઇ રહેલા ભગવાનના આવિર્ભાવનો તમારાદ્વારા સધાતો એક વિશિષ્ટ પ્રકાર,– અને તમારી અંદર દિવ્ય ભાગવત ચેતના જે વિશિષ્ટ – રૂપ લે છે એ જ તમારો ચૈત્ય-પુરુષ. પરંતુ તમારી પ્રકૃતિના બીજા ભાગોમાં વ્યષ્ટિ અને સમષ્ટિ – વ્યક્તિ અને વિરાટ – વચ્ચે જે ભેદ હોય છે તેવો ચૈત્ય-પુરુષમાં હોતો નથી. તમને ત્યાં આગળ તમારૂં વ્યક્તિત્વ તમારો પોતાનો આવિર્ભાવ કરવાનો એક વિશિષ્ટ પ્રકાર છે એવું સમજાય છે, પરંતુ સાથે, વિરાટ ચેતનાની જ સ્થૂળ પાર્થિવ સ્વરૂપે તે અભિવ્યક્તિ કરે છે એમ પણ તમે જાણો છો. તમારી પોતાની જાતનો જ એક ભાગ લઇને તમે તમારી સમક્ષ મૂકો અને બે વિભાગો પરસ્પર જુએ, અને બન્ને વચ્ચે લીલા ચાલે તેના જેવું કાંઇક ચૈત્ય-પુરુષ અને વિરાટ વચ્ચે બને છે. આ દ્વૈતની જરૂર હતી,– સ્થૂળ પદાર્થતત્ત્વ રૂપે ચેતનાને સ્થિર કરીને એવી ચેતનાઓ વચ્ચે પરસ્પર સંબંધ ઉત્પન્ન અને સ્થાપન કરવા માટે અને તેની આનંદનો અનુભવ લેવા માટે તેની જરૂર હતી. પરંતુ તમારા ચૈત્ય-પુરુષમાં જઇને તમે જુઓ છો ત્યારે સર્વ વસ્તુઓને એકબીજાથી જુદી પાડનાર ભેદભાવ તમને કેવળ ભ્રમ લાગે છે, કેવળ આભાસ જ જણાય છે.

આધ્યાત્મિક અને ચૈત્ય-ભૂમિકામાં ભેદ છે ખરો ? એ બે ભૂમિકા જુદી જુદી છે ?

-હા. ચૈત્ય-ભૂમિકા વ્યક્તિગત આવિર્ભાવની ભૂમિકા છે; ચૈત્ય-પુરુષ એટલે વિરાટ-લીલામાં સક્રિય શક્તિ તરીકે ભાગ લેવા માટે ઉત્પન્ન કરેલ વ્યક્તિમાં રહેલ ભગવાનનો પોતાનો અંશ. પરંતુ જ્યારે આપણે આધ્યાત્મિક ભૂમિકા વિષે બોલીએ છીએ, ત્યારે ભગવાનની પોતાની દિવ્ય ચેતનામાં કેન્દ્રિભૂત થયેલ ચેતનાનો વિચાર

કરીએ છીએ, જગતમાં થતા તેના આવિર્ભાવનો નહિ. આધ્યાત્મિક ભૂમિકા નિષ્ક્રિય છે અને વિશ્વની લીલાની પાછળ, અને તેનાથી ઊર્ધ્વમાં, આવી રહેલી છે; પ્રકૃતિનાં કરણોને એ ભૂમિકા ટેકો આપે છે, પરંતુ આપણી પૃથ્વી ઉપરનાં આવિર્ભાવમાં તે ભાગ લેતી નથી, યા તો તેની અંદર આવી જતી નથી.

પરંતુ આ બધી બાબતો વિષે બોલતાં જે શબ્દોનો આપણે ઉપયોગ કરતા હોઇએ તેનાથી બંધાઇ જવું ન જોઇએ એ ધ્યાનમાં રાખવાનું છે. જ્યારે હું "ચૈત્ય" કે "આધ્યાત્મિક" ભૂમિકા વિષે બોલું છું ત્યારે પાર્થિવ જગતની કેવળ શુષ્ક સપાટીની પાછળ ઘણા જ ઊંડાણમાં આવી રહેલ વાસ્તવિક અને મૌલિક વસ્તુઓ વિષે હું વાત કરું છું, અને એમની વચ્ચે ભેદ છે છતાં પણ એ બન્ને પરસ્પર ગાઢ સંબંધથી જોડાયલી છે એ ભૂલવું ન જોઇએ. વસ્તુઓમાં રહેલ વાસ્તવિક સત્ય પકડવા માટે બુદ્ધિની વ્યાખ્યાઓ અને તેના ભેદો ઘણા જ બહિર્મુખ અને અક્કડ હોય છે અને છતાં એકબીજા જોડે વાતચીત કરવાનો અભ્યાસ હોય તો ઠીક છે, નહિ તો દરેકે દરેક શબ્દની વ્યાખ્યા કરવામાં આવે તો જ માણસો એક બીજાને સમજી શકે છે. જ્યારે વાત કરનારના મનનો એટલે સુધી મેળ જામેલો હોય કે બન્નેની સાહજિક પરસ્પર સમજૂતીને ટેકો આપવા માટે જ શબ્દો વપરાય; અને ડગલે ને પગલે તમે જે કાંઇ બોલતા હો તેની સમજૂતી આપવાની જરૂર ન પડે એ પરિસ્થિતિ વાતચીત કરનારને માટે આદર્શ ગણી શકાય. એવા એ માણસો સાથે વાત કરવાનો ફાયદો એ છે કે બન્નેના મન વચ્ચે એક પ્રકારનો મેળ – યાને સંવાદ – જામી જાય છે, અને જે શબ્દો બોલવામાં આવે છે તેનો અર્થ બન્નેના મનમાં પરસ્પર એકદમ સોંસરો ઊતરી જાય છે.

નિશ્ચિત રૂપ વગરના વિશુદ્ધ વિચારોની બનેલી એક ભૂમિકા છે; અને શબ્દની પાછળ જે સત્ય છે તેને ગ્રહણ કરવા માટે તે ભૂમિકામાં તમારે પ્રવેશ કરવો જોઇએ. જ્યાં સુધી સમજવા માટે તમારે શબ્દના રૂપ ઉપર આધાર રાખવો પડે છે ત્યાં સુધી સાચા અર્થની બાબતમાં ભૂલ થવાનો ઘણો સંભવ છે; પરંતુ મનની ગંભીર નીરવતામાં જે ભૂમિકા ઉપરથી વિચારો નીચે ઉતરીને રૂપ ધારણ કરે છે, તેને તમે પ્રાપ્ત કરો તો એકદમ તમે સમજી શકશો. એકબીજાને ખાત્રીપૂર્વક સમજવા માટે તદ્દન મૌનમાં પરસ્પર સમજવાની શક્તિ મેળવવી જોઇએ. એવું પણ બને છે કે બે મનનો પરસ્પર મેળ એટલો તો સંપૂર્ણપણે બેસે છે, તેઓનાં મન એટલાં તો સંવાદી હોય છે કે એકના મનમાં આવેલો વિચાર શબ્દની જરૂર વિનાજ સામાના મનમાં ઉદ્ભવે. પરંતુ પરસ્પર મનનો ઉપર જણાવ્યો તેવો મેળ ન હોય તો તમારા શબ્દોના અર્થમાં, તેમની સમજૂતીમાં કાંઇને કાંઇ વિકાર થઇ જવાનો સંભવ છે, કારણકે તમે જે કાંઈ બોલો છો તેને સામા માણસનું મન પોતાનો અર્થ આપીને સમજે છે. ઉ. ત. એક શબ્દનો પ્રયોગ હું અમુક અર્થમાં કે અર્થની અમુક છાયા દર્શાવવા કરું છું; તમને તે શબ્દનો જુદો જ, તેની જુદી જ છાયાનો અર્થ કરવાનો અભ્યાસ છે; આમ હોય તો એ શબ્દ મારા અર્થમાં સમજવાને બદલે તમે જે અર્થ તેમાં મૂકતા હશો તેજ સમજશો એ સ્પષ્ટ છે. આ સત્ય કેવળ માણસ જે સાંભળે છે તેને એટલે કે વાચાને જ નહિ, પરંતુ વાચનને સુદ્ધાં લાગુ પડે છે. કોઈ પણ ગહન કે ઉચ્ચ જ્ઞાન આપનાર પુસ્તક તમારે સમજવું હોય તો સંપૂર્ણ માનસિક નીરવતા રાખીને તેને વાંચવું જોઇએ; તમારે વાંચન કરતાં કરતાં વાટ જોવી જોઇએ, અને લેખકનાં વાક્યોને તમારામાં ઊંડાં,– જ્યાં શબ્દો છે જ

નહિ તે ભૂમિકા સુધી છેક ઊંડાં—ઊતરવા દેવાં જોઇએ. એ રીતે શબ્દાતીત ચેતનાની ભૂમિકામાં જઇને પછી ધીમે ધીમે તમારી ચેતનામાં અને સપાટી ઉપરના દેખીતા અર્થ પ્રત્યે પાછા આવવું જોઇએ. પરંતુ તમારા બહિર્મુખ મનમાં શબ્દોને કૂદાકૂદ કરવા દેશો, અને એ બે વચ્ચે મેળ મેળવવા પ્રયત્ન કરશો તો શબ્દનો ખરો અર્થ અને તેની શક્તિ બંને તમે પૂરેપૂરી રીતે ગુમાવશો. અભિ-વ્યક્તિના કેન્દ્રની પાછળ જે અવ્યક્ત, યાને અપ્રકટ, મન આવી રહેલું હોય છે તેની જોડે એકતા થયા વિના પૂરેપૂરી સમજૂતી થઇ શકે નહિ.

પ્રત્યેક વ્યક્તિનું મન એકબીજાથી જુદી અને સ્વતંત્ર સૃષ્ટિ તરીકે ગણાય છે એ આગળ એક વાર કહેલું છે. એ દરેક સૃષ્ટિ તેના પોતાનામાં જ સમાપ્ત થાય છે, અને બીજી કોઇ સૃષ્ટિ સાથે તેને સીધેસીધો સંબંધ હોતો નથી. પરંતુ એવું બને છે તે મનોમય ભૂમિકાના કેવળ નીચેના પ્રદેશમાં જ, જ્યાં માનવ પોતાનાં મનોમય રૂપોમાં પૂરાયેલો હોય છે; જેમ માનવ પોતાની જાતથી છૂટો પડી બહાર નીકળી શકતો નથી તેમ એ મનોમય રૂપોમાંથી પણ તે છૂટો થઇ શકતો નથી. માનવ પોતાની જાતને જ, અને પદાર્થમાં પણ તેનું જે પ્રતિબિંબ પડે છે તેને જ, સમજી શકે છે. પરંતુ મનની જે અપ્રકટ અવસ્થા ઉપર જણાવી તે ઊર્ધ્વ ભૂમિકામાં તમે મુક્ત થઇ જાઓ છો. જ્યારે તમે ત્યાં જાઓ છો, ત્યારે તમે તમારી જાતમાંથી બહાર નીકળી જાઓ છો,—તેનાથી પર થઇ જાઓ છો અને વિરાટ—મનોમય ભૂમિકામાં ઊંડા જાઓ છો. એ વિરાટ—મનોમય ભૂમિકાના અમાપ સાગરમાં પ્રત્યેક વ્યક્તિની અંગત માનસિક ભૂમિકાના છેડા ઊંડા ઉતરેલા હોય છે. બીજા

માણસના મનમાં શું ચાલી રહ્યું છે તે સંપૂર્ણપણે ત્યાં આગળ તમે જાણી શકો છો, અને જાણે તમારૂં પોતાનું હોય તે પ્રમાણે તમે તેનું મન જોઈ શકો છો, કારણકે મન અને મન વચ્ચે કોઇ પણ પ્રકારના ભેદની દીવાલ ત્યાં આડી હોતી નથી. એ ભૂમિકા ઉપર જ્યારે તમે બીજાઓ જોડે એકતા કરો છો ત્યારે તમે તેમને સમજી શકો છો; એવું ન થાય ત્યાં સુધી તમે એકસુરતામાં નથી હોતા, તમે તેમનો સ્પર્શ કરી શકતા નથી, તમારાથી જુદા મનમાં શી ક્રિયા ચાલી રહી છે તેનું બરાબર જ્ઞાન તમને થતું નથી. ઘણી વખત જ્યારે તમે બીજા માણસની હાજરીમાં હો છો ત્યારે, મોટે ભાગે તો, તે માણસ શું વિચારે છે કે શી લાગણી અનુભવે છે તે વિષે તમે અજ્ઞાન હો છો; પરંતુ બાહ્ય અભિવ્યક્તિની આ ભૂમિકાથી પર કે ઉપર તમે જઇ શકો, જો તમે એવી ભૂમિકામાં પ્રવેશ કરો જ્યાં નીરવ આપલે થઇ શકે છે, તો તમારા પોતાના મનની પેઠે જ તમે બીજાનું મન વાંચી શકશો. ત્યાર પછી અભિ-વ્યક્તિ માટે તમે જે શબ્દો વાપરો છો તેમની અગત્ય ઘણી ઓછી થઈ જાય છે, કારણકે પૂરી સમજૂતી તો તેમનાથી પર કોઇ બીજી વસ્તુમાં હોય છે. અને તમારો હેતુ પ્રકટ કરવા માટે થોડામાં થોડા શબ્દો પૂરતા થઇ પડે છે. ત્યાં આગળ લાંબી લાંબી સમજૂતી આપવાની જરૂર રહેતી નથી; કોઇ પણ વિચારને તેના સંપૂર્ણ રૂપમાં વ્યક્ત કરવાની તમને જરૂર દેખાતી નથી, કારણકે તેના ભાવાર્થનું સીધેસીધું – પ્રત્યક્ષ-દર્શન તમે કરતા હો છો.

વિરોધી શક્તિઓ હશે જ નહિ એવો સમય આવશે ખરો?

જ્યારે તેમની હાજરી કોઇ પણ ઉપયોગની નહિ રહે ત્યારે તેઓનો વિલય થઇ જશે. એમનું કાર્ય કસોટી કરવા માટે વાપરવામાં

આવે છે, જેથી કરીને માનવપ્રકૃતિના રૂપાંતરમાં કશું પણ બાકી ન રહી જાય, કંઈ પણ ભૂલી ન જવાય. વિરોધી શક્તિઓ જરા પણ ભૂલ રહી જવા દેશે જ નહિ. તમારી પોતાની પ્રકૃતિમાં તમે એક નાનામાં નાના ભાગ પ્રત્યે પણ બેદરકારી કરી હશે, કે તેને પડતો મૂકી દીધો હશે, તો તેઓ તે પડતા મૂકાયલા ભાગ ઉપર જ આવીને આંગળી મૂકશે, અને તેને એટલો તો બેચેન બનાવી મૂકે એવી રીતે આગળ પડતો કરી મૂકશે કે તમારે તેનામાં ફેરફાર કરવાની ફરજ પડશે. આ કાર્યને માટે જ્યારે તેમની જરૂર નહિ રહે ત્યારે તેઓ નિરુપયોગી થઈ પડશે અને વિનાશ પામશે. તેમને અહીં રહેવા દેવામાં આવે છે કારણકે પ્રભુના મહાન કાર્યમાં તેમની જરૂર છે; એક વાર તેમની અનિવાર્ય અગત્ય નહિ રહે એટલે કાં તો તેમનું રૂપાંતર થશે યા તો તેઓનો વિલય થઇ જશે.

એવું થવાને ઘણો કાળ લાગશે ?

સઘળો આધાર દૃષ્ટિબિંદુ પર છે, કારણકે કાળ સાપેક્ષ છે. બહિર્મુખ સામાન્ય માનવના, યા તો અંતરની ગહન ઊંડી ચેતનાના કે ભગવાનના દિવ્ય દૃષ્ટિબિંદુથી તમે એ કાળના પ્રશ્નને વિચારી શકો છો.

ભાગવત ચેતના સાથે તમે એક થયા હો, તો પછી જે કામ કરવાનું છે તે કરતાં માનવની ગણત્રી પ્રમાણે ફક્ત એક વર્ષ લાગે કે એક હજાર વર્ષ લાગે તેની કશી વિસાત નથી; કારણકે તે પછી માનવની પ્રકૃતિનો પ્રદેશ છોડીને તમે ભગવાનની દિવ્ય પ્રકૃતિની અનંતતા અને સનાતનતામાં પ્રવેશ કરો છો. ત્યાર પછી કાર્યોને સિદ્ધ થયેલાં જોવાની પ્રબળ ઇચ્છાને લઇને માનવમાં જે અતિશય અધિરાઇની લાગણી હોય છે તેનાથી તમે મુક્ત થઇ

જાઓ છો. ક્ષોભ, ઉતાવળ, અશાન્તિથી કશું પ્રાપ્ત થતું નથી. એ તો દરિયા ઉપરના ફીણ જેવાં છે, એ તો પરિણામ વગરની – નિષ્ફળ – ખોટી ઉથલપાથલ છે. માણસોને એવો ખ્યાલ હોય છે કે જો તેઓ આખો વખત, ચારે બાજુએ દોડધામ ન કરે, પ્રવૃત્તિ-જ્વરના અતિરેકમાં પોતાની જાતને વહેવા ન દે, મંડળો, સમાજો અને ચળવળો શરૂ ન કરે તો જાણે પોતે કશું જ કરતા નથી. એ કહેવાતી ચળવળો કાંઈ પણ ફેરફાર કરે છે એમ માનવું એ એક ભ્રમણા છે. એક પ્યાલામાં પાણી ભરીને તે પાણીને વલોવવા જેવી એ ક્રિયા છે; એમ કરવાથી પાણી હાલે છે, પરંતુ તમારા મંથનથી તેમાં જરા પણ ફેર પડતો નથી.

કામ કરવાનો આ ભ્રમ એ માનવસ્વભાવનો એક સૌથી મોટામાં મોટો ભ્રમ છે. તેને લીધે પ્રગતિને હાનિ પહોંચે છે, કારણકે હમેશાં કોઇ અશાંત, ક્ષુબ્ધ ક્રિયામાં સતત ધસી જવાની તે તમને ફરજ પાડે છે. જો તમે ફક્ત એનું મિથ્યાપણું જોઇ શકો, એ બધું કેટલું નકામું છે તે તમે સમજી શકો, અને તેનાથી કોઈ પણ વસ્તુ બદલાતી નથી તે જો તમને માલૂમ પડી જાય, તો કેવું સારૂં ! એવું એક પણ ક્ષેત્ર નથી જેમાં એ રીતે કાર્ય કરવાથી કાંઇ પણ પ્રાપ્ત કરી શકાય. જે લોકો એ પ્રમાણે આખો વખત આમથી તેમ દોડધામ કરતા હોય છે, તેઓ પોતાની રમુજને ખાતર તેમને નચાવનાર શક્તિઓના હાથમાં રમકડાં જેવાં હોય છે; અને એ શક્તિઓ પણ કાંઇ ઊંચામાં ઊંચા પ્રકારની હોતી નથી એ પણ નક્કી છે.

આ જગતમાં જે કાંઇ થયેલું છે તે કર્મથી છૂટા પડીને નીર-વતામાં તેની બહાર ઊભા રહી શકે છે તેવા થોડા લોકોએ કરેલું

છે, કારણકે ભગવાનની શક્તિના કરણરૂપ એવા લોકો હોય છે. તેઓ સક્રિય પ્રતિનિધિઓ, સચેતન કરણો હોય છે; તેઓ જગતનું રૂપાંતર કરી શકે તેવી શક્તિઓને નીચે લાવે છે. કામ એ રીતે થઇ શકે છે, અશાંત ચળવળોથી કે ચંચળ પ્રવૃત્તિવડે નહિ. શાન્તિમાં, નીરવતામાં, અક્ષોભ દશામાં સૃષ્ટિ રચાઇ હતી; અને જ્યારે જ્યારે કોઈ પણ વસ્તુ સાચી રીતે સર્જવાની હશે ત્યારે ત્યારે તે પણ શાન્તિમાં, નીરવતામાં અને અક્ષુબ્ધ દશામાં જ સર્જવી પડશે. જગતને માટે કાંઈ પણ કરવા માટે સવારથી સાંજ સુધી તમારે દોડાદોડ કરવી જોઇએ, અને સર્વ પ્રકારની નિરર્થક પ્રવૃત્તિઓ આદરવી જોઇએ એમ માનવું એ કેવળ અજ્ઞાન છે.

એ શક્તિઓનાં તોફાની ધમસાણમાંથી એક પગલું બહાર મૂકીને શાન્ત જગોમાં ઊભા રહો કે પછી તુરત જ તમને સમજાશે કે એ ભ્રમ કેટલો મહાન છે! પોતે શું કરે છે, શા માટે કરે છે, તે સમજ્યા કે જાણ્યા સિવાય ચારે બાજુ ધસી રહેલ આંધળા પ્રાણીઓના ટોળા જેવી માનવજાતિ તમને દેખાશે; તેઓ માત્ર એકબીજાની જોડે અથડાય છે અને એકબીજાને નીચે પાડી નાંખે છે. એ ક્રિયાને લોકો "કર્મ" અને "જીવન" કહે છે! એ તો ખાલી ક્ષોભ છે, કોલાહલ છે; વાસ્તવિક કર્મ નથી અને સાચું જીવન પણ નથી એ નક્કી છે.

એક વાર મેં કહ્યું હતું કે દસ મિનિટ સુધી ઉપયોગી વાત કરવી હોય તો તમારે દસ દિવસ સુધી મૌન રહેવું જોઇએ. અહીં હું ઉમેરી શકું કે એક દિવસ ઉપયોગી કામ કરવા માટે એક વર્ષ સુધી શાન્ત રહેવું જોઇએ. અલબત્ત, આ કાંઇ હું નિત્ય જીવનનાં સામાન્ય કાર્યોને વિષે નથી કહેતી કારણકે જીવનને ટકાવવા માટે

તે જરૂરનાં છે; પરંતુ જેઓ જગતને ખાતર કાંઇ કરવા માગે છે યા તો જેઓ જગતને માટે પોતાને કાંઇ કરવાનું છે એમ માનતા હોય છે તેમને માટે છે, અને હું જે નીરવતા વિષે કહું છું તે નીરવતા પણ અંતરાત્માની અંદરની છે. જે લોકો પોતાના કર્મ જોડે તદ્રુપ થઇ ગયા વિના, યા તો તેમાં ડૂબી ગયા વિના, તેના સ્વરૂપથી અંજાઇ આંધળા થયા વિના, યા તો તેના શોરબકોરથી બહેરા થઇ ગયા વિના, તટસ્થ રહીને કર્મ કરી શકે છે તેઓ જ એ નીરવતાને પ્રાપ્ત કરી શકે છે. તમારા કર્મમાંથી છૂટા પડીને પાછળ ઊભા રહો; અને કાળમાં થતી સઘળી ક્રિયાઓની ઉપર – ઉદાસીન – દૃષ્ટિ કરી શકાય એવા ચેતનાના શિખરને પ્રાપ્ત કરો; સનાતન ચેતનામાં પ્રવેશ કરો. ત્યારે જ સાચું કર્મ શું તે તમે સમજી શકશો.

*

વાર્તાલાપ નવમો

દિવ્ય પ્રેમ અને માનુષી પ્રેમ વચ્ચે શો સંબંધ છે? માનુષી પ્રેમ દિવ્ય પ્રેમમાં અંતરાય રૂપ હોય છે? અથવા માનુષી રીતે પ્રેમ કરવાની શક્તિ એ દિવ્ય પ્રેમ માટેની શક્તિનું માપ નથી વારુ? ક્રાઇસ્ટ, રામકૃષ્ણ, વિવેકાનંદ વગેરે આધ્યાત્મિક પુરુષો સ્વભાવે પ્રેમાળ ન હતા?

પ્રેમ એ વિરાટની મહાન શક્તિઓમાંની એક છે; એ શક્તિ સ્વયંભૂ છે, અને જે પદાર્થોમાં અને જે વ્યક્તિઓદ્વારા તે આવિર્ભાવ પામે છે તેમનાથી તે સ્વતંત્રપણે કાર્ય કરે છે. જ્યાં જ્યાં શક્યતા હોય છે, તથા જ્યાં જ્યાં તેના પ્રત્યે ખુલ્લાપણું હોય છે, ત્યાં ત્યાં તે આવિર્ભાવ પામે છે. તમે જેને પ્રેમ કહો છો, અને જેને તમે વ્યક્તિગત, યાને અંગત વસ્તુ માનો છો તે પ્રેમ એટલે આ વિરાટ-શક્તિને તમારામાં સ્વીકારવાની, અને તેનો આવિર્ભાવ કરવાની તમારી શક્તિ. પરંતુ પ્રેમની શક્તિ વિરાટ છે એનો અર્થ તે અચેતન છે એવો થતો નથી; ઉલટું, એ શક્તિ પરમ ચેતનામય અને જાગ્રત હોય છે. એ શક્તિ સચેતનપણે આ પૃથ્વી ઉપર પોતાનો આવિર્ભાવ અને સાક્ષાત્કાર કરવા માટે પ્રયત્ન કરે છે; જાગ્રતપણે તે પોતાનાં કરણો પસંદ કરે છે, તેને પ્રત્યુત્તર આપી શકે તેવાઓમાં તે પોતાનાં આંદોલનો જાગ્રત કરે છે,—તેમની અંદર પોતાનો સનાતન હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. અને જ્યારે તે કરણ નાલાયક નીવડે છે ત્યારે તેને બાજુપર મૂકી દે છે, અને બીજાની શોધ કરે છે. માણસો એમ માને છે કે પોતે

ઓચિંતા જ પ્રેમમાં પડે છે; પોતાની અંદર પ્રેમને પ્રવેશ કરતો, વૃદ્ધિ પામતો અને કરમાઈ જતો તેઓ અનુભવે છે, અથવા તો તેની ચિરકાળ ક્રિયાને માટે વિશિષ્ટ લાયકાત ધરાવનાર કેટલીક વ્યક્તિઓમાં તે થોડો વધારે સમય ટકે પણ છે. પરંતુ એ અનુભવ જાણે પોતાનો, કેવળ ખાનગી અને અંગત છે એવી માન્યતા એ તેમની ભ્રમણા છે. વિરાટ-પ્રેમના સનાતન સાગરની એ તો એક લહેર માત્ર હોય છે.

પ્રેમ એ વિરાટશક્તિ છે. તે સનાતન છે; તે સદા ય આવિર્ભાવ પામે છે, અને તેનું તત્ત્વ સદા ય એકનું એક જ હોય છે. એ શક્તિ દિવ્ય છે, એના કાર્યમાં આપણે જે વિકારો જોઈએ છીએ તે તેનાં કરણોને આભારી છે. પ્રેમની શક્તિ કાંઈ માનવજાતિમાં જ પ્રકટ થાય છે એવું નથી; એ તો સર્વત્ર છે. વનસ્પતિમાં અને કદાચ પથ્થરમાં પણ, એની ક્રિયા હોય છે; પ્રાણીઓમાં એની હાજરી જોવી અને ઓળખવી એ સહેલું છે. તમોગ્રસ્તતા, અજ્ઞાન, સ્વાર્થ, અહંતા વગેરે મર્યાદાઓવાળાં તેનાં કરણોને લીધે આ મહાન અને દિવ્યશક્તિના સઘળા વિકારો ઉત્પન્ન થાય છે. સનાતન શક્તિસ્વરૂપ પ્રેમમાં કામવાસના, ઇચ્છાઓ, વાસના માલિકીની તૃષા, અથવા તો અંગત વ્યક્તિગત, આસક્તિ એમાંનું કાંઈ હોતું જ નથી; જ્યારે પ્રેમની વિશુદ્ધ ક્રિયા થાય છે, ત્યારે માનવનો અંતરાત્મા ભગવાન સાથે અદ્વૈત ઝંખે છે,—નિરપેક્ષ રીતે અને બીજી કોઈ પણ વસ્તુની ગણત્રી કર્યા વિના, તે એ અદ્વૈત માટે ઝંખે છે. દિવ્ય પ્રેમ પોતાની જાતને અર્પણ કરે છે, અને તે કશી માંગણી કરતો નથી. માનવોએ એ પ્રેમના કેવા હાલ કર્યા છે તે કહેવાની જરૂર નથી; તેમણે તેને બદસૂરત અને ઘૃણાસ્પદ બનાવી મૂક્યો છે! અને છતાં,

માનવોમાં પણ પ્રેમનો પ્રથમ સ્પર્શ તેના શુદ્ધ અને દિવ્ય તત્ત્વના પ્રતિબિંબની ઝાંખી કરાવે છે; ક્ષણભર માનવ પોતાની જાતને વિસરી જઈ શકે છે. પ્રેમનો દિવ્ય સ્પર્શ માનવપ્રકૃતિમાં જે કાંઈ સુંદર અને ઉદાત્ત હોય છે તેને જાગ્રત કરે છે, અને તેને વિસ્તાર પમાડે છે. પરંતુ તુરત જ અશુદ્ધ માગણીઓવાળી, પોતાના સમર્પણના સાટામાં બદલાની આશા રાખનાર, નિસ્વાર્થ અર્પણ કરવાને ઠેકાણે તોળી તોળીને આપનાર, પોતાના અધમ સંતોષ માટે ભૂમરાણ કરી મૂકનાર, અને દિવ્ય વસ્તુને વિકૃત અને અશુદ્ધ કરી મૂકનાર એવી માનવની પ્રકૃતિ આગળ પડતી થાય છે.

દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરવા માટે તેને ધારણ કરવાની શક્તિ તમારામાં હોવી જોઈએ. જે લોકો તેની દિવ્ય ગતિ પ્રત્યે ખુલ્લા હશે તેઓ જ દિવ્ય પ્રેમનો આવિર્ભાવ કરી શકશે. દિવ્ય પ્રેમ પ્રત્યેનું અંતરનું ખુલ્લું દ્વાર જેટલું વધારે વિશાળ અને વિશુદ્ધ, તેટલો મૌલિક શુદ્ધિવાળો દિવ્ય પ્રેમ માનવના જીવનમાં વ્યક્ત થવાનો; એનાથી ઊલટું, નિમ્નસ્તરોની માનુષી લાગણીઓ અને વાસનાઓ જોડે જેટલે અંશે તે વધારે મિશ્ર તેટલે અંશે તેમાં વિકાર, વિરૂપતા વધારે.

પ્રેમના મૌલિક તત્ત્વ પ્રત્યે અને તેના સત્ય પ્રત્યે જે માનવનું અંતર ખુલ્લું ન થયું હોય, તે ભગવાનની સમીપ જઈ શકતો નથી. જ્ઞાનમાર્ગના અનુયાયીઓ પણ એક એવી ભૂમિકા ઉપર આવીને અટકે છે જ્યાંથી આગળ તેમને પ્રગતિ કરવી હોય તો પ્રેમમય ભૂમિકામાં પ્રવેશ કરવાની તેમને ફરજ પડે છે, તેમને પ્રેમ અને જ્ઞાન બે એક છે એવું જ્ઞાન થાય છે: દિવ્ય પ્રેમના યોગની જ્યોતિ એ જ્ઞાન છે, જ્ઞાનનું હૃદય એ પ્રેમ છે એ સત્ય તેઓ અનુભવે

છે. આત્માની પ્રગતિમાં એક એવી ભૂમિકા આવે છે કે જ્યાં એ બન્ને મળે છે, અને એ બે વચ્ચે તમે કશો પણ ભેદ જોઈ શકતા નથી. શરૂઆતમાં પ્રેમ અને જ્ઞાન વચ્ચે માનવ જે ભેદ જુએ છે તે તેની બુદ્ધિએ ઉત્પન્ન કરેલો હોય છે; પરંતુ એકવાર તમે મનથી ઉચ્ચતર ભૂમિકામાં આરોહણ કરશો એટલે એ ભેદો લય પામી જાય છે.

આ પૃથ્વી ઉપર ભગવાનનો આવિર્ભાવ કરવા માટે અને પાર્થિવ જીવનનું રૂપાંતર કરવા માટે જેઓ અવતરેલા છે, તેમાં કેટલાક એવા પણ છે જેમણે પોતાના જીવનમાં દિવ્ય પ્રેમ વધારે અંશે પ્રકટ કરેલો છે. એમાંના કેટલાકમાં દિવ્ય પ્રેમનો આવિર્ભાવ એટલો તો વિશુદ્ધ છે કે આખી માનવજાતિ તેમને સમજી શકી નથી, અને તેઓ કઠણહૃદયના, પ્રેમહીન છે એવી ફરીઆદ પણ તેમને વિષે કરવામાં આવે છે; અને છતાં તેમનામાં દિવ્ય પ્રેમ હોય છે. પરંતુ તેમનો પ્રેમ,– તેનું રૂપ અને તેનું તત્ત્વ બન્ને – દિવ્ય હોય છે, માનુષી નહિ. જ્યારે માણસો પ્રેમ વિષે બોલે છે ત્યારે તે શબ્દમાં ભાવપ્રધાન અને લાગણીમય નિર્બળતાનું તેઓ આરોપણ કરે છે. આત્મવિસ્મૃતિની દિવ્ય પરાકાષ્ટા, તથા કોઈ પણ પ્રકારની શરત કે બંધન વિના, કશો પણ બદલો માગ્યા વિના, પોતાની જાતને અર્પણ કરી દેવાની શક્તિ દિવ્ય પ્રેમમાં હોય છે તેની માનવજાતને ખબર સુદ્ધાં નથી. અને જ્યારે નિર્બળ અને ભાવપ્રધાન પોચટ લાગણીવેડા વિના વિશુદ્ધ રૂપમાં એ પ્રેમનો આવિર્ભાવ જોવામાં આવે છે ત્યારે તે કઠણ અને લાગણીહીન છે એવી ફરીઆદ માનવ કરે છે; પ્રેમશક્તિનું ઉચ્ચતમ અને તીવ્રતમ સ્વરૂપ તેમને એમાં દેખાતું પણ નથી.

જગતમાં ભગવાન પોતાનો દિવ્ય પ્રેમ કેવી રીતે પ્રકટ કરે છે

એ તમે જાણવા માગો છો ? પરમ આત્મ-બલિદાન રૂપે પ્રભુ તેનો આવિર્ભાવ કરે છે, એ તેનુ પોતાનું પરમ આત્મસમર્પણ છે. જડતાથી ભરેલ અચેતનતાના ઊંડાણમાં ચેતના જાગ્રત થાય, અને ધીમે ધીમે તેમાં દિવ્ય શક્તિ પ્રકટ થાય, અને આ સમગ્ર પ્રકટ વિશ્વને દિવ્ય ભાગવત ચેતના અને દિવ્ય પ્રેમના ઉચ્ચતમ આવિર્ભાવનું કરણ બનાવે એટલા ખાતર દિવ્ય, પૂર્ણ પ્રભુની ચેતનાએ પદાર્થતત્ત્વની અચેતનતામાં ડૂબકી મારવાનું માથે લીધું છે. એ ખરેખર, પરમ પ્રેમ હતો. એ પ્રમાણે પરમ ભાગવત ચેતના પોતાની પૂર્ણ દિવ્ય દશાનો, તેની નિરપેક્ષ ચેતનાનો અને અનંત જ્ઞાનનો ભોગ આપીને અચેતનતાનો સ્વીકાર કરે, અને અજ્ઞાન અને તમોગુણ જોડે એકતા કરીને આ પાર્થિવ જગતમાં અવતરણ કરે એ સઘળું પરમ પ્રેમમાંથી ઉદ્ભવે છે અને છતાં કોઈ પણ માનવ એને પ્રેમનું નામ કદાચ ન પણ આપે; કારણકે છાછરી લાગણીઓના ઉભરાના સ્વરૂપમાં તે પ્રકટ થતો નથી, પોતે જે કરે છે તેના લેશ પણ બદલાની માગણી કરતો નથી, પોતાના આત્મબલિદાનનું તે પ્રદર્શન કરતો નથી.

પ્રેમની વિરાટ શક્તિ, પોતાની દિવ્ય શક્તિને સંપૂર્ણ વિશુદ્ધ સ્વરૂપમાં ધારણ અને પ્રકટ કરી શકે એવા ચિન્મય આધારોની શોધમાં છે. પ્રેમને માટે સર્વ પ્રાણીઓની આ ગતિ, સર્વ હૃદયો માટેની ખોજનું, પૃથ્વીનાં પોતાના અંતર માટેની ખોજનું,—પ્રેમના એ અવિરોધ્ય આવેગનું — મૂળ દિવ્ય પ્રેમમાં રહેલું છે જે માનવ-આવેગોની પાછળ ગુપ્ત છે. એ દિવ્ય પ્રેમશક્તિ લાખો આધારોને સ્પર્શે છે, હમેશાં તે પ્રયત્ન કરે છે, હમેશાં તે નિષ્ફળ જાય છે,—છેતરાય છે; પરંતુ એના સતત સ્પર્શને લીધે આધારો તૈયાર

થાય છે, અને એક દિવસ અણુચિંતવ્યા જ તેમનામાં સંપૂર્ણ આત્મ-સમર્પણ કરવાની,- પ્રેમાર્પણ કરવાની – શક્તિ જાગ્રત થઇ જશે.

પ્રેમશક્તિનું કાર્ય કાંઇ માનવજાતિમાં જ મર્યાદિત નથી, અને માનવજાતિ સિવાયનાં બીજાં પ્રાણીઓમાં તેનું કાર્ય કદાચ ઓછું વિકૃત હોય છે. પુષ્પો અને વૃક્ષો પ્રત્યે જુઓ. સૂર્યાસ્ત થતો હોય અને સઘળે ગભીર નીરવતા છવાઇ રહે છે ત્યારે એક સ્થળે બેસો અને પ્રકૃતિની સાથે તમારા અંતરાત્માને એક કરવા યત્ન કરો. તમને પૃથ્વીમાંથી, વૃક્ષોના ઊંડા મૂળની પણ નીચેથી, ઊર્ધ્વ ગતિ કરી રહેલ, થડમાં થઇને ઊંચામાં ઊંચી છેવટની ડાળમાં અને પાંદડાંઓમાં પણ વહી રહેલ, અત્યંત પ્રેમભરી અભીપ્સાનું, કોઇ અનિવાર્ય અપેક્ષાનું – જ્યોતિ અને કલ્યાણદાયી કોઇ વસ્તુ માટેની તૃષાનું,— અસ્ત થયેલ પરંતુ પુનઃ પ્રાર્થિત જ્યોતિને માટેની અભિલાષાનું — ભાન થશે. એ અભીપ્સા ધન્યવાદના રૂપમાં ઊર્ધ્વ-ગતિ કરે છે તેમાં ગદ્‌ગદિત ઉપકારની લાગણી જીગરપૂર્વક કરેલી પ્રાર્થના જોડે એક થઇ જાય છે. એ આવેશ એટલો તો વિશુદ્ધ અને તીવ્ર હોય છે કે વૃક્ષના અંતરાત્મા જોડે અદ્વૈત કરીને તમે તેને અનુભવી શકો તો તમારો પોતાનો અંતરાત્મા સુદ્ધાં આ જગતમાં હજી સુધી અપ્રકટ છે એવી દિવ્ય શક્તિ, જ્યોતિ અને પ્રેમને માટે લાગણીભરી, ખરા દિલની, પ્રાર્થના કરવા પ્રેરાશે.

એક વખત પણ આ વિશાળ, વાસ્તવિક, વિશુદ્ધ અને દિવ્ય પ્રેમનો, ઘણા જ થોડા સમય માટે, અને નાનામાં નાના સ્વરૂપમાં તમને સ્પર્શ થશે તો પછી માનવપ્રકૃતિમાં એ પ્રેમ હલકો, પાશવ, સ્વાર્થી, ક્રૂર, અને કદરૂપો થઇ બેઠો છે, યા તો તે નિર્બળ, લાગણી-ઓના ખાલી નિર્માલ્ય ઉભરાઓનો બનેલો હોઇ કેવળ ઉપરચોટિયો,

બરડ, સંકુચિત, વેપારીના જેવો પાઇએ પાઈ માગતો,– મખ્ખી ચૂસ થઈ ગયેલો જણાશે. અને એ નીચતા, એ પાશવતા, યાને અહંતા સિવાય બીજી કોઇ વસ્તુમાં રસ લેવાની અશક્તિને માનવનો પ્રેમ કહે છે!!

દિવ્ય પ્રેમના આવિર્ભાવમાં આપણી પ્રાણમય સત્-તાએ કશો ભાગ લેવાનો હોય છે ખરો? અને હોય તો તેનું અદલ અને વાસ્તવિક સ્વરૂપ કેવું હોવું જોઇએ?

દિવ્ય પ્રેમના આવિર્ભાવને વળી કાંઈ મર્યાદાઓ હોય છે? કોઇ અપાર્થિવ યા તો અવાસ્તવિક પ્રદેશમાં શું તે પુરાઈ રહેવાને બંધાયલો છે? દિવ્ય પ્રેમના આવિર્ભાવનો સર્ગ તો પૃથ્વી ઉપર છેક સ્થૂળતમ પદાર્થતત્ત્વ સુધી થાય છે. માનવચેતનાના સ્વાર્થી અને અહંકારી વિકારોમાં દિવ્ય પ્રેમ આપણને મળી આવતો નથી. પરંતુ દિવ્ય પ્રેમના પ્રકટીકરણમાં પ્રાણનું તત્ત્વ, અખિલ વિશ્વના અન્ય આવિર્ભાવમાં છે તેટલું જ, અગત્યનું છે. પ્રાણના આશ્રય વિના પ્રગતિશાળી ગતિ થવી શક્ય જ નથી. પરંતુ પ્રકૃતિની એ પ્રાણશક્તિ એટલી બધી તો વિકૃત થઇ ગયેલી છે કે કેટલાક લોકો ચેતનામાંથી અને જગતમાંથી તેનો સમૂળો ઉચ્છેદ કરી નાંખવો જોઇએ એમ માનવા લલચાય છે. પરંતુ પ્રાણદ્વારા જ રૂપાંતર કરનારી આધ્યાત્મિક શક્તિ જડતત્ત્વનો યાને પદાર્થનો સ્પર્શ કરી શકે છે. પદાર્થમાં જીવંત શક્તિ અને સક્રિયતા રેલાવનાર પ્રાણ તત્ત્વ ન હોત તો પદાર્થ હમેશાં ચેતનરહિત – મૃત જ – રહેત; કારણકે માનવના અંતરની ઉચ્ચતર ભૂમિકાઓ પૃથ્વીની જોડે સંબંધ જ સ્થાપન ન કરી શકત, જીવન રૂપે મૂર્ત થાત નહિ એટલું જ નહિ, પરંતુ તેઓ અસંતુષ્ટ થઈને પાર્થિવ ભૂમિકામાંથી વેગળી જતી રહીને અદૃશ્ય થઇ જાત.

હું જે દિવ્ય પ્રેમની વાત કરું છું, તે આ પાર્થિવ, સ્થૂળ ભૂમિકા ઉપર, જડતત્ત્વમાં પ્રકટ થનાર દિવ્ય પ્રેમ છે; પરંતુ તે પ્રેમ મૂર્ત-સ્વરૂપ લેવાનું સ્વીકારે તે માટે માનવપ્રકૃતિના સર્વ વિકારોથી તેને શુદ્ધ અને મુક્ત રાખવો જોઈએ. સર્વ પ્રકારના આવિર્ભાવને માટે તેમ દિવ્ય પ્રેમની અભિવ્યક્તિ માટે પણ પ્રાણ-તત્ત્વ અનિવાર્ય છે; પરંતુ દરેક બાબતમાં બન્યું છે તેમ અહીં પણ વિરોધી શક્તિઓએ આ સૌથી કીમતી વસ્તુ ઉપર પોતાનો કાબૂ જમાવી દીધેલો છે. જડ તથા સંસ્કારગ્રાહીતા વિનાના પદાર્થ-તત્ત્વમાં પ્રવેશ કરીને પ્રાણ તેને સંસ્કારગ્રાહી અને જીવંત બનાવે છે. પરંતુ વિરોધી શક્તિઓએ એ પ્રાણશક્તિમાં વિકારો પેદા કર્યા છે; તેમણે તેને હિંસા, ક્રૂરતા, સ્વાર્થ, કામના, અને પ્રત્યેક જાતિની કુરૂપતાનું ક્ષેત્ર બનાવી મૂક્યું છે, અને દિવ્ય જીવનમાં ભાગ લેતાં તેને અટકાવી દીધો છે. એ પ્રાણની ગતિને બળજબરીથી દબાવી દેવાની નથી, યા તો તેનો ઉચ્છેદ કરવાનો નથી, પરંતુ તેનું રૂપાંતર કર-વાનું છે. કારણકે પ્રાણ વિના કોઈ પણ ભૂમિકામાં તીવ્રતા અ-સંભવિત છે. પ્રાણ એટલે સ્વભાવે પોતાની જાતને ઉદારતાપૂર્વક અર્પણ કરનાર આપણો ભાગ. પ્રાણમાં લેવાની વૃત્તિ અને શક્તિ રહેલ છે, તેટલા જ માટે, કશું પણ બાકી રાખ્યા વિના, તે પોતાની જાતને પૂરેપૂરી અર્પણ પણ કરી દઈ શકે છે; અને અન્ય પદાર્થને કેવી રીતે પ્રાપ્ત કરવો એ તે જાણે છે, તેટલા જ માટે કશું પણ બાકી રાખ્યા વિના,– નિઃશેષપણે, તે પોતાની જાતનો ઉત્સર્ગ પણ કરી દઈ શકે છે. પ્રાણની સાચી ક્રિયા સુંદરમાં સુંદર અને ભવ્યમાં ભવ્ય હોય છે; પરંતુ તેનામાં વક્રતા પેઠી છે, અને તે સૌથી કુરૂપ, વધારેમાં વધારે વિકારી અને અત્યંત ઘૃણાસ્પદ થઈ પડી છે.

માનવપ્રેમની કથામાં જ્યાં જ્યાં શુદ્ધ પ્રેમનો એક પરમાણું

પણુ પ્રકટ થવા પામ્યો છે, અને કાંઈ પણુ વિકાર વિના તેનો અવિર્ભાવ થયેલો છે, ત્યાં ત્યાં આપણુને સત્યનાં અને સૌંદર્યનાં દર્શન થાય છે. અને પ્રાણુની એ સુંદર અને ભવ્ય ક્રિયા અલ્પાયુ નીવડે છે, કારણુકે તેના વાસ્તવિક હેતુનું તેને જ્ઞાન હોતું નથી; તેને ખબર નથી કે પ્રેમની ગતિદ્વારા એક માનવ બીજા માનવ જોડે સંયોગ પ્રાપ્ત કરે એ તેનો હેતુ નથી, પરંતુ સર્વ જીવોનો ભગવાન જોડે યોગ થાય એની શોધમાં તે છે.

આ ક્લેશમય, અંધકારભર્યા જગતમાં સનાતન ચેતનાએ જગતને અને પ્રાણીઓને પાછા ભગવાન પ્રત્યે લઇ જવાના હેતુથી જે પરમ શક્તિ અવતારી તેનું નામ "પ્રેમ" છે. અંધકાર અને અજ્ઞાનમાં ડૂબેલ પાર્થિવ જગત પ્રભુને વીસરી ગયું હતું. એ અજ્ઞાનમાં પ્રભુના દિવ્ય પ્રેમે અવતરણ કર્યું, અને અંધકારમાં જે જે સુષુપ્ત હતાં તે સર્વને તેણે જાગ્રત કરી દીધાં; સીવાઈ ગયેલા કર્ણોને ખોલી ખોલીને તેણે સંદેશો કહ્યો કે "જીવનમાં એવી એક ચીજ છે જેને ખાતર જાગતું અને જીવવું પ્રમાણુ છે: તે દિવ્ય પ્રેમ છે." અને પ્રેમભાવ જાગ્રત થતાં સાથે, ભગવાન પ્રત્યે પુનર્ગતિ કરવાની શકયતા પૃથ્વીમાં ઉદ્ભવી. પ્રેમવાટે પાર્થિવ જગત ભગવાન પ્રત્યે ગતિ કરે છે, અને તેના પ્રત્યુત્તર રૂપે, સૃષ્ટિનો ભેટો કરવાને, ઉપરના લોકમાંથી દિવ્ય પ્રેમ અને પ્રભુની કરુણા નીચે ઊતરે છે. જ્યાં સુધી પાર્થિવ જગત અને ભગવાનનો પરસ્પર યોગ ન થાય, ભગવાન તરફથી પાર્થિવ ભૂમિકા પ્રત્યે અને આ સૃષ્ટિમાંથી સરજનહાર પ્રત્યે પ્રેમની આ પરસ્પર આપલે ન થાય, ત્યાં સુધી આ સૃષ્ટિમાં પ્રકટતો પ્રેમ તેના વિશુદ્ધ સૌન્દર્યથી, તેના સાહજિક સામર્થ્યથી અને તીવ્ર, ઘન આનંદની પરિપૂર્ણતાથી હમેશાં વંચિત જ રહેશે.

દિવ્ય પ્રેમે પાર્થિવ જગતમાં પ્રવેશ કર્યો અને તેનામાં પ્રાણ પૂર્યા ત્યાર પહેલાં આ જગત મૃત પદાર્થનું બનેલું,– ચેતનહીન જગત હતું. તે આદિકાળથી જીવનના એ દિવ્ય મૂળની શોધ સૃષ્ટિ કર્યા કરે છે; પરંતુ એ શોધ કરતાં પ્રત્યેક વેળા તે ખોટે રસ્તે દોરવાઈ છે, આમથી તેમ તે અંધકારમાં જ ભટકતી અને અથડાતી રહી છે. સૃષ્ટિનો મોટો ભાગ અજ્ઞાત લક્ષ્ય પ્રત્યે ગતિ કરી રહેલા અંધ ટોળા પેઠે પ્રેમની વાટે પડ્યો છે, તે શેની શોધમાં છે તેનું પણ તેને ભાન નથી.

માનવને પ્રેમનું જે ઉચ્ચતમ સ્વરૂપ,– વિશુદ્ધમાં વિશુદ્ધ અને સૌથી વધારે નિઃસ્વાર્થ સ્વરૂપ – દેખાય છે તે માતાનો વાત્સલ્ય પ્રેમ છે. પરંતુ માનવ-પ્રેમની ઉપર જણાવી તે વિરાટ ગતિ અત્યાર સુધી તેણે પ્રાપ્ત કરેલ છે તેના કરતાં કોઇ જુદી જ વસ્તુની ગુપ્ત ખોજ અંતરથી કરી રહેલ છે; પરંતુ તે ક્યાં મળશે તેની તેને ખબર નથી, અરે તે અંતિમ વસ્તુ શી છે તેનો તેને ખ્યાલ સરખો નથી. પરંતુ વિશુદ્ધ, અને સર્વ માનુષી આવિર્ભાવોથી કેવળ સ્વતંત્ર એવા, દિવ્ય પ્રેમ પ્રત્યે જે ક્ષણે માનવની ચેતના જાગ્રત થાય છે, તે ક્ષણે સનાતન કાળથી પોતે શેને માટે સાચેસાચ ઝંખી રહેલ છે તે લક્ષનું તેને ભાન થાય છે. અંતરાત્માની અભીપ્સાનો આરંભ એ ઘડીએ થાય છે; એને પરિણામે માનવચેતના જાગ્રત થઇ જાય છે, અને ભગવાન સાથે અદ્વૈત કરવાની તેને તાલાવેલી લાગે છે. ત્યાર પછી, અજ્ઞાને ઉત્પન્ન કરેલા સર્વ આવિર્ભાવો અને વિકારો ભૂસાઇને લુપ્ત થઇ જવા જોઇએ, અને તેમને ઠેકાણે એક માત્ર ગતિ રહે: સૃષ્ટિ પ્રત્યેના સરજનહારના પ્રેમનો પ્રત્યુત્તર આપતી, તેને અતૂલ પ્રેમથી ચહાતી સૃષ્ટિની તેના પ્રત્યે

ગતિ. એક વાર સચેતન, પ્રભુપ્રેમ પ્રત્યે જાગ્રત અને અનાવહિત થયેલ સૃષ્ટિમાં પ્રભુ પોતાનો દિવ્ય પ્રેમ મર્યાદા વિના રેડે છે, રેલાવે છે. પ્રેમની ગતિનું ચક્ર એ રીતે પૂર્ણ થાય છે. તેના બે છેડા પરસ્પર મળે છે; પરમ આત્મા અને પ્રકટ પાર્થિવતા એ બેનું મિલન થાય છે, અને એ દિવ્ય મિલન સતત અને સંપૂર્ણ જામે છે.

દિવ્ય પ્રેમની સર્વવિજયી શક્તિનો અને વિશુદ્ધિનો કંઈક અંશ જગતમાં પ્રકટાવવા માટે મહાન આત્માઓએ જન્મો લીધા છે. અથવા ખરું જોતાં, દિવ્ય પ્રેમનો સાક્ષાત્કાર વધારે સરળ અને વધારે સંપૂર્ણ થાય તેટલા માટે પ્રભુનો દિવ્ય પ્રેમ એવી વ્યક્તિઓ રૂપે રેલાયો છે. જ્યારે વ્યક્તિના રૂપમાં દિવ્ય પ્રેમ પ્રકટ થાય છે ત્યારે તેની સમજૂતી અને સાક્ષાત્કાર તે અપ્રકટ કે અપૌરુષેય હોય છે તેના કરતાં વધારે સહેલાં બને છે. એવી વ્યક્તિના સંબંધથી અને દિવ્ય પ્રેમની સાહજિક તીવ્રતાના સ્પર્શથી જાગી ઊઠેલ,— પ્રભુના દિવ્ય પ્રેમ પ્રત્યે જાગ્રત થયેલ માનવને પોતાની પ્રકૃતિના રૂપાંતરનું કાર્ય ઘણું સરળ થઈ ગયેલું જણાય છે; તે જે મિલનને માટે મથતો હોય છે તે મિલન વધારે સહજ અને ગાઢ બને છે. અને એ મિલન, એ સાક્ષાત્કાર, વધારે પરિપૂર્ણ તથા વધારે ઘન થતો જશે; કારણ કે વિરાટ અને અપૌરુષેય પ્રેમની વિશાળ એકરૂપતા અને સમાનતા ભગવાન સાથેના સર્વ શક્ય સંબંધોની જ્યોતિવડે આલોકિત થઈ ઊઠશે, અને એ સંબંધોના સૌન્દર્યની અને રંગની લીલા તેને જીવંત અને જ્વલંત કરી મૂકશે.

*

વાર્તાલાપ દસમો

ધર્મનું યથાર્થ સ્વરૂપ શું છે? આધ્યાત્મિક જીવનના માર્ગમાં ધર્મ આંતરાય રૂપ નીવડે ખરો?

માનવજાતિની ચેતનાની ઊર્ધ્વ મનોમય-ભૂમિકામાંથી ધર્મ ઉદ્દભવે છે. પોતાનાથી પર રહેલ કોઇ પરમ તત્ત્વની બની શકે તેટલા સમીપ જવાનો માનવજાતિના ઊર્ધ્વ-મનનો પ્રયત્ન તે ધર્મ એમ આપણે કહી શકીએ. એ મનસાતીત તત્ત્વને માનવ "ભગવાન," "પરમાત્મા," "સત્ય," "શ્રદ્ધા," "જ્ઞાન," "અનંત" એવાં જુદાં જુદાં નામ આપે છે, પરંતુ ખરું જોતાં તે એક પ્રકારની નિરપેક્ષ સત્-તા હોય છે જેને માનવબુદ્ધિ પહોંચી શકતી નથી, છતાં તેને પહોંચવાનો પ્રયત્ન કરે છે. ધર્મનું આદિ મૂળ જોવા જોઇએ તો પ્રભુપ્રેરિત હોય એ બનવાજોગ છે; પરંતુ તેના પ્રકટ સ્વરૂપમાં ધર્મ દિવ્ય નહિ પરંતુ માનુષી છે.

ખરું જોતાં આપણે ધર્મ શબ્દ વાપરવાને બદલે "ધર્મો" કહેવું વધારે યોગ્ય ગણાય; કારણકે માનવે અસંખ્ય ધર્મો ઉત્પન્ન કર્યા છે. આ બધા જુદા જુદા ધર્મોનું મૂળ એક નથી હોતું તો પણ તેમાંના ઘણાખરાનું અત્યારનું સ્વરૂપ એક જ પ્રકારે ઘડાયલું માલૂમ પડે છે. ખ્રિસ્તી ધર્મ કેવી રીતે ઘડાયો તે આપણે જાણીએ છીએ. ખ્રિસ્તી ધર્મ તરીકે જે ધર્મ દુનિયામાં જાણીતો થયો છે તેને માટે જીસસ ક્રાઇસ્ટ જરૂર જવાબદાર ન હતો. કેટલાક વિદ્વાન અને હોશિયાર માણસોએ પોતાની બુદ્ધિ એકત્ર કરીને આપણે અત્યારે જોઇએ છીએ તે ખ્રિસ્તી ધર્મનું બંધારણ રચ્યું.

જે રીતે એ ધર્મનું બંધારણ રચવામાં આવ્યું છે તે રીતમાં દિવ્ય કે આધ્યાત્મિક જેવું કાંઈ જ ન હતું, ને અત્યારે પણ જે રીતે તે કાર્ય કરે છે તેમાં કશું પણ દિવ્ય નથી. અને છતાં ચેતનાની કોઈ ઊર્ધ્વ ભૂમિકામાંથી કોઈ દિવ્ય સત્-તા જ્ઞાન અને સત્યની જ્યોતિ આ પૃથ્વીને માટે લાવેલી તેનો લાભ લઈને, યા તો તેના બહાના તળે એ ધર્મનું બંધારણ રચવામાં આવ્યું હતું એ નિઃસંદેહ છે. એ દિવ્ય સત્-તાએ પૃથ્વી ઉપર અવતરણ કર્યું, અને પોતાના સત્યને ખાતર તેણે સહન કર્યું; પરંતુ તેણે જે બોધ આપ્યો તે ઘણા થોડા માણસો સમજી શક્યા, અને તેણે જે સત્યને માટે સહન કર્યું તેને શોધવા માટે, અને તેને પ્રાપ્ત કરવા માટે ઘણા થોડા લોકોએ દરકાર કરી છે.

ગૌતમબુદ્ધ જગતથી દૂર એકાંતમાં જતા રહ્યા અને ધ્યાન કરવા બેઠા, અને તેમણે પાર્થિવ દુઃખો અને યાતનાઓમાંથી,–વ્યાધિ, મૃત્યુ, કામના, પાપ અને ક્ષુધામાંથી – મુક્તિનો માર્ગ શોધી કાઢ્યો. તેમણે પોતે એક સત્યનું દર્શન કર્યું, અને પોતાની આજુ-બાજુ ભેગા થયેલા શિષ્યોને અને અનુયાયીઓને તે સત્ય આપવાનો તેમણે પ્રયત્ન કર્યો. પરંતુ તેમણે દેહત્યાગ કર્યો તેની પણ પહેલાં એમના બોધમાં અવળા અર્થ અને વિકૃતિઓ દાખલ થઈ ગઈ હતી. એમના મરણ પછી જ પરિપૂર્ણ વિકસિત "ધર્મ" તરીકે બૌદ્ધ ધર્મે દેખા દીધી,–બુધ્ધે જે બોધ આપ્યો કહેવાય છે તેના ઉપર, અને બીજાઓએ તે બોધના માની લીધેલા અર્થ ઉપર એ ધર્મ રચાયેલો છે. પરંતુ ત્યાં પણ થોડા જ વખતમાં તેમના શિષ્યો, તથા શિષ્યોના શિષ્યો, ગુરુએ શો બોધ આપ્યો હતો, તથા તેમના બોધનો શો અર્થ છે તે વિષે એકમત થઈ શક્યા નહિ,

એટલે મૂળ ધર્મમાંથી સંખ્યાબંધ મતમતાંતરોનાં જૂથ જામી ગયાં:- જેવાં કે "હીનયાન" – દક્ષિણનો માર્ગ, "મહાયાન"– ઉત્તરનો માર્ગ – તથા પૂર્વના દેશોના થોકબંધ પંથો. તેમાંનો દરેક સંપ્રદાય બુદ્ધના મૂળ વિશુદ્ધ મંતવ્યોને માનનાર પોતે એકલો જ છે એમ જાહેર કરે છે.

ખ્રિસ્તી ધર્મની પણ એવી જ દશા થઈ છે. એમાં પણ મૂળ ધર્મમાંથી અસંખ્ય નાનાં ચર્ચો, સંપ્રદાયો નીકળ્યા. ઘણી વાર એમ કહેવામાં આવે છે કે જીસસ ક્રાઈસ્ટ જો પાછા પૃથ્વી ઉપર આવે, તો તેમના બોધના ઉપર જે ખ્રીસ્તિ ધર્મના સ્વરૂપનો અધ્યારોપ કરવામાં આવ્યો છે તેને લઈને તેમના પોતાના જ બોધને તે ઓળખી ન શકે. અને ગૌતમબુદ્ધ પાછા આવે અને તેમના બોધની જે દશા કરવામાં આવી છે તે જુએ, તો હતાશ થઈને તુરત નિર્વાણ ભણી ત્વરાથી પાછા દોડી જાય! બધા ય ધર્મની એક જ જાતની કથા છે. કોઈ મહાન ગુરુ યાને પેગંબર આવે છે તેની જોડે ધર્મની ઉત્પત્તિનો પ્રસંગ ઉપસ્થિત થાય છે; કોઈ દિવ્ય આધ્યાત્મિક સત્યના અવતાર રૂપ જ તે વ્યક્તિ હોય છે, અને તે પોતે તેને પ્રકટ કરવાનો પ્રયત્ન કરે છે; પરંતુ માણસો તે સત્યનો કબજો લઈ લે છે, તેનો વેપાર આદરે છે અને તેમાંથી લગભગ રાજકીય કહી શકાય એવું બંધારણ ઊભું કરી દે છે. માણસો ભેગા થઈને ધર્મને તેની રાજ્યવ્યવસ્થા, નીતિ, નિયમો, સિદ્ધાંતો, મંતવ્યો, વિધિઓ, નિયમો, અને ક્રિયાઓ વગેરેથી સજ્જ કરી દે છે; અને એ ધર્મના જે અનુયાયીઓ હોય તેમને માટે તો એ બધાએ બંધનકર્તા હોઈ ન ઉથાપાય એવાં અને નિરપેક્ષ હોય છે. આબેહૂબ રાજ્યની પેઠે ધર્મ પણ પોતાના વફાદાર અનુયાયીઓને ઈનામ

આપે છે, અને જેઓ આડે માર્ગે જાય છે, અથવા તો તેની સામે બળવો કરે છે, યા તો જેઓ તેમના વાડામાંથી નાસી છૂટે છે, કે પ્રભુનિંદક હોય છે તેમને ધર્મ શિક્ષા પણ કરે છે.

આવા બાહ્ય અને વ્યવસ્થિત ધર્મોનું પહેલું અને મુખ્ય મંતવ્ય આ પ્રમાણે હોય છે. "મારા ધર્મમાં પરમ સત્ય રહેલું છે,–તેજ કેવળ સત્ય છે, બીજા બધા ધર્મો અસત્યમાં સડે છે, અથવા મારા ધર્મથી ઊતરતા છે." આવા કોઈ મૌલિક મંતવ્ય સિવાય નિશ્ચિત માન્યતાઓ ઉપર રચાયલા રૂઢિ-પ્રધાન ધર્મો ટકી જ ના શકે. "અમારી પાસે જ એક માત્ર, અથવા તો ઊંચામાં ઊંચું, સત્ય છે." એવું તમે માનતા ન હો, અને જાહેર ન કરો, તો તમે લોકોના ઉપર છાપ નહિ પાડી શકો, અને તમારી આજુબાજુ ટોળું જમાવી નહિ શકો.

ધાર્મિક વૃત્તિવાળા માણસની બુદ્ધિને માટે ઉપર જણાવ્યું તે વલણ સ્વાભાવિક હોય છે; પરંતુ એ વલણને લઇને જ આધ્યાત્મિક જીવનમાં ધર્મ અંતરાય રૂપ થઇ પડે છે. ધર્મનાં મંતવ્યો અને સિદ્ધાંતો માનવ-મનનાં બનાવેલાં હોય છે, અને તમે જો તેમને વળગી રહો અને કોઇએ ઘડી રાખેલ જીવનનાં મંતવ્યોમાં તમારી જાતને તમે પૂરી રાખો, તો સર્વ મંતવ્યો અને સર્વ સિદ્ધાંતોથી પર, વિશાળ, મહાન, અને નિર્મુક્ત એવા આત્માના સત્યને તમે જાણશો નહિ, અને એ પ્રમાણે હોય ત્યાં સુધી જાણી શકશો પણ નહિ. જ્યારે કોઇ ધાર્મિક સંપ્રદાયનો કે મતનો સ્વીકાર કરીને તમે તેની જ અંદર તમારી જાતને બાંધી રાખો છો, તથા દુનિયાભરમાં કેવળ તે જ સત્ય છે એમ માની લો છો, ત્યારે તમારા અંતરાત્માની પ્રગતિ તથા વિસ્તાર થતો તમે અટકાવો છો.

પરંતુ એક બીજા દૃષ્ટિબિંદુથી જો તમે ધર્મને જોશો તો સર્વે માનવોને માટે તે એક અંતરાય રૂપ જ નીવડવો જોઇએ એવું નથી. માનવજાતિની એક સૌથી ઉન્નત પ્રવૃત્તિ તરીકે તમે તેને ગણો, અને માનવજાતિની અભીપ્સાને તેમાં પ્રકટ થતી જોઇ શકો,– અને સાથે સાથે, માનવની ઉત્પન્ન કરેલી સર્વ વસ્તુઓમાં અપૂર્ણતા હોય છે એ વાત વિસરો નહિ,– તો આધ્યાત્મિક જીવનને પ્રાપ્ત કરવામાં ધર્મ તમને એક પ્રકારની મદદ રૂપ થઇ શકે. ગંભીરતાથી અને સાવધાનીપૂર્વક ધર્મનો સ્વીકાર કરવામાં આવે તો તેમાં જે સત્ય રહેલું હોય છે, તેના પ્રકટ સ્વરૂપમાં જે અભીપ્સા છૂપાયેલી હોય છે તેનું માનવને જ્ઞાન થાય છે, તથા તેના મૂળમાં જે દિવ્ય પ્રેરણા હતી, અને જે માનવબુદ્ધિએ વચમાં પડીને, ભાષ્યો રચીને તથા વ્યવસ્થા કરવા જતાં વિકૃત કરી નાંખી છે તેનું જ્ઞાન પણ મેળવી શકાય છે. અને બુદ્ધિમાં યોગ્ય દૃષ્ટિબિંદુ સ્થાપન કરવામાં આવે, તો ધર્મ, અત્યારે જેવો છે તેવો પણ, તમારા માર્ગમાં કાંઇક જ્યોતિ નાંખી શકે તથા તમારા આધ્યાત્મિક પ્રયત્નમાં સહાયરૂપ થઇ શકે.

સઘળા ધર્મોમાં એવા માણસો મળી આવે છે જેમનામાં ભાવ-પ્રકૃતિ પ્રધાન હોય છે, અને જેમના અંતરમાં સાચી અને દર્દભરી અભીપ્સા હોય છે, પરંતુ તેમની બુદ્ધિ બહુ જ સરળ હોઇ જ્ઞાન-માર્ગે પ્રભુની સમીપ જવાની જરૂર તેઓને જણાતી નથી. એવી પ્રકૃતિવાળાઓને ધર્મ ઉપયોગી થઇ પડે છે, અને ઘણાં ઉદાહરણોમાં તે જરૂરી પણ હોય છે; કારણકે દેવળમાં કરવામાં આવતી વિધિઓ જેવા ધાર્મિક બાહ્યાચારવડે તેમનામાં રહેલી આધ્યાત્મિક અભીપ્સાને ટેકો તથા પુષ્ટિ મળે છે.

દરેક ધર્મમાં ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરેલું હોય એવી વ્યક્તિઓ મળી આવે છે. પરંતુ તેમની આધ્યાત્મિકતા ધર્મને આભારી નથી હોતી; ઊલટું તેઓએ પોતાની આધ્યાત્મિકતાને ધર્મમાં જમા કરેલી હોય છે. બીજે કોઇ સ્થળે તેઓ મૂકાયા હોત, બીજા કોઇ સંપ્રદાયમાં તેમનો જન્મ થયો હોત, ત્યાં પણ તેમને એની એ આધ્યાત્મિકતા મળી રહેત, અને ત્યાં પણ તેઓ એ જ આધ્યાત્મિક જીવન ગાળતા હોત. એટલે કે તેમણે જે ઉન્નતિ પ્રાપ્ત કરી છે તે તેમણે સ્વીકારેલા ધર્મને નહિ પરંતુ તેમની પોતાની શક્તિને,–તેમના પોતાના અંતરાત્માની શક્તિને–આભારી હોય છે. તેમના અંતરાત્મામાં રહેલી એ શક્તિ એવા પ્રકારની હોય છે કે તેમને માટે ધર્મનું અનુસરણ ગુલામી, કે બંધનરૂપ થઇ શકતું નથી. ફક્ત, તેમના માનસિક બંધારણમાં બુદ્ધિ બળવાન, સ્વચ્છ કે સક્રિય ન હોવાને લીધે તેમને એક કે બીજા, કોઇ પણ, ધર્મને નિરપેક્ષપણે સાચો માનવાની જરૂર પડે છે, જેથી કરીને મનને હલાવી નાખે એવા પ્રશ્નો કે શંકા કર્યા વિના, તેઓ પોતાની જાતને તે ધર્મને અર્પણ કરી દઇ શકે. આવી પ્રકૃતિના લોકો મેં સર્વ ધર્મમાં જોયા છે; અને તેમની શ્રદ્ધામાંથી તેમને ચલિત કરવા એ એક અપરાધ જ ગણાય. એવાઓને માટે ધર્મ એ અંતરાય રૂપ નથી હોતો; વધારે આગળ જઇ શકે એવા લોકોને માટે ધર્મ અંતરાય રૂપ હોય છે, પરંતુ જેઓ એ પ્રમાણે આગળ જવાને અશક્ત હોય, પરંતુ આધ્યાત્મિક જીવનના માર્ગમાં અમુક અંતર સુધી જવાને શક્તિમાન હોય તેમને ધર્મ ઘણી વાર મદદ રૂપ થઇ શકે છે.

ઉત્તમોત્તમ તેમ જ અધમાધમ કાર્યોને ધર્મે પ્રેરણા આપી છે,

તેને નામે સૌથી વધારે હિંસામય – ખૂનખાર – યુદ્ધો થયલાં છે, અને ત્રાસદાયક, ક્રૂરતાભર્યા સીતમો તેને નામે ગુજારવામાં આવેલા છે. તો બીજી બાજુ કઇ ભવ્ય શૂરવીરતા અને કયું પરમ આત્મબલિદાન તેણે પ્રકટાવ્યું નથી ? તત્ત્વજ્ઞાન યાને મીમાંસા પેઠે ધર્મ પણ માનવ મને ઉચ્ચતમ પ્રવૃત્તિ કરતાં પ્રાપ્ત કરેલ સીમા ચિહ્‌ન છે. જો તેના બાહ્ય સ્વરૂપના તમે ગુલામ હશો તો ધર્મ એક અંતરાય અને બંધન રૂપ થાય છે; તેની અંદરના સત્ત્વનો ઉપયોગ કેમ કરવો તે જાણો તો આધ્યાત્મિક પ્રદેશોમાં કૂદકો મારવા માટે એ તમારૂં કૂદકા-પાટિયું બની શકે.

જે માણુસ કોઇ વિશિષ્ટ ધર્મમાં માનતો હોય છે, અથવા તો જેણે કોઇ સત્યની શોધ કરી છે, તે "મને જ સંપૂર્ણ અને સમગ્ર સત્ય પ્રાપ્ત થયું છે" એમ માની બેસવાનો સંભવ છે. માનવ સ્વભાવ જ એવો છે! પોતાના પગ ઉપર ઊભા રહી શકે તથા પોતાના માર્ગ ઉપર ચાલી શકે તે માટે અસત્યના મિશ્રણની માનવને જરૂર હોય એમ લાગે છે. જો સત્યજ્યોતિનું સમ્યક દર્શન માનવને એકદમ – ઓચિંતું – કરાવવામાં આવે, તો તેના ભાર તળે તે કચરાઇ જ જાય.

દિવ્યસત્યનો તથા દિવ્યશક્તિનો કોઇ અંશ જ્યારે જ્યારે પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવા માટે અવતરેલ છે ત્યારે ત્યારે દરેક વખતે પૃથ્વીના વાતાવરણમાં કાંઇને કાંઇ ફેરફાર થયેલો છે. એવું અવતરણ થાય છે, ત્યારે જે લોકો તે જ્યોતિનો સ્વીકાર કરી શકે તેવા હોય છે તેઓને એ અવતરતી જ્યોતિમાંથી પ્રેરણા મળે છે, અને તેમનામાં જ્ઞાનદષ્ટિનો આરંભ થાય છે. તેઓને જે સત્ય પ્રાપ્ત થયું હોય છે તેને યથાર્થ રીતે ધારણ કરવાની, અને તેને સત્ય

સ્વરૂપમાં પ્રકટ કરવાની તેમનામાં શક્તિ હશે, તો તેઓ કહેશે: "એક મહાન શક્તિનું અવતરણ થયું છે; હું તેની સાથે સંબંધમાં છું, અને તેના વિષે હું જે સમજું છું તે તમને હું જણાવીશ." પરંતુ ઘણાખરા માણસોમાં એવી ધારણશક્તિ હોતી નથી, કારણકે તેમનાં મન સંકુચિત હોય છે. તેઓ જ્યોતિવડે આલોકિત થાય છે, જાણે કે તેઓ તેનાથી અવિષ્ટ થાય છે, અને તેઓ બૂમ પાડે છે: "દિવ્ય સત્ય મારી પાસે છે; તે સંપૂર્ણ અને સમગ્ર રૂપે મને પ્રાપ્ત થયું છે." આ પૃથ્વીના પડ ઉપર અત્યારે ઓછામાં ઓછી બે ડઝન વ્યક્તિઓ પોતાની જાતને "ઇસુખ્રિસ્ત" તરીકે ઓળખાવે છે, અને કદાચ "બુદ્ધ" પણ એટલા જ હશે; એકલા હિંદમાં જ – નાની વિભૂતિઓને તો બાજુ પર રાખતાં – થોકડાબંધ અવતારો મળી આવશે. આ રીતે આખી વસ્તુ વિચિત્ર,–હાસ્યાસ્પદ, દેખાય છે; પરંતુ આ બાહ્ય સ્વરૂપની પાછળ જે વસ્તુ આવી રહેલી છે તે જો તમે જોશો, તો પહેલી નજરે તે જેટલી મૂર્ખાઈ ભરેલી દેખાય છે તેટલી નહિ લાગે. ખરી વાત એ હોય છે કે માનવ વ્યક્તિ કોઇ મનસાતીત ભૂમિકાની સત્તા કે શક્તિ સાથે સંપર્કમાં આવેલ હોય છે, અને પોતાના સંસ્કાર તથા કેળવણી પ્રમાણે તે તેને બુદ્ધ કે ખ્રિસ્ત કે બીજું કોઈ પરિચિત નામ આપે છે. એમનો સંબંધ સાચા બુદ્ધ સાથે થયો હતો, યા તો ખ્રિસ્ત તરીકે જેણે એક વાર અવતાર લીધો હતો તે જ વ્યક્તિ સાથે તેને સંપર્ક થયો હતો એની ખાત્રી કરવી મુશ્કેલ છે. પરંતુ બુદ્ધને યા તો ખ્રિસ્તને જે મૂળમાંથી પ્રેરણા મળી હતી, તેમાંથી જ તે વ્યક્તિઓને પ્રેરણા મળતી ન હતી એમ પણ ખાત્રીથી ન કહી શકાય. એવા કોઈ ઉચ્ચ મૂળ જોડે માનવ રૂપી કરણનો સંબંધ થયો હોય એ તદ્દન શક્ય છે; જો માનવ નમ્ર અને સરળ હશે, તો પ્રેરણા-

દ્વારા પોતાને જે સત્ય મળ્યું હશે તેનો જ ઉલ્લેખ કરીને સંતોષ માનશે, કાંઇ પણ વધારે નહિ કહે. તે કહેશે : "અમુક અમુક મહાન આત્મા તરફથી મને આ પ્રેરણા મળી છે." પરંતુ એમ કહેવાને બદલે તે જાહેર કરે છે, કે "હું પોતે તે મહાન દિવ્ય આત્મા છું." પોતે બુદ્ધ અને ખ્રિસ્ત બન્ને છે એવો દાવો કરનાર એક વ્યક્તિને હું ઓળખું છું. નિસંશય, તેણે કોઇ સત્ય પ્રાપ્ત કરેલું હતું; તેને જે અનુભૂતિ થઇ હતી તે સાચી હતી; તેણે પોતાનામાં અને બીજા માનવોમાં ભગવાનની હાજરી અનુભવી હતી. પરંતુ તે અનુભૂતિ તેને માટે અતિશય ભારે નીવડી, તે સત્ય તેનાથી જીરવાયું નહિ; એનાથી એનું મગજ ખસી ગયું, અને બીજે દિવસે રસ્તામાં નીકળી પડીને પોતાનામાં બુદ્ધ તથા ખ્રિસ્ત બન્ને એક થયા છે એમ તે જાહેર કરવા લાગ્યો.

આ બધાં જુદાં જુદાં વ્યક્તિ-સ્વરૂપોદ્વારા એક માત્ર દિવ્ય ચેતના કાર્ય કરતી હોઇ એવાં વિશિષ્ટ સ્વરૂપોની અભિવ્યક્તિ મારફત તે પોતાનો રસ્તો તૈયાર કરી લે છે. ભૂતકાળમાં કોઇ પણ સમયે તેણે કર્યું હતું તેના કરતાં વધારે સમર્થપણે આજે તે દિવ્ય ચેતના પૃથ્વી ઉપર કાર્ય કરી રહી છે. કેટલાકોને કોઇ પ્રકારે, અને કેટલેક અંશે – અંશતઃ – એ દિવ્ય ચેતનાનો સ્પર્શ થઇ જાય છે; પરંતુ તેઓને જે મળે છે તેનું સ્વરૂપ તેઓ વિકૃત કરી નાંખે છે, તેની અંદરથી પોતાની અંગત હોય એવી કોઇ વસ્તુ તેઓ બનાવી લે છે. બીજા કેટલાકને તેના સ્પર્શનું ભાન થાય છે ખરું, પરંતુ તેઓ તેની શક્તિને ધારણ કરી શકતા નથી, અને તેના દબાણના પરિણામે ઉન્મત્ત બની જાય છે. પરંતુ કેટલાકમાં તે દિવ્ય ચેતનાને પોતાનામાં ઝીલવાની શક્તિ તથા ધારણસામર્થ્ય

બન્ને હોય છે, અને તેઓ સંપૂર્ણ જ્ઞાનનાં પાત્ર, તેનાં ચૂંટાયલાં કરણો, તથા પ્રભુના વાહક હોય છે.

જે ધર્મમાં યા તો જે દેશમાં તથા સમાજમાં તમારો જન્મ થયો છે, યા તો જેમાં તમે ઊછર્યા છો, તેનું સાચું મૂલ્યાંકન કરવું હોય, અથવા તો તેનું યથાર્થ સ્વરૂપ જોવું હોય, એટલે કે જે સંજોગોમાં તમે મૂકાયલાં છો અને જેમાં તમે પૂરાયલાં રહો છો તે કેટલા તો ગૌણ અને સાપેક્ષ છે, તેની ખાત્રી કરવી હોય, તો તમારે ફક્ત એક જ વાર પૃથ્વીપર્યટણ કરવું. ત્યાર પછી તમને જણાશે કે તમે જેને "સારૂં" કહો છો, તેને બીજે ઠેકાણે "નઠારૂં" ગણવામાં આવે છે, અને કેટલાક લોકો જે વસ્તુને "ખરાબ" કહે છે, તેને બીજે કોઈ સ્થળે "સારી" તરીકે આવકાર મળે છે. સર્વે રાષ્ટ્રો અને સઘળા ધર્મોની પ્રતિષ્ઠા પરાપૂર્વથી ચાલી આવતી રૂઢ માન્યતાઓના જથા ઉપર બંધાયલી છે. સર્વે ધર્મોમાં તમને સંતો, શૂરવીર પુરુષો, મહાન અને સમર્થ વ્યક્તિઓ તથા સાથે સાથે સંકુચિત હૃદયના અને પાપી પુરુષો પણ મળી આવશે. એ જાણ્યા પછી, "અમુક ધર્મમાં હું ઊછર્યો છું તેટલા માટે ફક્ત તે જ સાચો છે;" યા તો "હું અમુક દેશમાં જન્મ્યો છું તેટલા માટે તે બીજા સર્વ દેશો કરતાં ચઢિયાતો છે." એ પ્રમાણે કહેવું કેટલું હાસ્યાસ્પદ છે તેનું તમને જ્ઞાન થશે. એ પ્રમાણે તો પોતાના કુટુંબ માટે પણ ઉત્કૃષ્ટતાનો દાવો કરી શકાય: "આટલાં બધાં વર્ષોથી યા તો આટલી બધી સદીઓથી અમુક સ્થળે રહેનાર કુટુંબમાં હું જન્મ્યો છું, તેટલા માટે તેની પ્રણાલી પાળવાને હું બંધાયલો છું, કારણકે એ પ્રણાલી જ આદર્શ છે."

તમારી પસંદગીનો મુક્તપણે ઉપયોગ કરીને જ્યારે તમે કોઇ

પણ વસ્તુને પ્રાપ્ત કરો, ત્યારે તે વસ્તુમાં આધ્યાત્મિક મૂલ્ય રહેલું હોય છે, અને તમારે માટે તે વાસ્તવિક બને છે, નહિ કે જ્યારે તમારા ઉપર તેનો ફરજિયાત આધ્યારોપ કરવામાં આવ્યો હોય ત્યારે. તમારી પોતાની આંતરની ખાત્રીનો ધર્મ તમારે જોઇતો હોય, તો તમારે જાતે તે પસંદ કરવાનો છે; તમારો દેશ કયો તે વિષે તમારે છેવટની ખાત્રી કરવી હોય, તો તે સુદ્ધાં તમારે જાતે પસંદ કરવો જોઇએ. તમારા કુટુંબ વિષે પણ તમારે ખાત્રી કરવી હોય તો તે પણ તમારે પસંદ કરવું જોઇએ. કેવળ પ્રારબ્ધને લઇને જે કાંઇ મળ્યું હોય તેનો વિના શંકા તમે સ્વીકારજ કર્યા જાઓ, તો તે વસ્તુ સારી છે કે નઠારી છે, યા તો તે તમારા પોતાના જીવનને માટે સત્ય છે કે નહિ તે તમે ખાત્રીપૂર્વક કદી નહિ કહી શકો.

પ્રકૃતિની અંધ, યાંત્રિક પ્રક્રિયાએ બનાવેલી અને જેનો સ્વીકાર કરવાને તમારી પર દબાણ કરવામાં આવે છે, તેવી તમારી સ્વાભાવિક પરિસ્થિતિમાંથી, વારસામાં મળેલી વસ્તુઓમાંથી, છૂટા પડીને જુદા ઊભા રહો; અંતરાત્માની ચેતનામાં પ્રવેશ કરો, અને એ સઘળી વસ્તુઓ પ્રત્યે શાન્તિપૂર્વક તથા રાગરહિત થઇને દૃષ્ટિ કરો. દરેક વસ્તુની યોગ્ય કિંમત આંકો, અને પછી તદ્દન સ્વતંત્રપણે પસંદગી કરો. એ પ્રમાણે કર્યા પછી તમે સાચી રીતે કહી શકો કે "આ મારૂં કુટુંબ છે, આ મારો દેશ છે, યા તો આ મારો ધર્મ છે."

જો અંતરના થોડા ઊંડાણમાં પણ આપણે ઊતરીશું તો માલૂમ પડશે કે આપણામાંના દરેકમાં યુગોયુગથી પુનર્જન્મ પામતી, તથા અસંખ્ય રૂપોમાં પોતાની જાતને પ્રકટ કરતી આવેલી ચેતના હોય છે. આપણામાંના એકએક જુદા જુદા દેશોમાં જન્મ

લીધેલો છે, જુદી જુદી ઘણી પ્રજાઓમાંનો તે ગણાયલો છે, અને જુદા જુદા ધર્મનું અનુસરણ આપણે દરેકે કરેલું છે. તો પછી, તેમાંથી સૌથી છેવટનાનેજ આપણે શા માટે ઉત્તમોત્તમ તરીકે સ્વીકારવો જોઇએ વારુ? એ જુદાં જુદાં જીવનોમાં આપણે જે અનુભવોનો સંગ્રહ કર્યો છે, તે જન્મજન્માંતરોમાં પણ પોતાનું સાતત્ય જાળવી રાખનાર આપણી આંતર-ચેતનામાં સચવાઇ રહ્યો છે. એ ભૂતકાળના આપણા અનુભવોને પરિણામે આપણામાં જુદાં જુદાં અનેક વ્યક્તિ-સ્વરૂપો ઉત્પન્ન થયલાં હોય છે; અને જ્યારે આપણી અંદર આવી રહેલ વ્યક્તિ-સ્વરૂપોના એ ટોળાનું આપણને જ્ઞાન થાય છે, ત્યાર પછી સત્યના કોઇ વિશિષ્ટ સ્વરૂપને એક માત્ર સત્ય તરીકે જાહેર કરવાનું, યા તો એક દેશનેજ આપણા પોતાના દેશ તરીકે, યા તો એક ધર્મનેજ :સત્ય ધર્મ તરીકે ગણવાનું અસંભવિત બની જાય છે.

એવા લોકો પણ હોય છે જેમનો જન્મ અમુક એક દેશમાં થયેલો હોવા છતાં તેમની ચેતનાનાં સૌથી વધારે ઉપયોગી તત્ત્વો, ચોખ્ખી રીતે, કોઇ બીજા દેશને વધારે બંધ બેસતાં હોય છે. યુરોપમાં જન્મેલા અને છતાં સ્પષ્ટપણે જેઓ અંતરને સ્વભાવે હિંદી હતા એવા માણસો મને મળ્યા છે; અને હિંદી શરીરમાં જન્મેલા એવા કેટલાક પણ મેં જોયા છે કે જેઓ ચોખ્ખી રીતે યુરોપિયન છે. જાપાનમાં મને કેટલાક એવા મળ્યા કે જેઓ હિંદી હતા, અને એવા પણ બીજા હતા કે જેઓ અંતરમાં યુરોપિયન હતા. અને એવી વ્યક્તિઓમાંની કોઇ પોતાના અંતરનું સામ્ય જે દેશની સાથે હોય ત્યાં જાય છે, યા તો તેની સંસ્કૃતિમાં પ્રવેશ કરે છે તો તેને તે પોતાની જ હોય એમ તદ્દન સ્વાભાવિક જ લાગે છે.

જો તમારો હેતુ આધ્યાત્મિક મુક્તિના અર્થમાં, મુક્તિ મેળવવાનો હોય, તો તમારા અંતરાત્માને માટે જે સંબંધો સાચા નથી, પરંતુ જે અવચેતનાના અભ્યાસને પરિણામે ઉત્પન્ન થયલા હોય છે તે સર્વેનો તમારે ત્યાગ કરવો જોઇએ. જો તમારી જાતને સંપૂર્ણપણે, નિરપેક્ષભાવે, અનન્ય વૃત્તિથી, પ્રભુનેજ સમર્પણ કરી દેવા ચહાતા હો, તો એ સંબંધોનો ત્યાગ પરિપૂર્ણપણે અને સાચા દિલથી કરવો જોઇએ; તમારી જાતનો એક ટુકડો અહીં અને બીજો બીજે ઠેકાણે બંધાયલો હોવો ન જોઇએ. આજુબાજુ આવી રહેલ સંબંધોની જાળને સમૂળગી કાપી નાંખવાનું કામ કાંઇ સહેલું નથી એમ તમે કહેશો! પરંતુ ભૂતકાળ તરફ, પાછી નજર ફેરવીને થોડાંક વર્ષોના ગાળામાં તમારી પોતાની અંદર થયેલા ફેરફારોને તમે કદી જોયા છે ખરા? જ્યારે એ પ્રમાણે જોશો ત્યારે અમુક સંજોગોમાં તમને જે લાગણી થઇ તે લાગણી, તમે કર્મ કર્યું તે કર્મ કેવી રીતે થઇ શક્યું એ પ્રશ્ન તમને વારંવાર થશે. અને કેટલીક વાર તો તમે દશ વર્ષ પૂર્વે ભૂતકાળમાં હતા તે તમારી જાતને તમે ઓળખી પણ નહિ શકો. એક વાર જે "હતું" તેની સાથે, યા તો જે અત્યારે "છે" તેની સાથે તમે કેવી રીતે તમારી જાતને બાંધી રાખી શકો; વળી ભવિષ્યમાં શું આવી રહેલ છે કે શું નથી, તે વિષે પણ તમે આગળથી શી રીતે નક્કી કરી શકો?

તમારા અંતરની મુક્તિ અને તેની પસંદગી અનુસાર તમારા સર્વે સંબંધોની પુનર્ઘટના તમારે કરવી જોઇએ. અત્યારે જે પ્રણાલીની બરેડમાં તમે જીવન ગાળી રહ્યા છો, યા તો જેમાં તમે ઉછર્યા છો, તે તો પરિસ્થિતિના, સામાજિક મનની સૂચનાના, યા તો બીજા કોઇની પસંદગીના દબાણને પરિણામે તમારા ઉપર અધ્યા-

રોપિત થયેલી છે. તમે અત્યારે તેને જે અનુમતિ આપી રહ્યા છો તેમાં ફરજિયાતપણાનું તત્ત્વ અનિવાર્ય છે. ખુદ ધર્મ એ પ્રમાણે માનવોના ઉપર ફરજિયાત આરોપિત થાય છે; ધાર્મિક ભય, અથવા તો કોઇ આધ્યાત્મિક કે બીજી જાતની ધમકી ધર્મની સત્તા ટકાવવા માટે વપરાતી જોવામાં આવે છે. પ્રભુ સાથેના તમારા સંબંધમાં એવી કોઈ પણ જાતની બીકને, યા તો ધમકીને જરા પણ સ્થાન હોઇ શકે નહિ; એ સંબંધ તો તદ્દન સ્વતંત્ર, તમારા પોતાના મનની તથા હૃદયની પસંદગીને જ આભારી હોવો ઘટે, અને તેનો સ્વીકાર ઉત્સાહ તથા આનંદપૂર્વક થવો જોઇએ. જે સંબંધમાં એક બાજુ થથરે અને કહે "મને ફરજ પડે છે, હું બીજું કાંઈ કરી શકું તેમ છે જ નહિ," એવા સંબંધમાં તે કેવી એકતા હોઈ શકે વારુ ?

સત્ય તો સ્વયં પ્રકાશ છે, જગતના ઉપર તેનો અધ્યારોપ કરવો પડતો નથી; ઘણા માણસો તેનો સ્વીકાર કરે એવી જરૂરિયાત સત્યને લાગતી નથી. અને તે સ્વયંભૂ હોવાથી લોકો તેના વિષે જે કાંઇ બોલે તેના ઉપર, યા તો કોઇ તેનું અનુસરણ કરે તેના ઉપર, સત્યનો આધાર હોતો નથી. પરંતુ જે ધર્મસ્થાપના કરે છે તેને ઘણા અનુયાયીઓની જરૂર જણાય છે. ધર્મની મહત્તાનું તથા તેના સામર્થ્યનું માપ માણસો તેના અનુયાયીઓની સંખ્યા પરથી કાઢે છે, પછી ભલે તેમાં વાસ્તવિક મહત્તા ન હોય. કોઈ પણ આધ્યાત્મિક સત્યની મહત્તા એવી સંખ્યા ઉપર આધાર રાખતી જ નથી. એક ધર્મ-પ્રવર્તકના પુત્રને મારે મળવાનું થયું ત્યારે મેં તેને મોંઢે સાંભળ્યું કે અમુક અમુક ધર્મોનું બંધારણ સ્થાપન થઇ દૃઢ થતાં આટલી સદીઓ થઈ, અને બીજા એક

ધર્મને પણ કેટલી બધી સદીઓ લાગી, જ્યારે તેના ધર્મને ૫૦ વર્ષની અંદર ૪૦ લાખ અનુયાયીઓ મળી ગયાં છે. "એટલે અમારો ધર્મ કેટલો મહાન છે તે તમે જોઇ શકો છો." તેણે ઉમેર્યું. ધર્મની મહત્તા ભલે તેના અનુયાયીઓની સંખ્યા ઉપરથી મપાય; પરંતુ એક પણ અનુયાયી ન હોય, છતાં સત્ય તો સત્ય જ રહેવાનું છે. સાધારણ માનવ દંભ કરનાર પ્રત્યે આકર્ષાય છે; જ્યાં સત્ય શાન્તિથી પોતાનો આવિર્ભાવ કરતું હોય છે ત્યાં સામાન્ય માનવ જતો નથી. જેમને મોટો દંભ આચરવાનો હોય છે તેમને જોરથી શોરબકોર કરીને ઢંઢેરા પીટવા પડે છે તથા જાહેરાત કરવાની જરૂર પડે છે, કારણકે એમ ન કરે તો લોકોનાં ટોળાંને તેઓ કેવી રીતે આકર્ષી શકે? લોકો શું ધારે છે તેની કાળજી કર્યા વિના જે કાર્ય કરવામાં આવે છે તે એટલું બધું જાણીતું થઇ શકતું નથી, તથા લોકોનાં ટોળાં તેનાથી આકર્ષાતાં નથી. પરંતુ સત્યને જાહેરાતની જરૂર નથી; તે પોતાની જાતને છૂપાવતું નથી, તે પોતાનું મોં સંતાડતું નથી, તેમ તે પોતાની જાહેરાત પણ કરતું નથી. પરિણામ કે ફળને વિષે કાળજી કર્યા વિના, સત્ય પોતાનો આવિર્ભાવ કરીને સંતોષ માને છે, તે લોકોની અનુમતિ તથા સ્તુતિની માગણી કરતું નથી, યા તો તેમની નિંદાથી દૂર નાસતું નથી, જગત તેનો સ્વીકાર કે અસ્વીકાર કરે તેથી તે આસક્ત કે નારાજ થતું નથી.

જ્યારે તમે યોગસાધના કરવાને તત્પર થાઓ ત્યારે તમારા મનના ઘડેલા બધા ઘાટોનાં, મનોમય ઘડતરોનાં, તથા પ્રાણનાં રચેલાં ખોખાંના ટૂકડે ટૂકડા થઇ જાય તેને માટે તમારે તત્પર રહેવું જોઇએ. સાધના કરવી હોય તો ફક્ત તમારા અંતરાત્માની

શ્રદ્ધા સિવાય બીજા કશા પણ આધાર વગર હવામાં અદ્ધર લટકવાની તમારે તૈયારી રાખવી જોઇએ. તમારે તમારા ભૂતકાળનું વ્યક્તિત્વ સંપૂર્ણપણે ભૂલી જવું જોઇએ, તથા તેની સર્વે આસક્તિઓ સમૂળગી છોડી દેવી જોઇએ, તમારી ચેતનામાંથી તેને ઉખેડીને દૂર ફેંકી દેવી પડશે તથા સર્વ પ્રકારનાં બંધનોથી મુક્ત થઇને નવ-જન્મ લેવો પડશે. તમે જે "હતા" તેનો વિચાર ના કરો પરંતુ તમે જે થવાની અભીપ્સા રાખો છો તેમાં મનને પરોવો; તમે જેનો સાક્ષાત્કાર કરવા માગતા હો તેમાં લીન થઇ જાઓ. મૃત ભૂતકાળ પ્રત્યેથી પાછા ફરો અને ભવિષ્ય પ્રત્યે આગળ સીધી દૃષ્ટિ કરો. તમારો ધર્મ, તમારો દેશ તથા તમારું કુટુંબ ફક્ત એક છે: તે પ્રભુ પોતે.

*

વાર્તાલાપ અગિયારમો

બધી શારીરિક માંદગીના છેવટના કારણ તરીકે કોઈને કોઈ માનસિક અવ્યવસ્થા હોય છે એમ કહી શકાય ખરું? જો એમ હોય તો "અળાઈઓ" અથવા "ઘાંટાનું બેસી જવું" એવા રોગ કયા માનસિક કારણને આભારી હશે?

જેટલા માંદા પડનાર માણસો તેટલાં વિવિધ એક જ માંદગીનાં કારણો હોઈ શકે છે; દરેકની માંદગીનું કારણ જુદું હોય છે. તમે મને પૂછો કે "આ અમુક કે બીજી માંદગી મને શા કારણથી આવી છે?" તો હું તમારી અંદર જોઈને તેનું કારણ કહી શકું; પણ એનો સર્વસામાન્ય નિયમ નથી.

શારીરિક વ્યાધિ કાંઈ હમેશાં માનસિક અવ્યવસ્થા, વિસંવાદ કે અશુદ્ધ ગતિને આભારી હોતા નથી. વ્યાધિનું મૂળ મનની અંદર હોઈ શકે, પરંતુ તે પ્રાણમાં પણ હોય; અથવા ઓછે કે વધારે અંશે, કેવળ શારીરિક કારણ પણ હોય, જેમ બહારના ચેપથી આવતા વ્યાધિઓની બાબતમાં બને છે. વળી સાધનાની કોઈ ક્રિયાને પરિણામે પણ શારીરિક વ્યાધિ આવી શકે; અને એવું હોય ત્યારે પણ શક્ય કારણો ટોળાબંધ હોઈ શકે છે.

સાધનાને પરિણામે આવતા વ્યાધિનો આપણે વિચાર કરીએ, કારણકે આપણે સીધેસીધો અને વધારે ગાઢ સંબંધ તે કારણો જોડે છે. એમાં કોઈ અમુક વ્યાધિ માટે ખાસ એક કારણ આપણે આપી શકીએ નહિ, તો પણ તે વ્યાધિને ઉત્પન્ન કરનારાં કારણો અનુસાર આપણે તેમને જુદા જુદા વર્ગમાં મૂકી શકીએ ખરા.

સાધકની ચેતનામાં અવતરણ કરનાર તથા તેની પ્રકૃતિનું રૂપાંતર કરવામાં સહાય કરનાર યોગશક્તિ જુદી જુદી ઘણી દિશાઓમાં કાર્ય કરે છે, અને એ શક્તિને પોતાનામાં ઝીલનાર સાધકની પ્રકૃતિ પ્રમાણે, તથા જે પ્રકારનું કાર્ય કરવાનું હોય છે તે પ્રમાણે, એ યોગશક્તિના કાર્યનાં પરિણામો જુદાં જુદાં આવે છે. સૌથી પ્રથમ તો, સાધકની પ્રકૃતિનાં જે તત્ત્વો રૂપાંતર પામવા માટે તૈયાર હોય છે તેમનું રૂપાંતર એ શક્તિ વેગપૂર્વક કરે છે. જો સાધકની મનોમય ભૂમિકા યોગશક્તિ પ્રત્યે ખુલ્લી તથા તેને ગ્રહણ કરવાને તત્પર હોય, તો યોગશક્તિનો સ્પર્શ થતાં તેના મનનું રૂપાંતર થવા માંડે છે, અને તે વેગપૂર્વક પ્રગતિ કરવા માંડે છે. જો પ્રાણશક્તિ એ પ્રમાણે તૈયાર હોય તો તેમાં પણ એ જ પ્રકારનો રૂપાંતરનો વેગ આવે છે, યા તો સ્થૂળ શરીરમાં પણ એ પ્રમાણે બની શકે છે. પરંતુ સ્થૂળ દેહમાં યોગની શક્તિનું રૂપાંતર કરવાનું કાર્ય થોડે અંશે જ, અંશતઃ જ, થઇ શકે છે, કારણકે યોગશક્તિનો સ્વીકાર કરવાની સ્થૂળ શરીરની શક્તિ મર્યાદિત હોય છે. વિશ્વની અંદર સૌથી વધારે જડ તત્ત્વની બનેલી જે ભૂમિકા છે તેમાં એટલે કે પાર્થિવ સ્તરમાં, હજી સુધી યોગશક્તિને ધારણ કરવાની ક્ષમતા સાથે જ તેનો વિરોધ કરવાની વૃત્તિ પણ ઘણે અંશે ભળેલી છે. પરંતુ પ્રકૃતિના એક ભાગની ત્વરિત પ્રગતિની જોડે જોડે તેના બીજા ભાગમાં એટલી જ ત્વરિત પ્રગતિ થાય નહિ, તો સમગ્ર અંતરમાં એક પ્રકારનો વિસંવાદ પેદા થાય છે,– પ્રકૃતિમાં અવ્યવસ્થા ઊભી થાય છે. જ્યાં જ્યાં અથવા જ્યારે જ્યારે આ જાતનો વિસંવાદ થાય છે, ત્યાં ત્યાં અથવા ત્યારે ત્યારે, તે વ્યાધિનું રૂપ લઈ શકે છે. કઇ જાતનો વ્યાધિ થાય છે તેનો આધાર કેવા પ્રકારનો વિસંવાદ છે તેના પર હોય છે. એક પ્રકારની અવ્યવસ્થા મન ઉપર

અસર કરે છે અને તેને પરિણામે આવતો વ્યાધિ છેક ગાંડપણ સુધીનો પણ હોઇ શકે; બીજી જાતનો વિસંવાદ સ્થૂળ શરીર પર અસર કરે છે અને તાવ, યા તો, અળાઇઓ કે બીજા નાનામોટા શારીરિક વ્યાધિરૂપે પ્રકટ થાય છે.

પોતાના ઉપર કાર્ય કરનાર યોગશક્તિને સ્વીકારવાને, અને તેને યોગ્ય પ્રત્યુત્તર આપવાને અંતઃકરણના જે ભાગો તૈયાર હોય છે તેઓમાં યોગશક્તિના કાર્યને પરિણામે રૂપાંતરની ક્રિયાને વેગ મળે છે. આ રીતે યોગ સમય બચાવે છે. અખિલ જગત ક્રમે ક્રમે આગળ વધતા રૂપાંતરની ક્રિયાને માર્ગે ગતિ કરી રહ્યું છે. તમે યોગસાધનાનો માર્ગ લો છો ત્યારે તમારામાં થતી વિરાટની એ ક્રિયાના વેગને તમે વધારો છો. સામાન્ય ગતિએ જે કાર્યને ઘણાં વર્ષો લાગે તે કાર્ય યોગસાધનાને પરિણામે થોડા દિવસોમાં, યા તો થોડા કલાકોમાં પણ, સાધી શકાય છે. પરંતુ એ વેગની વૃદ્ધિના આવેગને માનવની આંતર ચેતના પ્રથમ વધાવી લે છે. કારણકે ચેતનાના ઉપરના ભાગો યોગશક્તિની ત્વરિત અને એકાગ્રક્રિયાઓને તરત જ અનુસરી શકે છે, તથા યોગની ક્રિયાને પરિણામે અંતરની જે સતત પુનર્વ્યવસ્થા કરવી પડે છે તથા તે ક્રિયાઓને અનુકૂળ વૃત્તિ ધારણ કરવી પડે છે તે એ સૂક્ષ્મ ભાગો સહેલાઇથી કરી શકે છે.

સામાન્યતઃ માનવનું સ્થૂળ શરીર જડતાવાળું, તમોગુણી હોઇ એને નિષ્ક્રિયતા પ્રિય હોય છે; સ્થૂળ શરીરમાં એવું કોઇ તત્ત્વ હોય જે યોગશક્તિના કાર્યને પ્રત્યુત્તર ન આપતું હોય, શરીરમાં કોઇ પ્રકારનો વિરોધ હોય તો તેનું કારણ એ હોય છે કે અંતરના બીજા સૂક્ષ્મ ભાગોના જેટલી ઝડપથી સ્થૂળ શરીર ગતિ કરી

શકતું નથી. એને વખત લાગે છે. સામાન્ય જીવનમાં જેમ તે પોતાની ગતિએ ચાલે છે, તે પ્રમાણે યોગમાં પણ તે પોતાની ધીમી ચાલે ચાલે છે. મોટી ઉમરના લોકો પોતાની સાથે નાનાં છોકરાં હોય અને લાંબી ફલંગે ચાલે તેના જેવું સાધનામાં પણ બને છે; વખતે વખતે એ લોકોને ઊભા રહેવું પડે છે, અને પાછળ પડી ગયેલું છોકરું આવી પહોંચે અને જોડે થઇ જાય ત્યાં સુધી વાટ પણ જોવી પડે છે. આ પ્રમાણે અંતરની પ્રગતિ અને સ્થૂળ શરીરની જડતા એ બે વચ્ચે જે વિસંવાદ હોય છે તેને લીધે ઘણી વાર શરીરમાં વિચ્છેદ થાય છે અને એ અવ્યવસ્થા ઘણી વાર વ્યાધિ રૂપે પ્રકટ થાય છે. ઘણા લોકો યોગસાધનાની શરૂઆત કરે છે કે તુરત જ શારીરિક વ્યાધિ કે દુઃખથી પીડાય છે તેનું કારણ પણ એ જ હોય છે. જો સાધક પોતે કાળજી રાખે અને સાવધાન રહે, તો એ પ્રમાણે બનવું જ જોઇએ એવું કાંઇ નથી. અથવા તો શરીરમાં યોગશક્તિ પ્રત્યે અસાધારણ અને મહાન ગ્રાહકશક્તિ હોય, તો પણ સાધક એ મુશ્કેલીથી બચી જાય છે. પણ ભૂતકાળમાં યોગશક્તિના કાર્યને માટે શરીર તૈયાર ન થયું હોય, તો અંતરની પ્રગતિની બરાબર દોડી શકે એટલી શુદ્ધ ગ્રાહકશક્તિ શરીરમાં ભાગ્યે જ હોય છે.

માનવના સામાન્ય જીવનમાં તો સ્થૂળ અને સૂક્ષ્મ એ બન્ને વચ્ચેનો વિસંવાદ ક્રમે ક્રમે વધતો જાય એવો નિયમ જોવામાં આવે છે. માનવની માનસિક અને પ્રાણમય ચેતના વિશ્વ-શક્તિઓની ક્રિયાને પોતાનાથી બને તેટલી સારી રીતે અનુસરે છે; તથા જગતમાં જે અંતર ચેતનાનું રૂપાંતર અને સમુત્ક્રાન્તિ થઇ રહેલાં હોય છે તેનો પ્રવાહ તેમને થોડે રસ્તે આગળ લઇ જાય છે; પરંતુ નરી

પાર્થિવતાના જડ નિયમોને વશ માનવદેહ બહુ જ ધીમે ધીમે ગતિ કરે છે. થોડાં વર્ષો પછી,— સિત્તેર કે એંસી કે પછી એક સો કે બહુ બહુ તો બસો વર્ષ પછી,— એ બે વચ્ચેનો વિચ્છેદ એટલો તો ગંભીર પ્રકારનો થઈ જાય છે કે બાહ્ય કરણનો વિનાશ થઇ જાય છે. વિરાટ પ્રકૃતિની માગણી અને તેના પ્રત્યે માનવના દેહનો પ્રત્યુત્તર એ બે વચ્ચેના ભેદને લઇને તથા અંતર ચેતનાની પ્રગતિને અનુસરવાની શરીરની વધતી જતી અશક્તિને લીધે મૃત્યુ નીપજે છે.

સૃષ્ટિમાં અંતર ચેતનાના રૂપાંતરનું જે કાર્ય ઉત્ક્રાન્તિ વાટે ધીમું અને સતત ચાલુ હોય છે તે યોગસાધનાને પરિણામે વધારે ત્વરિત અને તીવ્ર બને છે એ ખરું; પણ બાહ્ય પ્રકૃતિના રૂપાંતરની ગતિ તો સામાન્ય માનવજીવનમાં હોય છે તેટલી જ લગભગ રહે છે. પરિણામે, યોગસાધના કરનારના જીવનમાં આંતર અને બાહ્ય ચેતના વચ્ચેનો વિસંવાદ ઊલટો વધારે દેખાઈ આવે તેવો બને એ સંભવિત છે, સિવાય કે તેને અટકાવવાને માટે સાવચેતી રાખવામાં આવી હોય, અને આંતર ચેતનાની ગતિની જોડે જોડે દોડવાને શરીરને પણ મદદ કરે એવા પ્રકારનું રક્ષણ મેળવવામાં આવ્યું હોય. અને એમ હોય તો પણ, અત્યારે દેહની તો એવી પ્રકૃતિ છે કે ગતિમાં બાધા કરવી. આ કારણને લીધે ઘણા સાધકોને અમારે કહેવાની ફરજ પડે છે કે "તમે બહુ ખેંચો નહિ, ઉતાવળ કરો નહિ, તમારા શરીરને તમારી પાછળ આવવાનો વખત આપો." કેટલાકને વર્ષો સુધી પણ પાછળ રાખવા પડે છે, અને બહુ પ્રયત્ન, કે બહુ પ્રગતિ કરવા દેવામાં આવતી નથી. કેટલીક વખત એ પ્રકારની સમતુલાનો ભંગ થતો અટકાવવો અશક્ય થઈ પડે છે; અને એવું થાય છે ત્યારે શારીરિક વ્યાધિ

આવે છે અને તેના પ્રકારનો આધાર વિરોધ કેવા પ્રકારનો છે અને સાધકે કેવા પ્રકારની સંભાળ લીધી છે યા તો બેદરકારી રાખી છે તેના ઉપર રહે છે.

વળી જ્યારે જ્યારે સાધનામાં ગંભીર પ્રગતિ કરવામાં આવે છે ત્યારે દરેક વખતે તેની પછીથી જડતાનો સમય લગભગ ખાત્રીપૂર્વક આવે છે તેનું પણ આજ કારણ હોય છે. જેઓ એ બાબત આગળથી જાણતા નથી હોતા તેમને એવો સમય કેવળ જડતાનો, કહોવાણનો, તથા નિરુત્સાહનો કાળ લાગે છે, અને એવે સમયે સર્વ પ્રકારની પ્રગતિ અટકી ગયેલી જણાય છે; એવે વખતે તેઓ ચિંતાપૂર્વક વિચાર કરે છે કે "આ શું થઈ ગયું? હું શું વખત નકામો ગૂમાવી રહ્યો છું?" કાંઈ જ થતું હોય એમ લાગતું નથી. હકીકત એ હોય છે કે એ સમય આહારની પાચનક્રિયાના સમય પેઠે આવશ્યક હોય છે; સ્થૂળ શરીર વધારે ગ્રાહક શક્તિવાળું બને, અને અંતરની ચેતના જે ભૂમિકાને પહોંચી હોય તેને તે પ્રાપ્ત કરે, એટલા માટે એ આરામનો સમય આવશ્યક હોય છે. માબાપ ઘણી ઝડપથી આગળ ચાલી ગયાં હોય છે; એટલે પાછળ રહી ગએલું બાળક આવી પહોંચે અને તેમનો હાથ પકડે, ત્યાં સુધી તેમને અટકવું જ રહ્યું; ત્યાર પછી એ બન્ને પાછાં સાથે મુસાફરી કરી શકે.

સ્થૂળ શરીરનો દરેક અવયવ આંતર ચેતનાની ક્રિયાનો સૂચક હોય છે; એ રીતે સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને વચ્ચે સંબંધવાળું જગત આવી રહેલું છે. પરંતુ એ વિષય લાંબો અને અટપટો છે, અને અહીં આપણે એની વિગતમાં ઊતરી શકીએ તેમ નથી. વ્યાધિની અસર શરીરના જે વિશિષ્ટ અવયવના ઉપર થઈ હોય તે ઉપરથી

અંતરમાં કેવા પ્રકારનો વિસંવાદ ઊભો થયો છે તે જાણી શકાય છે; આ રીતે વ્યાધિ પોતેજ પોતાનું મૂળ દર્શાવી આપે છે અને વ્યાધિ એ મૂળનું ચિહ્ન અને લક્ષણ બને છે. કેવા પ્રકારનો વિરોધ સમગ્ર ચેતનાને એક જ ત્વરિત ગતિથી કૃત્ય કરતાં અટકાવે છે તે પણ વ્યાધિ ઉપરથી જાણી શકાય છે. અને આ રીતે રોગ-નો ઉપાય અને ઉપચાર તે લક્ષણ બતાવે છે. ક્યાં આગળ ભૂલ થઇ છે એનું ચોક્કસ જ્ઞાન જો સાધકને થાય, અને કયો ભાગ ઊર્ધ્વ ચેતનાની મદદ ગ્રહણ કરવાને અશક્તિમાન છે તે શોધી કાઢે, અને તેને ખુલ્લો કરીને ત્યાં જ્યોતિ અને શક્તિને લાવી શકે, તો શારીરિક આરોગ્યની સમતુલાનો જે ભંગ થયો હતો તેને એક ક્ષણમાં પાછી સ્થાપન કરી શકાય, અને વ્યાધિ એકદમ દૂર થઇ જાય.

વ્યાધિનું મૂળ માનસિક પણ હોય; પ્રાણમાં પણ, યા તો, ચેતનાના અન્ય કોઇ ભાગમાં પણ તે હોય. એક જ પ્રકારનો વ્યાધિ જુદાં જુદાં કારણોને આભારી પણ હોય; જુદાં જુદાં માણસોની બાબતમાં એકના એક વ્યાધિનાં કારણો જુદાં જુદાં હોઇ શકે. વળી ખરેખરો વ્યાધિ ન હોય, અને વ્યાધિનો દેખાવ માત્ર હોઇ શકે. એમ હોય ત્યારે તમે ચેતનામાં ઠીક ઠીક જાગ્રત હશો, તો તમને જણાશે કે ચેતનામાં કોઈ જગાએ ઘર્ષણ છે, કોઈ ઠેકાણે ગતિ રૂંધાઈ ગયેલી છે, અને તે બરાબર મેળમાં ગોઠવવાથી તમે એકદમ સાજા થઇ જશો. આવી જાતના વ્યાધિમાં કાંઈ પણ વાસ્તવિકતા હોતી નથી, શરીરના ઉપર તેની અસર જણાય તો પણ; તેનો અર્ધોઅર્ધ ભાગ કલ્પનાનો બનેલો હોય છે, અને સાચા વ્યાધિની પેઠે શરીરના સ્થૂળ દ્રવ્ય ઉપર એની પકડ બિલકુલ હોતી નથી.

ટૂંકામાં, વ્યાધિનાં કારણો ઘણા પ્રકારનાં અને પ્રચ્છન્ન હોય છે; દરેક વ્યાધિનાં સંખ્યાબંધ કારણો હોઈ શકે છે, પરંતુ હમેશાં સાધકની સત્તામાં કોઈ નિર્બળ ભાગની તે નિશાની છે.

વ્યાધિનું કારણ ગમે તે–માનસિક કે શારીરિક, અંતરનું કે બાહ્ય હોય, પરંતુ સ્થૂળ શરીરના ઉપર તે અસર કરી શકે તે પહેલાં તેની આજુબાજુ ફરી વળેલું અને તેનું રક્ષણ કરનાર એક બીજું પડ હોય છે. તેના ઉપર તેને અસર કરવી પડે છે. જુદી જુદી ભાષાઓમાં એ સૂક્ષ્મ-કવચનાં નામો જુદાં જુદાં હોય છે: કેટલાક તેને "આકાશ-શરીર" કોઈ તેને "નાડી-કવચ" કહે છે. તે કવચ સૂક્ષ્મ છે છતાં લગભગ જોઇ શકાય તેવું સ્થૂળ હોય છે. એની ઘનતા ઘણી ગરમ વસ્તુની આજુબાજુ જે જાતનાં આંદોલનો જણાય છે તેના જેવી જ હોય છે; તે સ્થૂળ શરીરમાંથી બહાર પ્રસરતું હોય છે, અને તે સ્થૂળ શરીરને ખૂબ નજીક રહીને ઢાંકે છે. બહારના જગત સાથેના સર્વ સંબંધો એ નાડી-કવચ મારફતે થાય છે, અને સ્થૂળ શરીર ઉપર વ્યાધિનો હુમલો થાય તે પહેલાં આ નાડી-કવચ ભેદાવું જોઇએ. જો આ નાડી-કવચ મજબૂત અને અખંડ હોય, તો ખરાબમાં ખરાબ વ્યાધિઓથી ભરેલા વાતાવરણમાં,– કોલેરા અને પ્લેગ જેવા ઝેરી અને ચેપી વાતાવરણમાં પણ, તમે જઇ શકો છો અને છતાં નિરોગી રહી શકો. જ્યાં સુધી એ અભેદ અને અખંડ હોય છે, અને એની ઘટનાનો પદાર્થ એક રસ, અને તેનાં તત્ત્વો સંપૂર્ણ સમતોલપણામાં હોય છે ત્યાં સુધી વ્યાધિના હુમલા સામે એ કવચ સંપૂર્ણ સંરક્ષણ આપે છે.

એ નાડી-કવચ એક બાજુથી સ્થૂળ દ્રવ્યનાં તત્ત્વોનું – ખરું જોતાં, દ્રવ્યતત્ત્વની અમુક સ્થિતિનું–બનેલું હોય છે, અને બીજી

બાજુએ આપણી માનસિક અવસ્થા – આંદોલનો – ઉપર તેનો આધાર રહે છે. શાન્તિ અને સમતા, વિશ્વાસ, આરોગ્યમાં શ્રદ્ધા, ખલેલ વગરનો આરામ, પ્રફુલ્લતા અને આનંદી સ્વભાવ, આલોકિત સંતોષ, વગેરે છે. માનસિક અવસ્થાઓ એ નાડી-કવચને બળ અને પોષણ આપે છે. એ નાડી-કવચ ઘણું સૂક્ષ્મ સંસ્કારગ્રાહી હોય છે, અને ત્વરાથી તથા સહેલાઇથી તે પ્રતિકાર્યો કરે છે; એ સર્વ પ્રકારની સૂચનાઓ સ્વીકારવા તૈયાર હોય છે, અને એ સૂચનાઓ તેની સ્થિતિમાં એક ક્ષણમાં ફેરફાર કરે છે, અને તેની સ્થિતિને લગભગ પલટાવી નાંખી શકે છે. ખરાબ સૂચના એના ઉપર ઘણું સબળ કાર્ય કરે છે, સારી સૂચના એનાથી વિરુદ્ધ દિશામાં એટલા જ બળપૂર્વક કાર્ય કરે છે. નિરાશા તથા નિરુત્સાહની એના ઉપર ઘણી જ ખરાબ અસર થાય છે; એને પરિણામે એમાં જાણે કાણાં પડી જાય છે, એ નબળું પડે છે, એની હુમલાનો સામનો કરવાની શક્તિ ઓછી થાય છે, તથા વિરોધી શક્તિઓના હુમલાનો માર્ગ મોકળો થાય છે.

ઘણી વાર બે માણસો વચ્ચે જે સ્વાભાવિક અને વગર કારણનું અહૈતુક આકર્ષણ યા તો પ્રત્યાકર્ષણ જોવામાં આવે છે, તેની થોડી ઘણી સમજૂતી એ નાડીમયકોશના કાર્યમાં આપણને મળે છે. એવાં કાર્ય-પ્રતિકાર્યનું પ્રથમ સ્થાન એ નાડી-કવચ છે. આપણા નાડી-કવચના બળમાં જે લોકો વધારો કરે છે તેમના પ્રત્યે આપણે સહેલાઇથી આકર્ષાઇએ છીએ; જેઓ તેમાં અવ્યવસ્થા લાવે છે, યા તો નુકસાન પહોંચાડે છે, તેમના પ્રત્યે આપણે પ્રત્યા-કર્ષણ એટલે ઘૃણા અનુભવીએ છીએ. જેનાથી એ નાડી-કવચને વિશાળતાની, સંતોષની અને આરામની લાગણી થાય છે તેના

પ્રત્યે આપણને એકદમ આકર્ષણ થાય છે; જ્યારે એનાથી ઉલટી અસર થાય છે ત્યારે સ્વરક્ષણ ખાતર ઘૃણારૂપે એ કવચ પ્રતિકાર્ય કરે છે. આવી ક્રિયા બે માણસો મળે છે ત્યારે પરસ્પર થાય છે. અલબત્ત, માણસ માણસ વચ્ચે સમાન સખ્યનું આ એક જ કારણ નથી હોતું; પરંતુ એ એક કારણ છે અને ઘણી ખરી વાર હાજર હોય છે.

આપણી સમગ્ર ચેતના એકી વખતે વિરાટની આંતર પ્રગતિ સાથે કદમ મીલાવી કૂચ કરી શકે તો માંદગી આવે જ નહિ, મૃત્યુ થાય નહિ. પરંતુ તે આખીએ ચેતના,— એટલે કે જરા પણ ઓછી અધૂરી ન હોવી જોઇએ: એટલે કે, ચેતનાના ઉચ્ચ સ્તરો જેઓ વધારે સંસ્કારગ્રાહી અને રૂપાંતર કરનારી શક્તિઓને જરૂર પ્રમાણે, પ્રત્યુત્તર આપી શકે એવા હોય છે ત્યાંથી આરંભીને છેક સ્થૂળતમ પાર્થિવ ભૂમિકા — જે પ્રકૃતિથી જ અક્કડ, નિશ્ચલ, પોતાના રૂપમાં સર્વે ઝડપી ફેરફારોનો વિરોધ કરનાર હોય છે ત્યાં સુધીની સમસ્ત નિઃશેષ ચેતના એમાં આવી જાય છે.

શરીરના કેટલાક અવયવો એવા છે જેઓ યોગશક્તિના કાર્યનો વધારે મજબુત વિરોધ કરે છે, અને એવા ભાગોમાં થતા રોગ મટાડવા વધારે મુશ્કેલ હોય છે. એ અવયવો એટલે સૌથી વધારે બાહ્ય અને જડ તત્ત્વવાળા ભાગો; અને તેમાં થતા વ્યાધિઓ એટલે કે ચામડીના રોગો અને ખરાબ દાંત વગેરે.

બળવાન તંદુરસ્તીવાળા અને પડછંદ શરીરવાળા એક યોગી વિષે મેં પ્રમાણભૂત વ્યક્તિ તરફથી સાંભળ્યું છે કે નર્મદા નદીને કિનારે લગભગ એક સો વર્ષથી રહેતા હતા. એક વખત દાંતના દુઃખાવા માટે તેના શિષ્યે તેમને દવા આપી; ત્યારે તેમણે ના કહી,

અને જણાવ્યું કે "એ એક દાંત છેલ્લાં બસો વર્ષથી મને દુઃખ દેતો આવ્યો છે." એ યોગીએ પાર્થિવ પ્રકૃતિ ઉપર એટલો બધો કાબૂ મેળવ્યો હતો કે તે બસો વર્ષ જીવી શક્યા અને છતાં એટલા બધા સમયમાં દાંતના દુઃખાવા ઉપર તે વિજય મેળવી શક્યા ન હતા.

કેટલાક રોગ ઘણા ભયંકર ગણાય છે, પણ તેમને મટાડવા એ સૌથી સહેલું હોય છે; કેટલાક એટલા બધા અગત્યના ગણાતા નથી, પણ તેઓ ઘણો આગ્રહી વિરોધ કરી શકે છે.

વ્યાધિમાં જોખમનો નવ-દશાંશ ભાગ ભયમાંથી આવે છે. ભયને લઈને રોગનાં દેખીતાં બધાં લક્ષણો માણસમાં દેખાય એ શક્ય છે; ભયથી વ્યાધિ પેદા પણ થાય છે, એટલી બધી તેની અસર હોય છે. થોડા વખત પર આશ્રમમાં આવજા કરનાર સાધકની પત્નીએ,– જે પોતે સાધના કરતી ન હતી, તેણે – સાંભળ્યું કે દૂધ-વાળાના ઘરમાં કૉલેરા થયો છે; એને બીક લાગી અને તુરત જ એનામાં રોગનાં લક્ષણો જણાવા લાગ્યાં પણ એને જલદી મટી ગયું, કારણકે દેખીતાં લક્ષણોને સાચેસાચા રોગનું રૂપ ધારણ કરવા જેટલાં આગળ વધવા દેવામાં આવ્યાં નહિ.

યોગશક્તિના દબાણને પરિણામે સ્થૂળ દેહની અંદર એવી કેટ-લીક ક્રિયાઓ થાય છે જેને લઈને પાયા વગરની બીક ઉપજે છે, અને એનો ઇન્કાર કરવામાં ન આવે તો તે નુકસાન કરી બેસે છે. દાખલા તરીકે:— માથાના ઉપર થતી એક પ્રકારના દબાણની લાગણી વિષે આગળ કહેવામાં આવ્યું છે. એવું દબાણ ખાસ કરીને શરૂઆતની અવસ્થામાં પ્રકૃતિના કોઇ બંધ થઇ રહેલા ભાગને ખોલવાનો હોય છે ત્યારે ઘણા સાધકો અનુભવે છે. એ પ્રકારના અણગમાની લાગણીનું પરિણામ ખાસ ખરાબ નથી આવતું, અને

જો તમને ખબર પડે કે તમે જે શક્તિઓ પ્રત્યે ખુલ્લા થાઓ છો તેઓ શીઘ્ર પરિણામો લાવવા માટે તથા ઝપાટાબંધ રૂપાંતર કરવા માટે શરીરના ઉપર બળપૂર્વક કાર્ય કરે છે તેથી કરીને તમને એ દબાણ અને એ લાગણી થાય છે, તો તમે તેનાથી જલદી મુક્ત થઇ શકશો. શાન્તિપૂર્વક એને સમજો તો એ લાગણી બદલાઈ પણ જાય, અને તે અણગમાની ન પણ હોય એવું બને. પરંતુ જો તમે બીઓ તો જરૂર તમારૂં માથું દુઃખવા આવશે, અને તાવ લાવવા સુધી વાત વધેય ખરી. એ અણગમાની લાગણી પ્રકૃતિના કોઇ વિરોધને આભારી હોય છે; એ વિરોધને કેમ દૂર કરવો એ જો તમે જાણો તો એ અણગમાની લાગણીથી તમે એક-દમ મુક્ત થઇ જશો. પણ જો તમે બીઓ તો એમાંથી વધારે ખરાબ પરિણામ આવે. ગમે તે પ્રકારનો અનુભવ થાય પરંતુ તમારે ભયને તો સ્થાન આપવું જ ન જોઇએ; તમારે અડગ વિશ્વાસ રાખવો જોઇએ, અને જે કાંઇ બને છે તે બનવું જોઇએ માટે બને છે એમ સમજવું જોઇએ. એક વાર રસ્તો પસંદ કર્યો એટલે એ પસંદગીનાં બધાં પરિણામો તમારે હિંમતભેર સ્વીકારવાં જોઇએ. પરંતુ એક વાર તમે પસંદ કરો અને પછી પાછાં ડગલાં ભરો, વળી પાછા આગળ આવો અને વળી પાછા હઠો એમ હમેશાં ડગ-મગતા રહો, હમેશાં શંકા કર્યા કરો, હમેશાં ડરતા રહો, તો તમારી અંદર તમે પોતે જ વિસંવાદ ઉત્પન્ન કરશો, અને પરિણામે તમારી પોતાની પ્રગતિમાં તો મંદતા આવશે જ, પરંતુ વધારામાં મનમાં તથા પ્રાણમાં પણ સર્વ પ્રકારના ક્ષોભનું તથા શારીરિક અસુખનું અને વ્યાધિનું પણ તે કારણ થઈ પડે છે.

*

વાર્તાલાપ બારમો

"સર્વ બાબતો જાણી શકે, સર્વ પ્રકારના પ્રશ્નોના ઉત્તર આપી શકે, ભૌતિકશાસ્ત્રને — દાખલા તરીકે સાપેક્ષવાદને,— લગતા અટપટા કોયડાઓને ઉકેલી શકે એવી ચેતનાની સ્થિતિને યોગી પ્રાપ્ત કરી શકે ખરો?"

સિદ્ધાંત તરીકે અને શકયતા જોતાં, સર્વ પ્રકારનું જ્ઞાન મેળવવું એ યોગીને માટે અસંભવિત નથી. એનો આધાર યોગી કોણ છે તેના ઉપર છે.

વળી જ્ઞાનમાં પણ જુદા જુદા પ્રકાર હોય છે. સાચો યોગી જ્ઞાન મેળવે છે તે માનસિક રીતે નહિ. યોગી સઘળું જાણે છે પણ તે એટલા માટે નહિ કે તે સર્વ પ્રકારની શકય માહિતી મેળવી શકે છે, યા તો વિશ્વની સઘળી ઘટનાઓને તે પોતાના મનમાં સમાવી શકે છે, યા તો તેની ચેતના એક પ્રકારના જાદુઈ જ્ઞાનચક્રના પુસ્તક જેવી હોય છે તેથી તે જ્ઞાન મેળવે છે એમ નથી સમજવાનું. યોગી જ્ઞાન પ્રાપ્ત કરે છે તે વસ્તુઓને, વ્યક્તિઓને તથા શક્તિઓને પોતાની ચેતનામાં સમાવવાની શક્તિને પરિણામે યા તો, તેમની જોડે સક્રિય તદ્રુપતા સાધવાની, કે પછી, વિશાળ તલ્લીનતા પ્રાપ્ત કરવાની તેની શક્તિને પરિણામે, અથવા તો સત્ય અને જ્ઞાન જેમાં હાજર હોય છે એવી ચેતનામાં યોગી પોતે રહેતો હોય છે, કે, એવી ચેતના જોડે તે સંબંધમાં હોય છે તેથી કરીને તે સર્વ પ્રકારનું જ્ઞાન મેળવી શકે છે.

જો તમે સત્ય ચેતનામાં રહેતા હશો તો તમને જે જ્ઞાન મળશે તે પણ સત્યનું જ જ્ઞાન હશે. એ સ્થિતિમાં પણ જ્ઞેય પદાર્થ જોડે

એકતા કરીને તમે સીધેસીધું જ્ઞાન મેળવી શકો છો. જો કોઈ કોયડો તમારી આગળ રજૂ કરવામાં આવે, અમુક સંજોગોમાં શું કરવું એમ તમને પૂછવામાં આવે તો તેના ઉપર પૂરતું ધ્યાન અને એકાગ્રતા કરીને તમે જરૂરી જ્ઞાન અને સાચો ઉત્તર સહજ મેળવી શકશો.

કોઈ વાદ કે મતનો અપવાદ વગર પ્રયોગ કરવાથી, યા તો મનની પૃથક્કરણ, કે અનુમાન. કે નિગમન જેવી કોઈ ક્રિયાનો આશ્રય લીધાથી એવું જ્ઞાન મળતું નથી. ભૌતિકશાસ્ત્રને પોતાના નિર્ણયો દોરવા માટે એવી પદ્ધતિઓની જરૂર પડે છે. પરંતુ યોગીનું જ્ઞાન સદ્ય અને સીધેસીધું હોય છે; તે તર્કનાં પગલાંઓ સાંધીને મેળવેલું નથી હોતું. એક કમાન બનાવવા માટે એંજિનિયરને ચોક્કસ જગા, કમાનની વક્રતાની રેખા, તેની પહોળી બાજુનું કદ વગેરે નક્કી કરવું પડે છે. એ કાર્ય તે ગણિતની મદદથી તથા પોતાના જ્ઞાનની સામગ્રી તથા માહિતી ભેગી કરીને અનુમાન દોરીને કરે છે. પરંતુ યોગીને એવું કાંઈ કરવાની જરૂર નથી પડતી; એ તો પ્રશ્નને જુએ છે, અને તુરત તેને જે કરવાનું હોય છે તેનું એટલે કે કમાનનું દર્શન થાય છે, તે કાર્ય આ પ્રમાણેજ – બીજી રીતે નહિ – થવું જોઈએ એમ દેખાય છે. એનું દર્શન એ જ એનું જ્ઞાન.

સામાન્ય રીતે અને એક અર્થમાં, "યોગી સઘળું જાણી શકે છે અને બધા પ્રશ્નોના ઉત્તર પોતાના દર્શનવડે, અને પોતાની ચેતનામાંથી આપી શકે છે" એમ કહેવું સાચું છે, તો પણ એનો અર્થ એવો નથી થતો કે યોગી જેના જવાબ આપે નહિ, અથવા આપી શકે નહિ, એવા પ્રશ્નો હોઈ જ ન શકે. જે યોગીને સીધે-સીધું પ્રત્યક્ષ અનુભવગત જ્ઞાન છે, જેને વસ્તુઓમાં રહેલ પરમ

સત્યનું જ્ઞાન થયેલું હોય છે તે કેવળ માનવમનના થડતરોના પ્રદેશના પ્રશ્નોના ઉત્તર આપવાની દરકાર કરે નહિ, યા તો એવા પ્રશ્નોના ઉત્તર આપવા તેને મુશ્કેલ પડે એ શક્ય છે. પદાર્થના મિથ્યા સ્વરૂપને તથા કેવળ તેના બાહ્ય સ્વરૂપને લગતા પ્રશ્નો અને મુશ્કેલીઓ તમે યોગીની આગળ રજૂ કરો, તો તે તેમનો નિર્ણય કરી શકે નહિ યા તો કરવા ઇચ્છે નહિ એ બનવાજોગ છે. યોગીનું જ્ઞાન મનોમય ચેતનાની અંદર કાર્ય કરતું નથી; તમે તેને એ જાતનો મૂર્ખાઇભરેલો માનસિક પ્રશ્ન કરો તો કદાચ તેનો ઉત્તર તે નહિ આપે. યોગી એક ઊંચા પ્રકારનો મહેતાજી હોય તેમ આપણે ગમે તેવો મૂર્ખાઇભર્યો પ્રશ્ન તેને કરી શકીએ, તથા ભૂત વર્તમાન કે ભવિષ્ય ગમે તે કાળ વિષે માહિતી માગી શકીએ, અને તે આપણને જવાબ આપવા બંધાએલો છે એવો ખ્યાલ લોકોમાં પ્રચલિત છે તે અક્કલ વગરનો છે. આધ્યાત્મિક વ્યક્તિ અસંસ્કૃત બહિર્મુખ મનને સંતોષે તથા તેને આશ્ચર્યચકિત કરી મૂકે એવાં અસાધારણ પરાક્રમો, કે ચમત્કારો કરી બતાવે એવી આશા રાખવા જેટલો જ એ વિચાર પણ અયુક્ત છે.

વળી "યોગી" શબ્દ પણ ઘણો અસ્પષ્ટ અને વિશાળ અર્થવાળો છે. યોગીઓના પણ ઘણા પ્રકાર છે, ચેતનાના આધ્યાત્મિક અને સૂક્ષ્મ લોકોની પણ ઘણી શ્રેણીઓ હોઈ તે સઘળીમાં યોગીઓ પ્રગતિ કરે છે, અને તેમાં તેઓ જે સિદ્ધિ મેળવે છે તેમાં પણ ચઢતા-ઊતરતી કક્ષાઓ હોય છે. કેટલાક એવા યોગીઓ હોય છે કે જેમની શક્તિ મનોમય લોકની બહાર નથી હોતી; કેટલાક એનાથી પર ગયેલા હોય છે. બધો આધાર તેમનું કાર્યક્ષેત્ર કયું છે, તેમની સાધના કેવા પ્રકારની છે તથા તેઓ કેટલે ઊર્ધ્વ

ગયા છે, કેવા પ્રકારની ચેતના જોડે એમનો સંબંધ થયો છે, યા તો કેવા પ્રકારની ચેતનામાં તેમણે પ્રવેશ કર્યો છે તેના ઉપર હોય છે.

કેટલીક વખતે ભૌતિકવિદ્યાના શોધકો માનસિક ચેતનાથી પેલી પાર જતા નથી? એમ કહેવાય છે કે આઇનસ્ટાઇને બુદ્ધિની કે તર્કની ક્રિયાવડે નહિ, પરંતુ ઓચિંતી થયેલી પ્રેરણાને પરિણામે સાપેક્ષવાદ ખોળી કાઢ્યો છે. એવી પ્રેરણા અને વિજ્ઞાનમય ચેતના વચ્ચે શો સંબંધ હોય છે?

જે ભૌતિકશાસ્ત્રીને પ્રેરણાને પરિણામે નવીન સત્યનું દર્શન થાય છે, તે સહજજ્ઞાનની માનસિક ભૂમિકામાંથી તેને મળે છે. એવું જ્ઞાન મનના ઊર્ધ્વ સ્તરોમાં સીધેસીધા પ્રત્યક્ષ જ્ઞાન તરીકે ઉદ્‌ભવે છે અને એનાથીએ પર એવી જ્યોતિવડે મનનો એ સ્તર પ્રકાશિત થયેલો હોય છે. પરંતુ એવી ક્રિયાને વિજ્ઞાનની ચેતના જોડે કશો સંબંધ નથી, અને મનના એ ઊર્ધ્વ સ્તરો વિજ્ઞાનની ભૂમિકાથી તો ઘણા દૂર હોય છે.

માણસો સામાન્ય ચેતનાથી જરાક જ પર થાય છે એટલામાં તો પોતે એકદમ દિવ્ય ચેતનાના પ્રદેશમાં પહોંચી ગયા છે એમ બહુ સહેલાઈથી માની લે છે. સામાન્ય માનવચેતના અને વિજ્ઞાનમય ચેતના એ બેની વચ્ચે તો ઘણી અંતરાળ દશાઓ – ચઢતી-ઊતરતી અવસ્થાઓ – રહેલી છે. સામાન્ય માનવ જો એ વચલા સ્તરોમાંના કોઈ એક જોડે પણ સંપર્કમાં આવે તો તેની આંખો ઝંખવાઈ જાય અને તે અંધ જેવો બની જાય; ત્યાંની અપરિમેયતાના ભારતળે તે દબાઈ જાય, યા તો મગજનું સમતોલપણું ગુમાવી બેસે; અને છતાં એ કાંઈ વિજ્ઞાનમય ચેતના નથી હોતી.

"યોગી સઘળું જાણી શકે અને સર્વ પ્રશ્નોના ઉત્તર આપી શકે" એ સામાન્ય માન્યતાની પાછળ એટલી હકીકત છે કે મનનો એક એવો સ્તર છે જેમાં સર્વ પ્રકારનાં સ્મરણો સચવાઇ રહે છે અને હમેશાં તૈયાર જ હોય છે. પાર્થિવ જીવનમાં બનેલી સર્વ માનસિક ક્રિયાઓ એ સ્તરમાં નોંધાઇ અને સચવાઇ રહેલી હોય છે. જેઓ એ સ્તરમાં જઇ શકે છે તેઓ એ સ્તરમાં જોઇને જે જાણવું હોય તે, તકલીફ લેવા તત્પર હોય તો, જાણી શકે છે. પરંતુ એ સ્મરણભંડાર કાંઇ વિજ્ઞાનમય ચેતના નથી. અને છતાં એ સ્તર સુધી પણ પહોંચવું હોય તો તમારે સ્થૂળ મનની બધી ક્રિયાઓને સમૂળગી બંધ કરી દેવી જોઇએ,—વધારામાં તમારે પ્રાણના બધા માત્રાસ્પર્શોથી તો પર જવું જ જોઇએ, તથા શરીરની ગુલામીમાંથી પણ છૂટવું જોઇએ, તો જ તમે એ સ્મરણભંડારમાં પ્રવેશ કરીને જ્ઞાન મેળવી શકો. જો તમને એ પ્રયત્ન કરવા જેટલો રસ હશે તો તમે એ સ્તરને પ્રાપ્ત કરી શકશો અને પૃથ્વીની સ્મરણપોથીમાં જે નોંધાયલું છે તે જાણી શકશો.

એટલે તમે નિશ્ચલ નીરવતામાં ઊંડા ઊતરી જાઓ તો ચેતનાના એવા સ્તરને પહોંચી શકો, જ્યાં આગળ તમારા સર્વ પ્રશ્નોના ઉત્તર મળવા અસંભવિત નથી. વળી વિજ્ઞાનના સમગ્ર સત્ય પ્રત્યે જેણે પોતાની ચેતનાને બુદ્ધિપૂર્વક ખુલ્લી કરી હોય, તથા જે વિજ્ઞાનમય ચેતના જોડે સતત સંબંધમાં હોય, એવી વ્યક્તિ વિજ્ઞાનમય જ્યોતિના ઉત્તરને લાયક હોય એવા કોઇ પણ પ્રશ્નનો ઉત્તર જરૂરથી આપી શકે. જે સવાલો પૂછવામાં આવે તે દૃશ્ય જગતના બાહ્ય સ્વરૂપની પાછળ આવી રહેલ સત્ય જોડે સંબંધવાળા યા તો સંકળાયલા હોવા જોઇએ. કરોળીઆનાં જાળાં જેવા અનેક

પ્રશ્નોનાં જાગાં માનવમન પોતાની મિથ્યા માનસિક પ્રવૃત્તિમાંથી રચે છે, અને એ જ પ્રમાણે ઘણા વિવાદગ્રસ્ત કોયડાઓ પણ તે ઊભા કરે છે. વળી બીજા પ્રશ્નો સત્યને ઢાંકી રહેલ મિથ્યાભાસના પડદા ઉપર જ ઉપસ્થિત થતા હોય છે. એવા અર્ધ-કોયડાઓને અને પ્રશ્નોને સત્ય જ્ઞાન જોડે,—એટલે કે વાસ્તવિકતા જોડે, કશો સંબંધ હોતો નથી; એ પ્રશ્નો તો જ્ઞાનની વિકૃતિ હોય છે; એમનો મૂળ પદાર્થ જ અજ્ઞાનમય હોય છે.

એવા મનોમય અજ્ઞાનના પ્રશ્નોના પણ વિજ્ઞાનની ચેતના-જ્યોતિ ઉત્તર આપી શકે,—અલબત્ત, તેની પોતાની દૃષ્ટિએ; પરંતુ એવા ઉત્તર બિલકુલ સંતોષકારક ન નીવડે, અથવા તો મનની ભૂમિકા ઉપરથી પૂછનાર એ ઉત્તરને સમજી પણ ન શકે એ બનવાજોગ છે. વિજ્ઞાનમય ચેતના મનની રીતે કામ કરે એવી આશા તમારે રાખવી જ નહિ, યા તો, સત્ય ચેતનામાં પ્રાપ્ત થતું જ્ઞાન મનની અર્ધજ્ઞાનવાળી સ્થિતિ જોડે બંધબેસતું થવું જોઇએ એવી માગણી તમારે કરવી જોઇએ નહિ. મનનું બંધારણ એક પ્રકારનું છે, વિજ્ઞાનનું તેનાથી જુદા જ પ્રકારનું છે. અને માનસિક ચેતનાની માગણીને વિજ્ઞાન પોતે અનુકૂળ થાય તો વિજ્ઞાનની વિજ્ઞાનમયતા જ જતી રહે. એ બન્નેને સામાન્ય હોય એવું માપ છે જ નહિ અને એ બેને એક સાથે મૂકી શકાય નહિ.

જ્યારે ચેતના વિજ્ઞાનના આનંદને પ્રાપ્ત કરે છે, ત્યાર પછી માનસિક પ્રવૃત્તિમાં, ટૂંકામાં, મનોમય ચેતનામાં, તે રસ લે છે ખરી ?

માનવનું મન જે રીતે માનસિક વસ્તુઓમાં રસ લે છે તે રીતે વિજ્ઞાન તેમાં રસ લેતું નથી. વિશ્વ સમસ્તની સર્વે ક્રિયાઓમાં

વિજ્ઞાન પોતાની રીતે રસ લે છે, પરંતુ તે સાવ જુદા દષ્ટિબિંદુથી અને જુદા જ દર્શન સહિત જગતના સામાન્ય સ્વરૂપ કરતાં વિજ્ઞાન-ને તેનું સ્વરૂપ તદ્દન જુદું જ દેખાય છે. એમાં જગતનું સામાન્ય સ્વરૂપ ઉલટપાલટ થઈ જાય છે, અને મનને જેવું દેખાય છે તેનાથી વિજ્ઞાનમાં સઘળું જુદું, અને ઘણી વાર તો તદ્દન ઉલટું પણ, દેખાય છે. વિજ્ઞાનમાં જગતનો અર્થ જુદો જ થાય છે; અને જગતનો દેખાવ, તેની ગતિ અને ક્રિયાઓ પણ જુદી જ નજરે જોવામાં આવે છે. આ જગતમાં જે કાંઈ બને છે તે સર્વની પાછળ વિજ્ઞાન આવી રહેલું છે; મનની ક્રિયાઓમાં, પ્રાણની પ્રવૃત્તિઓમાં તથા સ્થૂળ પદાર્થોની ગતિમાં, સમસ્ત વિશ્વની લીલામાં – વિજ્ઞાનને ઘણો ઊંડો રસ હોય છે, પણ તે જુદા પ્રકારનો હોય છે.

એ ભેદ કાગળના પૂતળાંના ખેલના સૂત્રધારને અને તેના પ્રેક્ષકને જે રસ નાટકમાં હોય છે તે એ વચ્ચેના ભેદ જેવો હોય છે. સૂત્રધાર નાટકનાં પૂતળાંને ચલાવનાર સૂત્ર હાથમાં રાખે છે, પૂતળાંએ શો ભાગ ભજવવાનો છે, તેમને કયા પ્રકારની તપઃશક્તિ ચલાવી રહી છે તે પોતે જાણતો હોય છે, અને તેથી જે પ્રમાણે તે હાલે-ચાલે છે તે પ્રમાણે જ તે હાલી ચાલી શકે એમ છે એ તે સમજે છે. જ્યારે પ્રેક્ષક તો પ્રત્યેક ક્ષણે જે બને છે તેટલું જ જુવે છે અને જાણે છે. એને બીજી કાંઈ ખબર હોતી નથી. જે પ્રેક્ષક નાટક જુએ છે અને આગળના ભેદની જેને ખબર નથી હોતી, તેને તખતા ઉપર બનતી ઘટનાઓમાં ઘણો વધારે વધારે, આતુરતા અને આવેગભર્યો રસ પડે છે. અને ખેલની ભાવી ઘટનાઓ પ્રત્યે અતિ ઉત્તેજિત થઈ તે ધ્યાન આપે છે. પરંતુ નાટકનું સંચાલન કરનાર સૂત્રધાર પોતે સર્વને ગતિમાન કરે છે, છતાં તે પોતે તો

હાલ્યાચાલ્યા વગરનો નિષ્ક્રિય રહે છે. અજ્ઞાનમાંથી જ એક પ્રકારની રસની આતુરતા જન્મે છે; અને ભ્રમણા સાથે તે ન છૂટે એવી રીતે બંધાયલી હોય છે. જ્યારે તમે અજ્ઞાનમાંથી બહાર નીકળો છો ત્યારે એ અતિ ઔત્સુક્ય પણ જતું રહે છે. માનવો જગતમાં જે રસ લે છે તે ભ્રમને આભારી છે; જો એ ભ્રમ દૂર કરવામાં આવે તો તેમને જગતના નાટકમાં રસ રહે જ નહિ; તેમને એ નાટક શુષ્ક અને નિઃરસ જ લાગે. એટલે કરીને જ અજ્ઞાન અને ભ્રમ આટલો બધો સમય ટકી શક્યાં છે; કારણકે માનવને તે ગમે છે,– વહાલાં લાગે છે, તેથી તેઓ તેમને અને તેઓ જે રસ ઉત્પન્ન કરે છે તેને વળગી રહે છે.

જે માણસને શારીરિક સ્થિતિ બદલવી હોય, કોઇ વ્યાધિ મટાડવો હોય, યા તો શરીરની કોઇ અપૂર્ણતા દૂર કરવી હોય તેણે શું કરવું જોઇએ? પોતે જે કરવા માગતો હોય તે હેતુના ઉપર તેણે એકાગ્રતા કરવી જોઈએ? અને પોતાની તપઃશક્તિ વાપરવી જોઇએ? કે પછી, એ બધું આપોઆપ જ થઇ રહેશે એવા વિશ્વાસમાં તેણે રહેવું જોઇએ? યા તો ભગવાનની શક્તિ તેને પોતાને યોગ્ય સમયે, તેની પોતાની રીતે, ઈષ્ટ પરિણામ લાવશે એમ માનીને તે શક્તિ ઉપર જ પૂરેપૂરો ભરોસો મૂકવો એ વધારે સારું છે?

આ બધા એક જ પરિણામ લાવવાના જુદા જુદા ઉપાયો છે, અને જુદી જુદી પરિસ્થિતિમાં તેમાંનો દરેક અસરકારક નીવડે છે. તમે તમારી અંદર જેવી ચેતનાનો વિકાસ સાધ્યો હશે, જેવી જાતના બળોને તમે સક્રિય કરી શકતા હશો, તેના ઉપર કયો

ઉપાય સૌથી વધારે સફળ થશે તેનો આધાર છે.

તમે પૂરેપૂરા નિરોગીપણાની ચેતનામાં રહો અને તમારી આંતર ચેતનાના પડતરોની શક્તિવડે બાહ્ય ફેરફાર ધીમે ધીમે લાવી શકો છો. અથવા તો એ ફેરફાર કરી શકે એવી આધ્યાત્મિક શક્તિનું જ્ઞાન તમને હોય. તથા તમે એ શક્તિના પ્રયોગમાં કુશળતા મેળવી હોય તો તમે એ શક્તિને તમારામાં કાર્ય કરવાને લાવી શકો છો, તથા તમારા જે ભાગમાં એના કાર્યની જરૂર હોય ત્યાં તેનો પ્રયોગ કરી શકો છો, અને જે ફેરફાર કરવાનો હશે તે એ શક્તિ કરશે. અથવા ભગવાનની શક્તિમાં પૂરેપૂરો વિશ્વાસ રાખીને તમે તમારી મુશ્કેલી ભગવાનની આગળ રજૂ કરી શકો છો અને વ્યાધિ મટાડવાને માટે તેમની મદદની યાચના કરી શકો છો.

પરંતુ તમે ગમે તે કરો, ગમે તે ઉપાય વાપરો, કે ગમે તે રીત અજમાવો, અને તેના પ્રયોગમાં તમે ઘણી હોંશિયારી અને શક્તિ પ્રાપ્ત કરી હોય તે છતાં, પરિણામ તો તમારે ભગવાનના હાથમાં જ સોંપવું જોઇએ. પ્રયત્ન તો તમે હમેશાં કરી શકો છો. પરંતુ તમારા પ્રયત્નનું ફળ આપવું કે ન આપવું એ તો ભગવાનના હાથમાં છે. તમારી પોતાની શક્તિ ત્યાં આગળ અટકે છે; જો પરિણામ આવે તો તે પ્રભુની શક્તિ,–નહિ કે તમારી શક્તિ, લાવે છે એમ સમજવું.

"શારીરિક તંદુરસ્તી જેવી બાબતને માટે ભગવાન પાસે માગણી કરવી એ યોગ્ય છે." એવો પ્રશ્ન તમે કરો છો. પરંતુ નૈતિક ખામીને દૂર કરવા માટે પ્રભુની પ્રાર્થના કરવામાં જેમ નુકસાન નથી તેમ શારીરિક વ્યાધિ દૂર કરવા માટે પણ પ્રભુનો આશ્રય લેવો એમાં પણ કંઈ ખોટું નથી. પરંતુ ચાહે તે વસ્તુ

માટે તમે પ્રાર્થના કરો, તમે તમારાથી બનતો સારામાં સારો પ્રયત્ન કરો, જ્ઞાનનો કે શક્તિનો ઉપયોગ કરો, તો પણ એ પ્રયત્ન કરતી વખતે પણ તમારામાં એવું ભાન જાગ્રત હોવું જોઇએ કે એ સઘળા પ્રયત્નનું પરિણામ પ્રભુની કૃપા ઉપર અવલંબે છે. એક વાર તમે સાધના શરૂ કરો ત્યાર પછી જે કાંઇ કરો તે સંપૂર્ણ સમર્પણના ભાવપૂર્વક તમારે કરવું જોઇએ. તમારી વૃત્તિ કાંઇક આવી હોવી જોઇએ. "હું હૃદયપૂર્વક પ્રાર્થના કરૂં છું, હું મારી અપૂર્ણતાઓ દૂર કરવા માટે પ્રયત્ન કરૂં છું, મારાથી બનતું સઘળું કરૂં છું; પરંતુ પરિણામ માટે હું મારી જાતને સંપૂર્ણપણે ભગવાનના હાથમાં સોંપું છું."

"મને પરિણામની ખાત્રી છે, હું જાણું છું કે હું માગું છું તે ભગવાન મને આપશે જ" એમ કહેવાથી સાધકને મદદ થાય ખરી ?

તમે એ પ્રમાણે કહી શકો છો. તમારી શ્રદ્ધાની ઉત્કટતાનો અર્થ એવો થઇ શકે કે જે બાબતમાં તમારી શ્રદ્ધા જ્વલંત છે તે થવી જોઇએ એમ પ્રભુએ નિર્માણ કર્યું છે. અડગ શ્રદ્ધા એ ભગવાનની તપઃશક્તિની હાજરીની નિશાની છે, જે થનાર છે તેની આગાહી છે.

જ્યારે કોઈ સાધક નીરવ ધ્યાનમાં ઊંડા ઊતરે છે ત્યારે તેનામાં કેવા પ્રકારની શક્તિઓ કાર્ય કરે છે ?

એનો આધાર જે વ્યક્તિ ધ્યાન કરે છે તેના ઉપર છે.

પરંતુ નીરવ ધ્યાન વખતે સાધક પોતાની જાતને સંપૂર્ણપણે શૂન્યવત્ નથી કરતો ? તો પછી એના ઉપર શેનો આધાર હોય ?

તમે તમારી જાતને સંપૂર્ણપણે નિઃસ્પંદ કરો, તદ્દન શૂન્યવત્ કરો, તેથી કાંઇ તમારી અભીપ્સા, કે તેનો પ્રદેશ બદલાતો નથી. કેટલાક સાધકોની અભીપ્સા મનોમય ભૂમિકા ઉપર, યા તો પ્રાણમય ચેતનામાં કાર્ય કરતી હોય છે; કેટલાકમાં આધ્યાત્મિક અભીપ્સા હોય છે. જેવા પ્રકારની અભીપ્સા તેવી તેનો પ્રત્યુત્તર આપનાર આધ્યાત્મિક શક્તિ, અને તેવા પ્રકારનું કામ તે કરવાની. ધ્યાનમાં જાતને નિઃસ્પંદ, યા તો શૂન્યવત્ કરવાથી અંતરનું મૌન પ્રકટે છે; પણ તમે પોતે શૂન્ય થઇ ગયા છો, યા તો જડ પદાર્થવત્ બની ગયા છો એવો એનો અર્થ થતો નથી. તમે ખાલી બનો એટલે તેમાં ઊતરવાનાર વસ્તુને તમે આમંત્રણ આપો છો. એનો અર્થ એ થયો કે તમારી ચેતનામાં જે અંતરની ખેંચતાણ થયા કરતી હોય છે તેને શાંત કરીને તમે તેને સાક્ષાત્કાર પ્રત્યે દોરો છો. તે જ્યાં તમારી ચેતના કેવા પ્રકારની છે અને તેમાં કેટલી તાણાતાણ થાય છે, એ બેના ઉપર, કેવા પ્રકારની શક્તિ તમે જાગ્રત કરશો તેનો તથા તે કેવી રીતે તમારામાં કાર્ય કરશે તેનો આધાર છે: એટલે કે તે સહાય કરશે અને સફળતા આપશે, કે પછી નિષ્ફળ જશે, યા તો નુકસાન અને બાધ કરશે તેનો આધાર પણ તેના પર છે.

અનેક સ્થિતિમાં માણસ ધ્યાન કરી શકે છે, અને જે શક્તિઓ ધ્યાનમાં પ્રકટે છે અને ચેતનામાં ઊતરે છે તેમના ઉપર, તથા તેમના કાર્યની ઉપર એ પ્રત્યેક સ્થિતિની અસર થાય છે. જો તમે એકલા જ ધ્યાન કરવા બેસો તો તમારી પોતાની અંતરની તથા બહારની પરિસ્થિતિના ઉપર જ બધો આધાર રહે છે. જો તમે બીજા માણસો જોડે ચક્રમાં ધ્યાન કરવા બેસો, તો સામાન્ય વાતાવરણ અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ બંને પ્રસંગે પરિસ્થિતિ

તો હમેશાં બદલાયા કરવાની, અને કોઇ પણ બે પ્રસંગે પ્રકટ થતી શક્તિઓ એકની એક નહિ જ હોય.

સાચી રીતે કરવામાં આવે તો સંઘમાં યાને સમૂહમાં કરેલું ધ્યાન એક પ્રબળ શક્તિ રૂપ બની શકે છે. એક પરંપરાગત જૂની માન્યતા છે કે "બાર સાચા દિલના માણસો એકત્ર થઇને પોતાની તપઃશક્તિ તથા અભીપ્સાનો પ્રયોગ કરે અને ભગવાનને બોલાવે, તો પ્રભુને પ્રકટ થવાની ફરજ પડે" પરંતુ એ તપઃશક્તિ એકરૂપ અને એકાગ્ર અને એ અભીપ્સા સંપૂર્ણપણે સાચા દિલની હોવી જોઇએ, કારણકે ભેગા થઇને સાધના કરનારા માણસો તો તમોગુણમાં, જડતામાં, યા તો ખોટી વિકૃત કામનાઓ જાગ્રત કરવામાં પણ એકઠા મળી શકે છે, અને પરિણામ ભારે વિનાશકારક આવે છે.

ધ્યાન કરતી વખતે સૌથી પ્રથમ, અને અતિ અગત્યની જરૂરીઆત એ છે કે તમારી સમગ્ર ચેતનામાં વ્યાપી રહે એવી સંપૂર્ણ અને બીનશરતી સહૃદયતાની સ્થિતિ હોવી જોઇએ. તમે તમારી જાતને, યા તો બીજા કોઇને, ન છેતરો એ ખાસ જરૂરનું છે, યા તો બીજાથી ન છેતરાઓ એ પણ જરૂરનું છે. પ્રભુને છેતરવાનો પ્રયત્ન કરવો એ કેટલો તો નિષ્ફળ અને અર્થ વગરનો છે એ તો હું આગળ જણાવી ગઇ છું. ઘણી ખરી વખત માણસોના મનમાં કેટલીક વસ્તુ માટે ઇચ્છા હોય છે. તેને માટે માનસિક પસંદગી, યા તો પ્રાણની કામના આવી રહી હોય છે; તેઓ પોતાને યોગના અનુભવ થાય તે અમુક રીતે જ થાય એમ ઇચ્છતા હોય છે, યા તો પોતાના વિચારોને, કામનાઓને, કે પસંદગીઓને સંતોષે એવી રીતે સાક્ષાત્કાર મળે એમ તેઓ માગે છે. એવા લોકો પોતાની જાતને ખાલી, કોરી, પૂર્વગ્રહો વગરની રાખીને સાદી સરળ રીતે

જે અને તેની નોંધ લીધા કરે છે. એવું હોય અને જ્યારે જે બને તે તેમને ગમતું ન હોય, ત્યારે તેઓ પોતાની જાતને છેતરે એ સંભવિત છે; તેઓ જોશે એક વસ્તુ, પરંતુ તેને જરા આમળો આપીને, મચડીને, તદ્દન બીજી જ બનાવી લે છે, યા તો કોઈ સાદી સીધી સરળ વસ્તુને વાંકીચૂકી બનાવી દે છે, તેને અતિ મોટું સ્વરૂપ આપીને અસાધારણ અનુભવ તરીકે ગણવા માંડે છે.

ધ્યાન કરવા બેસો ત્યારે તમારે અંતરથી બાળકની પેઠે ભોળા, નિખાલસ અને સરળ થવું જોઈએ, તમારા બહિર્મુખ મનને ધ્યાનમાં દખલ કરવા દેવી જોઈએ નહિ, કશાની આશા રાખવી જોઈએ નહિ, યા તો કશાનો આગ્રહ રાખવો જોઈએ નહિ. એક વાર આવી સ્થિતિ આવે એટલે પછી બાકીનો બધો આધાર તમારા અંતરના ઊંડાણમાં રહેલી અભીપ્સા ઉપર છે. જો અંતરના ઊંડાણમાંથી તમે શાન્તિ માટે માગણી કરશો તો તે આવશે; બળ, શક્તિ, જ્ઞાન ગમે તે માગશો તો તે પણ આવશે. પરંતુ તે બધાને ગ્રહણ કરવાની તમારામાં શક્તિ હશે તેના પ્રમાણમાં તે આવશે: તમે પ્રભુને સાદ કરશો, અને એમ સ્વીકારી લઈએ કે પ્રભુ તમારો સાદ સાંભળે છે,— એટલે કે તમારો સાદ પ્રભુને પહોંચી શકે એટલો વિશુદ્ધ અને સમર્થ છે,— તો તેનો પ્રત્યુત્તર પણ તમને મળશે.

*

વાર્તાલાપ તેરમો

સાપ, વીંછી જેવાં કેટલાંક જંતુઓ તરફ માણસને જે સ્વાભાવિક ઘૃણા થાય છે તેનું શું કારણ હશે?

એ ઘૃણા, કોઈ પણ પ્રકારની ઘૃણા, થવી જ જોઇએ એવી જરૂરિયાત બિલકુલ નથી. કોઇ પણ પ્રકારની ઘૃણા ન હોવી એ યોગની મુખ્ય સિદ્ધિઓમાંની એક છે.

તમે જે ઘૃણાની વાત કરો છો તે ભયમાંથી ઉત્પન્ન થાય છે; જો ભય હોય નહિ તો એ લાગણી થાય નહિ. એ ભય કોઇ પણ પ્રકારના તર્ક કે કારણજન્ય નથી, એ અંધપ્રેરણામાંથી આવે છે વળી એ ઘૃણાની લાગણી વ્યક્તિગત કે અંગત નહિ પરંતુ સમસ્ત જાતિની છે; એ ભયની સૂચના સામાન્ય છે, અને સમસ્ત માનવ-જાતિની ચેતનામાં એનો સમાવેશ થાય છે. જ્યારે વ્યક્તિ માનવ-દેહ ધારણ કરે છે, ત્યારે તેની સાથે સાથે તે સંખ્યાબંધ સામાન્ય સૂચનાઓ, સમસ્તજાતિના વિચારો, લાગણીઓ, સંસર્ગજનિત ખ્યાલો, આકર્ષણ-ઘૃણા, ભય વગેરે વગેરે પણ તે આપોઆપ સ્વીકારે છે.

પણ બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, આવાં આકર્ષણ-પ્રત્યાકર્ષણોમાં તદ્દન વ્યક્તિગત તત્ત્વ જ હોય છે; કારણકે બધા માણસોમાં એ ક્રિયાઓ એક જ પ્રકારની નથી હોતી, અને જુદા જુદા માણસોના પ્રાણમાં થતાં આંદોલનોના ઉપર તેમનો આધાર હોય છે. કેટલાક માણસોને સાપ વગેરે પ્રાણીઓ પ્રત્યે બિલકુલ ઘૃણા નથી હોતી, એટલું જ નહિ પરંતુ તેમને માટે સહાનુભૂતિ, પ્રાણમાં એમને માટે એક પ્રકારની આકર્ષણની અને પસંદગીની લાગણી હોય છે.

ન ગમે તેવી અને બદસુરત એવી ઘણી ચીજો આ જગતમાં ભરી પડી છે, પરંતુ એનો અર્થ એવો થતો નથી કે માણસે તેમના પ્રત્યે સતત ઘૃણાની લાગણી અનુભવવી જોઇએ. વસ્તુઓથી દૂર નાસવાની, ઘૃણાની અને ભયની લાગણી જે માનવમનને ક્ષુબ્ધ તથા નિર્બળ કરે છે તે સઘળાથી માનવ પર થઇ જઈ શકે છે. યોગીએ એવાં પ્રતિકાર્યોથી પર થવું જરૂરનું છે, સર્વે પ્રાણીઓ, સર્વે પદાર્થો તથા સર્વે ઘટનાઓ વચ્ચે તેણે સંપૂર્ણ સમતા સાચવવી એ તો યોગસાધનાનું લગભગ પહેલું જ પગલું છે. હમેશાં તમારે સ્થિર, નિર્લિપ્ત, અનાસક્ત અને અવિચલિત રહેવું જોઇએ; યોગીની ખરી શક્તિ જ એમાં રહેલી છે. આ રીતે સૌથી વધારે ભયંકર અને ક્રૂરમાં ક્રૂર પ્રાણીઓ પણ તેમની હાજરીમાં તે સંપૂર્ણ શાંતિ અને સ્થિરતા જાળવી રાખે તો તેને જરા પણ હાનિ નહિ કરે.

ઘૃણા એ અજ્ઞાનની એક ક્રિયા છે. આપોઆપ કાર્ય કરતી આત્મરક્ષણની વૃત્તિનું એ પરિણામ છે. પરંતુ કોઇ પણ પ્રકારના ભયથી બચવા માટે એવી અકારણ ઘૃણા નહિ પરંતુ સાચું જ્ઞાન જ ઉત્તમોઉત્તમ ઉપાય છે. જ્ઞાન એટલે કઇ જાતનો ભય છે તેનું જ્ઞાન, તથા તેને દૂર કરે, યા તો તેની અસરનો પ્રતિકાર કરે એવા ઉપાયોનો જ્ઞાનપૂર્વક પ્રયોગ. આ બધી પ્રતિક્રિયાઓ જેમાંથી ઊપજે છે તે અજ્ઞાનની અવસ્થા માનવજાતિની સામાન્ય અવસ્થા છે; પરંતુ તેના ઉપર વિજય મેળવી શકાય છે. કારણકે આપણી ચારે બાજુ આવી રહેલ. અને આપણી બહિર્મુખ પ્રકૃતિ જેમાંથી ઉત્પન્ન થયેલ છે તે અસંસ્કૃત માનવ પ્રકૃતિ જોડે હમેશને માટે આપણે બંધાયલા નથી.

ચેતના ક્રમે ક્રમે વિકાસ પામે છે તેથી અજ્ઞાન દૂર થઇ જાય

છે; તમારે ચેતનાની જરૂર છે – હમેશાં વધારે ને વધારે સચેતનતાની જરૂર છે, શુદ્ધ – સરળ અને જ્યોતિર્મય ચેતનાની જરૂર છે. એવી પૂર્ણ ચેતનાની જ્યોતિમાં પદાર્થો જેવા હોય છે તેવા દેખાય છે, નહિ કે જેવા તેઓ દેખાવા માગે છે તેવા. જેટલા પ્રમાણમાં પડદો ખૂલે છે તેટલા પ્રમાણમાં વસ્તુઓ જેવી હોય છે તેવી તે દર્શાવી આપે છે; તેવું એ ચેતનાનું પણ હોય છે. એવી ચેતનાના પટ ઉપર જ્યોતિર્મય કે તમોગ્રસ્ત, સીધી કે વક્ર જેવી હોય તેવી વસ્તુ દેખાય છે. જ્યારે તમે ધ્યાનની એકાગ્ર સ્થિતિમાં નિષ્ક્રિય સાક્ષી થઈ રહો છો ત્યારે તમારી ચેતના પડદાના જેવી કે દર્પણના જેવી હોય છે; જ્યારે તમે ક્રિયા કરવામાં પ્રવૃત્ત થાઓ છો ત્યારે એ જ ચેતના સર્ચલાઈટ “શોધકજ્યોતિકિરણો” રૂપ બની જાય છે. કોઈ પણ સ્થળે, કોઈ પણ પદાર્થમાં ઊંડા ઊતરીને તેને ઝીણવટથી જોવો હોય, યા તો જ્યોતિર્મયતામાં નિહાળવો હોય તો તમારે ચેતનાની એ જ્યોતિને તેના તરફ વાળવાની જ હોય છે.

એ પૂર્ણતાવાળી ચેતના પ્રાપ્ત કરવાનો ઉપાય એ છે કે તમારી અત્યારની ચેતનાનો તમારે વિકાસ કરવો. અને તેની ઘરેડમાંથી અને મર્યાદાઓમાથી તેને બહાર કાઢીને તેને કેળવવી, ભગવાનની દિવ્ય જ્યોતિ પ્રત્યે તેને ખુલ્લી કરવી. તથા દિવ્ય જ્યોતિને તેના પર છૂટથી અને પૂર્ણપણે કાર્ય કરવા દેવું. પરંતુ સર્વ પ્રકારની વાસનાઓને અને ભયને તમે તમારામાંથી દૂર કરી દો, તો જ એ દિવ્ય જ્યોતિ તમારામાં અબાધિતપણે તથા પૂર્ણપણે પોતાનું કાર્ય કરી શકે. એટલે કે, તમને અંધકારમાં કે બંધનમાં રાખનાર કોઈ પણ પ્રકારના માનસિક પૂર્વગ્રહો ન હોય, પ્રાણની પસંદગીઓ ન હોય, તથા સ્થૂળમાં ભય તથા આકર્ષણો ન હોય, તો જ દિવ્ય જ્યોતિ એ પ્રમાણે કાર્ય કરી શકે.

બીજાઓ તરફથી પાછા પડવાની, યા તો ઘૃણાની વૃત્તિ એ નિર્બળતાની ક્રિયા છે. એ પ્રમાણે થવાનું કારણ એ હોય છે કે તમને કોઈ વસ્તુનો સ્પર્શ થાય છે, અને તે સ્પર્શ નાપસંદ હોય છે, યા તો ઈજા કરે છે, એટલે તમને હાનિ કરનાર એ વસ્તુથી તમે પાછા પડો છો. કોઇ પ્રાણીનું, માનવનું કે સત્ત્વનું વાતાવરણ કે તેનાં આંદોલનો તમને નુકસાનકારક હોય એ બનવાજોગ છે. જોકે આ વાતાવરણ બધાને એ પ્રમાણે લાગે એવું કંઈ નથી. એવું વાતાવરણ તમને અડકતાં વેંતજ તમે તેનાથી દૂર જવા પ્રયત્ન કરો છો. પરંતુ જો તમારામાં પૂરતું બળ હોય, તો તમે એવા ભયને દૂર જ અટકાવી રાખી શકશો. અને તમારા સુધી તેને પહોંચવા જ નહિ દો, યા તો તમને ઈજા કરવા નહિ દો. કારણકે અમુક વસ્તુ તમને ઈજા કરવા તમારી આજુબાજુ આવેલી છે એવું તમને ભાન થશે, અને તમારી આજુબાજુ તમે રક્ષણની આડ મૂકી શકશો, અને કદાચ એ વસ્તુ તમારી પાસે આવે તો પણ તે તમને અડકી શકશે જ નહિ, તેની હાજરીમાં પણ તમે અસ્પૃશ્ય અને ઈજા વગર રહી શકશો.

જો સૃષ્ટિનું આદિકારણ સર્વપ્રેમસ્વરૂપ ભગવાન પોતે જ હોય તો પછી આ સૃષ્ટિ ઉપર જે અનિષ્ટો ઊભરાય છે તે બધાં ક્યાંથી આવ્યાં ?

સર્વ આવે તો છે ભગવાનમાંથી જ. પરંતુ એક, અદ્વિતીય, પરમ ભાગવત ચેતનાએ આ સૃષ્ટિને સીધેસીધી પોતાનામાંથી સરજાવી નથી. પરમ ભાગવત ચેતનામાંથી એક શક્તિ પ્રકટ થઈ બહાર પડી અને તે શક્તિ અનેક સ્તરોમાં કાર્ય કરતી કરતી નીચે ઊતરતી ગઇ, અને વાણોતર ગણાય એવી અનેક શક્તિઓના

હાથમાં પસાર થતી ગઇ. એવા સૃષ્ટાઓ, અથવા તો “ રૂપ-નિર્માતા ” તો ઘણા છે જેઓએ આ સૃષ્ટિની ઉત્પત્તિમાં ભાગ લીધેલો છે. પરંતુ એ સઘળા વચલા દલાલો જેવા છે, અને હું તેમને “ સૃષ્ટાઓ ” નહિ પણ “ રૂપ-નિર્માતાઓ ” એવું નામ આપવું વધારે પસંદ કરું છું, કારણકે તેમણે આ જગતમાં રહેલા પદાર્થ-તત્ત્વને ફક્ત આકાર, વલણ તથા ગુણો આપ્યા છે. એવા રૂપ-નિર્માતાઓ ઘણા થયેલા છે; કેટલાકોએ સુમેળવાળી અને કલ્યાણકારી વસ્તુઓ પણ નિર્મી છે, ત્યારે કેટલાકોએ ખરાબ અને નુકસાનકારક વસ્તુઓ પણ બનાવી છે. વળી કેટલાક તો નિર્માતાઓ પણ નહિ પરંતુ વિકૃતિ કરનારા જ હતા, કારણકે તેમણે તો બીજાઓએ જેનો સારી રીતે આરંભ કરેલો એવી – કલ્યાણકારક – વસ્તુઓને પણ વિકૃત કરી નાંખી છે.

આ આખી વિશ્વમાળામાં જે સૃષ્ટિઓ છે તેમાં આપણી આ પાર્થિવ સૃષ્ટિ બહુ જ નીચી (હલકી) પાયરીએ નથી ઊભી ?

આપણી સૃષ્ટિ સૌથી વધારે પાર્થિવતાવાળી છે એ સાચું, પરંતુ એથી તે ખાસ કરીને “ હલકી પાયરીએ ” નથી. વળી તે અધમ હોય તો પણ પાર્થિવતાને કારણે નહિ પરંતુ તે અજ્ઞાનભરી, અંધકારથી આચ્છાદિત છે તેથી અધમ છે. “ જડ તત્ત્વ ” એટલે અજ્ઞાન અને તમોગ્રસ્તદશા એવું માની લેવું એ ભૂલ છે. વળી, આપણે કેવળ આ જડ પાર્થિવ જગતમાં જીવીએ છીએ એવું નથી; ખરું જોતાં, આપણે એકીવખતે ઘણા લોકોમાં જીવીએ છીએ તેમાંનો એક આ પાર્થિવલોક છે, અને એક દૃષ્ટિએ જોતાં, આ પાર્થિવ જગત બધા લોકમાં સૌથી વધારે અગત્યનું છે. આ

જડ-તત્ત્વનું બનેલું જગત બીજા સર્વે લોકોને એકાગ્ર થવાનું ક્ષેત્ર છે; બધા લોકના ઘનીકરણનું ક્ષેત્ર આ પૃથ્વી છે. પૃથ્વી એવું સ્થાન છે જ્યાં બીજા બધા લોકને પ્રકટ થવું પડશે. અત્યારે આ પાર્થિવ-લોક વિસંવાદી અને તમોગ્રસ્ત છે એ ખરું છે; પરંતુ એ ઘટના તો એક અકસ્માત છે, માત્ર ખોટી શરૂઆત છે. એક દિવસ તે સુંદર, સંવાદી અને જ્યોતિર્મયી થશે; કારણકે એ સાર્થકતા સિદ્ધ કરવા માટે તેને ઉત્પન્ન કરવામાં આવી છે.

*

વાર્તાલાપ ચૌદમો

યોગી કલાકાર થઇ શકે ખરો, યા તો કલા-સર્જક યોગી બની શકે? કલાનો યોગ સાથે શો સંબંધ છે?

એ બે તમે ધારતા લાગો છો તેટલા પરસ્પર વિરોધી નથી. યોગીને કલા-સર્જક યા તો કલા-સર્જકને યોગી થતાં અટકાવે એવું કાંઇ નથી. પરંતુ જ્યારે તમે યોગસાધનાનો આરંભ કરો છો ત્યારે વસ્તુઓના મૂલ્યાંકનમાં ગંભીર પરિવર્તન થઇ જાય છે,–બીજી વસ્તુઓની પેઠે કલાના મૂલ્યાંકનમાં પણ એમ જ બને છે. તમે કલાને ત્યાર પછી જુદા જ દૃષ્ટિબિંદુથી જોવા માંડો છો; ત્યાર પછી કલાકારને માટે કલા એક માત્ર અને પરમ, સર્વને પોતાનામાં સમાવનાર વસ્તુ હોય છે તેમ તે બની શકતી નથી. કલા પોતે જીવનનું લક્ષ બની રહેતી નથી. કલા એક સાધન બને છે સાધ્ય નહિ. વળી યોગસાધના કરનાર કલાસર્જક કલાના ક્ષેત્રમાં પોતે જે કાંઈ કરે છે તેની આજુબાજુ આખી દુનિયા ફરે છે, યા તો જગતમાં અત્યાર સુધી થયેલ કાર્યોમાં પોતાનું કાર્ય સૌથી વધારે અગત્યનું છે એમ માનતો બંધ થઇ જાય છે. સામાન્ય રીતે સઘળું લક્ષ પોતાનામાં એકત્ર કરનાર તેનું પોતાનું વ્યક્તિત્વ એને અગત્યનું નથી લાગતું; પોતે તો એક આડતિયા જેવો, એક નાળિકા જેવો થઇ રહે છે. એની કલા પ્રભુ જોડેનો એનો સંબંધ પ્રકટ કરવાનું એક સાધન બની રહે છે; એની પોતાની પ્રકૃતિના બીજા ભાગોની પેઠે પોતાની કલા-સર્જક-શક્તિને પ્રભુ જોડેનો એ સંબંધ પ્રકટ કરવા માટે તે વાપરે છે.

પરંતુ કલા-સર્જક યોગસાધના શરૂ કરે ત્યાર પછી તેને કલા-સર્જન કરવાની પ્રેરણા રહે ખરી ?

શા માટે ન રહે ? જેમ કોઈ બીજી રીતે તે પ્રકટ કરી શકે તેમ પ્રભુ સાથેનો તેનો સંબંધ તે કલાદ્વારા પ્રકટ કરી શકે છે. જો તમારી કલા સાચામાં સાચી અને ઉચ્ચામાં ઊંચી થાય એમ માગતા હો, તો આ પાર્થિવ સૃષ્ટિમાં પ્રકટાવવા યોગ્ય કોઇ દિવ્ય સૃષ્ટિ તેણે વ્યક્ત કરવી જોઇએ. કોઇ ઊર્ધ્વ જગત અને આ સ્થૂળ પાર્થિવ જગત એ બેની વચ્ચે પોતે સંબંધ સાધનારા છે એવી લાગણી કે એવું ભાન બધા સાચા કલા-સર્જકને હોય છે.

આ રીતે તમે જોશો તો કલાની સાધના તમને યોગસાધનાથી ભિન્ન નહિ જણાય. પરંતુ મોટે ભાગે તો, કલા-સર્જકને થતી એ લાગણી અસ્પષ્ટ હોય છે; અને તેને એ વિષયનું જ્ઞાન હોતું નથી. છતાં, જેમને એવું જ્ઞાન હતું એવા કેટલાક લોકોને હું જાણું છું; તે લોકો પોતાનું કલા-સર્જનનું કાર્ય કરતા હતા અને પોતે જે કરતા હતા તે જ્ઞાનપૂર્વક કરતા હતા. પોતાના કલાસર્જનમાં તે લોકો પોતાના વ્યક્તિત્વને સૌથી અગત્યના તત્ત્વ તરીકે આગળ પડતું થવા દેતા નહિ; તેઓ પોતાના સર્જનકાર્યને ભગવાનને અર્પણ કરવાના હવિ તરીકે ગણતા; કલા મારફત તેઓ ભગવાન સાથેનો પોતાનો સંબંધ પ્રકટ કરવા પ્રયત્ન કરતા.

યુરોપના મધ્યયુગમાં કલાનો સ્વીકૃત ઉદ્દેશ પણ એ જ હતો. ચિત્રોમાં જેમને આપણે પ્રાથમિક યુગનાં ગણીએ છીએ તે ચિત્રોના ચિત્રકારો, તથા મધ્યયુગના ખ્રિસ્તી દેવળોના સ્થપતિઓ કલાનો બીજો ઉદ્દેશ જાણતા જ ન હતા. હિંદની શિલ્પકલા, મૂર્તિવિધાન, ચિત્રકલા – સર્વે કલાઓ એ જ મૂળમાંથી ઉદ્ભવે છે, અને એ

ઉદ્દેશમાંથી પ્રેરણા મેળવે છે. મીરાંબાઈના ભજનોની તથા ત્યાગરાજના સંગીતની, ભક્તો, સંતો અને ઋષિઓએ સર્જેલ મહાન કાવ્યસાહિત્યની આખી દુનિયાની મહાનમાં મહાન કલાસંપત્તિમાં ગણના થાય છે.

પરંતુ કલાકાર યોગસાધના કરે તો તેના સર્જનકાર્યમાં લાભ થાય ખરો ?

યોગસાધના માટે જે શિસ્તની જરૂર પડે છે તે જ, અંતે તો, કલાની સાધના માટે પણ જરૂરી છે. બન્નેનો હેતુ વધારે ને વધારે સચેતન થવાનો છે; બન્નેમાં – યોગમાં અને કલામાં – સામાન્ય દૃષ્ટિથી અને સામાન્ય માત્રાસ્પર્શોથી પર એવું દર્શન અને અનુભૂતિ પ્રાપ્ત કરતાં શીખવાનું છે અને અંતરમાં ઊંડા ઊતરીને ત્યાં ગહન ઊંડાણમાં રહેલ વસ્તુઓને બહાર લાવવાની હોય છે. ચિત્રકારોએ પોતાની દર્શન કરનારી ચેતનાનો વિકાસ કરવા માટેની શિસ્તનું પાલન કરવું પડે છે. એ આત્મનિયંત્રણ લગભગ યોગસાધના જેવું જ હોય છે. સાચો કલાકાર બાહ્ય સ્વરૂપની પેલે પાર જોવાનો પ્રયત્ન કરે છે, ઊર્ધ્વ જગત તરફ તે પોતાની દૃષ્ટિ ખુલ્લી રાખે છે જેથી કરીને આંતરજગતનો આવિર્ભાવ કરવા માટે તે પોતાની કલાનો ઉપયોગ કરી શકે; અને એવી એકાગ્રતાને પરિણામે તેનામાં એક પ્રકારની એવી ચેતનાનો વિકાસ થાય છે જે યોગસાધનાને પરિણામે પ્રાપ્ત થતી ચેતનાના જેવી જ હોય છે. તો પછી યોગિક ચેતના કલા-સર્જનને સહાયરૂપ શા માટે ન થઈ શકે ?

એવા કેટલાક માણસોને હું જાણું છું જેમનું શિક્ષણ, સ્વાભાવિક બુદ્ધિ ઘણાં જ ઓછાં હોવા છતાં જેમણે યોગસાધનાને

પરિણામે લેખનકાર્યમાં તથા ચિત્રકલામાં ઘણી જ ધ્યાન ખેંચે એવી શક્તિ પ્રાપ્ત કરી હતી. હું તમને બે ઉદાહરણો આપી શકું છું. એમાં એક તો યુવતી હતી જેને કોઇ પણ પ્રકારની કેળવણી મળી ન હતી; તે એક નટી હતી અને સાધારણ રીતે સારો ગણાય એવો નાચ કરી શકતી હતી. યોગસાધના શરૂ કર્યા પછી તે યુવતી ફક્ત પોતાના મિત્રોની આગળ જ નાચ કરતી; અને ત્યાર પછી એના નૃત્યના ભાવમાં એટલું બધું અભિવ્યક્તિનું ઊંડાણ અને એટલી ગભીર સુંદરતા આવી જે પૂર્વે તેના નાચમાં કદી પણ હતી નહિ. વળી કેળવણીની ખામી છતાં તેણીએ ઘણાં સુંદર લખાણો કરવા માંડ્યાં; તેને સૂક્ષ્મ દૃષ્ટિવડે દશ્યો દેખાતાં હતાં અને તેમને તે ઘણી સુંદર ભાષામાં પ્રકટ કરતી હતી. પરંતુ એની યોગ-સાધનામાં તડકા છાંયડાઓ આવતા જેની અસર તેનામાં આશ્ચર્ય પમાડે એવી રીતે પ્રકટ થતી, જ્યારે તેની સાધના સારી ચાલતી ત્યારે તે સુંદર લખાણો કરતી; પરંતુ જ્યારે તે સામાન્ય ચેતનામાં આવી પડતી ત્યારે તેનું મન તદ્દન મૂર્ખ અને સર્જકશક્તિ વિનાનું જણાતું.

બીજો દાખલો એક યુવાનનો છે. એણે કલાનો અભ્યાસ કર્યો હતો પરંતુ તે ઘણો જ ઉપરચોટિયા. તેના પિતા મુત્સદ્દી હતા એટલે તેને મુત્સદ્દીના ધંધા માટે તૈયાર કરવામાં આવ્યો હતો; પરંતુ તે એશઆરામમાં જીવન ગાળતો અને અભ્યાસમાં તે બહુ ઊંડો ઊતરી શક્યો ન હતો. અને છતાં જેવો એણે યોગસાધનાનો આરંભ કર્યો, કે તુરત જ આંતરજ્ઞાનની અભિવ્યક્તિ કરનારાં તથા પ્રતિક-ચિત્રો તે પ્રેરણાવડે દોરવા લાગ્યો. આખરે તે એક મહાન ચિત્રકાર થયો.

કલાકારો સામાન્ય રીતે વર્તનમાં અનિયંત્રિત અને ચારિત્રમાં શિથિલ શા માટે હોય છે?

જ્યારે તેઓ એવા હોય છે, ત્યારે તેનું કારણ એ હોય છે કે એવા કલાકારો સામાન્ય રીતે પ્રાણની ભૂમિકા ઉપર રહેતા હોય છે. તેમનું પ્રાણમય-સત્ એ પ્રાણના સૂક્ષ્મ જગતની શક્તિઓ પ્રત્યે ઘણું જ સંસ્કારગ્રાહી હોય છે, અને તે ભૂમિકામાંથી સર્વ પ્રકારની અસરો અને આવેગો તેનામાં આવે છે જેમના ઉપર કલાકારનો જરા પણ કાબૂ હોતો નથી. વળી ઘણી વાર, એવા કલાકારોનું મન પણ નિર્મુક્ત હોઈ સામાન્ય માનવના જીવનને જે નીતિના નિયમો અને સામાજિક ધોરણો નિયત કરે છે તેમને તે સ્વીકારતો હોતો નથી. પોતે વ્યવહારના રૂઢ નિયમો પ્રમાણે વર્તવાને બંધાયલો છે એમ તે માનતો નથી, અને એ નિયમોનું સ્થાન લઈ શકે એવો આંતર જીવનનો આધ્યાત્મિક નિયમ તેણે પ્રાપ્ત કર્યો નથી હોતો. આમ એના કામનામય પુરુષની ગતિને રોકનાર કોઈ અંકુશ રહેતો નથી, એટલે ઘણી વખત સ્વચ્છંદી યાને સ્વતંત્ર જીવન તેઓ ગાળે છે.

પરંતુ એ પ્રમાણે બધા કલાકારોની બાબતમાં કાંઈ બનતું નથી. કલાકારોની જોડે મેં દસ વર્ષ ગાળ્યાં છે, અને તેઓમાંના ઘણા તો "બુઝર્વા" "સામાજિક, રૂઢ નીતિ નિયમો પાળવાવાળા – આબરૂદાર" હતા; તેઓ પરણેલા અને સ્થિર જીવન ગાળતા હોઈ પિતા તથા પતિ તરીકે ઘણા સારા હતા, અને શું કરવું અને શું ન કરવું જોઈએ તે વિષે નીતિના કડક નિયમોનું જીવનમાં અનુસરણ કરનારા હતા.

એક બાબત એવી છે જેમાં યોગસાધના કરવા જતાં કલાકારની સર્જક-પ્રેરણા બંધ પડી જાય. જો કલાકારની પ્રેરણાનું મૂળ પ્રાણ-

મય જગતમાં હશે તો તે યોગી થયા પછી તેની પ્રેરણા ઓસરી જશે; કારણકે ત્યાર પછી પ્રાણની ભૂમિકાનું સાચું સ્વરૂપ તેની આગળ સ્પષ્ટ થાય છે, તેનું સાચું મૂલ્ય જણાય છે, અને એ મૂલ્ય ઘણું સાપેક્ષ હોય છે. જે લોકો પોતાને કલાકાર કહેવડાવતા હોય છે તેમાંના ઘણાખરા પ્રાણમય ભૂમિકામાંથીજ પોતાની પ્રેરણા મેળવતા હોય છે; અને એ પ્રેરણા એટલે કોઈ ઉચ્ચ કે મહાન વસ્તુ છે એમ સમજવાનું નથી.

પરંતુ પોતાના સર્જન માટે વધારે ઉચ્ચ ભૂમિકા તરફ દૃષ્ટિ કરનાર સાચો કલાકાર જ્યારે યોગ તરફ વળે છે, ત્યારે તેને પોતાની પ્રેરણા વધારે સીધેસીધી આવતી અને સમર્થ થતી માલૂમ પડે છે, તથા તેની અભિવ્યક્તિ વધારે વિશદ અને ગભીર બને છે. જેમની પાસે સાચું મૂલ્ય હશે તેમના મૂલ્યમાં યોગસાધના ઉમેરો કરશે; પરંતુ જેમની પાસે કલાનો ખોટો આભાસ માત્ર હશે તેમનો તો એ આભાસ પણ ઊડી જશે, યા તો એની અંદર રહેલ રસનું આકર્ષણ જતું રહેશે.

જે માણસમાં સાધના કરવા માટે સાચી ધગશ હશે તેને સૌથી પ્રથમ અને સાદું સત્ય એ જણાય છે કે તે પોતે જે કાંઇ કરે છે તે વિરાટના આવિર્ભાવની સરખામણીમાં ઘણું જ ગૌણ છે; પરંતુ સામાન્યરીતે કલાકાર મિથ્યાભિમાની હોય છે, અને તે પોતાની જાતને ઘણી જ અગત્યની માને છે, આ જગતમાં આવી પડેલા કોઈ અર્ધ-દેવ જેવો તે પોતાને ગણે છે. ઘણા કલાકારો એમ કહે છે કે પોતે જે સર્જન કરે છે તેને જો અતિશય અગત્યનું ન માને તો તેઓ તે સર્જન કરી જ ન શકે. પરંતુ એવા થોડા કલાકારોને હું જાણું છું જેમની સર્જનની પ્રેરણા ઉચ્ચ ભૂમિકામાંથી

આવતી હતી અને છતાં પોતે જે કલાસર્જન કરતા તે અતિશય અગત્યનું છે એમ તેઓ માનતા ન હતા. સાચી કલાનો આત્મા એવા નમ્ર ભાવની વધારે સમીપ હોય છે. કોઇ માણસ કલાદ્વારા પોતાની અભિવ્યક્તિ કરવા પ્રેરાય તો તેનું કારણ ભગવાન તેની અંદર એ રીતે પ્રકટ થવા માગે છે એ હોય છે, અને એમ હોય તો, યોગસાધના કરવાથી તેની કલા ઉન્નત થશે, તેને હાનિ નહિ થાય.

પરંતુ એ જ મુખ્ય પ્રશ્ન છે: કલાકાર પ્રભુપ્રેરિત છે કે જાતે જ થઈ પડેલ છે?

યોગસાધના કરવાથી શેક્સપિયર કે શેલીના જેટલી ઊંચાઇએ કલાકાર પહોંચી શકે ખરો? એવો કોઇ દાખલો જાણ્યામાં નથી?

શા માટે નહિ? મહાભારત અને રામાયણ શેક્સપિયરની કે બીજા સર્વ કવિઓની કૃતિઓ કરતાં કોઈ રીતે ઊતરતાં તો જરૂર નથી. અને એ મહાકાવ્યો જેમણે યોગની તપસ્યા કરી હતી એવા ઋષિઓની કૃતિઓ ગણાય છે. ઉપનિષદોની પેઠે ગીતા, જગતના સાહિત્યનું અને આધ્યાત્મિકતાના મહાનમાં મહાન પુસ્તકોમાં ગણાય છે તે યોગના અનુભવ વિનાના માણસે લખેલી નથી! અને હિંદમાં, કે ઇરાનમાં, કે અન્ય દેશોમાં સંતો, સુફીઓ અને ભક્તો તરીકે પંકાયલા માણસોએ જે કાવ્યો લખ્યાં છે તે તમારા મિલ્ટનના અને શેલીના કરતાં કઇ રીતે ઊતરતાં છે?

વળી, બધા જ યોગીઓને તથા તેમની કૃતિઓને તમે જાણો છો ખરા? કવિઓમાં અને સ્રષ્ટાઓમાં દિવ્ય ભાગવત ચેતના જોડે કોણ સંબંધમાં હતા અને કોણ ન હતા તે તમે કહી શકો છો? કેટલાક લોકોના ઉપર "યોગી"ની છાપ હોતી નથી; તેઓ "ગુરુ"

નથી હોતા અને ચેલાઓ મૂકતા નથી; તેઓ શું કરે છે તેની પણ દુનિયાને ખબર હોતી નથી; એવા લોકો કીર્તિની પાછળ ગાંડા હોતા નથી અને લોકોની નજર તેઓ પોતાના તરફ ખેંચતા નથી. પરંતુ એમનામાં ઘણી ઊર્ધ્વ ચેતના હોય છે, તેઓ દિવ્યશક્તિ સાથે સંબંધમાં હોય છે, અને જ્યારે તેઓ કોઇ સર્જન રચે છે ત્યારે તે દિવ્ય ભૂમિકામાંથી સર્જે છે. હિંદનાં સારામાં સારાં ચિત્રો, તથા શિલ્પ અને મૂર્તિવિધાનોમાંનાં ઉત્તમોત્તમ સર્જનો બુદ્ધ ભિક્ષુઓને હાથે તૈયાર થયાં હતાં, જેઓ પોતાનું જીવન આધ્યાત્મિક ચિંતનમાં અને સાધનામાં ગાળતા હતા. તેમણે ઉત્તમોત્તમ પ્રકારનું કલાસર્જન કર્યું. પરંતુ પાછળની પેઢીઓ માટે પોતાનાં નામ મૂકવાની પણ તેમણે દરકાર કરી નથી

સામાન્ય રીતે યોગીઓ પોતાના કલાસર્જનથી પ્રખ્યાત થતા નથી. તેનું મુખ્ય કારણ એ હોય છે કે તેઓ કલાસર્જનને પોતાના જીવનનો સૌથી અગત્યનો ભાગ ગણતા નથી, અને તેથી કેવળ કલા-સર્જક પોતાની કલાના ઉપર જે સમય અને શક્તિ ખર્ચે છે તેટલી એ યોગીઓ ખર્ચતા નથી. વળી વધારામાં તેઓ જે કાંઇ કરે છે તે હમેશાં જાહેર જગતને પહોંચતું પણ નથી. એવા તો કેટલાએ છે જેમણે મહાન વસ્તુઓ સર્જી છે પરંતુ તેમણે જગત આગળ પ્રકટ કરી નથી.

શેક્સપિયરનાં નાટકો કરતાં વધારે મહાન કૃતિઓ યોગીઓએ રચેલી છે ?

નાટક એ કાંઈ કલામાં સર્વોત્તમ કલા નથી. એક લેખકે મને કહ્યું કે બીજી કલાઓ કરતાં નાટકની કલા ચઢિયાતી છે અને કલા જીવન કરતાં પણ વધારે મહાન છે.

વાર્તાલાપ ચૌદમો

કલાનું સર્જન જગતમાં બીજા વિભાગોથી સ્વતંત્ર રીતે, કલાને પોતાને ખાતર હોય છે, અને તે પોતાની જ મેળે ઊભું રહી શકે છે એવી કલા-સર્જકોની જે માન્યતા છે તે તેમની એક ભૂલ છે. એ કલાકારની માન્યતા પ્રમાણે તો જીવનની વિશાળ ભૂમિ ઉપર કલા એક પ્રકારનો – મશરૂમનો – બિલાડીના ટોપનો – ફાલ છે. – એટલે કે કલા બાહ્ય – આગંતુક છે, અને તેને જીવન જોડે ગાઢ સંબંધ નથી; એ માન્યતા પ્રમાણે જીવનની ગભીર અને સનાતન વાસ્તવિકતાઓને કલા પહોંચી શકતી નથી, યા તો તેમનો સ્પર્શ કરી શકતી નથી; કલા એ રીતે જીવનનો અવિભાજ્ય અને મૌલિક ગણાય એવો ભાગ નથી. ખરું છે કે સુંદરતાને પ્રકટ કરવી એ સાચી કલાનો હેતુ છે. પરંતુ એ કાર્ય વિરાટની ગતિની સાથે કાંડી આપલે અને પરિચિતતા પ્રાપ્ત કરીને તેણે સાધવાનું છે. મહાનમાં મહાન પ્રજાઓએ અને સૌથી વધારે સંસ્કૃત જાતિઓએ કલાને જીવનનો એક ભાગ ગણેલો છે અને તેમણે કલાને જીવનની સેવામાં ધરી છે. જાપાનમાં જ્યારે કલા-સર્જનનો સર્વોત્કૃષ્ટ સમય હતો ત્યારે કલાનું સ્થાન એવું હતું; કલાના ઇતિહાસમાં સૌથી આગળ વધેલા યુગોમાં પણ એ જ દૃષ્ટિબિંદુ હતું. પરંતુ કલા-સર્જકોમાંના ઘણાખરા જીવનપ્રવાહના કિનારા પર થતા પરોપજીવી જંતુઓ જેવા હોય છે; જીવનમાં અને જીવનદ્વારા પ્રભુનો આવિર્ભાવ કરવો એનું નામ કલા છે એ સત્ય ઘણા કલાકારો જાણતા નથી. પ્રત્યેક વસ્તુમાં, સર્વત્ર,– સર્વે સંબંધોમાં, સર્વગ્રાહી – સર્વના સમાવેશ કરનાર - છંદમાં – સત્યને પ્રકટ કરવું જોઇએ, તથા જીવનની પ્રત્યેક ગતિમાં સૌંદર્ય અને સંવાદનો આવિર્ભાવ થવો જોઇએ. કૌશલ્ય યાને પટુતા કલા નથી; બુદ્ધિ વૈભવ પણ કલા નથી. જીવનની સર્વ ક્રિયાઓમાં પ્રકટ થવી જોઇતી જીવંત સંવાદિતા અને

સૌંદર્ય એનું નામ કલા. પૃથ્વી ઉપર થનાર ભગવત્સાક્ષાત્કારનું સાચી કળા એ એક અંગ છે,– કદાચ તેનું મહત્ત્વનું અંગ છે.

કારણકે, વિજ્ઞાનમય ચેતનાના દૃષ્ટિબિંદુથી, પ્રભુના અન્ય સ્વરૂપોના આવિર્ભાવ જેટલાં જ સૌંદર્ય અને સંવાદિતા ઉપયોગી છે. પરંતુ તેમને પ્રભુની અન્ય દિવ્ય સંપત્તિથી જુદાં પાડવાં જોઇએ નહિ, સમગ્રમાંથી તેમને છૂટાં પાડવાં જોઈએ નહિ; જીવનના સમગ્ર આવિર્ભાવનાં એ પણ અંગો હોવાં જોઇએ.

લોકોને કહેવાનો અભ્યાસ હોય છે "ઓ! એ તો કલાકાર છે!" જાણે કે કલાકાર પણ અન્ય માનવના જેવો માનવ નહિ પરંતુ કોઈ અસાધારણ પ્રકારનું જુદા જ વર્ગનું પ્રાણી ન હોય! અને એની કલા પણ કાંઈ અસાધારણ અને જુદી જ – જગતની બીજી સામાન્ય વસ્તુઓ જોડે સેળભેળ ન કરવાની – વસ્તુ હોય એવો ભાવ આપણને એવા લોકોના બોલમાં જણાય છે. "કલાને ખાતર કલા"નું સૂત્ર પણ એ જ ભૂલના ઉપર ભાર મૂકે છે – અને તે ભૂલને સત્ય તરીકે આપણા મન ઉપર ઠસાવવાનો પ્રયત્ન કરે છે. લોકો એક મઢેલું ચિત્ર જેને આજુબાજુના સરસામાન, કે રાચરચીલાં સાથે, કે ભીંતો સાથે કશો પણ સંબંધ નથી તેને પોતાના દિવાનખાનામાં મૂકે છે ત્યારે પણ તેઓ એની એ ભૂલ કરે છે. તેઓ એ ચિત્રને ત્યાં ટાંગે છે કારણકે તે "કલાની એક કૃતિ" છે.

સાચી કલા અખંડ છે અને સર્વાંગપૂર્ણ હોય છે; તે એક છે, અને જીવન સાથે તે વણાયલી હોય છે. પ્રાચીન ગ્રીસમાં અને પ્રાચીન મિસરમાં જીવન અને કલા વચ્ચેની એ ગાઢ અખંડતા તમને દેખાશે; કારણકે ત્યાં ચિત્રો, મૂર્તિઓ વગેરે મકાનની શિલ્પયોજનાના જ ભાગો તરીકે તમને જણાશે;– પ્રત્યેક વિગત સમગ્ર

યોજનાનો અને સંવાદનો જ એક અંશ હોય છે. આજે પણ જાપાનમાં એ વસ્તુસ્થિતિ છે; – નિદાન, થોડા સમય પૂર્વે, ઉપયોગિતા અને વ્યવહારુવૃત્તિની ઉપાસક આધુનિકતા ત્યાં આવી તે પૂર્વે તો હતી. જાપાનીઝ ઘર એટલે આશ્ચર્ય પમાડે એવી કલાત્મક એક વસ્તુ; જે વસ્તુ જ્યાં હોવી જોઇએ ત્યાં તમને જણાશે; કોઈ ચીજ વધારે નહિ, તેમ કોઇ ચીજની ખામી પણ નહિ હોય. સઘળી વસ્તુ જોઇએ તેવી જ હોય છે; અને આજુબાજુની પ્રકૃતિની સાથે ઘર પણ અજબ રીતે મેળમાં હોય છે. હિંદમાં પણ ચિત્રકલા, મૂર્તિ-વિધાન અને શિલ્પ સમગ્ર સૌંદર્યનાં અંગો હતાં, પ્રભુભક્તિની એક જ ક્રિયા રૂપે તે જણાતાં.

એ જમાનો વીત્યા પછી, ઉપરના દષ્ટિબિંદુથી જોતાં, દુનિયામાં ઘણી અધોગતિ થઇ છે. વિકટોરિયા રાણીના અને ફ્રાન્સના બીજા સામ્રાજ્ય-યુગ પછી દુનિયામાં કલાની રસવૃત્તિમાં પડતીનો યુગ શરૂ થયો છે. આજુબાજુની વસ્તુઓ જોડે, કે રાચરચીલાં જોડે કોઇ પણ પ્રકારના સંબંધ કે મેળ વગરનાં ચિત્રો ઘરમાં ટાંગી દેવાની ટેવ વધતી ગઇ છે. કોઈ પણ ચિત્ર કે કોઇ પણ કલાકૃતિ હાલમાં ગમે ત્યાં મૂકી શકાય છે. અને એથી કાંઈ પણ ખાસ ફેર પડતો નથી. આજકાલ કલાનું પ્રેરક બળ બુદ્ધિ, હોશિયારી, લાઘવ અને ચાલાકી છે; આજકાલ કળા તેના સાચા હેતુથી ઘણે દૂર જતી રહી છે, માનવનાં ઘરોમાં સૌંદર્ય અને સંવાદની સમગ્ર અને વ્યવસ્થિત અભિવ્યક્તિ રૂપ કળા હોવી જોઇએ એ આજે ભૂલાઇ ગયું છે.

પરંતુ છેવટનાં થોડાં વર્ષોથી મધ્યમ વર્ગની રૂઢિપ્રધાન મનોદશાના અંકુશમાં પડેલી રસવૃત્તિ સામે બળવો શરૂ થયો છે. એ પ્રતિકાર્ય એટલું ઉગ્ર હતું કે કળા પોતાનો માર્ગ ભૂલીને આડે

રસ્તે ચડી ગઈ છે એમ દેખાય; અપણને એમ લાગે કે કલા અર્થ-હીનતામાં જઈ પડી છે. પરંતુ ધીમેધીમે, એ અવ્યવસ્થામાંથી કોઈ વધારે તર્કસંબદ્ધ, વધારે એકતાવાળી કોઈ વસ્તુ બહાર આવતી જણાય છે જેને "કળા"નું નામ આપી શકાય. એ કલા – ફરીને જીવંત થયેલી,– અને આશા રાખીશું કે પુનરુદ્ધાર પામેલી, કળા હશે.

કળાનું મૌલિક સત્ય ભગવાનના દિવ્ય આવિર્ભાવનું સૌંદર્ય પ્રકટ કરવામાં રહેલું છે. કદાચ એ દૃષ્ટિબિંદુથી જોતાં સાચા કલાકારો ઘણા થોડા નીકળશે; પરંતુ થોડા પણ એવા કલાકારો હોય છે ખરા, અને ખુશીથી તેમની ગણત્રી યોગીઓમાં થઈ શકે. કારણકે યોગીની પેઠે જ એવા સાચા કલાકારો પણ ગહન ચિંતનમાં, ધ્યાનમાં, મગ્ન થઈને ત્યાં પોતાની પ્રેરણાની વાટ જુએ છે અને ત્યાં જ તેને પ્રાપ્ત કરે છે. સાચા સૌંદર્યવાળી વસ્તુ ઉત્પન્ન કરવા માટે કલાકારો તેને પોતાના આંતરમાં પ્રથમ જોવી જોઈએ અને સમગ્રરૂપે તેનો સાક્ષાત્કાર પોતાની અંતર ચેતનાના ઊંડાણમાં કરવો જોઈએ. જ્યારે એ પ્રમાણે પોતાની કલા-સૃષ્ટિને કલાકાર પામે છે, જુએ છે, તથા પોતાની ચેતનામાં ધારણ કરે છે, ત્યાર પછી જ તેને તે બાહ્યસ્વરૂપે પ્રકટ કરી શકે છે; પોતાના અંતરના મહાન દર્શન પ્રમાણે તે સ્થૂળ પદાર્થરૂપે સર્જન કરે છે.

આ કાર્ય કરવા માટે કલાકારનું આંતરનિયંત્રણ પણ યોગીના જીવનના નિયંત્રણ જેવું જ હોય છે. લીઓનાર્ડો[1] – દા – વીંચી

---

૧ લીઓનાર્ડો દા વીંચી:— ઈ. સ. ૧૪૫૨થી ઈ. સ. ૧૫૧૯ : પ્રખ્યાત ઈટાલિયન ચિત્રકાર, મૂર્તિવિધાયક, એન્જિનિયર, લેખક, સંગીતકાર, શોધક એમ અનેક ક્ષેત્રોમાં એ પ્રતિભાશાળી પુરુષે લાક્ષણિક સફળતા અને ચિરંજીવી નામના પ્રાપ્ત કરી છે. એનાં જગત વિખ્યાત ચિત્રોમાં "મોના લીઝા" અને "ખ્રિસ્ત ભગવાનનું છેલ્લુ ખાણુ" તથા અન્ય ચિત્રો છે.

જેવો કલાકાર યોગી જ હોય છે. અને તે મહાનમાં મહાન ચિત્રકાર નહિ તોપણ તેમાંનો એક તો હતો જ, જોકે એની કલા-પ્રવૃત્તિ ચિત્રકલામાં સમાપ્ત થતી ન હતી.

મૌલિક દૃષ્ટિએ જોતાં, સંગીત પણ આધ્યાત્મિક કલા છે, અને તે હમેશાં ધાર્મિક ભાવ અને આંતરજીવન સાથે સંકળાયલી છે. એને પણ એની સાચી દિશામાંથી આડે લઈ જવામાં આવી છે; સંગીત સ્વતંત્ર કલા બન્યું છે, તે સ્વયંસંપૂર્ણ છે, તે એક પ્રકારની બિલાડીના ટોપના જેવી આગંતુક, ક્ષણિક વસ્તુ છે—જેમકે આજકાલનું ઓપેરાનું[૨] સંગીત. આજકાલ સંગીતનાં મોટા ભાગનાં સર્જનો આ પ્રકારનાં હોય છે, અને બહુ બહુ તો, સંગીતની પરિભાષાના દૃષ્ટિબિંદુએ જ, એટલે કે તેની નવીનતાના દૃષ્ટિબિંદુથી જ, તે રસ પડે એવાં હોય છે.

ઓપેરાના સંગીતને પણ ઉચ્ચતર કલા પ્રકટ કરવા માટે ન જ વાપરી શકાય એમ હું કહેવા માગતી નથી; કારણકે રૂપ ગમે તે હોય પરંતુ વધારે ઊંડો હેતુ સાધવા માટે તેનો ઉપયોગ જરૂર થઇ શકે છે. એનો આધાર કલાની વસ્તુ કેવા પ્રકારની છે, તેનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે, અને એની પાછળ કઇ શક્તિઓ આવેલી છે તેના ઉપર છે; પ્રભુના હેતુઓને સાધવા માટે ઉપયોગમાં ન લઇ શકાય એવું કાંઇ જ નથી, જેમ કોઈ પણ વસ્તુ પ્રભુ તરફથી આવવાનો ડોળ કરી શકે છે અને છતાં ચોમાસાના બિલાડીના ટોપની જાતની તે કલાકૃતિ હોઈ શકે છે.

૨ ઓપેરાઃ— સંગીતલિપિબદ્ધ કાવ્ય-નાટક. એમાં વાર્તાલાપ આવે નહિ પરંતુ સંગીતના ઓરકેસ્ટ્રા સહિત એમાં ગાયનો અને ગીતો ગવાય. ક્વચિત એની જોડે નૃત્ય પણ હોય.

આધુનિક જમાનાના મહાન સંગીત-સર્જકોમાં કેટલાક એવા હતા જેમની ચેતના, સર્જન કરતી વખતે, વધારે ઉચ્ચ પ્રકારની ચેતનાના સંસર્ગમાં આવતી હતી. સીઝર[3] ફ્રેંક જ્યારે ઓરગન વગાડતો ત્યારે તે પ્રેરણાથી પ્રેરિત થઇને વગાડતો; તેનામાં રહેલ કોઈ વસ્તુ અંતરાત્માના જીવન પ્રત્યે ખુલ્લી થઇ શકતી; અને એને તેનું ભાન હતું, અને ઘણે અંશે તે એ ચૈત્ય-જીવનને પોતાના સંગીતમાં પ્રકટ પણ કરી શકતો. જ્યારે બીથોવને[4] નવમી સીમ્ફની

---

૩ સીઝર ફ્રેંક:--બેલ્જિયમમાં લીએજ ગામમાં જન્મેલો પ્રખ્યાત સંગીતકાર ઈ. સ. ૧૮૨૨થી ૧૮૯૦ સુધીમાં થઈ ગયો. તેની સંગીત-કલાની પ્રેરણા વિશુદ્ધ હતી.

૪ બીથોવન-બૂઈવૉન:— ઈ. સ. ૧૭૭૦થી ૧૮૨૭. એનો જન્મ બેલ્જિયમમાં થયો હતો.

સીંફની (Symphony) એટલે વાદિત્ર સમૂહમાંથી પ્રકટ થતું –ઓરકેસ્ટ્રલ સંગીત. એમાં માણસના ગળાનું સંગીત હોતું નથી. ઘણું-ખરું નૃત્યની ચાલોને લઇને એ સંગીત ઉત્પન્ન કરવામાં આવ્યું હતું. આને સોનાટા ફોર્મ કહે છે. એ સંગીતમાં જુદા જુદા રસવાળા વિષયો લેવામાં આવે છે અને એકમાંથી બીજામાં પલટો લઈ અને છેવટે એ બધાનું એકીકરણ અથવા તો સંવાદ ઉપજાવવામાં આવે છે. બીથોવને સોનાટાનો ઉપયોગ આનંદની મસ્તીને તથા કરુણ રસની અવધિને પ્રકટ કરવા માટે કર્યો છે. નવમી સીંફની એ બીથોવનની છેલ્લામાં છેલ્લી, અને કેટલાકના મત પ્રમાણે ઉત્તમમાં ઉત્તમ સીંફની છે. એના છેલ્લા ભાગમાં તો કોરસ એટલે સંઘગીત અને ઓરકેસ્ટ્રા બન્ને ભેગાં કાર્ય કરે છે અને એ છેલ્લા સંઘગીતના શબ્દો માટે એણે જર્મન મહા-કવિ શીલરનું "આનંદને" (Ode to joy) લીધું છે. વાર્તાલાપમાં કહ્યા પ્રમાણે એ આખી સીંફની મુક્તિનો–અચેતનામાંથી ચેતનાની મુક્તિનો આનંદ પ્રકટ કરે છે.

રચી ત્યારે કોઇ ઊર્ધ્વ જગત પ્રત્યે ખુલ્લા થવાનું અને આ પાર્થિવ ભૂમિકા ઉપર એ ઊર્ધ્વ લોકના અવતરણનું એને દર્શન થયું હતું. વાગ્નરને[૫] સૂક્ષ્મ, ગૂઢ, ભૂમિકાઓમાંથી સમર્થ સંદેશાઓ આવતા. એનામાં ગૂઢ વિદ્યાનું જ્ઞાન જન્મથી જ હતું, અને ગૂઢ વસ્તુઓનું સૂક્ષ્મ ભાન એને હતું અને એની સૌથી મહાન પ્રેરણાઓ એને એ લોકમાંથી જ મળતી. પરંતુ એ ઘણુંખરું પ્રાણની ભૂમિકા ઉપર કાર્ય કરતો હતો, અને વારેવારે એનું મન એની કલા-સર્જક પ્રવૃત્તિમાં દખલ કરતું હતું, અને તેની પ્રેરણાને યંત્રવત્ બનાવતું હતું. એના સર્જનનો મોટો ભાગ અતિ સેળભેળ થઇ ગયેલો, ઘણી વખત કિલષ્ટ અને ભારે થઈ ગયેલો હોય છે, જોકે હોય છે સમર્થ પરંતુ જ્યારે વાગ્નર પ્રાણની અને મનની ભૂમિકાઓને વટાવી જઈ શકતો, અને ઉચ્ચતર ભૂમિકાને પહોંચી શકતો, ત્યારે એને જે ઝાંખી થયેલી છે તે અસાધારણ સૌંદર્યથી ભરેલી છે, ઉદાહરણ તરીકે પાર્સીફાલમાં,[૬] ટ્રીસ્ટન[૭] અને ઇસ્યુલ્ટના કેટલાક

૫ વાગ્નર:— વિલિયમ રીચાર્ડ. ઈ. ૧૮૧૩થી ૧૮૮૩. પ્રખ્યાત જર્મન સંગીતકાર અને નાટકનો સંગીત વાગ્ગેયકાર. યુરોપમાં મહાનમાં મહાન સંગીતકારોમાં અને વાગ્ગેયકારમાં એની ગણના થાય છે.

૬ એણે પાર્સીફાલ નામનો સંગીત-નાટક ત્રણ અંકમાં ઇ. ૧૮૮૨માં પૂરો કર્યો. એણે જાતે જ કવિતા બનાવી તથા તેનું સંગીત પણ પોતે જ ગોઠવ્યું. આ કૃતિ જીવનના છેવટના ભાગની વાગ્નરની મહાન કૃતિ ગણાય છે. એનું સંગીત ગંભીર હોઇ આજે પણ યુરોપની પ્રખ્યાત પ્રમાણભૂત સંગીત કૃતિમાં ગણાય છે. ક્રાઇસ્ટનું લોહી જે પાત્રમાં હતું તે પવિત્ર-પાત્ર વિષે અનેક ચમત્કારિક કથાઓ પ્રચલિત છે. તેમાં આર્થર રાજાના ઉમરાવો – નાઇટ્સ–ની એ પવિત્ર-પાત્રની શોધની કથા આ નાટકમાં લીધી છે.

૭ ટ્રીસ્ટન અને ઈસ્યુલ્ટની કરુણાંત પ્રેમકથા યૂરોપના મધ્ય-યુગમાં મહાકાવ્યનો વિષય બની હતી. વાગ્નરે કેવળ બે વ્યક્તિ

ભાગોમાં અને એના છેવટના મહાન એકટનો ઘણો મોટો ભાગ એવો છે.

વળી આધુનિક લોકોએ નૃત્યની શી વલે કરી છે તે તરફ નજર કરો. એક વાર–ભૂતકાળમાં નૃત્યનું સ્થાન કેવું હતું તેની સાથે તેને સરખાવો. એક વાર નૃત્ય એ અંતરજીવનની ઉચ્ચમાં ઉચ્ચ અભિવ્યક્તિ હતી; નૃત્યની કલા ધર્મ જોડે સંકળાયેલી હતી, તથા પવિત્ર ધાર્મિક ક્રિયાનું, ઉત્સવોનું તથા પ્રભુની ભક્તિનું તે એક અગત્યનું અંગ હતું. કેટલાક દેશોમાં એ કલા ઉચ્ચ પ્રકારની સૌંદર્યની કક્ષાને, તથા અસાધારણ પૂર્ણતાને પ્રાપ્ત થઈ હતી. જાપાનમાં ધાર્મિક જીવનના એક ભાગ તરીકે નૃત્યની પરંપરા ચાલુ છે; અને જાપાનની પ્રજામાં સૌંદર્યની અને કલાની અશિથિલ સમજૂતી અને કદર તેના સ્વાભાવિક મજ્જાગત ગુણો છે એટલે તેમણે એ કલાને હલકા ઉદ્દેશ પ્રત્યે, કે ઓછી સાર્થકતા પ્રત્યે અધોગતિ કરતાં અટકાવી છે. હિંદમાં પણ ધાર્મિક નૃત્યકળા જાણીતી હતી અને ખૂબ ખેડાયલી હતી.

આધુનિક જમાનામાં ગ્રીક અને બીજી પ્રાચીન નૃત્યકળાઓનું પુનરૂજ્જીવન કરવાના પ્રયત્નો થયા છે પરંતુ કોઇ પણ પ્રકારનો ધાર્મિક ભાવ કે હેતુ તેના પુનરૂજ્જીવનમાં ખામી રૂપ ગણાય છે,

● ———

વચ્ચેના પ્રેમની કથા આલેખી નથી પરંતુ વિશાટનાં તત્ત્વોની અભિવ્યક્તિ કરી તેણે અમર પ્રેમનું સંગીત ગાયુ છે. આ વિષયને વાગ્નરે ત્રિઅંકી સંગીત-નાટકના રૂપમાં ઇ. ૧૮૫૭માં રજૂ કર્યો. ઇ. સ. ૧૮૬૫માં એની સંગીત લિપિ છેવટની તૈયાર કરી.

વેનિસ, વીએના, મ્યુનિક વગેરે યૂરોપનાં શહેરોમાં તે રજૂ કરવામાં આવ્યો હતો.

અને નૃત્યકળા છંદોબદ્ધ કસરત–વ્યાયામ–જેવી વધારે લાગે છે, નૃત્ય જેવી નહિ.

આજે રશિયન નૃત્ય પ્રસિદ્ધ છે; પરંતુ તે પ્રાણમય જગતને પ્રકટ કરે છે, અને તે પણ તેની ખૂબ ભયપ્રદ બાજુઓને. પ્રાણમય જગતમાંથી જે કાંઇ આવે છે તે બધી વસ્તુઓ પેઠે એ નૃત્યો પણ ઘણાં જ આકર્ષક, કે ઘણાં ઘૃણાજનક હોઇ શકે, પરંતુ એ કલા તેને પોતાને જ ખાતર હોય છે, નહિ કે કોઈ ઉચ્ચ ભૂમિકાના જીવનનો આવિર્ભાવ કરવા ખાતર. રશિયાનો રહસ્યવાદ યાને અગમ્યવાદ, સુદ્ધાં પ્રાણના પ્રકારનો હોય છે. કલાની પરિભાષાના, એટલે કલાના આંગિક અંશોના, જ્ઞાતા તરીકે રશિયન લોકો અદ્‌ભૂત હોય છે; પરંતુ પરિભાષા તો ફક્ત હથિયાર છે. જો તમારૂં કરણ–હથિયાર–સારૂં હોય તો એટલું વધારે સારૂં; પરંતુ જ્યાં સુધી તે પ્રભુને સમર્પણ થયું નથી ત્યાં સુધી ગમે તેવું સૂક્ષ્મ અને સુંદર હોય તો પણ તે ઉચ્ચતમ તત્ત્વથી વંચિત રહે છે અને પ્રભુના હેતુ સાધવામાં તે ઉપયોગી થઇ શકતું નથી. મુસ્કેલી એ હોય છે કે કલાકાર થાય છે તેમાંના ઘણાખરા એમ માને છે કે અમે અમારી પાંખોને જોરે ઊડીએ છીએ. અને ભગવદ્‌અભિમુખ થવાની અમારે જરૂર નથી. એ હકીકત ઘણી શોકજનક છે કારણકે ભગવાનના આવિર્ભાવમાં કૌશલ એ બીજી વસ્તુઓના જેટલું જ અગત્યનું તત્ત્વ છે. કૌશલ એ દિવ્ય આવિર્ભાવનો એક અંશ છે. ફક્ત, તેનાથી વધારે મહાન વસ્તુ આગળ ગૌણ થઈ રહેતાં તેને આવડવું જોઇએ.

માનસિક ચેતનાની ભૂમિકાથી ઘણે ઊંચે ચેતનાનો એક એવો પ્રદેશ છે જેને આપણે “સંવાદનું જગત” કહી શકીએ, અને

જો તમે ત્યાં પહોંચી શકો તો આ પૃથ્વી ઉપર કોઈ પણ રૂપમાં પ્રકટ થયેલ સંવાદનું મૂળ તમે પ્રાપ્ત કરી શકશો. ઉદાહરણ તરીકે, જેમાં થોડા તાર-સ્વરોનો પ્રયોગ થાય છે એવી સંગીતની એક વિશિષ્ટ ગતિ છે તે એક પછી એક આવેલા બે કલાકારોના સર્જનની પાછળ હતી: **બાક**ના[૮] કોન્સર્ટોની તે પ્રેરિકા હતી અને **બીથો**-વનના[૯] કોન્સર્ટોની પણ. એ બંને સંગીત-કૃતિઓની સ્વરલિપિ એક નથી અને સ્થૂળ કર્ણેન્દ્રિયને એ બંને ભિન્ન પણ લાગે છે, પરંતુ મૌલિક રીતે જોવા જાઓ તો એ બંને એક જ છે. ચેતનાના એક જ આંદોલને, એક જ સંવાદના અર્થવાહી મોજાએ આ બંને કલાકારોને સ્પર્શ કર્યો હતો. **બીથો**વને એ સંવાદનો ઘણો મોટો ભાગ ઝીલ્યો. પરંતુ એના મનની વસ્તુઓ તથા માનસિક શોધ-ખોળો એના સંગીતમાં ઘણી ભળી ગયેલી છે. **બાકે** ઝીલ્યું ઓછું, પરંતુ તેણે જેટલું ઝીલ્યું તેટલું વધારે શુદ્ધ રાખ્યું છે. એમના એ સંગીતમાં ચેતના અચેતનાના બંધનોમાં થઈને બહાર પડતી હોય,– અચેતનામાંથી પોતાની જાતને બળપૂર્વક છૂટી કરીને ઊર્ધ્વ ગતિ સાધતી ચેતના જન્મ લેતી હોય, તેના વિજયનાં આંદોલન પ્રકટ થાય છે. એ આંદોલનની જન્મભૂમિ ઉપર જણાવી તે સંવાદની ભુમિકા હતી.

---

૮ બાક-જોન સીબાસ્ચન: ઈ. ૧૬૮૫ – ૧૭૫૦. પ્રખ્યાત સંગીતકાર કુટુંબનો પ્રથમ જાણીતો થયેલો પુરુષ. બસો વર્ષો સુધી યૂરોપિય સંગીતના વિકાસમાં બાકના કુટુંબે – પુત્રો અને પ્રપૌત્રોએ – સંગીન ફાળો આપ્યો છે.

૯ બીથોવન:— જુઓ ફૂટનોટ ૪.

યોગસાધનાવડે, સર્વ કલાના એ આદિમૂલને તમે પહોંચી શકો છો; તો પછી, ધારો તો, તમે સર્વ કલાના ઉસ્તાદ થઇ શકો. અત્યાર પૂર્વે જેઓ એ ભૂમિકાને પ્રાપ્ત થયા છે તેમને ત્યાં જે સૌંદર્ય અને આનંદભર્યાં છે તેનો આસ્વાદ લેવાનું, તથા ત્યાં જ રહેવાનું વધારે સુખદાઈ, વધારે પ્રિય, યા તો, આનંદભરી આરામની સ્થિતિવાળું લાગ્યું એટલે તેમણે એ તત્ત્વોને પાર્થિવ જગતમાં પ્રકટ કરવાની દરકાર કરી નથી. આ જગતમાં તેમને મૂર્તસ્વરૂપે પ્રકટાવ્યાં નથી. પરંતુ એ પ્રમાણે જીવનમાં એમને પ્રકટ ન કરવાં એ કાંઈ યોગનું સમગ્ર સત્ય નથી અને આખરી સત્ય પણ નથી. સંન્યાસના અભાવાત્મક તત્ત્વને હાથે ઉલટો યોગની સક્રિય મુક્તિનો એ તો હ્રાસ છે. પ્રભુની તપઃશક્તિ આવિર્ભાવ પામવા માટે છે, અક્રિય થઇને અંતર સ્વરૂપમાં અને નિરપેક્ષ નીરવતામાં રહેવું એવી ભગવાનની તપઃશક્તિ નથી. જો પ્રભુની ચેતના એટલે પ્રકટ ન થનાર આનંદની અક્રિયતા જ હોત તો જગત હોત જ નહિ.

*

વાર્તાલાપ પંદરમો

સમર્પણ અને આત્મબલિદાન એ બન્ને એક નથી?

આપણી યોગસાધનામાં આત્મબલિદાનને માટે સ્થાન જ નથી. પરંતુ શબ્દોનો તમે શો અર્થ કરો છો તેના પર બધો આધાર રહે છે. બલિદાનનો અસલ શુદ્ધ અર્થ તો પવિત્ર કરવું,– પ્રભુને અર્પણ કરીને પવિત્ર કરવું એવો થાય છે. પરંતુ હાલમાં બલિદાન શબ્દનો અર્થ પ્રચલિત છે તે પ્રમાણે તો બલિદાન અને વિનાશ બન્ને સમાનાર્થ છે. એ શબ્દની આજુબાજુ અભાવાત્મક, નકારનું વાતાવરણ જામેલું લાગે છે. એવું બલિદાન અહિતાર્થતા યાને ચરમ સાર્થકતા નથી; એ તો આત્મહાનિ યાને આત્મવિનાશ છે. તમે તમારી સઘળી શક્યતાઓનું બલિદાન આપો છો — તમારા વ્યક્તિત્વની – છેક ભૌતિક તત્ત્વથી માંડીને ઉચ્ચમાં ઉચ્ચ આધ્યાત્મિક ચેતનાના શિખર સુધીની – સઘળી શક્યતાઓનું અને સાક્ષાત્કારનું બલિદાન તમો આપો છો. એવા બલિદાનથી તમારા પોતાના સ્વરૂપમાં – પોતાનાં સત્ત્વમાં ઘટાડો થાય છે. જો તમે તમારા જીવનનું અને શરીરનું પણ બલિદાન આપો, તો આ અન્નમય પાર્થિવ ભૂમિકા ઉપર તમારા વિકાસની જે શક્યતાઓ છે તેનો તમે ત્યાગ કરો છો,– એટલે કે આ પૃથ્વી ઉપર વિકાસની જે શક્યતાઓ તમારે માટે છે તેનો અંત આવે છે. એ જ પ્રમાણે નીતિની દૃષ્ટિએ તમે તમારા જીવનનું બલિદાન દઈ શકો છો,– અને પરિણામે, તમારા આંતરજીવનની સ્વતંત્ર સાર્થકતાનો અને વિશાળતાનો ભોગ આપો છો. આત્મબલિદાનના આ ખ્યાલમાં હમેશાં બળપૂર્વક અર્પણ કરવાની, બહારથી પોતાના ઉપર અધ્યારોપિત એવી આત્મત્યાગની

વૃત્તિનો આભાસ હોય છે. આત્માની કોઈ અને વિશાળ સ્વાભાવિક શકયતાઓ માટે એ આદર્શમાં સ્થાન નથી હોતું.

સમર્પણનો અર્થ બલિદાન થતો નથી; પરંતુ સ્વાભાવિક સમર્પણ, આપણી સમગ્ર જાતને પ્રભુને અર્પણ કરી દેવી તે, આપણાથી મહત્તર એવી પ્રભુની ચેતના જેના આપણે અંશ છીએ તેને આપણી જાત અર્પણ કરવી એનું નામ સમર્પણ છે. સમર્પણ કરવાથી તમારૂં સ્વત્વ ઘટશે નહિ પરંતુ ઊલટું વધશે. સમર્પણથી તમારૂં વ્યક્તિત્વ ઓછું નહિ થાય, યા તો નિર્બળ નહિ અને યા તો વિનાશ નહિ પામે. ઊલટું તમારૂં વ્યક્તિત્વ સુરક્ષિત અને દૃઢ બનશે, તેનો વિકાસ થશે.— તે વૃદ્ધિ પામશે. આત્મસમર્પણ એટલે છૂટથી સર્વસ્વ આપી દેવું, અને અર્પણ કરવાના સમસ્ત આનંદ સાથે આપી દેવું; એમાં ત્યાગ કર્યાનો કે બલિદાન આપ્યાનો ખ્યાલ હોતો નથી. જો તમને બલિદાન આપ્યાનો જરા સરખો પણ ખ્યાલ આવે તો તે આત્મસમર્પણ નથી. કારણકે એનો અર્થ એ થયો કે તમે તમારી જાતને સાચવી રાખો છો, અને જાતને પરાણે, યા તો દુઃખ અને પ્રયત્ન સહિત તમે અર્પણ કરો છો, જાતનું દાન કરવાનો આનંદ તમે નથી માણતા. કદાચ તમે જાતને અર્પણ કરો છો, દાન કરી દો છો એવી લાગણી પણ તમને નહિ હોય. જ્યારે કોઇ પણ કાર્ય કરતાં તમે જાતને દબાવવાની, જાતનો નિગ્રહ કરવાની વૃત્તિ અનુભવો ત્યારે ખાત્રીથી જાણવું કે તમે તે કાર્ય ખોટે રસ્તે કરી રહ્યા છો.

સાચા સમર્પણથી તમારો વિકાસ થાય છે. તમે પુષ્ટિ પ્રાપ્ત કરો છો; તેનાથી તમારી શક્તિ વધે છે; ગુણ તથા માત્રા બન્નેમાં તમે તમારી જાતે કદી પણ મેળવી શકત નહિ એવી પ્રાપ્તિ સમ-

ર્પણ કરાવી શકે છે. સમર્પણને પરિણામે જે ગુણની તથા માત્રાની ગુરુતા તમને મળે છે તે પૂર્વે તમે મેળવી શકત તેના કરતાં ઘણી જ જુદા પ્રકારની હોય છે; તમે જુદી જ દુનિયામાં — જુદા જ વિસ્તારમાં પ્રવેશ કરો છો જેમાં સમર્પણ કર્યા વિના તમે કદી પણ પ્રવેશ કરી શકત નહિ. પાણીનું એક ટીપું મહાસાગરમાં પડે એના જેવી એ સ્થિતિ છે; જો તે ટીપું પોતાનું જુદું વ્યક્તિત્વ જાળવી રાખે તો તે કેવળ એક ટીપું,– આજુબાજુની અનંતતા, અપરિમેયતા વચ્ચે ચગદાઇ જતું ટીપું, જ રહેશે. કારણકે તેણે સમર્પણ કર્યું નથી. પરંતુ સમર્પણ કરે એટલે એ જ ટીપું મહાસાગર જોડે એક થઇ જાય છે; અને સમગ્ર મહાસાગરની પ્રકૃતિનું, તેની શક્તિનું અને અનંતતાનું તે ભાગીદાર બને છે. સાચું સમર્પણ એવું હોય છે.

સમર્પણની ક્રિયામાં સંદિગ્ધતા કે અસ્પષ્ટતા બિલકુલ નથી હોતી, એ સુસ્પષ્ટ, સમર્થ અને નિશ્ચયાત્મક હોય છે. ક્ષુદ્ર માનવમન વિરાટ મનની સાથે ઊભું રહીને પોતાના છૂટાપણાને વળગી રહે તો તે પોતે જેવું છે તેવું જ રહેશે, એટલે કે, તે એક મર્યાદિત, નિર્જીવ વસ્તુ રહેશે અને ઉચ્ચતર વાસ્તવિકતાને જાણવાને યા તો તેની સાથે સંબંધમાં આવવાને પણ અસમર્થ નીવડશે. બન્ને – અલ્પ અને ભૂમા – એક બીજાથી છૂટાં રહેશે અને પોતપોતાના ગુણમાં અને માત્રામાં તેઓ એકબીજાથી તદ્દન ભિન્ન હશે. પરંતુ અલ્પ માનવમન જો આત્મસર્મપણ કરે તો તે દિવ્ય વિરાટ મન જોડે તદ્રુપ થઈ જશે; તે વિરાટની સાથે ગુણમાં તેમ જ માત્રામાં એક થઇ જશે; અને તેની મર્યાદાઓ, અને વિકૃતિઓ સિવાય કશું પણ ગુમાવશે નહિ એટલું જ નહિ પરંતુ તેના બદલામાં વિશાળતા

-અપરિમેયતા અને જ્યોતિર્મય વિશદતા પ્રાપ્ત કરશે. અલ્પ માનવમનની પ્રકૃતિનું રૂપાંતર થઇ જશે; જે મહત્તર વાસ્તવિકતાને તે સમર્પણ કરશે તેની પ્રકૃતિ તે ધારણ કરશે. પરંતુ, એથી ઉલટ-પક્ષે, એ અલ્પ માનવમન વિરોધ કરશે, યુદ્ધ કરશે, જો વિરાટ મનની સામે તે બળવો કરશે, તો એ બે વચ્ચે ઝગડો જામ્યા વિના નહિ રહે અને એમાં તો જે અલ્પ અને નિર્બળ હશે તે અમેય, યાને ભૂમાની શક્તિમાં ખેંચાઇ જ જશે. જો તે સમર્પણ ન કરે તો સંપૂર્ણપણે ચૂસાઇ જવું, યા તો સંપૂર્ણ વિનાશ પામવો એ બે જ ભાવિ તેને માટે શક્ય છે.

દિવ્ય વિરાટ મનની જોડે સંબંધમાં આવનાર અને તેને સમર્પણ કરનાર માનવને જણાશે કે તેના મનની આજુબાજુના તિમિરનાં આવરણો સરી જઇને તે વિશુદ્ધ થાય છે તથા વિરાટ મનનાં જ્ઞાન અને શક્તિમાં તે ભાગીદાર બને છે. જો વિરાટ મનથી તે માનવ છૂટો રહે તો તે જેવો છે તેવો જ, અમાપ વિસ્તારમાં એક ઝીણા બિંદુ જેવો જ, રહેશે. જો વિરાટ મનની સામે તે બળવો કરશે તો તેના મનનો વિનાશ થશે; તેની શક્તિઓ ઓછી થશે અને અંતે વિલય પામશે.

આ બાબત માનવના મનની બાબતમાં જેમ સાચી છે તેમ તેની પ્રકૃતિના બીજા ભાગો માટે પણ તે સાચી છે. તમારા કરતાં અનેક ગુણ સમર્થ વ્યક્તિ સાથે લડવાની ઇચ્છા કરો તેના જેવો વિરાટની સામે અલ્પનો પ્રયત્ન હોય છે — માથું ભાગે એટલો જ તમને લાભ થવાનો. પોતાના કરતાં લાખો કરોડો ગણી વધારે બળવાન સત્તા સાથે લડવાનો વિચાર પણ શી રીતે કરી શકાય! પ્રત્યેક બળવો કરવાને પ્રસંગે તમને બદલામાં ફટકો પડે જ, અને

પ્રત્યેક ફટકે તમારી શક્તિ ઓછી થાય છે. પોતાના કરતાં અતિશય બળવાન હરીફ સાથે મૂક્કાબાજીમાં ઊતરે તેને ફટકા ઉપર ફટકા પડે છે અને દરેક ફટકે તેનું બળ ઓછું થઈને આખરે તે લડાઈના ચોકઠાની બહાર ફેંકાઈ જાય છે, તેના જેવી સ્થિતિ વિરાટની સામે થનાર વ્યક્તિની થાય છે. એ પરિણામ લાવવા માટે તપઃશક્તિનો પ્રયોગ કરવાની જરૂર જ નથી પડતી,– એ પરિણામ તો આપોઆપ જ આવે છે. અનંત અપરિમેયની સામે બળવો કરીને તેની જોડે અફળાઓ તેનું બીજું પરિણામ હોય જ નહિ.

જ્યાં સુધી તમે તમારા પોતાના ખૂણામાં રહો અને સામાન્ય જીવન ગાળો ત્યાં સુધી તમને કશી હાનિ નહિ થાય; પરંતુ પ્રભુ સાથે એક વાર સંપર્કમાં આવો, ત્યાર પછી તમારે માટે ફક્ત બે જ રસ્તાઓ રહે છે. કાં તો તમે તેને સમર્પણ કરો એટલે તમે તેની જોડે અદ્વૈત પામો, અને તમારા સમર્પણને પરિણામે તમે પરિપુષ્ટ થાઓ, અને કીર્તિમંત બનો; યા તો તમે તેની સામે થાઓ એટલે તમારી સઘળી શકયતાઓનો અંત આવે, તમારી શક્તિઓ ઓસરી જાય અને તમે જેનો વિરોધ કરતા હો તેનામાં એ બધી શક્તિઓ ખેંચાઈ જાય.

સમર્પણને વિષે ઘણા ખોટા વિચારો પ્રચલિત છે. ઘણા લોકો સમર્પણ એટલે વ્યક્તિત્વનો સ્વેચ્છાપૂર્વક ઈન્કાર એમ સમજે છે; પરંતુ એ એક દુઃખદાયક ભૂલ છે. કારણકે પ્રભુની દિવ્ય ચેતનાના એક વિશિષ્ટ ગુણનો આવિર્ભાવ કરવો એ વ્યક્તિત્વનો હેતુ છે, અને દિવ્ય ચેતનાના વિશિષ્ટ ગુણની અભિવ્યક્તિ જ માનવનું વ્યક્તિત્વ સર્જે છે; આમ હોય તો, પ્રભુ પ્રત્યે સાચું વલણ લેવાથી, માનવની વ્યક્તિતા નિમ્નપ્રકૃતિની વિકૃતિ અને હાનિ કરનાર અસરોથી

સદંતર મુક્ત થશે અને તે વધારે સમર્થપણે વ્યક્તિત્વ ધારણ કરશે, વધારે સ્વ-રૂપ બનશે, વધારે સંપૂર્ણ થશે. નિમ્નપ્રકૃતિની તમોગ્રસ્તતા અને અજ્ઞાન સાથે, તથા તેની સઘળી અશુદ્ધિઓ અને મિશ્રણો સાથે સેળભેળ થઇ જવાને પરિણામે માનવના વ્યક્તિત્વનું સત્ય અને તેની શક્તિ પ્રકટ થાય તેના કરતાં સમર્પણ કરવાને પરિણામે તે વધારે આલોકિત વિશિષ્ટતા સહિત પ્રકટ થાય છે અને તેનું ચારિત્ર વધારે સ્પષ્ટતાથી અંકિત થાય છે. સમર્પણને પરિણામે માનવનું વ્યક્તિત્વ વૃદ્ધિ પામીને અનેરી ઊંચાઇને પહોંચે છે, કીર્તિમંત બને છે, તેની શક્તિમાં વધારો થાય છે, તેની શક્યતાઓની પરાકાષ્ટાને તે પ્રાપ્ત કરે છે. પરંતુ એ વિશુદ્ધિકર પાવનકારી રૂપાંતર થવા માટે પ્રથમ તો સાચી પ્રકૃતિને વિકૃત કરીને, મર્યાદિત કરીને, તથા અજ્ઞાનથી આચ્છાદિત કરીને, માનવના સાચા વ્યક્તિત્વને બંધનમાં નાંખી, અધોગામી અને વિરૂપ બનાવે છે, એ સઘળી વસ્તુઓનો તેણે ત્યાગ કરી દેવો જોઇએ. અને સૌથી પ્રથમ તો તેણે પોતાની ઇચ્છાઓનો ત્યાગ કરવો જોઇએ; કારણકે ઇચ્છા એ નિમ્નપ્રકૃતિની સૌથી વધારે અજ્ઞાન, અને અજ્ઞાન પ્રચારક શક્તિ છે. ઇચ્છાઓ નિર્બળતા અને અજ્ઞાનની ક્રિયા છે અને તેઓ તમને તમારી અશક્તિ તથા તમારા અજ્ઞાન સાથે બાંધી રાખે છે. માણસો એમ માને છે કે ઇચ્છાઓ તેમની અંદર જન્મે છે; તેઓને લાગે છે કે ઇચ્છાઓ તેમની અંદરથી બહાર આવે છે યા તો, તેમની અંદરથી ઊંચે ચઢે છે; પરંતુ એ વિચાર ખોટો છે. અંધકારથી આચ્છાદિત નિમ્નપ્રકૃતિના વિશાળ સાગરમાં જે મોજાંઓ થાય છે તે ઇચ્છાઓ છે અને તેઓ એક વ્યક્તિમાંથી બીજીમાં આવજા કરે છે. માનવો પોતાની અંદર ઇચ્છાઓ ઉત્પન્ન નથી કરતા પરંતુ એ મોજાંઓ તેમના ઉપર હુમલો કરી તેમનામાં

પ્રવેશે છે; જે કોઈ વ્યક્તિ તેમના પ્રત્યે ખુલ્લી હોય, બચાવ વગરની હોય, તે એ મોજાંઓમાં સપડાય છે અને આમથી તેમ અફળાય છે. માનવને પૂરેપૂરો પોતાને વશ કરી લઇને ઇચ્છા તેને વિવેકહીન,– વિવેકશક્તિનો ઉપયોગ પણ કરવાને અશક્ત, બનાવી દે છે અને તેને એવો ખ્યાલ આપે છે કે ઇચ્છાઓને વ્યક્ત કરવી એ તેની પોતાની પ્રકૃતિનો એક ધર્મ છે. ખરું જોતાં, માનવની વાસ્તવિક પ્રકૃતિ જોડે ઇચ્છાને કશી લેવા દેવા નથી.

નિમ્નપ્રકૃતિની બીજી વાસનાઓનું એટલે કે ઇર્ષા, દ્વેષ, તિરસ્કાર, ક્રૂરતા વગેરેનું, પણ એ જ પ્રમાણે સમજવું. એ વાસનાઓ પણ તમને પકડી પાડનાર નિમ્નપ્રકૃતિની ગતિઓ હોય છે, એ પણ બહારથી આવી તમારા ઉપર હુમલો કરનાર મોજાંઓ છે; તમારી અસલ પ્રકૃતિનાં કે તમારા સાચા શીલનાં તે અંગો નથી, ઊલટાં તેને વિકૃત કરનાર વિદેશી તત્ત્વો છે; તમારી જાતનો અવિભાજ્ય કે અસલી અંશ તેઓ નથી જ, પરંતુ નિમ્નપ્રકૃતિની શક્તિઓ જેમાં ગતિ કરી રહી છે એવા આજુબાજુના તિમિરમય સમુદ્રમાંથી તેઓ તમારામાં આવે છે. આ કામનાઓમાં, આ આવેગોમાં કોઇ પ્રકારનું વ્યક્તિત્વ હોતું નથી, તમારૂં પોતાનું,– વિશિષ્ટ કહી શકાય એવું કાંઇ પણ એમનામાં કે એમની ક્રિયામાં નથી હોતું; પ્રત્યેક માનવમાં એ વસ્તુઓ એકસરખી રીતે પ્રકટ થાય છે.

વળી મનની અજ્ઞાની ક્રિયાઓ, જેવી કે શંકાઓ, સ્ખલનો, વ્યક્તિત્વને આચ્છાદન કરી લેનારી તથા તેના વિકાસને અને તેની સાર્થકતાને રોકનારી મુશ્કેલીઓ પણ એ જ મૂળમાંથી આવે છે. એ બધાં ક્ષણિક મોજાંઓ જેવાં હોય છે અને જે કોઇ માણસ એના હુમલામાં સપડાવાને, તથા તેના અંધ કરણ તરીકે ઉપયુક્ત

થવાને તૈયાર હોય છે તેને તે પકડે છે. અને છતાં, નવાઈ એ છે કે દરેક માણસ એમ માનતો હોય છે કે આ બધી પ્રકૃતિની ક્રિયાઓ તેના પોતાના વ્યક્તિત્વનો ભાગ છે અને પોતાની સ્વતંત્ર વ્યક્તિતાની અમૂલ્ય પેદાશ છે. એવા પણ લોકો મળે છે જેઓ એ વસ્તુઓને અને પોતાની નિર્બળતાઓને પોતાની કહેવાતી સ્વતંત્રતાના ચિહ્ન, યા તો અસલ તત્ત્વરૂપ ગણીને તેમને વળગી રહે છે.

આ વસ્તુ જો તમે બરાબર સમજ્યા હશો તો આધ્યાત્મિકતા અને નીતિ વચ્ચે જે ભેદ,– જે મહાન ભેદ,– છે તે તમે સમજી શકશો. એ બેને ઘણી વખત એક બીજા જોડે સેળભેળ કરી નાંખવામાં આવે છે. આધ્યાત્મિક જીવનનો, એટલે કે યૌગિક જીવનનો, હેતુ દિવ્ય ચેતનામાં વિકાસ સાધવાનો છે, અને તેને પરિણામે તમારામાં જે કાંઇ હોય તે વિશુદ્ધ થાય છે, વધારે બળવાન, મહિમામય, અને પરિપૂર્ણ બને છે. આધ્યાત્મિક જીવનથી તમે પ્રભુનો આવિર્ભાવ કરવાને માટે યોગ્ય એવી શક્તિરૂપ બની શકશો. પ્રત્યેક વ્યક્તિતાના ચારિત્રને ઊર્ધ્વગામી કરીને તેની સંપૂર્ણ સાર્થકતાને તે પ્રાપ્ત કરાવે છે, તથા તેનો અધિકતમ આવિર્ભાવ કરે છે; કારણકે પ્રભુની દિવ્ય યોજનાનો એ એક ભાગ છે.

જ્યારે નીતિ મનના ઘડતરોથી આરંભ કરે છે, અને સારૂં શું અને નઠારૂં શું એ વિષે થોડા વિચારો નક્કી કરી, સર્વે માનવોને એક જ આદર્શના બીબામાં ફરજિયાત ઢાળવાનો પ્રયત્ન કરે છે. આ નીતિનો આદર્શ તેનાં તત્ત્વો તથા તેનું સમગ્ર સ્વરૂપ જુદા જુદા સ્થળ-કાળમાં બદલાતાં રહે છે. અને છતાં તે પોતે અદ્વિતીય, નિશ્ચયાત્મક નિરપેક્ષ હોવાનો દાવો કરે છે; પોતાની બહાર કોઇ ચીજનો તે સ્વીકાર કરતો નથી: પોતાનામાં કોઇ પણ જાતના

ફેરફારને સ્થાન જ નથી એમ તે પોકારે છે. તેના એક માત્ર આદ઼
અનુસાર સર્વ માનવોને ઢાળવાના હોય છે. દરેક માનવને સમ
અને જરા પણ ભૂલ વગર બીજાના જેવો જ, હૂબહૂ, બનાવવા
હોય છે. આ પ્રમાણે નીતિ અતિ અક્કડ અને અવાસ્તવિક હ
છે તેથી કરીને તેના સિદ્ધાંત અને તેની ક્રિયા આધ્યાત્મિક જીવન
વિરુદ્ધ હોય છે.

આધ્યાત્મિક જીવનમાં સર્વમાં વ્યાપી રહેલ એક તત્ત્વનાં દર્શ
થાય છે એ સાચું છે, પરંતુ સાથે સાથે અનંત વિવિધતા
નાનાત્વ – પણ તે પ્રકટ કરે છે; એકતામાં સ્થિત થઇને વિવિધ
માટે કાર્ય કરે છે, એ વિવિધતામાં પૂર્ણતા પ્રકટાવવા પ્રયત્ન
છે. જીવનના વૈવિધ્ય અને આત્માની મુક્તિ એ બન્નેથી વિર
એવું કૃત્રિમ ધોરણ નીતિ ઊભું કરે છે. મનોમય ધોરણ – તે પ
મર્યાદિત અને નિશ્ચલ ધોરણ – ઉત્પન્ન કરીને નીતિ સઘળા માન
પાસે તેનો સ્વીકાર કરવાની માગણી કરે છે. નીતિના આદ
પ્રમાણે તો સર્વ માનવોએ એક જ પ્રકારના ગુણો, એક જ જાત
આદર્શ પ્રકૃતિ પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરવો જોઇએ. નીતિ દ
નથી, યા તો પ્રભુ તરફથી આવતી નથી; તે માનવકૃત અને મા
છે. "સારૂં" અને "ખરાબ" એવો નિશ્ચલ ભેદ નીતિના આધ
તરીકે સ્વીકારવામાં આવે છે; પરંતુ એ ભેદ સ્વચ્છંદી છે – આ
ખુદ છે. નીતિ સાપેક્ષ વસ્તુઓને લઇને તેમને નિરપેક્ષ તરીકે ગણ
વવાનો આગ્રહ કરે છે; પરંતુ એણે માની લીધેલું સારૂં ર
નઠારૂં જુદા જુદા દેશકાળમાં જુદું જુદું હોય છે.

નીતિના ખ્યાલ પ્રમાણે તો સારી ઇચ્છાઓ અને ખર
ઇચ્છાઓ પણ હોય છે, અને સારીનો સ્વીકાર અને ખરાબ

ઇન્કાર કરવાને તે તમને આજ્ઞા કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવન તો ઇચ્છાઓનો સદંતર ઇન્કાર કરવાની તમારી પાસે માગણી કરે છે. એનો નિયમ એ હોય છે કે પ્રભુથી તમને દૂર ખેંચી જનારી સર્વ ક્રિયાઓ અને ગતિઓનો તમારે સદંતર ત્યાગ કરવો જોઇએ. આ દૃષ્ટિબિંદુ પ્રમાણે ઇચ્છાઓ પોતે ખરાબ છે તેથી તમારે તેનો ત્યાગ કરવાનો નથી, કારણકે બીજા માણસ માટે, યા તો બીજા ક્ષેત્રમાં તેઓ સારી, હિતકારી, પણ હોઇ શકે– પરંતુ ઇચ્છાઓ અંધકારની, અજ્ઞાનથી છવાયેલી, શક્તિઓ તરફથી આવતી હોઈ પ્રભુની સમીપ જવાના તમારા માર્ગમાં બાધારૂપ નીવડે છે. સઘળી ઇચ્છાઓ, સારી કે ખરાબ સર્વે,–એ વ્યાખ્યામાં આવી જાય છે: કારણકે અપ્રકાશિત અને અજ્ઞાન પ્રાણમય–સત્‌માંથી જ ઇચ્છાઓ ઉદ્‌ભવે છે. ઊલટ પક્ષે, જે ક્રિયાઓ પ્રભુ સાથે તમારો સંબંધ કરાવે તે સર્વેનો તમારે સ્વીકાર કરવો જોઇએ. પરંતુ તે પોતે સારી છે તેથી નહિ, પરંતુ તે તમને પ્રભુ પાસે લઈ જાય છે તેથી તમો તેનો સ્વીકાર કરો છો.

એટલે પ્રભુ પાસે તમને લઇ જાય એવી સઘળી વસ્તુનો સ્વીકાર કરો, તેનાથી તમને દૂર લઈ જાય તે સૌનો ઇન્કાર કરો, પરંતુ આ સારૂં છે ને આ ખરાબ છે એમ કહો નહિ, યા તો તમારૂં દૃષ્ટિબિંદુ બીજાઓના ઉપર ઠસાવવાનો પ્રયત્ન કરો નહિ. કારણકે તમે જેને “ખરાબ” કહેતા હો તે જ વસ્તુ દિવ્ય જીવન પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરનાર તમારા પાડોશીને માટે “સારી” હોઇ શકે.

આધ્યાત્મિક અને નીતિના દૃષ્ટિબિંદુ વચ્ચેના ભેદનું એક ઉદાહરણ આપણે લઇએ. સામાજિક જીવનમાં પ્રચલિત સામાન્ય વિચાર પ્રમાણે માનવોના બે વર્ગ પાડવામાં આવે છે,– એક ઉદાર

અને બીજો લોભી. લોભી માણસને ધિક્કારવામાં આવે છે, તેને દોષ દેવામાં આવે છે; જ્યારે ઉદાર માણસ નિઃસ્વાર્થી તથા સમાજને ઉપયોગી ગણાય છે, તથા તેના સદ્ગુણ માટે વખાણવામાં આવે છે. પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ, એ બન્ને સમાન કક્ષા ઉપર આવી રહેલા જણાય છે; એકની ઉદારતા અને બીજાની લોભવૃત્તિ એ બન્ને કોઇ ઉચ્ચતર સત્યની, કોઈ મહત્તર દિવ્ય શક્તિની વિકૃતિઓ છે. એક એવી શક્તિ છે, એક દિવ્ય ગતિ હોય છે, જે સઘળે વ્યાપે છે, પ્રસરે છે. તથા શક્તિઓ, વસ્તુઓ અને ચેતનાની સર્વ ભૂમિકાઓ ઉપર પોતાની પાસે જે કંઇ હોય તે સઘળું — જડ-માંથી જડ ભૂમિકાથી આરંભીને છેક ઉચ્ચતમ આધ્યાત્મિક ભૂમિકા સુધી — છૂટથી ફેંકે છે. ઉદાર માણસ અને એનામાં રહેલી ઉદા-રતા એ બન્નેની પાછળ એ દિવ્ય ગતિને પ્રકટ કરનાર વિશિષ્ટ પ્રકારનો આત્મા હોય છે; પ્રસાર કરવા માટેની, વિશાળ વહેંચણી કરવા માટેની શક્તિનું તે મૂર્ત સ્વરૂપ છે. બીજી પણ એક શક્તિ છે, તે પણ દિવ્ય ગતિ છે જે ભેગું કરે છે, સંચય કરે છે; તે શક્તિ વસ્તુઓ અને સઘળી શક્ય સંપત્તિ – પછી તે નીચેની ભૂમિકાની હોય કે ઊર્ધ્વની હોય–ભેગી કરે છે, સંચિત કરે છે. તમે જે માણસને લોભી કહીને નિંદો છો તે માણસ આ બીજી દિવ્ય ક્રિયાનું કરણ થવો જોઇતો હતો. બન્ને જરૂરના છે,– સમગ્ર યોજનામાં બન્નેની જરૂર છે, સંચય કરનારી ક્રિયા પ્રસરનારી અને ફેલાવનારી ક્રિયાના કરતાં ઓછી જરૂરની નથી. અને સાચી રીતે પ્રભુને સમર્પણ કરવામાં આવે, તો બન્નેનો સરખા પ્રમાણમાં અને તુલ્યમૂલ્ય કરણો તરીકે તેના દિવ્ય કાર્યમાં ઉપયોગ કરવામાં આવશે. પરંતુ જ્યારે તેઓ પ્રભુને સમર્પિત નથી હોતી ત્યારે એ બન્ને ગતિઓ અજ્ઞાનના આવેગોથી સંચાલિત થાય છે. એકને બધું ચારે

તરફ ફેંકવાની, ત્યારે બીજીને બધું જ પકડી રાખવાની ફરજ પડે છે; પરંતુ બન્નેની ચેતના કોઈ અજ્ઞાનથી ઢંકાયલી શક્તિઓથી પ્રેરાતી હોય છે, અને એ બેમાં પસંદગીને માટે વધારે લાયક હોય એવી એકેય નથી. યોગના ઊંચા દષ્ટિબિંદુથી બહુ પ્રશંસા પામેલા ઉદાર માણસને આપણે કહી શકીએ "ઉદારતાના તારા સર્વે ભાવોનું મૂલ્ય આત્માની દષ્ટિએ શૂન્ય છે, કારણકે તે 'અહં'માંથી અને અજ્ઞાન કામનામાંથી ઉદ્દભવે છે." બીજી બાજુએ, જેને લોભી ગણવામાં આવે છે તેવા માણસોમાં પોતાની પ્રકૃતિએ આપેલું કામ સ્થિર અને એકાગ્ર સંકલ્પશક્તિથી કરતો,—પૈસા ભેગા કરતો માણસ મળી આવશે જે, એક વાર જાગ્રત થતાં, પ્રભુનું ઉત્તમ કરણ બની શકે. પરંતુ સામાન્ય રીતે તેનાથી ઊલટી પ્રકૃતિના ઉદાર માણસ પેઠે લોભી પણ અહંતા અને કામનાથી પ્રેરાઇને વર્તતો હોય છે. એ બન્નેની પાછળ જે દિવ્ય તત્ત્વ આવી રહેલું છે તેની સાથે સંબંધમાં આવવા માટે તથા પોતાની પ્રકૃતિ અનુસાર તેને પ્રકટ કરવા માટે બન્નેએ પોતપોતાની શુદ્ધિ તથા રૂપાંતર કરવાં પડશે.

એ જ પ્રમાણે બીજા સર્વે પ્રકારોને લઇને દિવ્યશક્તિમાં રહેલા તેના અસલી હેતુને તમે જાણી શકો છો. પ્રત્યેક નમૂનો પ્રભુએ સર્જવા ધારેલ નમૂનાનું વહેંતિયા સ્વરૂપ છે, યા તો તેનું વિરૂપ અનુકરણ – ઠઠ્ઠાચિત્ર – છે. એટલે કે જે વસ્તુનું આધ્યાત્મિક મૂલ્ય અતિ ઉચ્ચ હોય છે તેનું માનસિક અને પ્રાણમય વિકૃત સ્વરૂપ તે હોય છે. ક્રિયાના સ્ખલનને પરિણામે એ વિકાર, યા તો એ વિરૂપતા ઊપજે છે. એક વાર ખોટા આવેગને વશ કરવામાં આવે તથા સાચું વલણ ધારણ કરવામાં આવે,—સાચી ક્રિયા શી છે તે શોધી

કાઢવામાં આવે, તો સર્વમાં રહેલ દિવ્ય સંપત્તિ પ્રકટ થાય છે. પ્રત્યેકમાં જે સત્ય રહેલું છે તેને લઇને તે સકારણ ઠરે છે, બધા એક સરખી અગત્યના, એક સરખા આવશ્યક છે, સર્વે જુદાં, પરંતુ પ્રભુના દિવ્ય આવિર્ભાવમાં અનિવાર્ય, કરણો છે.

*